# મોક્ષમાળા
## વિવેચન

શ્રી બ્રહ્મચારીજી

ॐ

શ્રી લઘુરાજ-સ્મારક-ગ્રંથમાળા પુષ્પ અગિયારમું

# મોક્ષમાળા-વિવેચન

શ્રી બ્રહ્મચારીજી

પ્રકાશક

શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુ (અનુયાયી) મંડળ,

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ

પ્રકાશક :

મનહરલાલ ગોરધનદાસ કડીવાલા, પ્રમુખ
શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુ (અનુયાયી) મંડળ
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
સ્ટે. અગાસ, વાયા આણંદ
પોસ્ટ બોરીઆ–૩૮૮૧૩૦
(ગુજરાત)

દ્વિતીયાવૃત્તિ - પ્રત ૫૦૦૦

| વિક્રમ સંવત | ઈસ્વી સન | વીર સંવત |
|---|---|---|
| ૨૦૪૫ | ૧૯૮૯ | ૨૫૧૫ |

મુદ્રક :

માધવલાલ બી. ચૌધરી
રાજીવ પ્રિન્ટર્સ
વિઠ્ઠલ ઉદ્યોગનગર
પિન–૩૮૮૧૨૧
ફોન : ૩૦૯૭૪

# પ્રથમાવૃત્તિનું નિવેદન

મોક્ષમાળા-વિવેચનની આ પ્રથમાવૃત્તિ પ્રગટ કરતાં અતિ આનંદ થાય છે.

પૂ. શ્રી બ્રહ્મચારીજીએ સંવત ૨૦૦૫ અને ૨૦૦૮ની સાલમાં બહેનોના વર્ગમાં મોક્ષમાળા બે વખત સમજાવેલી. તેની નોંધ એક વાર શ્રી સાકરબહેને અને બીજી વાર શ્રી વિમુબહેને કરેલી. તે બન્ને વખતની ઉપલબ્ધ નોંધ ઉપરથી શ્રી સાકરબહેને આ વિવેચન તૈયાર કરેલું. તેને ફરીથી મૂળ સાથે મેળવી શ્રી ૐકારભાઈ, શ્રી પારસભાઈ તથા શ્રી અશોકભાઈએ મળી તેનું સંપાદન કર્યું છે, જે મોક્ષમાળાના મૂળ શિક્ષાપાઠોને સમજવામાં બહુ ઉપયોગી છે. તેથી દરેક મુમુક્ષુ ભાઈ બહેનોએ મોક્ષમાળાનો સ્વાધ્યાય કરતાં આ વિવેચન સાથે રાખી વિચારવા યોગ્ય છે.

આ વિવેચનમાં ( ) આવા કૌંસમાં આપેલ આંક 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથની આશ્રમ પ્રકાશિત આવૃત્તિના ક્રમાંક સૂચવે છે.

મોક્ષમાળાના સ્વાધ્યાયમાં સર્વ મુમુક્ષુઓને આ વિવેચન પ્રબલ સહાયરૂપ બનો એ જ શુભેચ્છા સહ વિરમું છું.

સૂરત<br>
કાર્તિક પૂર્ણિમા, સં. ૨૦૩૯

લિ. સંતચરણસેવક<br>
**મનહરલાલ ગોરધનદાસ કડીવાલા**

## શ્રીમદ્‌ના પત્રોમાંથી–મોક્ષમાળા વિષે

'મોક્ષમાળા' અમે સોળ વરસ અને પાંચ માસની ઉંમરે ત્રણ દિવસમાં રચી હતી. ૬૭મા પાઠ ઉપર શાહી ઢોળાઈ જતાં તે પાઠ ફરી લખવો પડ્યો હતો, અને તે ઠેકાણે 'બહુ પુણ્યકેરા પુંજથી'નું અમૂલ્ય તાત્ત્વિક વિચારનું કાવ્ય મૂકયું હતું.

જૈન માર્ગને યથાર્થ સમજાવવા તેમાં પ્રયાસ કર્યો છે. જિનોક્તમાર્ગથી કંઈ પણ ન્યૂનાધિક તેમાં કહ્યું નથી. વીતરાગમાર્ગ પર આબાલવૃદ્ધની રુચિ થાય, તેનું સ્વરૂપ સમજાય, તેનું બીજ હૃદયમાં રોપાય તેવા હેતુએ બાલાવબોધરૂપ યોજના તેની કરી છે. તે શૈલી તથા તે બોધને અનુસરવા પણ એ નમૂનો આપેલ છે. એનો 'પ્રજ્ઞાવબોધ' ભાગ ભિન્ન છે તે કોઈ કરશે.

એ છપાતાં વિલંબ થયેલ તેથી ગ્રાહકોની આકુળતા ટાળવા 'ભાવનાબોધ' ત્યાર પછી રચી ઉપહારરૂપે ગ્રાહકોને આપ્યો હતો.

–શ્રીમદ્‌ રાજચંદ્ર –ઉપદેશ નોંધ-૭

# અનુક્રમણિકા


| શિક્ષાપાઠ | વિષય | પૃષ્ઠ |
| --- | --- | --- |
| | શિક્ષણપદ્ધતિ અને મુખમુદ્રા | ૧ |
| ૧ | વાંચનારને ભલામણ | ૪ |
| ૨ | સર્વમાન્ય ધર્મ | ૫ |
| ૩ | કર્મના ચમત્કાર | ૬ |
| ૪ | માનવદેહ | ૮ |
| ૫ | અનાથીમુનિ, ભાગ ૧ | ૧૧ |
| ૬ | ,, ભાગ ૨ | ૧૩ |
| ૭ | ,, ભાગ ૩ | ૧૫ |
| ૮ | સત્‌દેવતત્ત્વ | ૧૮ |
| ૯ | સત્‌ધર્મતત્ત્વ | ૨૧ |
| ૧૦ | સદ્‌ગુરુતત્ત્વ, ભાગ ૧ | ૨૪ |
| ૧૧ | ,, ભાગ ૨ | ૨૬ |
| ૧૨ | ઉત્તમ ગૃહસ્થ | ૨૯ |
| ૧૩ | જિનેશ્વરની ભક્તિ, ભાગ ૧ | ૩૩ |
| ૧૪ | ,, ભાગ ૨ | ૩૬ |
| ૧૫ | ભક્તિનો ઉપદેશ | ૩૮ |
| ૧૬ | ખરી મહત્તા | ૪૧ |
| ૧૭ | બાહુબળ | ૪૩ |
| ૧૮ | ચાર ગતિ | ૪૬ |
| ૧૯ | સંસારને ચાર ઉપમા, ભાગ ૧ | ૪૯ |
| ૨૦ | ,, ,, ભાગ ૨ | ૫૦ |
| ૨૧ | બાર ભાવના | ૫૨ |
| ૨૨ | કામદેવ શ્રાવક | ૫૮ |
| ૨૩ | સત્ય | ૫૯ |

| શિક્ષાપાઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૪ | સત્સંગ | ૬૨ |
| ૨૫ | પરિગ્રહને સંકોચવો | ૬૭ |
| ૨૬ | તત્ત્વ સમજવું | ૭૦ |
| ૨૭ | યત્ના | ૭૧ |
| ૨૮ | રાત્રિભોજન | ૭૪ |
| ૨૯ | સર્વ જીવની રક્ષા, ભાગ ૧ | ૭૬ |
| ૩૦ | ,, ભાગ ૨ | ૭૮ |
| ૩૧ | પ્રત્યાખ્યાન | ૮૦ |
| ૩૨ | વિનયવડે તત્ત્વની સિદ્ધિ છે. | ૮૩ |
| ૩૩ | સુદર્શન શેઠ | ૮૪ |
| ૩૪ | બ્રહ્મચર્ય વિષે સુભાષિત | ૮૬ |
| ૩૫ | નવકાર મંત્ર | ૮૯ |
| ૩૬ | અનાનુપૂર્વી | ૯૨ |
| ૩૭ | સામાયિક વિચાર, ભાગ ૧ | ૯૩ |
| ૩૮ | ,, ભાગ ૨ | ૯૬ |
| ૩૯ | ,, ભાગ ૩ | ૯૯ |
| ૪૦ | પ્રતિક્રમણ વિચાર | ૧૦૦ |
| ૪૧ | ભિખારીનો ખેદ, ભાગ ૧ | ૧૦૨ |
| ૪૨ | ,, ભાગ ૨ | ૧૦૩ |
| ૪૩ | અનુપમ ક્ષમા | ૧૦૪ |
| ૪૪ | રાગ | ૧૦૬ |
| ૪૫ | સામાન્ય મનોરથ | ૧૦૮ |
| ૪૬ | કપિલમુનિ, ભાગ ૧ | ૧૧૧ |
| ૪૭ | ,, ભાગ ૨ | ૧૧૧ |
| ૪૮ | ,, ભાગ ૩ | ૧૧૨ |
| ૪૯ | તૃષ્ણાની વિચિત્રતા | ૧૧૩ |

| શિક્ષાપાઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૫૦ | પ્રમાદ | ૧૧૬ |
| ૫૧ | વિવેક એટલે શું ? | ૧૨૦ |
| ૫૨ | જ્ઞાનીઓએ વૈરાગ્ય શા માટે બોધ્યો? | ૧૨૨ |
| ૫૩ | મહાવીર શાસન | ૧૨૬ |
| ૫૪ | અશુચિ કોને કહેવી ? | ૧૩૩ |
| ૫૫ | સામાન્ય નિત્યનિયમ | ૧૩૪ |
| ૫૬ | ક્ષમાપના | ૧૩૬ |
| ૫૭ | વૈરાગ્ય એ ધર્મનું સ્વરૂપ છે | ૧૩૯ |
| ૫૮ | ધર્મના મતભેદ, ભાગ ૧ | ૧૪૧ |
| ૫૯ | ,, ,, ભાગ ૨ | ૧૪૩ |
| ૬૦ | ,, ,, ભાગ ૩ | ૧૪૫ |
| ૬૧ | સુખ વિષે વિચાર, ભાગ ૧ | ૧૪૭ |
| ૬૨ | ,, ,, ભાગ ૨ | ૧૪૮ |
| ૬૩ | ,, ,, ભાગ ૩ | ૧૫૦ |
| ૬૪ | ,, ,, ભાગ ૪ | ૧૫૨ |
| ૬૫ | ,, ,, ભાગ ૫ | ૧૫૩ |
| ૬૬ | ,, ,, ભાગ ૬ | ૧૫૬ |
| ૬૭ | અમૂલ્ય તત્ત્વવિચાર | ૧૬૦ |
| ૬૮ | જિતેન્દ્રિયતા | ૧૬૫ |
| ૬૯ | બ્રહ્મચર્યની નવવાડ | ૧૭૦ |
| ૭૦ | સનત્કુમાર, ભાગ ૧ | ૧૭૨ |
| ૭૧ | ,, ભાગ ૨ | ૧૭૩ |
| ૭૨ | બત્રીશ યોગ | ૧૭૪ |
| ૭૩ | મોક્ષસુખ | ૧૮૬ |
| ૭૪ | ધર્મધ્યાન, ભાગ ૧ | ૧૮૭ |
| ૭૫ | ,, ભાગ ૨ | ૧૯૧ |

| શિક્ષાપાઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૭૬ | ધર્મધ્યાન, ભાગ ૩ | ૧૯૩ |
| ૭૭ | જ્ઞાનસંબંધી બે બોલ, ભાગ ૧ | ૧૯૫ |
| ૭૮ | ,, ,, ભાગ ૨ | ૧૯૬ |
| ૭૯ | ,, ,, ભાગ ૩ | ૧૯૭ |
| ૮૦ | ,, ,, ભાગ ૪ | ૧૯૯ |
| ૮૧ | પંચમકાળ | ૨૦૧ |
| ૮૨ થી ૯૮ | તત્ત્વાવબોધ, ભાગ ૧થી૧૭ | ૨૦૩ |
| ૯૯ | સમાજની અગત્ય | ૨૨૯ |
| ૧૦૦ | મનોનિગ્રહનાં વિઘ્ન | ૨૩૦ |
| ૧૦૧ | સ્મૃતિમાં રાખવા યોગ્ય મહાવાક્યો | ૨૩૮ |
| ૧૦૨ | વિવિધ પ્રશ્નો, ભાગ ૧ | ૨૪૩ |
| ૧૦૩ | ,, ,, ભાગ ૨ | ૨૪૫ |
| ૧૦૪ | ,, ,, ભાગ ૩ | ૨૫૦ |
| ૧૦૫ | ,, ,, ભાગ ૪ | ૨૫૧ |
| ૧૦૬ | ,, ,, ભાગ ૫ | ૨૫૩ |
| ૧૦૭ | જિનેશ્વરની વાણી | ૨૫૪ |
| ૧૦૮ | પૂર્ણમાલિકા મંગલ | ૨૫૯ |




# મોક્ષમાળા-વિવેચન

## શિક્ષણપદ્ધતિ અને મુખમુદ્રા

શ્રીમદ્ રાજચંદ્રે સોળ વર્ષ અને પાંચ માસની ઉમ્મરે મોક્ષમાળાનું પુસ્તક ત્રણ દિવસમાં રચ્યું હતું. એ પુસ્તકમાં જે પ્રસ્તાવના લખી છે તેનું નામ શિક્ષણપદ્ધતિ અને મુખમુદ્રા રાખેલ છે. શિક્ષણપદ્ધતિ એટલે એ પુસ્તક કેમ શીખવવું અથવા શીખવું? તેની રીત. મુખમુદ્રા એટલે જેમ કોઈનું મોઢું જોઈને લાગે કે આ શાંત છે, આ ક્રોધી છે, તેમ આ પુસ્તકમાં શું કહેવું છે તે આ પ્રસ્તાવના વાંચીને કહી શકાય છે.

દરેક વસ્તુ તેના ગુણોથી ઓળખાય. અનંત ગુણ-ધર્મોથી યુક્ત વસ્તુના સ્વરૂપને સમજાવનારી અપેક્ષા સહિત કથન પદ્ધતિ તે સ્યાદ્વાદ છે. આ મોક્ષમાળા સ્યાદ્વાદ તત્ત્વજ્ઞાનરૂપી વૃક્ષનું બીજ છે. તત્ત્વજ્ઞાન એટલે આત્મજ્ઞાન થાય તો પરિણામે મોક્ષ થાય. આ ગ્રંથમાં કોઈ દિવ્યશક્તિ છે. એ ગ્રંથ વાંચે તેને મોક્ષની રુચિ થાય, એવું એમાં દિવ્યપણું છે.

શિક્ષાપાઠોનો જેમ બને તેમ વિચાર કરવો. ધર્મરાજા યુધિષ્ઠિર નિશાળે ગયા ત્યારે શિક્ષકે '**सत्यं वद**' એટલો પાઠ આપ્યો. પંદર દિવસ સુધી તેઓ નિશાળે પણ ન ગયા. પછી જ્યારે સત્ય બોલવાનો અભ્યાસ થયો ત્યારે ગયા અને બીજો પાઠ લીધો. તેમ મોક્ષમાળાના પાઠ એક પછી એક વાંચીને મનમાં તેનો વિચાર કરવો અને તેનું રહસ્ય શું છે તે સમજવું.

સમજીને વાંચવું. ન સમજાય ત્યાં પૂછવું. જે જાણતા હોય એવા જ્ઞાતા, શિક્ષક કે આત્મજ્ઞાની મુનિઓ પાસે એનો મર્મ સમજી લેવો. એવો યોગ ન હોય તો પોતાની મેળે પાંચ-સાત વખત એક પાઠ વાંચી જવો. પછી અર્ધ ઘડી એટલે ૧૦–૧૨ મિનિટ તે પર વિચાર કરવો કે એમાં શું આવ્યું? તો ખબર પડે. એમાં હેય એટલે તજવા યોગ્ય શું છે? જ્ઞેય એટલે જાણવા યોગ્ય શું છે? અને ઉપાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય શું છે? એમ દરેક શિક્ષાપાઠ મનન કરવાથી આખો ગ્રંથ સમજી શકાશે. મોક્ષમાળા બરાબર શીખે તો માન ન થાય, હૃદય કોમળ થાય, દયા આવે, વિચારશક્તિ ખીલે. જેણે રાગદ્વેષને જીત્યા તે જિન અથવા વીતરાગ કહેવાય છે. જેણે રાગદ્વેષને જીતીને જે તત્ત્વો કહ્યાં છે તે જૈનતત્ત્વો પર આ પુસ્તકથી રૂડી શ્રદ્ધા થશે. આ પુસ્તક એક વખત વાંચીને મૂકી દેવાનું નથી. વારંવાર વિચાર કરવા જેવું આ પુસ્તક છે. એક પછી એક પાઠમાં નવા નવા શબ્દો આગળ પર વિશેષ વિશેષ અર્થ સમજાય એમ આવે છે, એવી અર્થરૂપ કેળવણીની યોજના એમાં કરી છે.

બાલાવબોધ=બાળક પણ સમજી શકે એવું.

*મોક્ષમાળા પુસ્તક પહેલું, બાલાવબોધ, વિવેચન અને પ્રજ્ઞાવબોધ એમ મોક્ષમાળાના ચાર પુસ્તકોની યોજના પરમકૃપાળુદેવે વિચારેલી, એમ મોક્ષમાળાની બીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં છપાયેલું છે. તેમાંથી આ બાલાવબોધ શિક્ષાપાઠરૂપ મોક્ષમાળાનું બીજું પુસ્તક છે.

જ્ઞાનશાળાના વિદ્યાર્થીઓને આના પાઠો મુખપાઠે કરાવવાં. આ પુસ્ત બાળ, યુવાન, વૃદ્ધ બધાને કામનું છે. આ પુસ્તકમાં મધ્યસ્થતાથી તત્ત્વજ્ઞાન એટલે આત્મજ્ઞાન અને શીલ એટલે આચાર સંબંધી કહ્યું છે. ધર્મ વગરનું શિક્ષણ સફળ ન કહેવાય. તેની ખોટ પૂરવા માટે આ મોક્ષમાળા-બાલાવબોધ પુસ્તક લખ્યું છે. આત્મા જાણવા માટે સદાચારની જરૂર છે. તેથી સદાચાર, સમજણ એ વસ્તુઓ એમાં મુખ્યપણે કહી છે. અત્યારે નિશાળોમાં, દેહથી આત્મા ભિન્ન છે એ સંબંધી જ્ઞાન અપાતું નથી. એ વિવેક વગરની વિદ્યા, આત્મસિદ્ધિથી ભ્રષ્ટ કરે છે. તે અજ્ઞાન દૂર કરવા માટે આ મોક્ષમાળા કૃપાળુદેવે લખી છે.

લોકો તરફથી જોઈએ તેવું ઉત્તેજન મળ્યું નથી, પણ કાળે કરીને આ પુસ્તક ઉત્તમ ફળદાયક થશે. શાળાના શિક્ષકોને ભેટ આપવા અને જૈન પાઠશાળામાં પાઠ્યપુસ્તક તરીકે ઉપયોગ કરવા ભલામણ છે.

---

* પ્રવેશિકા (મોક્ષમાળા પુસ્તક પહેલું)

# શિક્ષાપાઠ ૧. વાંચનારને ભલામણ

જે આ મોક્ષમાળા પુસ્તક વાંચે તે વાંચનારને આટલી ભલામણ એટલે શિખામણ છે :—

જે વાંચનાર થાય તે વાંચનારરૂપી આત્માને પુસ્તક બોલાવે છે અને કહે છે કે આજે હું તમારા હસ્તકમળમાં આવું છું. મને સાચવીને આત્માના લક્ષે વાંચજો. મારા વચનોને પ્રેમથી આત્માના હિતરૂપ જાણીને હૃદયમાં ધારણ કરજો–સ્મૃતિમાં રાખજો. અને હું જે જે વાત કહું તેનો વિવેકથી એટલે સત્યને સત્ય સ્વરૂપે, અસત્યને અસત્ય સ્વરૂપે નિર્ણય કરવારૂપ વિવેકથી વિચાર કરજો. એથી તમે જ્ઞાન, ધ્યાન, નીતિ, વિવેક, સદ્ગુણ અને આત્મશાંતિ પામી શકશો.

મોક્ષમાળામાં જે કહેવાનું છે તેનો નિર્દેશ પહેલા પાઠમાં કર્યો છે. પછી તે વિષે પાઠ આવશે ત્યારે વિશેષ સમજાશે. આખી મોક્ષમાળા બરાબર સમજે ત્યારે પહેલો પાઠ સમજાય અને પહેલો પાઠ બરાબર સમજે તો આખી મોક્ષમાળા સમજાય એવું છે.

આજે ઘણા લોકો નવલકથા, છાપાં વગેરે વાંચીને આત્માને નુકસાન કરે છે! તેને બદલે આ પુસ્તક વાંચે તો સદ્ગુણો પ્રાપ્ત થાય અને સારાં કામ કરી કીર્તિ મેળવે અને પરભવમાં ઉચ્ચગતિ પામી મોક્ષે જાય.

આ પુસ્તક અમૂલ્ય છે માટે તેની આશાતના કરશો નહીં. એમાં ભગવાનનાં વચનો હોવાથી એનું બહુમાનપણું કરજો. પૂજ્યબુદ્ધિ હોય તો વાંચેલું ફળે. વિચક્ષણ પુરુષોએ કહ્યું છે કે વિવેક ત્યાં જ ધર્મ છે. વિચક્ષણ એટલે આરોગ્યતા,

મહત્તા, પવિત્રતા અને ફરજ એમાં ખામી ન આવવા દે તે.

પૂજવા યોગ્ય એવા અર્હત્ ભગવાન વાંચનારનું હિત કરે એવી ભાવના કૃપાળુદેવ કરે છે. પરોપકાર, દયા, ક્ષમા, વિવેક વિષે બુદ્ધિશાળી અભયકુમાર, ગજસુકુમાર વગેરેનાં દૃષ્ટાંતો આગળ આવશે.

## શિક્ષાપાઠ ૨. સર્વમાન્ય ધર્મ

અમુક જૈન, વૈષ્ણવ એમ સાંપ્રદાયિક ધર્મ નહીં, પણ સર્વમાન્ય ધર્મ. સર્વ જીવોને માન્ય આત્માનો ધર્મ. સહુને સરખો લાગુ પડે.

(૧) કૃપાળુદેવ કહે છે કે ધર્મતત્ત્વ એટલે ધર્મનું સ્વરૂપ મને પૂછો છો, તો તે મને ઘણું પ્રિય હોવાથી તમને સ્નેહથી સમજાવું છું. અહીં દયા એ ધર્મનું સ્વરૂપ છે એમ કહેવું છે. તે સર્વ શાસ્ત્રોનો સાર છે, બધા ધર્મોને માન્ય છે અને સર્વ જીવોનું હિત કરનાર છે. દયાધર્મ પાળે તો સુખ થાય જ.

(૨) ભગવાને સમવસરણમાં દિવ્યધ્વનિથી કહ્યું કે દયા સમાન બીજો કોઈ ધર્મ નથી. દયાધર્મ સર્વોત્કૃષ્ટ છે. તેથી દોષોને દળવા-નાશ કરવા માટે જીવોને અભયદાન અને સંતોષ આપો.

(૩) સત્ય, શીલ અને સઘળા દાન દયા હોય તો જ શોભે-વાસ્તવિક કહેવાય. જેમ સૂર્ય હોય તો કિરણો પ્રકાશે તેમ દયારૂપી સૂર્ય હોય તો સત્ય, શીલ, દાન વગેરે શોભે.

(૪) એક પુષ્પપાંખડીને દૂભવવા જેટલી પણ ભગ-

વાનની આજ્ઞા નથી અને સર્વ જીવનું સુખ ઇચ્છો એવી મહાવીર ભગવાનની મુખ્ય આજ્ઞા છે.

(૫) બધા ધર્મોમાં દયાનો જ ઉપદેશ છે, પણ તે એકાંતે છે એટલે સ્યાદ્વાદ પૂર્વક નથી અને વિશેષ એટલે ભેદપૂર્વક નથી. પણ શ્રી જિનેશ્વર ભગવાનનો બોધ તો સર્વ પ્રકારે નિર્મળ દયા – નિર્દોષ દયા અને અવિરોધ દયા અર્થાત્ મુનિને પાળવાની દયા, ગૃહસ્થને પાળવાની દયા એમ સ્યાદ્વાદ પૂર્વક છે. કોઈ રીતે વિરોધ ન આવે, દોષ ન લાગે એવો પવિત્ર બોધ ભગવાને કર્યો છે.

(૬) દયા પાળવી એ સંસાર તરવાનો સુંદર માર્ગ છે. માટે એવો ધર્મ ધારણ કરીએ અને સંસારસાગર તરવાનો પુરુષાર્થ ઉત્સાહથી કરીએ. બધા ધર્મનું પવિત્ર મૂળ દયા છે. દયા ન હોય તો ધર્મ અધર્મરૂપ છે.

(૭) દયા–ધર્મનું સ્વરૂપ યથાર્થ જે ઓળખે તે શાશ્વત સુખે એટલે મોક્ષે જાય. શ્રી રાજચંદ્ર કહે છે કે શાંતિનાથ ભગવાન દયાના પ્રભાવે સિદ્ધ થયા એ વાત પ્રસિદ્ધ છે. ત્રીજે ભવે મેઘરથરાજાના ભવમાં કબૂતર પ્રત્યે દયા દર્શાવી, તેના જેટલું પોતાના શરીરમાંથી માંસ આપવા માંડ્યું પણ કબૂતરને મારવા દીધું નહીં. એ દયાના પ્રભાવથી મેઘરથરાજા શાંતિનાથ ભગવાન થઈ મોક્ષે ગયા.

---

## શિક્ષાપાઠ ૩. કર્મના ચમત્કાર

કર્મના ચમત્કાર એટલે કર્મનો પ્રભાવ. કર્મને લઈને શું શું થાય છે તે આ પાઠમાં કહેવાનું છે. કર્મની

વિચિત્રતા એટલે વિવિધ પ્રકાર જોઈને પૂર્વભવની અને ભવિષ્યના ભવની શ્રદ્ધા દૃઢ થાય છે.

ચક્રવર્તી કે ધનાઢ્ય હોય તેને ત્યાં શયન, ખાવું, પીવું, પહેરવું, ઓઢવું વગેરેની જોઈએ તેથી ઘણી વધારે સુંદર સામગ્રી હોય છે અને કોઈ નિર્ધન હોય તેને ફાટેલ ગોદડી, કાળી જાર (જુવાર) જેવી સામગ્રી પણ દુર્લભ હોય છે એક વખત જે ભોગવાય તે ભોગ અને જે વસ્તુ વારંવાર ભોગવાય તે ઉપભોગ કહેવાય છે. કર્મ એટલે પુણ્ય પાપને અનુસરીને દરેકને ભોગ-ઉપભોગની સામગ્રી પ્રયત્નપૂર્વક કે પ્રયત્ન વિના મળે છે. શરીરથી ભોગ ભોગવાય છે. શરીર સારું મળવું એ પણ કર્માધીન છે. કોઈને અધિકાર મળે તો કોઈ પરાધીનતા ભોગવે વગેરે ઘણા પ્રકારે વિચિત્રતા છે. એકને દીન દુનિયા એટલે ગરીબ દુનિયાનું લેશ–જરા પણ ભાન નથી ગરીબાઈ જોઈ જ નથી, ગરીબ લોકો હશે કે નહીં હોય તેની પણ ખબર નથી; અને એક જન્મથી જ દુઃખી છે, દુઃખનો પાર નથી. સુખ હશે કે નહીં હોય તેની પણ તેને ખબર પડતી નથી. ઉપરાઉપરી દુઃખ આવ્યા જ કરે છે. આ જગતની વિચિત્રતા કેવી છે!

કોઈ જીવ ગર્ભાધાનથી હરાયો = ગર્ભમાં જ મરી જાય. કોઈ જન્મીને તરત મરી જાય. કોઈ મરેલો જન્મે, તો કોઈ સો વર્ષનો વૃદ્ધ થાય એમ આયુષ્યકર્મ દરેક જીવનું જુદું હોવાથી ફેર પડે છે.

રાજાનો છોકરો મૂર્ખ હોય તો પણ તેને ગાદી ઉપર બેસાડે અને ખમા ખમા પોકારે અને કોઈ વિદ્વાન

હોય તે ધક્કા ખાય. કૃપાળુદેવ પૂછે છે કે આ બધી જગતની વિચિત્રતા જોતાં તમને વિચાર આવે છે કે એનું કારણ શું હશે ? ભગવાને કહ્યું છે કે જીવો શુભાશુભ કર્મ બાંધીને સંસારમાં ભમે છે. કોઈ પરભવ ન માનતો હોય એને પૂછીએ કે આ સંસારમાં આટલી બધી વિચિત્રતા કેમ છે ? કોઈ સાજો, કોઈ માંદો, દરેકના મુખ, ભાષા અને સ્થિતિ જુદા એ શાથી ? તો એ એનો જવાબ ન આપી શકે એટલે પછી આપણી આ કર્મની વાત એ પણ માન્ય રાખે.

એક બીજા પાઠોને અન્યોન્ય સંબંધ છે. આ પાઠમાં કર્મના ચમત્કાર બતાવ્યા. એ કર્મનો ક્ષય કરવા માટે ધર્મનું અવલંબન લેવું જરૂરી છે. એ ક્યારે બને ? તો કે મનુષ્યભવ મળે ત્યારે. મનુષ્યભવમાં ધર્મની પ્રાપ્તિ થઈ શકે છે. માટે હવે મનુષ્યભવ સંબંધી કહે છે.

---

## શિક્ષાપાઠ ૪. માનવદેહ

કૃપાળુદેવે કહ્યું છે કે "અહો આ દેહની રચના!" (હા. ૨–૧૧) મનુષ્યદેહની રચના એવી છે કે તે બધા કર્મનો ક્ષય કરી શકે. સર્વોત્તમ સુખ મોક્ષમાં છે અને તે માનવદેહથી જ મેળવી શકાય છે. જીવ શાતાને સુખ માને છે, તે તો પુણ્યના ઉદયમાં મળે છે; પરંતુ તે ખરું સુખ નથી. સંસાર બહુ દુઃખથી ભરેલો છે. ખરું સુખ તો આત્માનું છે અને તે મોક્ષમાં છે.

પ્રશ્ન—તો બધાય માનવ મોક્ષ કેમ પામતા નથી ?

ઉત્તર—જેઓ સંસારને દુઃખરૂપ માને છે તેઓ

છૂટે છે. જેમને સંસાર સારો લાગે છે, તેમાં મીઠાશ છે, તેને તો મોક્ષ પ્રત્યે દ્વેષ થાય, જેમકે એક દરાજવાળા માણસને વલૂરતાં નખ ઘસાઈ ગયા. તેણે ડાભનો પૂળો લઈ જતા વૈદ્ય પાસે થોડું ડાભ માગ્યું. વૈદ્ય કહે કે અઠવાડિયામાં મટાડું. તો કે ના, પછી વલૂરવાની મીઠાશ ક્યાંથી આવે ? તેમ સંસારી જીવ દુઃખ મટાડવા પૈસા વગેરે ઇચ્છે, પણ જ્ઞાની જન્મમરણ મટાડવાનું કહે તે ન માને. પછી તેને મોક્ષસુખ ક્યાંથી મળે ?

પ્રશ્ન—માનવપણું વિદ્વાનો કોને કહે છે ?

ઉત્તર—જેનામાં વિવેકબુદ્ધિ એટલે આ સત્ય છે, આ અસત્ય છે એમ નિર્ણય કરવારૂપ વિવેકબુદ્ધિ પ્રગટી હોય, છ દ્રવ્ય, નવતત્ત્વ, એમાં પરમતત્ત્વ શુદ્ધ આત્મા છે, તે આત્મામાં લીનતા કરવા માટે પાંચ મહાવ્રત વગેરે ઉત્તમ આચાર પાળીને અને સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ સદ્ધર્મનું સેવન કરીને જેઓ અનુપમ મોક્ષ–સુખને પામે છે તેઓ ખરા માનવ કહેવાય છે. મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરે તે માનવ. આત્મસ્વરૂપને ઓળખવું, આત્મામાં સ્થિર થવું તે ધર્મ. અસંસારગત વાણીથી સંસાર નિરાકારતાને પામે છે. મનુષ્ય, વાંદરા વગેરે આકારો ખરા નથી. નિર્વિકાર તત્ત્વ જણાય ત્યાં બાહ્ય આકારો વિલય થાય છે. "વિવેકબુદ્ધિ જેના મનમાં ઉદય પામી છે, તે જ મનુષ્ય; બાકી બધાય એ સિવાયનાં તે દ્વિપાદરૂપે પશુ જ છે........વિવેકબુદ્ધિના ઉદય વડે મુક્તિના રાજમાર્ગમાં પ્રવેશ કરાય છે. અને એ માર્ગમાં પ્રવેશ એ જ માનવદેહની ઉત્તમતા છે. તો પણ સ્મૃતિમાન થવું યથોચિત

છે કે, તે દેહ કેવળ અશુચિમય તે અશુચિમય જ છે. એના સ્વભાવમાં અન્યત્વ નથી.” (ભાવનાબોધ–૫)

માનવપણામાં પણ આયુષ્ય અનિયમિત છે માટે ઉતાવળે આત્મહિત કરી લેવું, ઝબકે મોતી પરોવી લેવું. અયમંતકુમાર ગૌતમસ્વામીને વહોરવા તેડી લાવ્યા, પછી પાછાં વળતા પાતરાં ઉપાડવા કહ્યું ત્યારે ગૌતમસ્વામી કહે કે અમારા જેવો થાય તો આપીએ. પછી અયમંતકુમારે માબાપ પાસે આવી “જે જાણું તે નવિ જાણું અને નવિ જાણું તે જાણું” એટલે મનુષ્યભવ દુર્લભ છે, મરણ આવવાનું છે એ હું જાણું છું પણ મરણ ક્યારે આવશે તે હું જાણતો નથી, એમ કહી સમજાવ્યા. માબાપની આજ્ઞા મેળવી નાની ઉંમરમાં દીક્ષા લીધી. પછી ચોમાસામાં બાળકબુદ્ધિ હોવાથી પાણીમાં પાતરાં તરાવતાં દોષ લાગેલા તેની નિવૃત્તિ માટે ભગવાન પાસે આવી ઈરિયાવહી પાઠ બોલતાં કેવળજ્ઞાન થયું. જ્ઞાની (ભગવાન) પાસે હતા તેથી સહેજે વિચારણામાં ઊતરતા, ‘આત્મા તો કંઈ કરતો નથી’ એમ થતાં, સ્થિર થઈ ગયા ને કેવળજ્ઞાન પ્રગટ્યું. ગજસુકુમારની વાત આગળ ૪૩મા પાઠમાં આવશે. મનુષ્યભવ મોક્ષને માટે મળ્યો છે એમ જાણે તે સમજ્યો કહેવાય.

માણસમાં વિચારશક્તિ છે તેથી હાથી, સિંહ જેવાને વશ કરી લે છે પણ તે જ શક્તિવડે પોતાના મનને વશ કરે—જીતે તો કેટલું કલ્યાણ થાય! મનુષ્યમાં શક્તિ છે પણ તેને વિષયભોગમાં અને કષાયમાં વેડફી નાખે છે, તેને બદલે આત્માને માટે પુરુષાર્થ કરવામાં વાપરે તો દોષોને દૂર કરે.

મોક્ષનો રાજમાર્ગ = સર્વવિરતિપણું.

કેટલાક મૂર્ખો આવો મનુષ્યભવ દુરાચારમાં એટલે પાપ બંધાય એવા ખરાબ આચારમાં, અજ્ઞાન એટલે વિપરીત જ્ઞાનમાં, પાંચ ઇંદ્રિયના વિષય—રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ—માં અને મદ એટલે અહંકારમાં ગુમાવી દે છે. અહંકાર કરવાથી આત્માને કંઈ લાભ થતો નથી. સાચી વસ્તુ ભૂલે ત્યારે મદ થાય છે.

અમૂલ્ય રત્નોમાં કૌસ્તુભ ઉત્તમ રત્ન છે. તે શ્રીકૃષ્ણે મેળવ્યું હતું. તે ઘણું દુર્લભ છે. તેમાંથી સોનું ઝરે. માનવદેહ તેવા રત્નના જેવો દુર્લભ છે. વખત નકામો જવા દે તે આ અમૂલ્ય કૌસ્તુભ જેવો માનવદેહ હારી બેસે.

મનુષ્યભવ ક્યારે છૂટે તે આપણે જાણી શકતા નથી. આયુષ્ય પર આધાર છે. તે ઉદીરણાથી પણ પૂરું થાય તો મોત આવે. માટે ધર્મનું કામ ત્વરાથી એટલે ઉતાવળથી કરી લેવું. જાગૃતિ રાખવી. ધર્મમાં ઢીલ ન કરવી. કાળજી રાખવી. એક ક્ષણ પણ નકામી ન ગાળવી.

---

## શિક્ષાપાઠ ૫. અનાથી મુનિ, ભાગ ૧

આ કથા ઉત્તરાધ્યયન સૂત્રમાંથી છે. રાજગૃહી પાસે મંડિકુક્ષ નામના યક્ષના ચૈત્યવાળા વનમાં અનાથી મુનિ પાસે શ્રેણિકરાજા સમકિત પામ્યા હતા. માનવદેહનું સાર્થક સમકિત પ્રાપ્ત કરવાથી છે, તેથી આ કથા સંબંધપૂર્વક છે.

સુકુમાર = કોમળ શરીરવાળો. સુખોચિત = સુખ ભોગવવાને યોગ્ય. સુંદર વન તથા સુંદર મુનિને જોઈને કેવા ભાવ થાય છે તે શ્રેણિક રાજા વર્ણવે છે. સમકિત

થતાં પહેલાં થતા ભાવ વર્ણવ્યા છે. બહિરાત્મદશા હોવાથી રાજા બહારનું જ વર્ણન કરે છે. આ મુનિનો કેવો અદ્‌ભુત વર્ણ એટલે રંગ છે! એનું કેવું મનોહર રૂપ એટલે સુંદર આકૃતિ છે! સૌમ્યતા = શાંતસ્વભાવ. ક્ષમા = કોઈ જીવને વિરાધે નહીં. વૈરાગ્યનો પ્રકાશ = એમને કંઈ જોઈતું નથી એમ જોઈને બીજાને પણ વૈરાગ્ય થાય, મોહ ન થાય. નિર્લોભતા = જંગલમાં વૃક્ષ, ફળ વગેરે પ્રત્યે એમની વૃત્તિ નથી. નિર્ભય નમ્રપણું = વનમાં સિંહ, વાઘ હોવા છતાં એ સંયતિ (મુનિ) નિર્ભય બેઠા છે; વળી હું મહાત્મા છું એમ નથી તે નમ્રપણું છે. ભોગથી વિરક્ત = પાસે કોઈ ભોગની વસ્તુ નથી છતાં સંતોષ છે.

વધારે સમીપ બેસે તો મુનિનો અવિનય થાય. બહુ દૂર હોય તો મુનિનું લક્ષ તે પ્રત્યે ન જાય. યોગ્ય રીતે વિનય કરીને રાજા બેઠો. આર્ય = ઉત્તમ આચરણવાળા પુરુષ, સાધુ. પાપથી દૂર હોય તે આર્ય. મુનિ = શ્રમણ. મૌન ઉપરથી પણ 'મુનિ' નામ પડ્યું છે. જે સ્વરૂપને જાણે તે મુનિ. પછી રાજા પૂછે છે કે સંસારમાં જે સુખ ગણાય છે તે છોડીને મુનિપણું ધારણ કરી આપ શા કારણથી ઉદ્યમ કરો છો? તે મને અનુગ્રહથી એટલે કૃપા કરીને કહો.

મુનિને રાજાની કંઈ પડી ન હતી, તે તો નિઃસ્પૃહ હતા. તેથી ટૂંકામાં પતાવવા કહ્યું કે હું અનાથ હતો. જે સંસારમાં પૂર્વે પ્રાપ્ત થઈ નથી એવી અપૂર્વ વસ્તુ = આત્મ-જ્ઞાન, તેનો યોગ = પ્રાપ્તિ કરાવનાર તથા ક્ષેમ = પ્રાપ્ત થયેલ વસ્તુને જાળવી રખાવનાર તથા પરમ સુખ = આત્મસુખ =

મોક્ષ મેળવી આપનાર એવો મારો કોઈ મિત્ર થયો નહીં. "મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી." (શિક્ષાપાઠ-૨૪)

---

## શિક્ષાપાઠ ૬. અનાથી મુનિ, ભાગ ૨

અનાથી મુનિનું કહેવું એમ હતું કે હું અનાથ હતો. મુનિનું કહેવું અને રાજાનું સમજવું જુદું છે. મુનિ મોક્ષ સંબંધી વાત કરતા હતા અને શ્રેણિકરાજા સંસાર સંબંધી વાત સમજતો હતો. માટે તે પૂછે છે કે તમે રિદ્ધિવાન દેખાઓ છો છતાં અનાથ કેમ છો? જો કોઈ નાથ નથી તો હું થઉં છું.

ભયત્રાણ = ભયથી બચાવનારા, અભયદાન આપનારા. મિત્ર અને જ્ઞાતિ એટલે સ્વજનો સહિત મનુષ્યભવ દુર્લભ છે, તે મનુષ્યભવ તમે સંપત્તિ વગેરેની પ્રાપ્તિથી સુલભ = સારા લાભવાળો = સફળ કરો.

શ્રેણિકને હમણાં સંસાર સુખરૂપ લાગે છે તેથી મુનિને કહે છે કે તમે સંસારમાં આવશો એટલે સુખી થશો. શ્રેણિક પોતાની દશાને સુખી માનતો હતો અને મુનિની દશાને દુઃખી માનતો હતો. મુનિ તો ખરેખરી વાત કહે છે કે તું પોતે જ અનાથ છે તો મારો નાથ શું થઈશ? આજ સુધી રાજાને અનાથ કહેનારો કોઈ મળ્યો નહોતો, અને જ્યારે મુનિએ અનાથ કહ્યું ત્યારે રાજાને એમ લાગ્યું કે આ મુનિ સમજીને કહે છે કે સમજ્યા વગર મને અનાથ કહે છે? મુનિ તો જૂઠું બોલે નહીં. તેથી રાજાના મનમાં શંકા થઈ કે એ એમ કેમ કહેતા હશે?

રાજાને અનાથ કેમ કહેવાય? અનેક પ્રકારના વૈભવ, પાંચે પ્રકારની સંપત્તિ મારે ઘેર છે-

"પહેલે ધાન, બીજે ધન, ત્રીજે સ્ત્રી, ચોથે તન;
પાંચમે હોય પશુનો સંચ, લખાય કાગળમાં શ્રી પંચ."

આવો હું મહાન છતાં અનાથ કેમ હોઉં? રખે = કદાચ તમે મૃષા = જૂઠું બોલતા હો. મુનિએ કહ્યું કે જેને આ બધી વસ્તુઓ હોય છે તે પણ અનાથ હોય એવું મારું કહેવું તું ન્યાયપૂર્વક સમજ્યો નથી. ન્યાયપૂર્વક એટલે જે અપેક્ષાથી કહું છું તે અપેક્ષાથી મારો જે આશય છે તે તું સમજ્યો નથી. એકાગ્ર = લક્ષપૂર્વક, મન ન ભટકે તેમ. સાવધાન = યાદ રહે તેમ સાંભળ. પછી સત્યાસત્યનો એટલે હું સાચું કહું છું કે ખોટું તેનો નિર્ણય કરજે. જીર્ણ = જૂની. વજ્ર = ઇંદ્રનું હથિયાર. દારુણ = ભયંકર. અંઘોલણ = ઉકાળેલા પાંદડા વગેરે. ચૂવાદિક = ચૂવા નામનો એક જાતનો સુગંધી પદાર્થ.

મુનિએ પોતાનું અનાથપણું સિદ્ધ કરવા ફરી ફરી વારંવાર એકની એક રીતે કહ્યું. મા, બાપ, ધન, સ્ત્રી, ભાઈ, બહેન સર્વ હોવા છતાં અનાથપણું બળવાન શૈલીથી બતાવ્યું છે. મૂળ ઉત્તરાધ્યયનસૂત્રમાં પણ એ જ શૈલી છે. પછી પ્રપંચી એટલે પાંચ ઇંદ્રિયના વિષયભોગવાળા સંસારથી હું ખેદ પામ્યો કે આ અસાર સંસારમાં કંઈ સાર નથી. પ્રવ્રજ્યા = દીક્ષા. ખંતી = મહાક્ષમાવંત, દંતી = ઇંદ્રિયને નિગ્રહ કરવાવાળું અને નિરારંભી = આરંભ-ઉપાધિથી રહિત એવું અણગારત્વ = મુનિપણું મેં ધારણ કર્યું.

## શિક્ષાપાઠ ૭. અનાથી મુનિ, ભાગ ૩

હે શ્રેણિકરાજા! ત્યાર પછી એટલે દીક્ષા લીધા પછી હું આત્મા - પરાત્માનો નાથ થયો. બધા જીવોની રક્ષા કરે તેથી નાથ. તને શંકા થઈ હતી કે 'હું અનાથ કેમ હોઉં? મૃષા તો નથી બોલતા?' તે હવે ટળી ગઈ હશે. એ રીતે ચક્રવર્તી પણ અનાથ છે. વેદનીના તીવ્ર ઉદયમાં કોઈ મદદ કરી શકે નહીં. કર્મના ઉદય આગળ સર્વ અનાથ છે. કર્મ તો ભગવાનને પણ ભોગવવાં પડ્યાં. જ્યાં ઉપાધિ છે ત્યાં અનાથતા છે; જ્યાં સમાધિ છે ત્યાં સનાથતા છે. પરવસ્તુનો સંગ છે તે ઉપાધિ છે. બહારની ઉપાધિ છે ત્યાં સમાધિમાં રહી શકાય નહીં, તેથી અનાથતા છે. માટે હું કહું છું તે તું મનન કરી જજે. પ્રથમથી કહ્યું છે કે આ પાઠો પઠન કરવા કરતા મનન કરવાના છે.

નિશ્ચય માનજે કે આપણો આત્મા જ નરકે લઈ જનાર છે. તંદુલ મત્સ્ય પાપભાવનાથી નરકે જાય છે. ત્યાં વૈતરણી નદીમાં છરપલાની ધાર જેવું પાણી હોય છે તે પીએ તો જીભ કપાઈ જાય. શાલ્મલી વૃક્ષ પણ નરકમાં હોય છે. તેના ડાળા, થડ બધે કાંટા હોય. કામધેનુ અને નંદનવન એ બન્ને દેવલોકનાં સુખના દૃષ્ટાંતો છે. સુખ-દુઃખનાં સ્થાન ગમે ત્યાં હોય પણ તેની પ્રાપ્તિ કરાવનાર આત્મા જ છે. પોતાના હાથની વાત છે. જેવા થવું હોય તેવા થઈ શકાય. આત્મામાં શક્તિ છે, કર્મ બાંધે પણ ખરો અને છોડે પણ ખરો.

અનાથીમુનિને દુઃખ આવ્યું તેથી ભાવ ફર્યા. તેમનું વૃત્તાંત સાંભળીને રાજાના પણ ભાવ ફર્યા. ભવ્ય જીવોનું

લક્ષણ જ એ છે કે પલટાઈ જાય છે. સાચી વાત કાને આવે તો ગ્રહણ કરી લે. બાહ્ય વસ્તુઓને લઈને રાજા પોતાને મોટો માનતો હતો, પણ મુનિનું કથન સાંભળીને બધી વસ્તુઓ ઉપરથી વિશ્વાસ ઊઠી ગયો કે એ વસ્તુઓ કંઈ કામની નથી. આપણો આત્મા જ પોતાના દોષથી નરકે જાય છે. દેવગતિનું કારણ પણ આત્માના શુભ ભાવ જ છે. જે થાય છે તે આપણા આત્માથી જ થાય છે. એમાં બીજા કોઈનો વાંક નથી, પણ આપણો જ વાંક છે. પૂર્વે જેવું કર્યું છે તેવું ફળ અત્યારે દેખાય છે અને અત્યારે જેવું કરે છે તેવું પામશે. પોતે જ પોતાનું કારણ છે. સંસાર ઊભો પણ પોતે જ કરે છે. સુખદુઃખ પણ પોતે જ ઉપાર્જન કરે છે. મિત્ર, વૈરી એ બધું આપણો આત્મા જ છે. કનિષ્ઠ આચાર = ખરાબ આચાર.

કૃપાળુદેવે કહ્યું છે કે "યોગ્ય સામગ્રી નહીં મેળવવાથી ભવ્ય પણ એ માર્ગ (મોક્ષમાર્ગ) પામતાં અટક્યાં છે, તથા અટકશે અને અટક્યા હતા .... તે માર્ગ આત્મામાં રહ્યો છે. આત્મત્વપ્રાપ્ય પુરુષ — નિર્ગ્રંથ આત્મા — જ્યારે યોગ્યતા ગણી તે આત્મત્વ અર્પશે — ઉદય આપશે — ત્યારે જ તે પ્રાપ્ત થશે, ત્યારે જ તે વાટ મળશે, ત્યારે જ તે મતભેદાદિક જશે." (૫૪) મહાપુરુષ પાસે કળા છે. એ ટકોર કરે ત્યારે જીવ જાગૃત થઈ જાય. શ્રેણિકને ભીલના ભવના સંસ્કાર હતા તે જાગૃત થઈ ગયા. અનાથીમુનિનો આત્મપ્રકાશક બોધ સાંભળીને શ્રેણિકરાજા બહુ સંતોષ પામ્યો. તેને લાગ્યું કે આવી વાત કરનાર મને કોઈ મળ્યો નહીં; અને સમજાયું કે આ મુનિની વાત માન્ય

કરવા યોગ્ય છે. એ મને કોઈ આત્મા તરફ લઈ જાય છે, એમનું એક એક વચન મારા હૃદયમાં ચોંટી જાય છે. અનાથપણું સમજાયું ત્યારે વૈરાગ્ય થયો અને લાગ્યું કે આ મુનિ સુખી છે અને હું તો દુઃખી છું. તેથી બોલ્યો કે હે ભગવાન! તમે મને ભલી રીતે ઉપદેશ્યો, કંઈ પણ સ્વાર્થ વગર મને બોધ આપ્યો. આત્મા કોઈ અપૂર્વ વસ્તુ છે, અને તે સુખસ્વરૂપ જ છે. સદ્ગુરુના બોધથી તેણે આત્માનું સ્વરૂપ જાણ્યું. સદ્ગુરુના ઉપદેશ વિના સ્વરૂપ સમજાતું નથી. શ્રેણિકરાજા હવે શિષ્ય થઈને કહે છે કે હું અનાથ છું અને આપે પરમાત્મસ્વરૂપ જાણ્યું તેથી સનાથ છો, સમ્યક્ચારિત્ર વગેરે હોવાથી સબંધવ છો, આત્માના સ્વભાવમાં રહો છો તેથી તમે સધર્મ છો. તમે બધા અનાથોને સનાથ બનાવનારા છો. તમારી જ્ઞાની શિક્ષાથી એટલે જ્ઞાન ભરેલી, જ્ઞાન થાય તેવી શિખામણથી હું લાભ પામ્યો છું એટલે મને સમ્યક્દર્શન થયું છે. શ્રેણિકરાજા પહેલા દોષને ગુણ માનતો હતો પરંતુ હવે દોષને દોષ જ માને છે તેથી ભોગ ભોગવવા સંબંધીના આમંત્રણ આપવા માટેના અપરાધની ક્ષમા માગે છે.

મહાતપોધન = તપને ધન માને તે તપોધન, તપોધનમાં પણ ઉત્તમ તે મહાતપોધન. મહાપ્રજ્ઞાવંત = જે બુદ્ધિ મોક્ષમાર્ગ બતાવે, દેહ અને આત્મા ભિન્ન ઓળખાવે તે મહાપ્રજ્ઞા અને તેથી જે યુક્ત તે મહાપ્રજ્ઞાવંત. મહાનિર્ગ્રંથ = રાગદ્વેષ અજ્ઞાનરૂપ ગ્રંથિ જેણે છેદી નાખી છે તે નિર્ગ્રંથ, તેમાં જે મહાન તે મહાનિર્ગ્રંથ. મહાશ્રુત = જેણે સર્વ શ્રુત જાણ્યું છે તે મહાશ્રુત.

વેદના વખતે, મરણ વખતે કોઈ કોઈને મદદ કરે એવું નથી. સંસાર તરફ દૃષ્ટિ કરીએ તો બધાય જીવો અશરણ અને અનાથ છે. એ અશરણતા અને અનાથતા જાય છે શાથી? તો કે ઉત્તમ તત્ત્વજ્ઞાન અને પરમ શીલને સેવવાથી. ઉત્તમ તત્ત્વજ્ઞાન = આત્મજ્ઞાન. પરમ શીલ = આત્મામાં સ્થિરતા કરવારૂપ આચરણ. એ સત્ અને શીલ દ્વારા માનવભવની સફળતા છે. તે પ્રાપ્ત કરવા સદ્દેવ, સદ્ધર્મ અને સદ્ગુરુ એ ત્રણ તત્ત્વ જાણવા અવશ્યના છે.

## શિક્ષાપાઠ ૮. સત્દેવતત્ત્વ

સત્દેવ તત્ત્વ એટલે સત્દેવનું સ્વરૂપ, તે હવે કહે છે. ત્રણ તત્ત્વ સનાથ થવાને માટે જરૂરનાં છે. "ત્રય તત્ત્વ, ત્રણ રત્ન મુજ, આપો અવિચળ સ્નેહ". સમ્યક્દર્શન થાય ત્યારે આનો ભાવ ભાસે. સમ્યક્દર્શન થતાં-અંતરાત્મા થતાં અત્યારે જે અલ્પ સુખ અને જ્ઞાન છે તેથી જીવને તૃપ્તિ થતી નથી, તેથી પૂર્ણ સુખ અને પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ માટે પૂર્ણ તત્ત્વરૂપ પરમાત્માની ભક્તિ ભાવના કરે છે. સત્દેવ, સત્ધર્મ અને સત્ગુરુ એ ત્રણ તત્ત્વના સ્વરૂપનું અજ્ઞાન હોય ત્યાં સુધી આત્મહિત થતું નથી, સમ્યગ્દર્શનનું કારણ પણ થતું નથી. અહીં પ્રથમ સત્દેવનું માહાત્મ્ય ગાયું છે.—

જેઓને જ્ઞાનદર્શન પૂર્ણપણે છે. સામાન્યપણે વસ્તુને જાણે તે દર્શન અને વિશેષપણે વસ્તુને જાણે તે જ્ઞાન. પાંચે જ્ઞાનમાં ઉત્તમ જ્ઞાન તે કેવળજ્ઞાન છે. જ્ઞાનાવરણીયનો એક અંશ પણ ન હોય ત્યારે કેવળજ્ઞાન કહેવાય. પૂર્ણ

સ્વરૂપ વિષે પ્રથમ કહ્યું, પછી તે કેમ પ્રાપ્ત થયું તે કહે છે. મહોગ્રતપોપધ્યાન = મહા + ઉગ્ર + તપ + ઉપધ્યાન = મહા બળવાન તપ અને ધર્મધ્યાન. એ સાતમા ગુણસ્થાન સુધી હોય છે. શુક્લધ્યાન = સાતમા ગુણસ્થાન પછી શ્રેણી માંડે ત્યારે પ્રગટે છે. મહા બળવાન તપ અને ધર્મધ્યાનથી વિશોધન કરી કરીને કર્મના સમૂહને બાળી નાખે છે. સાતમા ગુણસ્થાન સુધી ઘણો પુરુષાર્થ કરે, પછી શ્રેણી માંડે ત્યારે અતિ ઉજ્જવલ શુક્લ ધ્યાન પ્રગટે. ગૃહસ્થ અવસ્થામાં પણ ચક્રવર્તી રાજાધિરાજ કે રાજપુત્ર વગેરે પદવી ધારી હોય છે છતાં સંસારમાં એકાંત એટલે કેવળ અનંત દુઃખ અને શોક છે એમ જાણીને તેનો ત્યાગ કરે છે. કેવળ દયા = અહિંસા ગુણની સિદ્ધિ થાય તે. આત્મ-સમૃદ્ધિ = આત્મભાવની સંપૂર્ણતા. ત્રિવિધ તાપ = આધિ. વ્યાધિ, ઉપાધિરૂપ. આધિ, વ્યાધિ, ઉપાધિ કેવી રીતે ટાળે છે? કેવળ દયા, શાંતિ, ક્ષમા, નીરાગીત્વ અને આત્મસમૃદ્ધિથી ત્રિવિધ તાપને શાંત કરે છે. ચાર ઘાતિયાં કર્મ ક્ષય કરી, માત્ર સ્વસ્વરૂપથી જ વિચરે છે. મોહનીય-કર્મ ક્ષય થવાથી જ્યાં જાય ત્યાં આત્મામાં જ રહે છે. એકાંત ટાળી = કેવળ ક્ષય કરી. પાતળાં પડેલા = ચાર ઘાતિયાં કર્મ જવાથી અઘાતિયાં કર્મ બળહીન થઈ જાય છે, મોહ જવાથી વેદની આદિ કંઈ દુઃખ આપી ન શકે. આત્માના અનંત સુખ આગળ તેનું જોર ચાલતું નથી તેથી 'બળી સીંદરીવત્' છે. સર્વ કર્મનું મૂળ મોહનીય જવાથી અને દર્શનાવરણીયની પ્રકૃતિ નિદ્રા વગેરે ઘાતિયા કર્મ જવાથી વેદની વગેરે અઘાતિયાં કર્મ બળહીન થઈ જાય

છે. એ પાતળાં પડેલાં અઘાતિયાં કર્મ રહે ત્યાં સુધી ઉત્તમ શીલનું સેવન કરે છે અર્થાત્ તેરમે યથાખ્યાત અને ચૌદમે પરમયથાખ્યાત ચારિત્રનું સેવન કરે છે.

વિરાગતાથી એટલે વીતરાગતાથી ઉપદેશ કરે છે, તેથી તેમનો બોધ અસર કરે છે. ઉનાળાના તાપથી અકળાયેલાને વૃષ્ટિથી શાંતિ મળે તેમ કર્મથી અકળાયેલા પામર સંસારી જીવોને પરમ શાંતિ મળવા મેઘધારા જેવી વાણી એટલે પાંત્રીસ ગુણોથી યુક્ત દિવ્ય ધ્વનિ વડે શુદ્ધ બોધબીજ એટલે શુદ્ધ સમકિત પ્રાપ્ત થાય તેવો ઉપદેશ કરે છે. મોહનીય કર્મ ક્ષય થવાથી સમવસરણમાં બિરાજે છતાં કોઈ પણ સમયે વૈભવ વિલાસની લેશ પણ ઇચ્છા થતી નથી. જ્ઞાનદર્શનને આવરણ કરનાર કર્મ રહે ત્યાં સુધી એટલે બારમા ગુણસ્થાન સુધી છદ્મસ્થ અવસ્થા હોય છે, ત્યાં સુધી ઉપદેશ કરતા નથી. મોહનીય ક્ષય થવા છતાં જ્યાં સુધી જ્ઞાન-દર્શન આદિ સંપૂર્ણ પ્રગટે નહીં ત્યાં સુધી ઉપદેશ કરતા નથી. ભગવાનનું બહુમાનપણું જણાવવા 'શ્રીમુખ' શબ્દ યોજ્યો છે.

પાંચ પ્રકારના અંતરાય (૧) દાનાંતરાય, (૨) લાભાંતરાય, (૩) ભોગાંતરાય, (૪) ઉપભોગાંતરાય, (૫) વીર્યાંતરાય અને (૬) હાસ્ય, (૭) રતિ, (૮) અરતિ, (૯) ભય, (૧૦) જુગુપ્સા, (૧૧) શોક, (૧૨) મિથ્યાત્વ, (૧૩) અજ્ઞાન, (૧૪) અપ્રત્યાખ્યાન અથવા અવિરતિ, (૧૫) રાગ, (૧૬) દ્વેષ, (૧૭) નિદ્રા, અને (૧૮) કામ એ અઢાર દૂષણ ગણાવ્યા તે સત્‌દેવમાં હોતા નથી. જેઓ સત્ ચિત્ અને આનંદ એટલે અનંત દર્શન, અનંત જ્ઞાન

અને અનંત સુખથી વિરાજમાન એટલે શોભે છે અને મહા ઉદ્યોતકર એટલે પ્રકાશકર એવા બાર ગુણ જેઓમાં પ્રગટે છે તે સત્‌દેવ છે. તે બાર ગુણ આ પ્રમાણે છે :– આઠ પ્રાતિહાર્ય – અશોક વૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્ય ધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડળ, દુંદુભિ અને છત્ર; અને ચાર અતિશય— અપાય–અપગમ–અતિશય, જ્ઞાન–અતિશય, પૂજા–અતિશય અને વચન–અતિશય.

આ સત્‌દેવતત્ત્વ, ઉત્તમ સૂત્રોથી એટલે આગમ અથવા બીજા સત્શાસ્ત્રોથી જાણવું અવશ્યનું છે.

સર્વથી શ્રેષ્ઠ દેવ છે તેથી પહેલા સત્‌દેવનું સ્વરૂપ કહ્યું, તેમણે ઉપદેશેલો ધર્મ તે પછી કહ્યો અને પછી તે ધર્મને સમજાવનાર ગુરુનું સ્વરૂપ કહ્યું. શિષ્યની અપેક્ષાએ ગુરુ પ્રથમ છે, કારણ કે તે દેવ અને ધર્મને ઓળખાવે છે; તેથી "સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે." (૨૫૪) જૈન ધર્મ સ્યાદ્‌વાદ છે. નવકારમંત્રમાં પણ સિદ્ધ પહેલા અર્હંતને નમસ્કાર કર્યા છે.

---

## શિક્ષાપાઠ ૯. સત્‌ધર્મતત્ત્વ

શિક્ષાપાઠ બીજામાં સામાન્યપણે ધર્મ વિષે કહ્યું હતું, હવે અહીં વિશેષપણે ભેદ પાડીને કહે છે.

વસ્તુસ્વભાવધર્મ, રત્નત્રયધર્મ, દશલક્ષણધર્મ, અહિંસા ધર્મ એમ અનેક પ્રકારે ધર્મ કહેવાય છે તે સત્‌ધર્મ છે. બાકી ધર્મ શબ્દ અનેક અર્થમાં વપરાય છે. રાજાનો ધર્મ, સ્ત્રીનો ધર્મ વગેરે – અહીં 'ધર્મ' શબ્દ ફરજના

અર્થમાં છે અનાદિકાળથી આ આત્મા કર્મજાળનાં બંધનથી સંસારમાં રઝળ્યા કરે છે. જેમ માછલાં જાળમાં સપડાઈ જાય છે તેમ જીવ કર્મરૂપી જાળમાં સપડાઈ જાય છે અને દુઃખી થાય છે. સમય માત્ર પણ તેને ખરું સુખ નથી. ખરું સુખ = સમાધિ સુખ. સમકિત ન થાય ત્યાં સુધી એક સમય પણ તેની પ્રાપ્તિ નથી. આત્માનું શાશ્વત સુખ સમકિતની ફરસના થાય તેને સમજાય. આ આત્મા અધોગતિને સેવ્યા કરે છે. સંસારમાં દુઃખના પ્રમાણમાં સુખ અતિ અલ્પ છે. અનંતકાળની અપેક્ષાએ દુઃખમાં ઘણા ભવ ગાળ્યા પછી એકાદ ભવમાં સારી ગતિ મળે ને શાતા સુખ મળે. ધર્મ આરાધે ત્યારે સારી ગતિ થાય અને મોક્ષ પણ પામે. ધર્મ આત્માને અધોગતિમાં પડતા અટકાવે છે. અધોગતિ એટલે નરકતિર્યંચમાં ન જવા દે અને મનુષ્ય, દેવમાં લઈ જાય, તે ધર્મ.

સર્વજ્ઞ ભગવાને ધર્મતત્ત્વના જુદા જુદા ભેદ કહ્યાં છે. તેનાં મુખ્ય બે ભેદ છે : વ્યવહાર ધર્મ અને નિશ્ચય ધર્મ. વ્યવહારધર્મમાં દયા મુખ્ય છે. **'अहिंसा परमो धर्मः'** સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ ચારે દયા સહિત હોય તો જ ધર્મ છે. સ્વ-પર દયાને માટે એ ચારે છે. તેથી મુનિધર્મ, ગૃહસ્થધર્મ એ સર્વ વ્યવહારધર્મ દયામાં સમાય છે. હવે દયાના આઠ ભેદ ગણાવે છે :–

(૧) દ્રવ્યદયા—ઘરનાં કે બીજાં કામ કરતાં જેમ બને તેમ બીજા જીવોને દુઃખ ન થાય, હિંસા ન થાય તેમ યત્નાથી વર્તવું. દશ પ્રાણ દ્રવ્યરૂપ છે તે ન હણાય તે 'દ્રવ્યદયા'.

( ૨ ) ભાવદયા—બીજા જીવોના ભાવ સુધરે, દુર્ગતિમાં ન જાય અને મોક્ષનું કારણ થાય તેમ કરવું, તે 'ભાવદયા'.

( ૩ ) સ્વદયા—પોતાના આત્માની દયા. આ આત્મા મિથ્યાત્વમાં ખેંચાયેલો તત્ત્વ પામતો નથી અને જિનાજ્ઞા પાળી શકતો નથી, માટે તત્ત્વ સમજી જિનાજ્ઞામાં પ્રવેશ કરવો તે 'સ્વદયા'.

( ૪ ) પરદયા—પૃથ્વીકાય, અપ્‌કાય, તેજકાય, વાયુ-કાય, વનસ્પતિકાય અને ત્રસકાય, એ છકાય જીવને જાણીને સર્વ જીવની રક્ષા કરવી તે 'પરદયા'.

( ૫ ) સ્વરૂપદયા — પોતાનું ખરું સ્વરૂપ શું છે ? તેનો વિચાર સદ્‌ગુરુના બોધથી કરવો. દેહથી હું ભિન્ન છું, મારા ગુણો જ્ઞાન દર્શન છે, મારા ભાવ નિર્મળ કેમ થાય ? એમ દ્રવ્ય-ગુણ-પર્યાય સૂક્ષ્મ વિવેકથી વિચારે તે 'સ્વરૂપદયા'.

( ૬ ) અનુબંધદયા — શિષ્યે ગુનો કર્યો હોય તેનો દોષ કઢાવવા ગુરુ ધમકાવીને કહે પરંતુ અંતરમાં દયા છે અને જાણે છે કે એથી આનું હિત થશે તે 'અનુબંધદયા'. અનુબંધ = પરિણામ, ફળ.

( ૭ ) વ્યવહારદયા—ઉપયોગપૂર્વક = લક્ષપૂર્વક. વિધિ-પૂર્વક = યોગ્ય રીતે જેમ ભગવાને કહી હોય તે વિધિથી દયા પાળે, મુનિને કહ્યું હોય તેમ મુનિ વર્તે, ગૃહસ્થને કહ્યું હોય તેમ ગૃહસ્થ વર્તે. જેમ કે પાણી ગાળવાની વિધિ વગેરે જેમ કહ્યું હોય તેમ કરે તે 'વ્યવહારદયા'.

( ૮ ) નિશ્ચયદયા—સદ્‌ગુરુએ જે સ્વરૂપ કહ્યું છે અને પ્રગટ કર્યું છે, તે શુદ્ધ સ્વરૂપ જ સાધવા યોગ્ય છે અને

એ જ મારું સ્વરૂપ છે. અર્થાત્ સદ્‌ગુરુના સ્વરૂપમાં અને મારા સ્વરૂપમાં કંઈ ભેદ નથી એમ વિચારવું તે એકતા-ભાવ, અને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રમય આત્મામાં લીનતા કરવી તે અભેદ ઉપયોગ, તે 'નિશ્ચયદયા'.

નિશ્ચયધર્મ એટલે મિથ્યાત્વ ટાળવું અને આત્માને આત્મભાવે ઓળખવો. આ સંસાર તે મારો નથી. હું એથી ભિન્ન, પરમઅસંગ, સિદ્ધ સદૃશ શુદ્ધ આત્મા છું. મોહના વિકલ્પથી હું ભિન્ન છું. સિદ્ધ સદૃશ એટલે સિદ્ધ ભગવાનના જેવો. જેવા સિદ્ધ ભગવાન છે તેવો જ હું છું. શુદ્ધ એટલે વિભાવ રહિત છું. એવી આત્મસ્વભાવવર્તના એટલે આત્માના શુદ્ધ સ્વભાવમાં પરિણમવું તે નિશ્ચયધર્મ છે. પોતાના સ્વરૂપની વાત છે. બીજી અપેક્ષા નથી.

અર્હત્ ભગવાને કહેલા ધર્મથી પોતાને ભય નથી થતો ને સર્વ પ્રાણી પણ અભય થાય છે, મોક્ષ પામે છે. પરિણામની ચંચળતા તે ભય છે. ધ્યાનમાં પરિણામની સ્થિરતા છે.

સ્વરૂપદયા એ સમ્યક્‌દર્શનનું કારણ છે, નિશ્ચયદયામાં સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ છે. વ્યવહારદયા તે કારણ છે અને નિશ્ચયદયા તે કાર્ય છે.

---

## શિક્ષાપાઠ ૧૦. સદ્‌ગુરુતત્ત્વ, ભાગ ૧

જુદા જુદા પાઠમાં લખવાની પદ્ધતિ જુદી જુદી છે. કોઈમાં કવિતા લખે, કોઈમાં નિબંધ લખે, કોઈમાં કથા લખે, તેવી રીતે આ પાઠમાં પિતા-પુત્રનો સંવાદ આપ્યો છે.

અઘરો વિષય પણ સંવાદરૂપે એટલે વાતચીતરૂપે મૂકીને સરળ કર્યો છે. સદ્ગુરુ વિષે કહેવાનું છે છતાં સાથે સાથે શાળાના શિક્ષકો કેવા હોવા જોઈએ, તેની પણ ઉત્તમ સૂચના કરી છે. નીતિ છે તે ધર્મનો પાયો છે તે વાત સમજાવવા માટે એ પાઠ લખીને નિશાળના શિક્ષકો કેવા હોવા જોઈએ તે કહે છે

શાળાના શિક્ષકોમાં વિદ્વત્તા જોઈએ અને તે સારી રીતે સમજે ને સમજાવી શકે એવા સમજુ જોઈએ. વિદ્વાન અને સમજુ હોય તો જ પ્રભાવ પડે અને છોકરાઓ એનું માને. શિક્ષકમાં વિદ્યા સાથે વ્યાવહારિક સમજણ પણ જોઈએ. શિક્ષક ઊંચા કુળનો અને સારા સંસ્કારવાળો જોઈએ. બ્રાહ્મણ = જેનું કામ ભણવું, ભણાવવું હોય તે કાર્યથી બ્રાહ્મણ જ કહેવાય.

એનાં વચન બહુ મધુરાં છે એટલે કોઈને અવિવેકથી બોલાવે નહીં, તુંકારા કરે નહીં કે કરવા દે નહીં. શિક્ષક કે શિષ્યો અરસપરસ તુંકારાથી ન બોલે. કોઈને ખોટું લાગે તેમ બોલતા નથી. બહુ ગંભીર = કોઈ દોષ કરે તો ગંભીર રહે. એકદમ ક્રોધ ન કરે, સહન કરે. ગંભીર છે તેથી બહુ બોલતા ય નથી. બોલે છે ત્યારે જાણે મુખમાંથી ફૂલ ઝરે છે = સુંદર અવનવાં વચન બોલે, જે સાંભળનારને પ્રિય લાગે. કોઈનું અપમાન – તિરસ્કાર કરતા નથી અને સમજણથી શિક્ષા આપે છે, સોટીથી નહીં. હા ! મા ! ધિક્‌ની સમાન. 'તારાથી એવું થાય ?' એમ પ્રેમથી સુધારે.

શાળાએ જવાનો હેતુ, વિચક્ષણ થવા અને વ્યવહારની નીતિ, સાંસારિક કલાઓ અને સદ્વર્તન શીખવા

માટે છે. શિક્ષક સદ્ગુણી હોય તો એ બધું શીખવે. શિક્ષક દુરાચરણી કે એવા એટલે લોકો નિંદે એવા હોય તો તો બહુ માઠું થાય. તેથી છોકરાઓની ચાલચલગત અને નીતિ બગડે.

સંસારમાં પડવા માટે = સંસાર ચલાવવા માટે. વ્યવહાર-નીતિ = વ્યવહારનો આચાર. ધર્મનીતિ = ધર્મનો આચાર. ધર્મતત્ત્વ = ધર્મનું સ્વરૂપ. પરભવ માટે ધર્મનું સ્વરૂપ જાણવું અને ધર્મનું આચરણ કરવું. સદાચારી = લૌકિક સારા આચાર પાળનારો. જેમ તે વ્યવહારનો આચાર સદા-ચારી શિક્ષકથી ઉત્તમ મળી શકે છે તેમ પરભવ માટે એટલે આત્મકલ્યાણ કરવા માટે ઉત્તમ ગુરુ = સદ્ગુરુ જોઈએ. વ્યવહાર કરતાં ધર્મ ચઢિયાતો છે. બેના મહત્ત્વમાં બહુ ફેર છે. સદાચારી શિક્ષક બિલોરીના કકડા જેવા છે. (બિલોરીનો કકડો = પાસાવાળો રંગબેરંગી દેખાય તેવો કાચ. પૈસાના બે મળતા.) અને આત્મધર્મ - શિક્ષક એટલે સદ્ગુરુ અમૂલ્ય કૌસ્તુભમણિની જેમ દુર્લભ છે.

શિરછત્ર ! એ શબ્દ માનાર્થે વાપર્યો છે. છત્ર, શોભા અને રક્ષા બન્ને સૂચક છે. તેમ માથે પિતા હોય ત્યાં સુધી રક્ષા છે અને શોભા પણ છે.

---

## શિક્ષાપાઠ ૧૧. સદ્ગુરુતત્ત્વ, ભાગ ૨

ધર્મગુરુ પણ ત્રણ પ્રકારના છે. તે ત્રણ પ્રકારની હોડી સાથે સરખાવ્યા છે. (૧) લાકડાની સાચી હોડી જે પેલે પાર પહોંચાડે. તેમ કાષ્ઠસ્વરૂપ ગુરુ પોતે તરે

અને બીજાને તારે. (૨) કાગળની રમકડારૂપ હોડી તરતી દેખાય પણ પોતે તરે નહીં અને બીજાને તારે નહીં, પણ એવા કાગળસ્વરૂપ ગુરુના આચાર શુભ હોય તેથી કંઈ પુણ્ય ઉપાર્જન કરી શકે. (૩) પથ્થરરૂપ અશુભ આચારવાળા ગુરુ હોય તે પોતે બૂડે અને બીજાને બુડાડે. પથરો બાંધી પાણીમાં પડે તો બૂડી જવાય, તેમ અસદ્ગુરુથી સંસાર વધે. કાગળસ્વરૂપ અને પથ્થરસ્વરૂપ એ બે પ્રકારના ગુરુ આપણે કામના નથી.

જિનેશ્વરની આજ્ઞામાં વર્તે તે જ કાષ્ઠસ્વરૂપ સાચા ગુરુ—તે માત્ર જિનેશ્વર ભગવંતના શાસનમાં છે. હીરો જોઈતો હોય તો ઝવેરી પાસે મળે; તેમ ઉત્તમ વસ્તુ મોક્ષ, તે ઉત્તમ ગુરુથી જ મળી શકે. ગુરુ જો ઉત્તમ હોય તો નિશ્ચયધર્મ સમજાવી મોક્ષ પમાડે. પ્રભુશ્રીજી કહેતા—તમને કાણાં વગરની નવી નાવમાં બેસાડ્યા છે. માટે તેમાં હાથ-પગ લાંબા-ટૂંકા કર્યા વિના પાંશરા થઈને બેસી રહેશો તો ઠેઠ પેલી પાર પહોંચી જશો.

સદ્ગુરુ પાસે શું શિખાય? (૧) તત્ત્વજ્ઞાનના ભેદ—છ દ્રવ્ય, નવ તત્ત્વ વગેરે. (૨) સ્વસ્વરૂપ ભેદ—આત્માના દ્રવ્યગુણપર્યાય, સમ્યક્દર્શનજ્ઞાનચારિત્ર, શુભ-અશુભ-શુદ્ધ ભાવ, ગુણસ્થાનો વગેરે. (૩) લોકાલોક વિચાર—અલોકાકાશની વચ્ચે લોકાકાશ છે, તેમાં આવેલા ક્ષેત્રોનું વર્ણન વગેરે. જેમાં છ દ્રવ્યોનું હોવાપણું છે તે લોકાકાશ, અને જ્યાં આકાશ સિવાય બીજું કોઈ દ્રવ્ય નથી તે અલોકાકાશ. (૪) સંસારસ્વરૂપ— ચારગતિરૂપ પરિભ્રમણ, કેવા ભાવથી ક્યાં ક્યાં જન્મવું પડે વગેરે. તેથી વૈરાગ્ય

થાય. ભવ - તન - ભોગનો વિચાર કરવાથી વૈરાગ્ય થાય કે સંસાર તજવા યોગ્ય છે. વૈરાગ્ય હોય તો સંસારમાં ક્યાંય સુખ નથી એમ લાગે. ચારે ગતિમાં દુઃખ છે એમ જાણે તો સંસાર સુખરૂપ ન લાગે.

એવા ગુરુના લક્ષણ કયાં કયાં ? જેથી વસ્તુ ઓળખાય તે લક્ષણ. જેમ આત્માના લક્ષણ હોય છે તેમ ગુરુના પણ લક્ષણ હોય છે. તે લક્ષણ આ પ્રમાણે છે—(૧) ભગવાનની આજ્ઞા કર્મથી છૂટવાની, રાગદ્વેષરહિત સમતા ક્ષમા ધારણ કરવાની છે, તે જાણે અને પાળે. બીજાને બોધ કલ્પનાથી આપે નહીં, પરંતુ ભગવાને કહ્યું છે તેવું જ કહે. સદ્ગુરુને ઓળખવા માટે આ મુખ્ય વાત કહી. હવે ભગવાને સાધુને આજ્ઞા કેવી કરી છે તે કહે છે (૨) કંચન અને કામિની એ બેથી સંસાર ટક્યો છે. સુવર્ણ અને સ્ત્રીના તે સર્વભાવથી એટલે મન વચન કાયાથી ત્યાગી હોય અર્થાત્ એ બન્નેના પ્રલોભનથી સર્વથા છૂટ્યા હોય. (૩) ભાવની શુદ્ધિ માટે વિશુદ્ધ એટલે કોઈ પણ દોષ આવે નહીં એવા આહારજળ લેતા હોય. (૪) બાવીસ પરિષહ સહન કરતા હોય. (૫) ક્ષાંત = ક્ષમાવાળા. દાંત = દમન કરનાર, ઇંદ્રિયોને વિષયમાં ન જવા દે તે. નિરારંભી = આરંભ ઉપાધિથી રહિત હોય. જિતેન્દ્રિય = ઇંદ્રિયોને જીતી લીધી હોય. (૬) સ્વાધ્યાય આદિમાં કાળ ગાળે. (૭) શરીરનો નિર્વાહ, ધર્મને માટે પુરુષાર્થ કરી શકે તે માટે કરતા હોય, પણ કીર્તિ કે શરીરને પુષ્ટ કરવા અર્થે નહીં. (૮) ભગવાને મોક્ષનો પંથ કહ્યો છે તે નિર્ગ્રંથ સાધુનો આચાર પાળતાં કાયર ન હોય

એટલે થાકે નહીં. (૯) આપ્યા વિના કંઈ ન લે. સળી પણ જોઈએ તો પૂછીને લે. (૧૦) રાત્રે સર્વ પ્રકારના આહાર એટલે અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય ખાય નહીં તેમજ રાખે પણ નહીં. (૧૧) સમભાવ – સમતા રાખે. (૧૨) નીરાગતાથી સત્યોપદેશક = રાગદ્વેષરહિત સત્ય ઉપદેશ કરે. આહાર આદિના કે ચેલાચેલીના પ્રલોભનથી ઉપદેશ ન કરે. ટૂંકામાં આવા ગુણો જેનામાં હોય તેને કાષ્ઠસ્વરૂપ સદ્ગુરુ જાણવા. એવા કાષ્ઠસ્વરૂપ ગુરુ પોતે તરે ને બીજાને તારે. આગમમાં = આચારાંગસૂત્ર વગેરેમાં સાધુઓની રાત-દિવસની પ્રવૃત્તિ જણાવી છે.

આપે મને ટૂંકામાં પણ બહુ ઉપયોગી અને કલ્યાણ-મય કહ્યું = સદ્ગુરુ વિષે જાણવાની ખાસ જરૂર હતી, કારણ સાચા ગુરુ ઓળખવા જરૂરના છે. તે જાણવાથી ભવિષ્યમાં મારું કલ્યાણ થશે. આ મારા હિતની વાત છે તેથી ભૂલીશ નહીં, સદા વિચારીશ. સદ્ગુરુના સ્વરૂપ સંબંધી સદા ભાવના કરવા યોગ્ય છે.

---

## શિક્ષાપાઠ ૧૨. ઉત્તમ ગૃહસ્થ

સમકિતની વાત અનાથીમુનિના પાઠમાં કહી. સમકિત થવા સતદેવ, સતધર્મ અને સદ્ગુરુનું સ્વરૂપ કહ્યું. સમ્યક્દર્શન સહિત દેશવ્રતી ગૃહસ્થ થાય એ પાંચમા ગુણસ્થાનની વાત હવે કહે છે. જેની વધારે શક્તિ હોય તે મુનિ થાય અને જેની ઓછી શક્તિ હોય તે અણુવ્રત પાળે, જેથી તે ગૃહસ્થ કહેવાય. મુનિપણું ન આવે ત્યાં સુધી ગૃહસ્થ અવસ્થા કહેવાય છે. તેની અગિયાર પ્રતિમામાં

છેલ્લી બે પ્રતિમાવાળા ઉત્તમ શ્રાવક કહેવાય છે. અહીં સામાન્યપણે ઉત્તમ ગૃહસ્થ એટલે આદર્શ ગૃહસ્થ એવા અર્થમાં કહેલું છે. જેને સત્પુરુષનો યોગ થયો છે, જે બોધ શ્રવણ કરે છે, જે વિવેકી છે અને જે વિનય કરે છે તે શ્રાવક છે. ગૃહસ્થાશ્રમમાં આત્મસાધન ન થાય એમ નથી. ગૃહસ્થાશ્રમમાં આત્મસાધન સાધે તેનો ગૃહાશ્રમ પણ વખણાય છે.

જ્યાં મોહના વિકલ્પ છે તે સંસાર છે. ઘર, પરિગ્રહ, સગાંવહાલા એ મોહનાં નિમિત્ત છે તે રૂપ સંસાર તેને કાજળની કોટડી કહી છે. "કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે." (૧૦૩) ઘણા દોષો લાગે, માત્ર સવા વસુ દયા પળે; તો પણ આ પાઠમાં કહ્યું છે એટલું તો ગૃહાશ્રમી પણ કરી શકે.

સામાયિક = સમભાવમાં રહેવાનું વ્રત. ક્ષમાપના = પોતાના દોષ થયા હોય તેની ભગવાન પાસે માફી માગવી તે. આલોચના પ્રતિક્રમણ કહેવાય છે. ચોવિહાર પ્રત્યાખ્યાન = રાત્રે ચાર પ્રકારના આહારનો ત્યાગ. યમ = અણુવ્રત વગેરે આખી જિંદગી સુધી પાળે તે અને નિયમ = અમુક મર્યાદિત વખત સુધી વ્રત પાળે તે. પરસ્ત્રી પ્રત્યે મા–બહેનની દૃષ્ટિ રાખે, વિકારદૃષ્ટિથી જુએ નહીં. તે વિષે સુદર્શન શેઠનું દૃષ્ટાંત આવશે. સત્પાત્રે દાન = સમ્યક્‌દૃષ્ટિ મુનિ અને સમ્યક્‌દૃષ્ટિ ગૃહસ્થ તે સત્પાત્ર છે; સત્ વસ્તુ જેણે પ્રાપ્ત કરી છે તે સત્પાત્ર. ત્યાગ છતાં સમ્યક્‌દર્શન નથી તે કુપાત્ર છે, તેમને ભક્તિપૂર્વક દાન આપવા યોગ્ય નથી; અન્યદર્શની સંન્યાસી વગેરે અપાત્ર છે. સત્પાત્રે ભક્તિ-

પૂર્વક દાન આપે અને દીન દુઃખી પ્રત્યે અનુકંપાદાન પણ આપે. ધન દાન માટે વાપરે. શાંત = કષાય રહિત, મધુરી = બીજાને મીઠી, સારી લાગે તેવી અને કોમળ = વિનયવાળી, માન વગરની ભાષા બોલે. બોલે છે ત્યારે જાણે ફૂલ ઝરે છે. ગર્વયુક્ત હોય તે કઠોર ભાષા છે. સત્શાસ્ત્રનું મનન કરે એટલે વાંચે, વિચારે. ઘણા મોઢે કરે, વાંચે પણ વિચારે નહીં એમ બને છે. આજીવિકા જેથી મળે તે ઉપજીવિકા એટલે વ્યાપાર વગેરેમાં ન્યાયથી વર્તે. ધર્મની ક્રિયા કરે, દૃષ્ટિ સારી રાખે, સત્પાત્રે દાન દે, ભાષા સારી બોલે અને મનને ધર્મસંબંધી સત્શાસ્ત્રમાં રોકે. એમ બધાં સાધન સવળાં કર્યાં છે.

માબાપનો ઉપકાર છે તે બીજા કશાથી વળે તેમ નથી. તેમને પણ ધર્મ પમાડે તો જ ઉપકાર વળે, તેથી તેમને ચર્ચા વગેરેથી ધર્મ પમાડે. પોતાથી ન સમજે એમ હોય તો મુનિ દ્વારા પ્રેરણા કરે. કૃપાળુદેવે પોતાની માતાને 'જ્ઞાનાર્ણવ' મુનિને વહોરાવવા સૂચના કરી પછી મુનિશ્રી પાસે તેમને બોધ અપાવ્યો હતો. ઘરમાં જે કામ થતાં હોય તેમાં પણ સ્વચ્છતા અને યત્ના રખાવે. વિચક્ષણતાથી વર્તી પોતાનું વર્તન ઉત્તમ રાખે તેથી બીજાને અસર થાય. સ્ત્રી, બાળકો બધા ધર્મપ્રેમી અને વિનયી બને. કુટુંબના નાના મોટા સઘળા માણસોમાં સંપ રહે તેમ કરે. કુટુંબનું વાતાવરણ સારું હોય તેથી બાળકો સારી રીતે વર્તતાં શીખે, દેખે તેવું કરે.

અતિથિ એટલે મહેમાન અથવા આગંતુકનું યથાયોગ્ય સન્માન કરે. અતિથિ પ્રત્યે સારા ભાવથી વર્તે

તે સન્માન કહેવાય છે. ઓળખાણ ન હોય તોપણ મહેમાનગીરી કરે. માન પાન આસન શયન અને સંપત્તિ પ્રમાણે અન્ન આપે. જ્યાં સત્સંગ થાય એવું હોય ત્યાં જાય. કૃપાળુદેવ કાવિઠે આવતા ત્યારે સોભાગભાઈ વગેરે પણ આવે. તેમને વિનય કરતા જોઈને બીજાઓ પણ વિનય કરે, બોધ સાંભળે.

સમર્યાદ = આટલું મેળવવું એમ મર્યાદાસહિત વર્તે. સંતોષયુક્ત = જે મળ્યું હોય તેમાં સંતોષ રાખે. પોતાની પાસે જેટલું ધન હોય તેનાથી સંતોષ માની હંમેશા સુખે વર્તે. બીજાના ઘરમાં વાસણ – કુસણ વગેરે ઘણો પરિગ્રહ હોય, શાસ્ત્ર ન હોય; પણ મુમુક્ષુના ઘરમાં શાસ્ત્રસંચય થયો હોય છે. યથાશક્તિ શાસ્ત્ર ઘરમાં હોય તેનો ઉપયોગ કરે. પોતે વાંચે, વિચારે અને બીજાને વાંચવા પણ આપે. એમ નવા નવા પુસ્તકો ખરીદતાં એકઠાં પણ થાય. સારા ઉપયોગી ધાર્મિક પુસ્તકો રાખે. આરંભ = હિંસાના કાર્ય. અલ્પ આરંભ એટલે હિંસાના કાર્ય ન છૂટકે અલ્પ કરે. વ્યવહારમાં વર્તતા છતાં હિંસા-પાપ ન થાય તે સંભાળે.

આવો ગૃહસ્થાવાસ ઉત્તમ ગતિ એટલે મોક્ષનું કારણ થાય. ભવ બાકી રહે તો દેવગતિ થાય, પરંપરાએ મોક્ષ થાય. "દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં, પણ એથી અનંત ગણી ચિંતા આત્માની રાખ." (૮૪) એમ કરે તો જ મોક્ષ થાય, અનંત ભવ એક ભવમાં ટળી શકે.

## શિક્ષાપાઠ ૧૩. જિનેશ્વરની ભક્તિ, ભાગ ૧

ગૃહસ્થ અવસ્થામાં ભક્તિ એ કાર્ય ( કર્તવ્ય ) છે. સત્ય એટલે સાચું કહેનાર. જિજ્ઞાસુ છે તેને સત્ય પામવું છે, અને જેણે અસત્ય ટાળીને સત્ય પ્રાપ્ત કર્યું છે તેને પૂછે છે. જેને સમ્યક્ત્વ થયું છે તેને અહીં સત્ય કહ્યો છે. સત્ય અને જિજ્ઞાસુને ગુરુ શિષ્ય જેવા કલ્પી સંવાદ લખ્યો છે.

જગતમાં ધર્મ ઘણા છે. શંકર = શિવ, મહાદેવ. બ્રહ્મા = ચાર મોઢાવાળી તેમની મૂર્તિ હોય છે. વિષ્ણુના અવતાર માને છે. સૂર્ય, અગ્નિ વગેરેને પૂજવાનું વેદમાં બતાવ્યું છે. પારસીઓ અગ્નિને પૂજે, મંદિરમાં ચંદનનો અગ્નિ કાયમ રાખે. ભવાની = ભવ એટલે શંકર, તેની સ્ત્રી ભવાની એટલે પાર્વતી. શક્તિને ભવાની કહે છે. રામકૃષ્ણ પરમહંસ ભવાનીની પૂજા કરતા. પેગંબર = અલ્લાનો પેગામ એટલે સંદેશો લાવનાર, મુસલમાની ધર્મપ્રવર્તક. અલ્લાને માને, મૂર્તિને ન માને. ઈશુ ખ્રિસ્ત = ખ્રિસ્તીધર્મ-પ્રવર્તક. તેઓ પેલેસ્ટાઈનમાં થયા હતા. એમને કેટલીક રિદ્ધિ પ્રગટી હતી. એમનો ઉપદેશ એકંદરે લોકોને હિત કરે તેવો અને સામાન્ય નીતિનો હતો. ખ્રિસ્તીધર્મ યૂરોપ, અમેરિકામાં ફેલાયો. તેઓ ઈશુને ઈશ્વરનો દીકરો માને છે. ખ્રિસ્તી અને મુસલમાનની માન્યતાઓ સ્વર્ગ વગેરેની મળતી છે. એ સિવાય દરેક જાતના માણસો કંઈ ને કંઈ માને. બે ઈંટ મૂકીને પણ પૂજે. બુદ્ધનું નામ નથી આપ્યું, કારણ જિજ્ઞાસુએ પ્રચલિત સામાન્ય માન્યતા વિષે પૂછ્યું છે.

સત્ય કહે છે કે એ બધા દેવો અઢાર દૂષણ સહિત છે તેથી પૂજવા યોગ્ય નથી. કારણ કે એ બધાની પાસે સ્ત્રી હોય છે તેથી વિષયી ઠરે છે. શસ્ત્રને લીધે તેઓ દ્વેષી ઠરે છે. જપમાળા ધારણ કર્યાથી તેઓનું ચિત્ત વ્યગ્ર-અસ્થિર છે એમ સૂચવે છે. ન્યાયયુક્ત કહ્યું તેથી કોઈને ખોટું ન લાગે. ભગવદ્‌ગીતામાં અધ્યાય ૧૮, શ્લોક ૬૬ માં શ્રીકૃષ્ણે કહ્યું છે :-

**सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।**
**अहं त्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥**

"મારે શરણે આવ, હું સર્વ પાપ હરી લઉં" એમ કહેનારા અભિમાની અને નાસ્તિક કહ્યા, કારણ તેમને આત્મા અને કર્મની ખબર નથી. વસ્તુ જેમ છે તેમ માને નહીં તે નાસ્તિક. આત્મા, કર્મ વગેરેને જેમ છે તેમ માને તે આસ્તિક કહેવાય. કોઈ કોઈના કર્મ લઈ શકે નહીં.

કેટલાક એમ માને છે કે ભગવાન હોય તે અવતાર લે છે. ગીતામાં શ્રી કૃષ્ણે કહ્યું છે કે જ્યારે જ્યારે ધર્મનો લોપ થાય છે ત્યારે ત્યારે હું જન્મ લઈને ધર્મનો ઉદ્ધાર કરું છું. વિષ્ણુના ચોવીસ અવતાર મનાય છે. અવતાર લેવો પડે તો ત્યાં અમુક કર્મ ભોગવવા બાકી છે એમ સિદ્ધ થાય છે. જ્યારે કર્મ ભોગવવાના બાકી છે ત્યારે તેઓ ભગવાન શાનાં ?

જિજ્ઞાસુ — આટલા બધા તો મોક્ષ પામેલા નથી ત્યારે પૂજ્ય કોણ ?

સત્ય — આ બધામાં દેહરહિત એવા અનંત સિદ્ધ અને દેહ સહિત જિનેશ્વર – અરિહંત પૂજ્ય છે. તેમની ભક્તિ અવશ્ય કરવા યોગ્ય છે. જિનેશ્વરને કર્મમલહીન કેમ કહ્યા? ચાર ઘાતિયા કર્મથી રહિત છે તેથી. મુક્ત કેમ કહ્યા? તે ભવને અંતે મોક્ષે જવાના છે તેથી જીવન્મુક્ત કહેવાય છે. સકળભયરહિત = મોહનીય કર્મ ક્ષય થયું તેથી ભય વગેરે કષાય – નોકષાયથી રહિત થયા છે. સર્વજ્ઞ = સર્વને સંપૂર્ણ જાણનારા. સર્વદર્શી = સર્વને સંપૂર્ણ દેખનારા.

જિજ્ઞાસુ — 'તેઓ કંઈ મોક્ષને પામ્યા નથી તો પછી ઉપાસકને એ મોક્ષ ક્યાંથી આપે?' એમ આપે કહ્યું હતું તો આ જિનેશ્વર ભગવાન તો મોક્ષ આપે ને?

સત્ય—ના, એ આપે નહીં, પરંતુ આપણને મોક્ષ મળે. અનુપમ = અપૂર્વ – પહેલા ક્યારે ય થયો નથી એવો પુરુષાર્થ કરવાની જરૂર છે. આપણે એમની ભક્તિ કરીએ તો આપણને એમની દશા સમજાય, એમનો પુરુષાર્થ સમજાય અને આપણને પણ તે પ્રાપ્ત થાય એવું છે એમ સમજાતા, તે પ્રાપ્ત કરવા બળ સ્ફુરે. જિનેશ્વરની ભક્તિથી પુરુષાર્થ થાય છે, વિકારથી વિરક્તતા થાય છે, શાંતિ અને નિર્જરા થાય છે, આત્મસ્વરૂપનું ભાન થાય છે, અને સ્વસ્વરૂપાનંદની શ્રેણીએ ચઢતાં મોક્ષ થાય છે. આપણું સ્વરૂપ જોવા માટે ભગવાનના સ્વરૂપનું ચિંતવન દર્પણ સમાન છે. " જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે."

## શિક્ષાપાઠ ૧૪. જિનેશ્વરની ભકિત, ભાગ ૨

આગલા પાઠમાં જિનેશ્વરની ભક્તિ કરવા વિષે સામાન્યપણે કહ્યું. હવે વ્યક્તિગત નામથી ભગવાનની ભક્તિ કરવાનું પ્રયોજન બતાવે છે. તેમનાં ચરિત્ર વાંચ્યાં હોય તો તેમનું નામ લેતાં તેમના પવિત્ર આચાર, ચરિત્ર, કેટલાને તાર્યા — એ બધું યાદ આવે. અનંત જીવો સિદ્ધ સ્વરૂપને પામી ગયા. તેઓ જે કારણથી તે સ્વરૂપને પામ્યા તે કારણો કયાં કયાં ? તો કે ભગવાને ઉગ્ર તપ કર્યાં. ઉગ્ર તપ શા માટે ? ઇચ્છાનિરોધ થાય, દેહાધ્યાસ છૂટે, સુખની ઇચ્છા ન રહે તે માટે. કોઈક જ કરી શકે એવાં ઉગ્ર તપ ભગવાને કર્યાં છે. મોટાં રાજ્ય છોડી પછી કંઈ ઇચ્છ્યું નહીં, એવો મહાન વૈરાગ્ય ભગવાનમાં હતો. અનંત દયા એટલે એમની દયાનો અંત નથી. મનુષ્યો પર જ નહીં પરંતુ પશુ તથા સૂક્ષ્મ જીવોની ત્રણે કાળમાં દયા પળે એવો ઉપદેશ ભગવાને આપ્યો. છઠ્ઠા ગુણસ્થાન સુધી દયાના વિકલ્પ હોય તે પછી તો પૂર્વે ભાવેલી દયાના ફળરૂપે સહજ સ્વરૂપે દયા રહે. બધા જીવોનું કલ્યાણ થાય એવો ઉપદેશ આપે. મહાન ધ્યાન એટલે શુક્લધ્યાનથી ભગવાને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. આમ નામથી ભક્તિ કરવાથી એમના ગુણ અને પુરુષાર્થની સ્મૃતિ થાય.

મહાવીર ગૃહસ્થ અવસ્થામાં પૂજ્ય હતા, છતાં તે બધું છોડીને ચાલી નીકળ્યા. બધાની સ્પૃહા છોડી. આહાર અમુક દિવસે જ લે, તેમાં પણ સારો નરસો એવો ભાવ નહીં. પાંચ ઇંદ્રિયોમાં આસક્તિ નહીં. કોઈ દર્શન કરવા આવે તોપણ જુએ કે બોલે નહીં. એક આંખ ચોળવા

જેટલો પણ પ્રમાદ કર્યો નહીં. એ બધું સ્મૃતિમાં આવતાં આપણામાં પણ વૈરાગ્ય ઉત્પન્ન થાય. વિવેક = ભગવાને આત્માર્થે જ દેહ ગાળ્યો છે. ગૃહસ્થ અવસ્થામાં પણ આત્માને ભૂલ્યા નથી. અવધિજ્ઞાન, લબ્ધિઓ છતાં તે પ્રત્યે લક્ષ નહીં, જેમ કૃપાળુદેવને સોભાગભાઈએ લખ્યું કે તમને લબ્ધિ છે? ત્યારે તેમને યાદ આવ્યું અને જોયું તેમ ( પત્રાંક ૪૫૦ ). પોતે દેહભાવ ભૂલી ગયા છે અને બીજાને પણ આત્મારૂપે જ જુએ છે. એ બધું સ્મૃતિમાં આવતાં એવો વિવેક આપણા આત્મામાં પ્રગટે.

કાળની સ્થિતિનું સૂક્ષ્મ જ્ઞાન = આ અવસર્પિણી કાળ હોવાથી ઊતરતો કાળ છે. ઋષભદેવ ભગવાનથી મહાવીર સુધી આયુષ્ય વગેરે ઘટતા જાય છે. કાળ અનુસાર ઉત્તમ વસ્તુની ક્ષીણતા થાય છે. આ કાળમાં હીનકર્મવાળા જીવો જન્મે તેથી ભાવ પણ તેવા થાય. એ ઉપરથી કાળનું નામ પડ્યું. વાસ્તવિક કાળ તો એક સરખો જ છે. ભગવાનનાં ચરિત્ર સંભારવાથી આપણો આત્મા પ્રકાશ પામે છે એટલે જ્ઞાન પામે છે. જ્યોતિ, પ્રકાશ એ જ્ઞાન માટે ઉપમા છે.

જૈન ધર્મને વિષે વિ. સં. ૨૦૩૦ થી ઉદ્યોત થશે એમ કહેવાય છે —

"વિક્રમ વીસાતીસથી, થાશે ધર્મ પ્રકાશ;
ધર્મ મહિમા વાધશે, પાખંડ મત ખલાસ."

આધુનિક કેળવણી = વર્તમાનમાં અપાતી પાશ્ચાત્ય કેળવણી ધર્મ વિનાની છે. પહેલાની કેળવણી ધર્મને આધારે હતી. જે મુક્તિ પમાડે તે ખરી વિદ્યા છે.

સિદ્ધાંતથી તો કોઈ કોઈનાં કર્મ લઈ શકે નહીં પણ અહંભાવ મટવા, ભક્તિ કરવા એમ કહેવાય છે કે હે ભગવાન ! મને કર્મથી મુક્ત કરો.

---

## શિક્ષાપાઠ ૧૫. ભક્તિનો ઉપદેશ

(૧) જિનેશ્વરની ભક્તિ કલ્પવૃક્ષ જેવી છે. જેમ કલ્પવૃક્ષની શીતળ છાયા પડે તેમ ભક્તિથી શાંત પરિણામ થાય, ક્રોધ માન માયા લોભ શમાઈ જાય. જેમ કલ્પવૃક્ષ ઇચ્છિત ફળો આપે તેમ ભક્તિથી વગર ઇચ્છયે પણ પુણ્ય ઘણું બંધાય, તેના ફળરૂપે ભવિષ્યમાં જે ઇચ્છે તે મળે. પુણ્યાનુબંધી પુણ્યથી ફરી ભક્તિ થાય એવો મનુષ્યભવ મળે અને મોક્ષ થાય. માટે હે ભવ્યો ! જિનભક્તિ કરીને તમે ભવંત (ભવ + અંત) એટલે સંસારનો અંત પામો અર્થાત્ મોક્ષ પામો.

(૨) મુદા = આનંદ. ભગવાનની ભક્તિ કરવાથી આત્મસ્વરૂપનો આનંદ પ્રગટે છે અને મનમાં સંતાપ, ઉતાપ થતા હોય તે બધા મટે. ઘણું ખોટું લાગ્યું હોય કે જાણે મરી જાઉં, તે બધું ભક્તિમાં ચિત્ત જાય તો મટી જાય છે. મનના રોગ છે તે ભક્તિથી મટે. ઉતાપ એટલે વિશેષ તાપ, દુઃખ. ઘણા કર્મની નિર્જરા વગર પૈસા ખરચ્યે (વણદામ = દામ વગર) થાય છે. દાન વગેરેથી થાય તેથી પણ ઘણી વધારે નિર્જરા ભક્તિથી થઈ શકે છે. માટે હે ભવ્યો ! તમે ભગવાનને ભજીને મોક્ષ પ્રાપ્ત કરો.

(૩) ભગવાનને ભજતાં ભગવાનના ગુણો સાંભરે,

તેથી પોતાના ભાવ પણ તેવા રાગદ્વેષ રહિત સદા સમભાવવાળા થશે. ત્યારે પાપ ટળવાથી જડ એટલે સ્થાવર એકેન્દ્રિયના ભવ, મંદ એટલે વિકલેન્દ્રિય (બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરેન્દ્રિય) તથા પશુપક્ષીના ભવ અને અધોગતિ એટલે નરકગતિ ટળી જશે. દેવમનુષ્યભવમાં પણ ઉત્તમ સદ્‌બુદ્ધિવાળા થાય. તેથી ભક્તિ એ પરમાર્થથી શુભ મંગળરૂપ છે તેને અતિશય ચાહો–ઇચ્છો. હે ભવ્યો! ભગવાનને ભજીને તમે મોક્ષ પ્રાપ્ત કરો.

(૪) ભક્તિથી શુભભાવ થાય છે, તેથી મન શુદ્ધ થાય છે. મન શુદ્ધ કરવા માટે, મંત્રસ્મરણ એ શ્રેષ્ઠ ભક્તિ છે. નવકારમંત્ર એટલે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવાનો મંત્ર. એ નવકારરૂપ મહાપદનું નિરંતર સ્મરણ કરો. એ નવકારમંત્ર શ્રેષ્ઠ છે. બીજા સંસારના મંત્રો લૌકિક છે. મોક્ષના કામમાં આવે તે સુમંત્ર છે. પંચપરમેષ્ઠીમંત્રનો સાર 'સહજાત્મસ્વરૂપ' છે. પ્રભુશ્રીજી "સહજાત્મસ્વરૂપ સદા સમરો" એમ પણ કહેતા. હે ભવ્યો! તમે મંત્રસ્મરણ નિરંતર કરવારૂપ ભક્તિ કરીને મોક્ષ પામો.

(૫) ભક્તિ કરવાથી રાગકથાનો સર્વથા ક્ષય થાય. તત્ત્વસ્વરૂપ ધારણ થાય ત્યારે પરાભક્તિ આવે. જેમ જેમ ભગવાનનું શુદ્ધ સ્વરૂપ સમજાય, તે સ્વરૂપમાં વૃત્તિ લીન થાય, તેમ તેમ રાગદ્વેષનો ક્ષય થાય અને અનંત પ્રપંચ છૂટી જાય. અનાદિથી પાંચ ઇન્દ્રિયના વિષયોમાં રાગદ્વેષ કરવાનો અભ્યાસ છે, તે ભક્તિમાં વધારે રહેવાથી દૂર થાય છે. જ્યાં સુધી વિષયોમાં ચિત્ત હોય ત્યાં સુધી ભક્તિમાં ચિત્ત ચોંટે નહીં. વિષયોથી વિરક્ત થાય તેને ભક્તિમાં શુદ્ધ

તત્ત્વનો આનંદ આવે. તેથી કહે છે કે હે રાજચંદ્ર ! એવા અનંત કાળના પ્રપંચોનો ક્ષય કરો. અથવા રાજચંદ્ર કહે છે કે હે ભવ્યો ! ભક્તિથી સંસારના પ્રપંચોને બાળી નાખો અને મોક્ષ પામો.

**વિશેષાર્થ** :— ભજ એટલે જવું. ભગવાનના સ્વરૂપ તરફ જવું તે. તે તરફ જનારાને ભક્ત કહ્યો. જગતથી જુદો થાય ત્યારે ભક્ત થાય. નવધાભક્તિમાં છેલ્લી ભક્તિનું નામ પરાભક્તિ છે, જેમાં ભગવાન અને પોતામાં ભેદ ન રહે. "જિન થઈ જિનને જે આરાધે, તે સહી જિનવર હોવે રે."

(૧) પહેલી કડીમાં ભક્તિ વિષે સામાન્ય કહ્યું કે તે શાંતિ આપે, પરિણામે પુણ્ય ફળ આપે અને છેવટે મોક્ષ આપે.

(૨) બીજી કડીમાં સાક્ષાત્ તત્કાળ ફળ બતાવ્યું કે ભક્તિમાં ઉલ્લાસ આનંદ આવે તો દેહભાવ ભૂલે, પોતે અંતરાત્મા થઈને પરમાત્માની ભક્તિ કરે તો આત્મસ્વરૂપ પ્રગટે અને મનના તાપ ઉતાપ મટે તથા અતિ નિર્જરા થાય.

(૩) ભગવાનને ભજતાં પોતાના ભાવ પણ તેવા થાય. સદા સમભાવી પરિણામ રહે. ભગવાનને ભજતાં ભગવાનનાં ગુણો સદા સાંભરે તેથી પોતાના ભાવ પણ તેવા થાય.

(૪) શુભ ભાવ વડે મન શુદ્ધ થાય. એ શુભભાવ નિરંતર રહે તે માટે મંત્ર એ સત્સાધન છે. તેથી મનના વિકારો બધા દૂર થાય.

(૫) એ સ્વરૂપ જેમ જેમ આત્મામાં પ્રકાશ પામશે તેમ તેમ રાગદ્વેષ ક્ષય થશે અને જેમ જેમ રાગદ્વેષ ક્ષય થશે તેમ તેમ વળી આત્મસ્વરૂપ વિશેષ પ્રકાશ પામશે. આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય. એ રીતે પ્રપંચરૂપ વિષય–કષાયને બાળી નાખો.

---

## શિક્ષાપાઠ ૧૬. ખરી મહત્તા

પરમકૃપાળુદેવે પુષ્પમાળા – ૭૩ માં વિચક્ષણના લક્ષણમાં મહત્તા કહી છે. મહત્તા એટલે જેથી મનને કૃતકૃત્યતા લાગે. જ્ઞાની તો આત્માનું હિત થાય તેને મહત્તા માને છે અને તે જ ખરી મહત્તા છે. લૌકિક મહત્તા કલ્પિત છે, આત્માનું અહિત કરે છે. સંસારી લોકો પૈસા, કુટુંબ, પુત્ર, અધિકાર વગેરેથી મહત્તા માને છે. અજ્ઞાનને લઈને આવું મનાય છે. આત્મજ્ઞાન હોય તો એવું થાય કે આ બધું તો "આત્માથી સૌ હીન" છે. જ્ઞાનીપુરુષો તેને મહત્તા માનતા નથી પરંતુ ઊલટી લઘુતા માને છે. "જેટલી પોતાની પુદ્ગલિક મોટાઈ (મહત્તા) ઇચ્છે તેટલા હલકા સંભવે." (૮૫) લક્ષ્મીથી ખાવાપીવાનું, માન વગેરે મળે, પણ તેને મહત્તા માનવી યોગ્ય નથી. લક્ષ્મી મેળવવા પાપ ગમે તેવા ધર્માત્માને પણ કરવું પડે. 'સુખ વિષે વિચાર' નામના ૬૩ મા પાઠમાં શેઠ કહે છે—'ત્યાં કેટલાક પ્રકારથી મારે પાપ કરવાં પડ્યાં હતાં.' લક્ષ્મી મેળવવા ઇચ્છા થાય, દુઃખ થાય વગેરે પાપ જ છે. પુણ્યના ઉદયથી મળે તો અભિમાન થાય કે 'મેં મેળવ્યું', એ પણ પાપ છે. બેભાનતા એટલે ગરીબ દુઃખી તરફ લક્ષ ન આપે,

દાન વગેરે ન કરે, મનુષ્ય પ્રત્યેની ફરજનું ભાન રહે નહીં તે. મૂઢતા એ બેભાનતા કરતાં ભારે શબ્દ છે. મૂઢતા એટલે હિત અહિત સમજે નહીં તેથી કરવા યોગ્ય કરે નહીં, અવળું સમજે. કુટુંબ મોટું હોય તો ઘણી ઉપાધિ કરવી પડે. ઘણા હોય તો ક્લેશ થાય, સંપ રખાવવો પડે. ઉપાધિથી પાપ થાય. પુત્રની ઇચ્છા કરે છે પણ તેથી એક-બે પેઢી સંભારે પછી કોઈ સંભારતું નથી. એને માટે પણ કમાવવું, ઘર કરવું વગેરે કરે છે પણ તેથી આત્માનું ભલું શું થાય ? અધિકાર મળે અને અમલદાર થાય તેને પરતંત્રતા એટલે પોતાનો ઉપરી હોય તેની ખુશામત કરવી પડે અને અમલમદ એટલે હાથ નીચે હોય તેને ભય પમાડવા જુલમ વગેરે કરવા પડે કે થાય છે. બીજા કરતા હોય તેમ ન કરે તો વિરોધ થાય. તેમાંથી મહત્તા શી મળે ? ઊલટું પાપ વધે અને તેથી મનુષ્યભવ હારી જાય. "વૃધવાપણું સંસારનું નરદેહને હારી જવો." ( મોક્ષમાળા – ૬૭ )

આત્માની મહત્તા શાથી છે તે હવે કહે છે. છોડવાની વાત ઉપર કહી, હવે ગ્રહણ કરવાની વાત કહે છે. સત્યવચન બોલે, દયાળુ, ક્ષમાવાન થાય. પરોપકાર એટલે સર્વનું કલ્યાણ થાય તેમ વર્તે. રાગદ્વેષરહિત સમતામાં રહે. સમતામાં સિદ્ધનું સુખ છે. સમતા એ મોક્ષની વાનગી છે. પુણ્યને લઈને લક્ષ્મી ઇત્યાદિ મળ્યા હોય તેને સવળાં કરે. લક્ષ્મીથી દાન આપે, વિદ્યાશાળાઓ સ્થાપે. વિદ્યાશાળાઓ સ્થાપી પરદુઃખ-ભંજન કેવી રીતે થાય ? તો કે તેમાં ભણનારા સદ્‌વિદ્યા પામીને સાચી સમજણ પામે,

યોગ્યતા વધતાં આત્મજ્ઞાન થાય; તેથી તેમના અનંત કાળના દુઃખ નાશ પામે. માત્ર સ્વસ્ત્રીમાં જ વૃત્તિ રોકી સુશીલ બને, પરસ્ત્રીમાં વૃત્તિ જવા ન દે. કુટુંબના માણ-સોને સુધારે તેથી જનસમુદાયનું હિતકામ થાય. પુત્રને યોગ્ય કરી તેને ઘરનો ભાર સોંપી પોતે નિવૃત્ત થઈ ધર્મમાર્ગમાં પ્રવેશ કરે. અધિકાર હોય તો ડહાપણ વડે એટલે ન્યાયનીતિથી કુશળતાપૂર્વક વર્તી રાજાપ્રજાને ન્યાય-નીતિવાન બનાવે અને એ રીતે ધર્મનીતિનો વિસ્તાર કરે. એ બધી મહત્તા કહી, પણ એ મહત્તા ચોક્કસ નથી. પહેલાં લક્ષ્મી વગેરે મેળવું, પછી આ રીતે દાન વગેરે કરીશ એમ નિર્ણય કર્યો હોય ત્યાં દેહ છૂટી જાય કે કંઈ થાય તો ધારણા અધૂરી રહે. કદાચ લક્ષ્મી મળે તો પણ પૈસા છૂટે નહીં એવી સંસારમોહિની છે. તેથી ખરી મહત્તા તો શુદ્ધ પંચ મહાવ્રત પાળી મુનિધર્મ આરાધે તેમાં જ રહી છે.

---

## શિક્ષાપાઠ ૧૭. બાહુબળ

ખરી મહત્તા કહ્યા પછી તે વિષે કથા કહે છે.

બાહુબળ પૂર્વભવમાં મુનિ હતા. તેમણે ૫૦૦ મુનિઓનું વૈયાવચ્ચ કરેલું. કોઈનું માથું દાબે, વિહાર કરીને આવે ત્યારે પગ દાબે વગેરે સેવા કરતા. ભરત પણ પૂર્વભવમાં મુનિ હતા, તે બધાને આહાર–પાણી લાવી આપતા. તેના પુણ્યથી ભરત ચક્રવર્તી થયા, છતાં સેવાથી બાહુબળે શરીરબળ વધારે મેળવ્યું.

અદ્ભુત—વીર્ય, યુદ્ધ, તપ, કેવળજ્ઞાન બધું અદ્ભુત છે. સર્વસંગપરિત્યાગ = મુનિપણું. આમ્નાય = શાસન, હકૂમત, હુકમ ચાલે તે.

ભરતે બધા રાજાઓને જીત્યા પરંતુ ચક્ર નગરમાં પેઠું નહીં. ત્યારે ખબર પડી કે અઠ્ઠાણું ભાઈઓએ તથા બાહુબળે તેમનું ચક્રવર્તીપણું માન્ય કર્યું નથી. ત્યાં દૂતો ગયા અને ભરતનો અધિકાર માન્ય કરવા કહ્યું ત્યારે અઠ્ઠાણું ભાઈઓ તો ઋષભદેવ ભગવાન પાસે ગયા. ભગવાને ઉપદેશ આપ્યો કે આ મનુષ્યભવ રાજ્ય ભોગવવા નથી મળ્યો, પરંતુ આત્મહિત માટે મળ્યો છે. તે સાંભળી બધા સાધુ થઈ ગયા. તેમના પુત્રોને ભરતે ગાદી પર બેસાડી પોતાની આણ સ્થાપી. છેલ્લે બાહુબળ એકલા બાકી રહ્યા, તેથી તેમને ત્યાં દૂત ગયો.

બાહુબળ ભરત કરતાં બળમાં અધિક હતા. નાના હતા ત્યારે ભરતને ઊંચા ઉછાળી ઝીલી લેતા. ભરતના દૂતે બાહુબળને કહ્યું કે ભરત ૬0,000 વર્ષે દિગ્વિજય કરીને આવ્યા છે માટે તેમની આજ્ઞા સ્વીકારો. બાહુબળે એ પ્રભુતા અંગીકાર ન કરી. પરિણામે ભરત અને બાહુબળ વચ્ચે યુદ્ધ મંડાયું. બાહુબળ લશ્કર લઈને સીમા પર આવી ઊભા રહ્યા. ત્યાં ભરત પણ ખૂબ મોટું લશ્કર લઈને આવી પહોંચ્યા. દેવોએ પૂછતાં બાહુબળે કહ્યું : મારે કંઈ લડવું નથી, પણ મારા રાજ્યમાં આવે તો લડું. પછી ભરતે કહ્યું કે ચક્ર અયોધ્યામાં પેસતું નથી, તેથી મારે લડવું પડે છે. ત્યારે દેવોએ કહ્યું : સૈન્યનો નાશ શા માટે કરવો ? તમે બન્ને પરસ્પર લડો.

ભરતનું બળ, ચક્રવર્તી હોવાથી બધા રાજાઓના સમૂહ કરતાં પણ અધિક હતું. છતાં વ્યક્તિગત યુદ્ધ એટલે દૃષ્ટિયુદ્ધ, શબ્દયુદ્ધ, જલયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, મલ્લયુદ્ધ, એમ એક એક યુદ્ધ ચડતા ચડતા પ્રકારે કરતાં દરેક વખતે ભરત બાહુબળથી હાર્યા એમ પાંચે પ્રકારના યુદ્ધમાં હારવાથી ભરત ક્રોધાવેશમાં આવી ગયા અને બાહુબળ ઉપર ચક્ર મૂકયું તે મારી નાખવા જ. તેથી બાહુબળે પણ, પહેલાં બળ બતાવવા પૂરતું લડતા હતા તે હવે મારી નાખવા જ મુઠ્ઠી ઉગામી. પછી વિચાર્યું કે કદાચ ભરત મરી જાય તો પણ મારી નિંદા થશે કે મોટા ભાઈને મારીને રાજ્ય કર્યું. પછી માન આવ્યું કે મુઠ્ઠી ઉગામી તે પાછી કેમ વળે? એટલી ટેક ખાતર સાધુ થયા. વળી માન નડયું કે ભગવાન પાસે જઈશ તો નાના ભાઈઓને નમવું પડશે. તેથી વનમાં ભૂખ્યા-તરસ્યા સ્થિર ઊભા રહ્યા. બાર મહિના થયા છતાં કેવળજ્ઞાન ન થયું. પછી ભગવાને બ્રાહ્મી અને સુંદરીને પ્રેરણા કરી અને તેમણે ત્યાં જઈને "વીરા મારા, ગજ થકી ઊતરો" એમ કહ્યું ત્યારે બાહુબળે વિચાર્યું કે સાધ્વી જૂઠું બોલે નહીં તેથી મારે હાથી ખોળી કાઢવો પડશે. એમ વિચારતાં માન પકડાયું અને તરત ભાવ ફર્યાં કે નમસ્કાર કરવાં, માન મૂકવું એ જ સારું છે. એમ વિચારી માન મૂકી નાના ભાઈઓને વંદન કરવા માટે પગલું ભર્યું કે કેવળજ્ઞાનરૂપી અનંત આત્મસંપત્તિને પામ્યા.

દિગંબરી કથામાં એમ આવે છે કે હું ભરતની ભૂમિ પર ઊભો છું એવો વિકલ્પ બાહુબળને હતો ત્યાં

સુધી કેવળજ્ઞાન ન થયું. ભરતે આવી પૂજા કરી ત્યારે વિચાર્યું કે આના મનમાં તો કંઈ નથી. હું શા માટે વિકલ્પ કરું છું? એમ વિકલ્પથી રહિત થયા ત્યારે કેવળજ્ઞાન થયું.

માન એ દુરિત એટલે અનિષ્ટ વસ્તુ છે. ચાર કષાયમાં માન મોટું વિઘ્ન છે.

> "માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
> જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય."
>
> —શ્રીમદ્ રાજચંદ્ર

## શિક્ષાપાઠ ૧૮. ચાર ગતિ

કોઈ ગતિમાં શાતાની વિશેષતા, કોઈમાં અશાતાની વિશેષતા, એમ ચારે ગતિમાં શાતા–અશાતા જીવ વેદ્યા કરે છે. જેમ વનમાંથી નીકળવાનો રસ્તો ન જણાય તેમ સંસારમાંથી છૂટવાનો રસ્તો ન જણાવાથી જીવ ચાર ગતિમાં ભમ્યા કરે છે. એ ચાર ગતિ ખચીત = અવશ્ય જાણવી જોઈએ.

(૧) નરકગતિ :– નરકગતિ પહેલી લેવાનું કારણ વૈરાગ્ય થવા માટે છે. મહા આરંભ = લડાઈ વગેરે હિંસાના કાર્યો તે મહા આરંભ છે. મદિરાપાન = મદિરાપાનથી બેભાન થાય અને બુદ્ધિ ભ્રષ્ટ થવાથી વ્યસન સેવે ને બીજા પાપ કરે. માંસભક્ષણ = માંસમાં પણ ઘણા જીવો છે. કોઈ જીવને મારે ત્યારે માંસ મળે. માંસ-ભક્ષણ તીવ્ર હિંસાના પરિણામ વિના ન થાય. એવા

જીવો અઘોર = અતિ ઘોર = ભયંકર નરકમાં પાપનું ફળ ભોગવવા જાય છે. ત્યાં લેશ પણ શરીર સંબંધી શાતા નથી, દુઃખમાં વિસામો નથી કે સુખની સામગ્રી નથી. નારકીનો આકાર માણસ જેવો હોય છે પણ બિહામણો હોય અને અન્ય બિહામણારૂપે પણ વિક્રિયા કરી શકે. છરપલાની ધાર = છરી જેવાં મોજાંવાળું, જીભ કાપી નાખે તેવું. સાંકડ = થોડી જગ્યામાં ઘણાને એકઠા કરે. નરકની જમીન ઊંચી નીંચી ખાડાવાળી હોવાથી ખસીને ખાડામાં ભેગા પડે. અશાતાથી બીજા વિલાપ કરે તે સાંભળવું પડે. ત્યાં આંખ મીંચીને ઉઘાડીએ એટલી વાર પણ સુખ નથી. તીર્થંકર જન્મે ત્યારે નરકે પણ જરા વાર શાતા થાય. સંસારમાં જીવે દુઃખ ઘણું ભોગવ્યું છે. સુખ તો કોઈ વાર મળે. એ પરથી વિચારે તો જીવ મોક્ષ માટે પુરુષાર્થ કરે, પ્રમાદ ન કરે.

(૨) તિર્યંચગતિ :– સિંહ, વાઘ, સર્પ, જલચર વગેરે મરીને પાછા પ્રાયે નરકે જાય. તિર્યંચગતિમાં વિવેક હોય નહીં, તેથી ગમે તેમ કરીને ઇંદ્રિયોને પોષવા પાપ કર્યા કરે. પંચેન્દ્રિય પશુ કે મનુષ્યમાંથી જ નારકી કે દેવ થાય છે. તિર્યંચગતિમાં જીવ ન સહન થાય એવા ભાર વહે ને ઉપરથી માર પડે ઇત્યાદિના દુઃખ સહન કરે છે.

(૩) મનુષ્યગતિ :– તેમાં પણ અનાર્ય મનુષ્યોની સંખ્યા ઘણી વધારે છે. પશુને જેમ ખાદ્ય–અખાદ્યનો વિવેક નથી તેમ કેટલાક અનાર્ય જાતિના મનુષ્યો પણ વિવેકરહિત પશુ જેવા છે. તેઓ પાંચ ઇંદ્રિયને વશ હોય છે તેથી ગમે તે રીતે વર્તે છે. આર્યદેશમાં પણ મતિહીન,

દરિદ્રી, અજ્ઞાન એટલે વિપરીત જ્ઞાનવાળા અને રોગવાળા મનુષ્યો હોય છે. જ્યાં જુઓ ત્યાં દુઃખ. શિક્ષાપાઠ ૬૩ 'સુખ વિષે વિચાર' માં બ્રાહ્મણે ભારતમાં બધે ફરીને જોયું તેમ બધે વધારે ઓછું દુઃખ મનુષ્યજીવનમાં છે.

(૪) દેવગતિ :– પુણ્ય બાંધીને દેવમાં ઊપજે. ત્યાં સુખની સામગ્રી હોવા છતાં ભાવો અશુભ થાય છે. ત્યાં પણ જીવ કષાય સહિત છે, તેથી જેમ ઊનું ઘી બાળે તેમ ભોગો ભોગવે છતાં દુઃખી જ છે.

ચાર ગતિ સામાન્યરૂપે એટલે રાજા, ઇન્દ્ર વગેરે વિશેષ ભેદ પાડ્યા વિના કહી. હવે મનુષ્યગતિના બાળ, યુવાન વગેરે અવસ્થાઓનું વિશેષ વર્ણન કરે છે—

સુકુમાર = નાજુક, કોમળ. ગર્ભમાં શરીર બહુ આળું હોય છે, તેને ગરમી કે જંતુ અડે તો બહુ જ લાગે. ગર્ભમાં મળ મૂત્ર લોહી પરુમાં નવ મહિના રહેવું પડે છે. કેદખાનામાં પણ એવું ન હોય. નરકના જેવું દુઃખ છે. જન્મ સમયે પ્રદેશો સંકોચાય તેથી ગર્ભ કરતા અનંત ગણી વેદના થાય. બાળપણે પરાધીન હોય, શું થયું છે તે જાણ્યા વિના ઓસડ પાય તે પીવું પડે, માર મારે તે સહેવું પડે વગેરે. યુવાવયમાં નિંદ્યદૃષ્ટિ = જ્ઞાનીપુરુષો નિંદે એવી વર્તના, વ્યસન વગેરેમાં સુખની માન્યતા થાય છે. વૃદ્ધાવસ્થા બધી રીતે દુઃખરૂપ છે. સુખ ક્યાં છે ? મરણ સમયે પણ કેટલી બધી વેદના છે ? બધાના કરતાં—જન્મની વેદના કરતાં પણ મરણની વેદના વિશેષ હોય છે. કારણ આત્માના પ્રદેશોને દેહથી છૂટા પડવાનું હોય છે. તે આઘાપાછા થવા માંડે ત્યારે અતિ વેદના થાય છે.

માટે પ્રમાદ વિના વિચક્ષણ પુરુષો આત્મકલ્યાણને આરાધે છે.

---

## શિક્ષાપાઠ ૧૯. સંસારને ચાર ઉપમા, ભાગ ૧

ચાર ગતિ એ જ સંસાર છે. એ ચાર ગતિના દુઃખો સમજાવવા સંસારની ચાર ઉપમા કહે છે. મહાતત્ત્વજ્ઞાની એટલે કેવળજ્ઞાની સંસારને મુખ્યપણે સમુદ્રની ઉપમા આપે છે. વિષયરૂપી મોજાંઓ એટલે ઇંદ્રિયો દ્વારા સૂંઘવું, સાંભળવું, ચાખવું એમ એક પછી એક જે વૃત્તિઓ ઊઠે છે તે રૂપ મોજાંઓ છે. જ્યાં કામ – વિષયકષાય ઘણા હોય ત્યાં સંસારસમુદ્ર બહુ ઊંડો છે, તેમાં મોહરૂપી ભમરીમાં ગૂંચવાયો તો નીકળવું મુશ્કેલ છે. જ્યાં છીછરું પાણી હોય એટલે અલ્પ વિષય હોય ત્યાં જીવ તૃષ્ણારૂપી કાદવમાં ખૂંચી જાય છે. પાણી નીચે ટેકરા હોય તે ખરાબા કહેવાય. તેની સાથે વહાણ અથડાઈને ભાંગી જાય. તેમ સંસારમાં સ્ત્રી–પરિચય ઉપરથી સારો લાગે, તેમાં મીઠાશ આવે પણ આત્માને તે હાનિ કરે છે. સમુદ્ર શીતળ દેખાવા છતાં તેમાં વડવાનળ નામનો અગ્નિ હોય છે, તેમ સંસારમાં સુખ છે એમ મનાય છે, તે માયા છે. તે ઉપરથી શીતળ દેખાય છે, પણ અંદરથી આત્માને બાળે છે. સંસારનાં દુઃખનો ખ્યાલ આપવા ઉપમાઓ આપી છે. વહાણ ભાંગી જાય તો કેટલું દુઃખ થાય! તેમ સ્ત્રીઓરૂપી ખરાબા અને કામરૂપી તોફાનથી ધર્મરૂપ વહાણ ડૂબી જાય તો જીવ સંસારને તળીએ જઈ બેસે. સમુદ્રમાં ચારે બાજુ ભય હોય તેમ સંસારમાં બધે દુઃખ છે.

બીજી અગ્નિની ઉપમા—આખો લોક ત્રિવિધ તાપથી બળે છે. ત્રિવિધ તાપ એટલે આધિ વ્યાધિ ઉપાધિ અથવા જન્મજરામરણ–જન્મવું, મોટા થવું ને મરી જવું. સંસારમાં બધે એવું ચાલ્યા કરે છે. પાંચ ઇંદ્રિયના વિષયોમાં મોહ કરવાથી સંસાર-અગ્નિ વધે છે.

ત્રીજી અંધકારની ઉપમા—મિથ્યાત્વરૂપી અંધકારથી સત્યને અસત્ય, નાશવંતને નિત્ય, અપવિત્રને પવિત્ર માનવારૂપ વિપરીત માન્યતા થાય છે. સંસારમાં ક્યાંથી આવ્યો છે, ક્યાં જવું છે તેની જીવને કાંઈ ખબર નથી. બેભાન દશા છે. જેમ અંધકારમાં વસ્તુ ઓળખાય નહીં તેમ સંસારમાં કરવા યોગ્ય, ન કરવા યોગ્ય, સત્સંગ-કુસંગ, સદ્ગુરુ–કુગુરુ વગેરે ન સમજાય. જેમ અંધકારમાં આંખો ફાડી ફાડીને જુએ તોય ન દેખાય, તેમ કેવળજ્ઞાન વગેરે શક્તિ હોવા છતાં સંસારરૂપ આવરણથી જીવ મોહાંધ બની જાય છે. અંધારામાં ઘૂવડ, સાપ, શિયાળ વગેરે ઉપદ્રવ કરે, તેમ અજ્ઞાન અવસ્થામાં લોભ, માયા, છળ-કપટ વગેરે જીવને દુઃખી કરે છે.

---

## શિક્ષાપાઠ ૨૦. સંસારને ચાર ઉપમા, ભાગ ૨

ચોથી શકટચક્રની એટલે ગાડાના પૈડાની ઉપમા—પૈડા વચ્ચે જેમ લોઢાની ધરી કાળી હોય તેમ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય કાળા છે. સંસારચક્રમાં શંકા પ્રમાદ આદિ રૂપ આરા આત્માને સંસારમાં ફેરવ્યા કરે છે, દુઃખ આપે છે.

આ સંસારને જેટલી નીચ ઉપમા આપો તેટલી થોડી છે. આત્માને સંસાર દુઃખકારી છે એ સમજાવવા માટે અહીં ચાર ઉપમા આપી છે. તેમજ બીજી પણ અનેક ઉપમાઓ આપી શકાય છે. જેમકે (૧) સંસારરૂપી વન છે જેમાં ચાર ગતિ રૂપી રસ્તામાં જીવ ભટકે છે. (૨) સંસારરૂપી નાટકમાં અનાદિથી જીવો અનેક વેશ ધરીને નાચે છે. (૩) સંસારરૂપી કૂવો છે જેમાંથી શ્રદ્ધારૂપી દોરડાવડે બહાર નીકળી શકાય છે. આ બધી ઉપમાઓ આપવાનો હેતુ એ છે કે સંસાર અપ્રિય લાગે અને તેથી છૂટવાની ભાવના થાય. હવે તેથી છૂટવાના ઉપાય બતાવે છે.

ગમે તેટલો મોટો સાગર પણ કાણાં વગરની સારી નાવ અને સારા નાવિકથી તરાય, તેમ સંસારરૂપી સમુદ્ર તરવા માટે ભગવાને કહેલો ધર્મ અને એ ધર્મને પમાડનાર સદ્ગુરુ એ બન્નેની જરૂર છે. સમુદ્રમાં જવા-આવવાના માર્ગ નકશામાં બતાવ્યા હોય છે, તેમ ભગવાને આખા લોકનો નકશો અને ચાર ગતિમાં જવા આવવાના માર્ગ ગુણસ્થાનરૂપે બતાવ્યા છે. જેમકે 'અપૂર્વ અવસર'માં સમ્યક્દર્શન થાય ત્યાંથી સિદ્ધ સુધીની દશાઓ બતાવી છે.

ગમે તેવી અગ્નિ લાગતી હોય તે પાણીથી ઠરી જાય, તેમ સંસાર અગ્નિરૂપ લાગે તો હવે ફરી જન્મવું નથી એમ વૈરાગ્ય થતાં વિભાવરૂપ બંધના માર્ગને મૂકી સ્વભાવમાં વર્તે. સંસારતાપ શમાવવા વૈરાગ્યજળની જરૂર છે. વૈરાગ્યજળ હોય તો સંસાર-અગ્નિ વધે નહીં.

ગાઢ અંધકાર હોય તો અંધારી રાતે જાણીતા માર્ગમાં પણ ભૂલા પડાય, પણ દીવો હોય તો દેખાય;

તેમ ભગવાનનું તત્ત્વજ્ઞાન એટલે આત્મજ્ઞાનરૂપી દીવો હોય તો સંસારમાં ભૂલું ન પડાય, તે મોક્ષમાર્ગરૂપ સાચી વસ્તુ બતાવે.

બળદ વિના ગાડું અટકી જાય તેમ રાગદ્વેષ મૂકવાથી સંસારનું પરિભ્રમણ અટકે છે.

---

## શિક્ષાપાઠ ૨૧. બાર ભાવના

સંસારરૂપી અગ્નિને ઓલવનાર વૈરાગ્યજળ છે. વૈરાગ્ય પામવા માટે બાર ભાવના લખી છે.

(૧) **અનિત્યભાવના** — જગતના બધા પદાર્થો અનિત્ય છે. એક આત્મા નિત્ય છે. અનિત્ય વસ્તુનો મોહ છે તેને લીધે નિત્ય વસ્તુનો વિચાર થતો નથી. શરીર નજીક હોવાથી તેના સૌથી વધારે વિચાર આવે છે. આખો સંસાર શરીરને લઈને છે. શરીર દુઃખનું કારણ છે, નાશવંત છે, મોહને લઈને સારું લાગે છે તેને અસાર હાડકા-ચામડારૂપ જુએ તો શરીર ઉપરથી મોહ છૂટે અને તો જ સંસાર છૂટે. દેહ માટે સુખની સામગ્રી ઘર વગેરે તે વૈભવ છે. વૈભવ સુખનું કારણ નથી. તે તૃષ્ણા ઉત્પન્ન કરાવી દુઃખી કરી કર્મ બંધાવે છે. વૈભવ લક્ષ્મીથી મળે. તે લક્ષ્મી પણ દુઃખરૂપ છે. બહુ પૈસા હોય ને લૂંટાઈ જાય, ખોટ આવે ત્યારે પ્રાણ પણ છૂટી જાય. શરીરમાં ભાવ હોય ત્યાં સુધી વૈભવમાં ભાવ થાય છે. તે માટે પછી લક્ષ્મીની લત લાગે છે. લક્ષ્મીથી જે જોઈએ તે મળે, લક્ષ્મીથી તપસી પણ ચળે. લક્ષ્મી ચંચળ છે,

તે કોઈની થઈ નથી. કુટુંબથી સુખ માને, પણ પછી જ્યારે તેમાંનું કોઈ મરી જાય તો ઝૂરે. પરિવાર એટલે નોકર, લશ્કર વગેરે ઘણા હોય પણ મરતી વખતે કોઈ બચાવે નહીં. શરીર, વૈભવ, લક્ષ્મી, કુટુંબ વગેરે કંઈ સાથે જવાનું નથી. અમુક વખત સુધી મળ્યું છે. સંયોગ છે, તેનો વિયોગ થવાનો છે. બધું નાશવંત છે. આત્માને હિતકારી નથી. એ બધાં તાત્કાલિક અનુકૂળતા આપનારાં, સુખનાં કારણ જણાય; પરંતુ તે આત્માનું ખરું હિત લૂંટી લે છે. નાશવંત અને અવિનાશીમાંથી કયું લેવા જેવું છે? ઘડો લેવો હોય તો ટકોરા મારીને લે છે. તેમ આત્મા અવિનાશી છે તો તેની કાળજી લેવાની છે. પહેલાં 'આત્મા છે' એવું થાય, તો પછી 'તે નિત્ય છે' એ લક્ષ થાય. અનિત્યભાવના દૃઢ કરી હોય તેને મરણનો ભય ન થાય.

(૨) **અશરણભાવના** — સંસારની બધી સામગ્રી હોવા છતાં મરણ વખતે તે બચાવી શકે નહીં. ઇંદ્ર જેવા પણ, ઇંદ્રાણી મરી જાય તેને બચાવી શકતા નથી, તો પછી બીજાને તો શું બચાવી શકે? એક સદ્ધર્મનું જ શરણ સત્ય છે.

(૩) **સંસારભાવના** — આત્માને માટે બધી ભાવના કરવાની છે. સંસાર મારો નથી, હું મોક્ષમયી છું એમ ભાવના કરે. બધી વસ્તુ પરથી મોહ મટી જાય ત્યારે મોક્ષ-સુખ માટે પુરુષાર્થ કરે. આ ભાવનામાં પોતાની દયા વિચારે છે. સંસારમાં પર્યટન કરતાં કરતાં અનાદિથી જન્મમરણ કર્યાં છે તે સંસારી જંજીરથી હું ક્યારે છૂટીશ?

દેહાદિ નિમિત્તે દેહભાવ, સંકલ્પવિકલ્પ થાય છે તેથી જે પરિભ્રમણ થાય છે તે સંસાર છે. જ્ઞાનીપુરુષ છૂટવાનો ઉપદેશ આપે, તે માને નહીં તો લક્ષચોરાશીમાં પાછો ભટકે, પણ જ્ઞાનીનો ઉપદેશ વિચારે તો ભવનો ભય લાગે. "અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી ? અને તે શું કરવાથી થાય ?" (૧૯૫) એમ વારંવાર વિચારે. સંસારની ચાર ગતિ અને ચાર ઉપમાના પાઠમાં જણાવેલાં દુઃખ જીવે અનંતી વાર ભોગવ્યાં છે પણ તે ભૂલી ગયો છે. પાંચ ઇંદ્રિયના વિષયો દુઃખરૂપ છે. પુણ્યના ઉદયથી વસ્તુ મળે છે પણ તેથી આત્મામાં આકુળવ્યાકુળતા થાય છે, તેથી તે દુઃખ-રૂપ છે. લોકો સુખ કહે તેથી તેને સુખ માને, પણ પોતે વિચાર કરતો નથી. એ સુખ ક્ષણિક છે અને દુઃખનું કારણ છે. ઉપરથી સુખ લાગે પણ ઊંડું વિચારે તો સંસારમાં બધે દુઃખ લાગે. પોતાનું સ્વરૂપ શું છે તે વિચાર્યું નથી, તેથી દેહાદિને પોતાનું સ્વરૂપ માની સુખદુઃખ માને છે. "નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો." (૧૭૨) સંસાર દુઃખરૂપ મનાય ત્યારે ઉદાસીનતા રહે, ક્યાંય રાચવાપણું ન રહે.

(૪) **એકત્વભાવના** — એકલો થાય ત્યારે સુખ છે. હું એકલો છું એમ સમજે તો પછી બીજા પર મોહ કરવા જાય ? એકત્વભાવનાથી અસંગપણું આવે. પછી પારકી પંચાત, અને દેહના પણ વિકલ્પો મૂકીને આત્માને અસંગ, અપ્રતિબંધ, શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન ચિંતવે અને તે દશા પ્રાપ્ત કરે.

(૫) **અન્યત્વભાવના** — આ ભાવનામાં બધું આત્માથી ભિન્ન છે, એમ વિચારવાનું હોય છે. એકત્વ અને અન્યત્વ એ એક જ વાતની બે બાજુ છે. એકત્વમાં હું એકલો છું, અને અન્યત્વમાં બીજા કોઈ મારા નથી એમ વિચારવાનું હોય છે. પોતાના તરફ લક્ષ છે ત્યાં એકત્વભાવના અને પરના લક્ષે વિચારે કે અન્ય મારું નહીં તે અન્યત્વભાવના. મારાથી જુદું હોય તે મારું નહીં.

(૬) **અશુચિભાવના** — આ શરીર અપવિત્ર છે. શરીરની અપવિત્રતાનો વિચાર કરવો તે અશુચિભાવના છે. અશુચિ શરીરથી હું ન્યારો છું, એમ વિચારે તો શરીરનો મોહ મટે. જેનાથી આત્મા બગડે તે સર્વ અશુચિ છે. વિભાવો અશુચિ છે. ભેદજ્ઞાન કરવા માટે અશુચિભાવના વિચારવાની છે.

(૭) **આસ્રવભાવના** — કર્મનું આવવું તે આસ્રવ છે. રાગ દ્વેષ, અજ્ઞાન અને મિથ્યાત્વને લઈને કર્મ આવે છે. રાગદ્વેષમાં ચારિત્રમોહની પચ્ચીસ પ્રકૃતિ સમાવેશ પામે છે.

રાગ—લોભ$^{૪}$, માયા$^{૪}$, હાસ્ય$^{૧}$, રતિ$^{૧}$,
વેદ$^{૩}$ = ૧૩

દ્વેષ—ક્રોધ$^{૪}$, માન$^{૪}$, અરતિ$^{૧}$, ભય,$^{૧}$ શોક$^{૧}$,
જુગુપ્સા$^{૧}$ = ૧૨

અજ્ઞાન—મિથ્યાત્વ સહિત જ્ઞાન તે અજ્ઞાન.

મિથ્યાત્વ— મિથ્યાદર્શન અથવા વિપરીત માન્યતા. જેમકે દેહને આત્મા માનવો, નાશવંતને શાશ્વત માનવું, અશુચિને શુચિ માનવું, દુઃખરૂપને સુખરૂપ માનવું વગેરે.

(૮) **સંવરભાવના** — કર્મને આવતા રોકવાં તે સંવર છે. મોહના કારણ પલટાવી નાખે તો આસ્રવ જાય અને સંવર થાય.

"હોત આસવા પરિસવા, નહિ ઈનમેં સંદેહ;
માત્ર દૃષ્ટિકી ભૂલ હૈં, ભૂલ ગયે ગત એહિ."

(હા. ૧-૧૪)

મિથ્યાત્વરૂપ ભૂલ મટે તો આસ્રવમાં સંવર થાય. મનવચનકાયાના પ્રનાલથી કર્મ આવે છે. તે મિથ્યાત્વ જતાં જ ઘણે ભાગે રોકાય છે. આત્મામાં ઉપયોગ રહે ત્યારે કર્મ આવતાં રોકાય તે સંવર છે.

(૯) **નિર્જરાભાવના** — શુદ્ધભાવ હોય તે વખતે તપ વગેરેથી વિશેષ કર્મ નિર્જરી જાય અને નવાં ન બંધાય તે નિર્જરા છે. જે જે કાર્ય કરવું તે આત્માને માટે કરવું, અને આત્માર્થે કરે તો નિર્જરા થાય. જીવ બળવાન થાય તો બધું કરે. જ્ઞાનીપુરુષના બોધે, તેમના કહેલા માર્ગે જવું જોઈએ. સ્વચ્છંદે કંઈ ન વળે.

(૧૦) **લોકસ્વરૂપભાવના** — લોકમાં ઉત્પત્તિનાં સ્થાન, આકાર વગેરેનો વિચાર. તેમાં જીવોની ઉત્પત્તિ, સ્થિતિ, મરણ કેવી રીતે થઈ રહ્યું છે તે વિચારવું. લોક પુરુષાકારે કહ્યો છે. તેનો વિસ્તાર ૩૪૩ ઘનરજ્જુ પ્રમાણ છે. ત્રસ નાડીમાં ત્રસ સ્થાવર બન્ને પ્રકારના જીવો છે અને ત્રસનાડીની બહાર એકલા સ્થાવર જીવો છે. ત્રણ લોક ઊર્ધ્વ, અધો, તિર્યગ્ છે તે સર્વત્ર જીવઅજીવે કરીને ભરપૂર છે. એ વિષે શાસ્ત્રમાં વિસ્તારથી વર્ણન છે તે વિચારતાં વૈરાગ્ય થાય તો મોક્ષ માટે પુરુષાર્થ કરે.

(૧૧) **બોધદુર્લભભાવના** — સમ્યગ્જ્ઞાન પામવું જીવને દુર્લભ છે. ચાર ગતિમાં બધે દુઃખ છે. ત્યાં ભમતાં આત્માને સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પ્રાપ્તિ થવી તે બોધિ છે. એકેંદ્રિયથી બેઇંદ્રિયપણું દુર્લભ એમ બોધિ પર્યંત ઉત્તરોત્તર દુર્લભ દુર્લભ વિચારી બોધિ-સમાધિમાં પ્રમાદ ન કરવો.

(૧૨) **ધર્મદુર્લભભાવના** — ધર્મના ઉપદેશક ગુરુ મળવા દુર્લભ છે. તેમનો ઉપદેશ મળવો અને તે ધારણ કરવાની શક્તિરૂપ દેશનાલબ્ધિ મળવી દુર્લભ છે. તરવા માટે પ્રથમ જરૂરનું શું? સદ્ગુરુ. ધર્મના ઉપદેશક એટલે જ્ઞાનીપુરુષના વચનરૂપ શાસ્ત્રનો આધાર લઈ બોધ કરે તે, અને શુદ્ધશાસ્ત્રના બોધક એટલે જે સર્વ શાસ્ત્રને પી ગયા હોય એવા ક્ષયોપશમવાળા હોવાથી સહજ બોધ કરે તે શાસ્ત્રરૂપ જ હોય. "સૂત્ર લઈ ઉપદેશ કરવાની આગળ જરૂર પડશે નહીં. સૂત્ર અને તેનાં પડખાં બધાં ય જણાયાં છે." (૧૭૦)

આ ૨૧મા પાઠના વિસ્તારરૂપે કૃપાળુદેવે 'ભાવના-બોધ' ગ્રંથ દૃષ્ટાંત અને કાવ્ય સહિત લખી મોક્ષમાળાની પહેલાં છપાવી ગ્રાહકોને ભેટ આપ્યો હતો. તેમાં તીવ્ર વૈરાગ્ય અને જ્ઞાનદશાનું દર્શન થાય છે. એ ભાવનાબોધ ગ્રંથ મોક્ષમાળાની પૂર્તિરૂપે છે. મોક્ષ પામવા માટે સત્પુરુષો આ બાર ભાવના ભાવે છે. તીર્થંકરને પણ જ્યારે દીક્ષા લેવાના ભાવ થાય ત્યારે તેઓ બાર ભાવના ભાવે છે.—

"भव तन भोग विरत्त कदाचित चिंतये,
धन जोबन पिय पुत्त कलत्त अनित्त अे,
कोउ न सरन मरनदिन दुःख चहुं गति भर्यो,
सुख दुःख अेक ही भोगत जिय विधिवस पर्यो,
पर्यो विधिवस आन चेतन, आन जड जु कलेवरो,
तन असुचि, परतें होय आस्रव, परिहरेतें संवरो;
निरजरा तपबल होय, समकित विण सदा त्रिभुवन भम्यो,
दुर्लभ विवेक विना न कबहूं परम धरमविषै रम्यो."

(पंचकल्याणक)

---

## શિક્ષાપાઠ ૨૨. કામદેવ શ્રાવક

મહાવીર ભગવાનના સમયમાં ઘણા ઉત્તમ શ્રાવકો થઈ ગયા. તેમાં પણ મુખ્ય દશ શ્રાવકો હતા, તેમાંના એક કામદેવ શ્રાવકની વાત કહે છે. દ્વાદશવ્રત = અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, પરિગ્રહ-પરિમાણ એ પાંચ અણુવ્રત; દિગ્વ્રત, ભોગોપભોગપરિમાણ, અનર્થદંડ-વિરતિ એ ત્રણ ગુણવ્રત; અને સામાયિક, દેશાવકાશિક, પૌષધોપવાસ, અતિથિસંવિભાગ એ ચાર શિક્ષાવ્રત. એ દ્વાદશવ્રતને શુદ્ધ રીતે પાળનાર, વળી વિવેકી એટલે ભેદજ્ઞાનવાળો અને નિર્ગ્રંથ-વચનાનુરક્ત એટલે માહાત્મ્ય જેનું પરમ છે એવા નિઃસ્પૃહી પુરુષોના વચનોમાં તલ્લીનતારૂપ દૃઢ શ્રદ્ધાવાળો એવો કાંમદેવ નામનો શ્રાવક મહાવીર ભગવંતનો પરમ ભક્ત હતો. તેને સૌધર્મ ઇન્દ્રે વખાણ્યો-પોતે ધર્માત્મા હોવાથી અવધિજ્ઞાનથી જાણીને ધર્માત્મા કામદેવ શ્રાવકના ગુણગ્રામ કર્યા. મનુષ્યને શું વખાણે છે? એમ ઈર્ષા કરતો એક તુચ્છબુદ્ધિ દેવ પરીક્ષા કરવા

આવ્યો. તેણે ગંભીરતાથી ઇન્દ્રનું કહેવું સાચું ન માન્યું. ‘એ તો સમજાયું’ એટલે વખાણ કર્યાં તેમાં કંઈ નથી. દેવોમાં શરીરબળ વિશેષ હોય છે પણ આત્મિકબળથી મનુષ્ય ચઢિયાતા થઈ શકે છે. દેવે ઉપસર્ગ કર્યા પણ ઇંદ્રે કહ્યા મુજબ ગુણવાળો ધર્મદૃઢ કામદેવ અડોલ – સ્થિર-પરિણામી રહ્યો.

આ પાઠમાંથી વિશેષ વિચાર એટલે સાર એ લેવાનો કે નિર્ગ્રંથપ્રવચનમાં પ્રવેશ કરીને દૃઢ રહેવું એટલે જ્ઞાની-પુરુષની આજ્ઞાથી કરેલા નિયમ — સામાયિક, કાયોત્સર્ગ વગેરેમાં દૃઢ રહેવું. ગમે તેવો ઉપસર્ગ આવે છતાં નિયમ તોડવો નહીં. ઉપસર્ગ બે પ્રકારના હોય છે — અનુકૂળ અને પ્રતિકૂળ. ગમતું કરે તે અનુકૂળ અને અણગમતું કરે તે પ્રતિકૂળ. અનેક પ્રકારની લાલચ કે ધમકીથી પણ ન ચળે. મહાપુરુષને માર્ગે જ ચાલે. સામાયિકના જે દોષો કહ્યાં છે તે ન આવવા દે. ચળવિચળભાવ ન કરે.

પાઈ માટે ધર્મના સોગન ખાય, શાખ કાઢે એટલે આબરૂ જવા દે. વ્યવહારમાં પણ જેને ધર્મનું બહુમાનપણું નથી તે પછી ધર્મમાં એકાગ્ર ચિત્ત રાખવા જાય તોપણ ન રહે. જે વસ્તુનું મહત્વ છે તેમાં ચિત્ત રહે છે. ધર્મનું મહત્વ હોય તો ધર્મ લૂંટાઈ ન જાય એ લક્ષ રાખે અને તેમાં દૃઢ રહે.

---

## શિક્ષાપાઠ ૨૩. સત્ય

શેષનાગ ઉપર પૃથ્વી રહેલી છે એમ વૈષ્ણવોની માન્યતા છે, પણ ખરો પૃથ્વીનો આધાર સત્ય છે. કારણ

કે ધર્મ, નીતિ, રાજ અને વ્યવહાર એ સંસારના ચાર મુખ્ય પાયા સત્યને આધારે ટક્યા છે.

ધર્મ — સત્ય વિના ધર્મ પ્રકટ થતો નથી. વ્યવહાર-સત્ય પછી પરમાર્થસત્ય આવે. પરમાર્થસત્યમાં આત્માનો લક્ષ રાખીને બોલે. ભગવાને જે જોયું અને કહ્યું તે સત્ય છે.

નીતિ — નીતિને માનનાર અસત્ય બોલતા નથી. સત્યને આધારે પ્રામાણિકપણું, ન્યાય વગેરે નીતિના નિયમો ટકી રહે છે.

રાજ—રાજાનું વચન માન્ય હોય છે કે તે પળશે જ. પહેલાના જમાનામાં રાજાઓ તાંબાના પતરા પર લખી આપતા તે તેના દીકરાના દીકરા બધા માન્ય રાખતા.

વ્યવહાર—અમુક આપીશ એમ કહે એટલે આપે. લેવડદેવડ સત્યને આધારે ચાલે છે. એક-બીજાના વિશ્વાસે વ્યવહાર ચાલે છે. હાસ્યથી જૂઠું બોલે તોપણ કર્મ બંધાય છે, જૂઠનો ભય નીકળી જાય છે. પછી આગળ વ્યવહાર વગેરેમાં જૂઠું બોલતો થઈ જાય છે. ટેવ પડી હોય એટલે પછી જ્યાં સ્વાર્થ હોય ત્યાં જૂઠું બોલતા પાછો ન પડે. જેમ ચોરી, જુગાર વગેરે શરૂઆતમાં રમતરૂપે કરે, પછી એને વ્યસનરૂપે સેવે.

પર્વતના પિતા ક્ષીરકદંબ નામે હતા. તેની માતાનું નામ સ્વસ્તિમતિ હતું. પર્વત અને નારદ ભણીને મોટા અધ્યાપક થયા હતા. એક વાર નારદ પર્વતને ત્યાં આવ્યો અને પરસ્પર વાદ થયો ત્યારે વસુરાજા ન્યાય કરે એમ ઠર્યું, અને જે ખોટો પડે તેની જીભ કાપી નાખવી એવી

શરત કરી. વસુ, રાજા થઈને, સત્યવાદી કહેવાઈને જૂઠું બોલ્યો તેથી વધારે શિક્ષા પામ્યો. જમીન ફાટી અને વસુ સિંહાસન સાથે તેમાં દટાઈ ગયો. નારદ સાચો પડ્યો. પરંતુ પર્વત પણ કહે કે વસુએ 'બોકડો' કહ્યો માટે હું જ સાચું કહું છું. પર્વત અસત્ય અને હિંસાના પ્રચારથી જગતમાં મહા ઉપદ્રવ કરાવીને સાતમી નરકે ગયો. નારદ ગુરુના ઉપદેશ પ્રમાણે વર્તીને, બને તેટલો અહિંસા અને સત્ય માટે પ્રયત્ન કરીને છેવટે ચારિત્ર પાળી સર્વાર્થસિદ્ધિમાં ગયો. સ્વસ્તિમતિએ પુત્રના મોહથી રાજાને અનર્થમાં પ્રેર્યો તેથી તે નરકે ગઈ.

માટે આપણે સત્ય હોય તે જ બોલવું અને સત્ય જ આચરવું. દુર્યોધનની મા ગાંધારી હતી તેને દુર્યોધન નમસ્કાર કરવા આવ્યો ત્યારે તેણે કહ્યું – "સત્યનો જય થાઓ," પણ "તારો જય થાઓ" એમ ન કહ્યું. એમ આપણે પણ કોઈનો ખોટો પક્ષ ન કરવો. પર્વતની જેમ અસત્ય બોલાઈ જાય તો તેથી પાછા વળવું, તેનો આગ્રહ ન કરવો; નહીં તો નાની વાતમાંથી કેટલા અનર્થની પરંપરા ચાલી ? માટે નાની ભૂલ થાય ત્યારે પણ વિચારી પાછા વળવું, ખમાવી લેવું અને ફરી તેવી ભૂલ ન થાય તેમ વિચારી વર્તન કરવું.

અહિંસા એ જ મુખ્ય ધર્મ છે. તેની રક્ષા માટે બાકીના ચાર વ્રત વાડરૂપે છે. અહિંસા પછી સત્ય એ બીજું મહાવ્રત છે. એનાથી અહિંસાવ્રત રક્ષાય છે. સત્ય હિત મિત અને પ્રિય, શાસ્ત્ર અનુસાર, ક્રોધમાનમાયાલોભ

રહિત વચન બોલવું. સાચું બોલે તેને માયા વગેરે કરવી ન પડે, બેફિકર રહે.

---

## શિક્ષાપાઠ ૨૪. સત્સંગ

જેને સાચું સુખ જોઈતું હોય તે સત્સંગ કરે. સુખનું મૂળ સત્સંગ છે. મૂળ = કારણ. કારણ મળ્યું તો કાર્ય થાય. સત્સંગથી કષાય મંદ થાય છે, તેથી પુણ્ય બંધાય છે, તેથી સંસારમાં પણ જે જે ઇચ્છે તે સિદ્ધ થાય છે. તેથી સત્સંગ એ સર્વ સુખનું મૂળ છે એમ કહ્યું. કર્મથી છૂટવું તે પવિત્રતા છે. સત્સંગથી કર્મ છૂટવાની શરૂઆત થાય તેથી પરિણામે સિદ્ધ થાય. સત્સંગે સાચી વાત સંભળાય અને પકડાય તો લાભ થાય. સત્સંગનો સામાન્ય અર્થ ઉત્તમનો સહવાસ અર્થાત્ સારી રીતભાતવાળા પાસે સારી રીતભાત શીખે, ક્ષમાવાળા પાસે ક્ષમા શીખે વગેરે. પણ અહીં તો આત્માની પ્રાપ્તિ થાય એવો સંગ તે સત્સંગ, તે વિષે કહેવું છે. સત્સંગ વિના આત્મરોગ = આત્મભ્રાંતિરૂપ રોગ વધે, એટલે આત્માને દેહ માને અને દેહને આત્મા માને એ રૂપ રોગ વધે. સત્સંગ જેને કરવો હોય તેણે કુસંગથી બચવું જોઈએ. સત્સંગમાં કંઈક સારી વાત સાંભળી હોય પણ પાછો કુસંગમાં જાય તો પડી મૂકે એક કોટિ વર્ષ કુસંગ કરે તો પણ લાભ ન થતાં અધોગતિમાં લઈ જાય એવાં પાપ તે કરાવે છે. ધર્મથી પાડી નાખે, ધર્મ ન કરવા દે એવાં સગાં-સંબંધી, વખત રોકી લે એવાં છાપાં, વિકથા તથા કુગુરુ વગેરે કુસંગ છે. અંતરંગના ક્રોધ, માન, માયા, લોભ

વગેરે આત્માર્થમાં નડે છે તે પણ કુસંગ છે. આત્મા સિવાય બીજા સંકલ્પ-વિકલ્પ વગેરે સર્વ કુસંગ છે. સંસારમાં બધું એવું જ છે તેથી સંસાર કુસંગરૂપ છે. સંસારમાં રુચિ હોય તેને મોક્ષ રુચે નહીં. સંસારના પ્રસંગ મોક્ષની રુચિ થવા ન દે અને થઈ હોય તો તે પલટાવી નાખે. મોહના પ્રસંગો જેમાં છે તે સંસાર છે. જેથી કર્મરૂપી રોગ વધે તે કુસંગ છે. સંસાર અનંત કુસંગરૂપ છે માટે ત્યાગવા યોગ્ય છે. સંસારત્યાગ એટલે શું? તો કે સંસાર-પરિભ્રમણના કારણરૂપ કર્મનો ત્યાગ કરે. કર્મબંધના મુખ્ય કારણ મિથ્યાત્વ, કષાય અને અજ્ઞાન છે તેનો ત્યાગ કરે.

આત્માના શુદ્ધ સ્વરૂપને સાધે તે આત્મસિદ્ધિ. જેથી આત્મસિદ્ધિ થાય તે સત્સંગ છે. આત્માના જ્ઞાનદર્શન-ચારિત્રવડે શુદ્ધ આત્માને સાધે અથવા આત્મા છે, તે નિત્ય છે આદિ છપદના વિચારે કરી શુદ્ધ આત્માને સાધે તો તે સત્સંગ કહેવાય. આત્માની સત્ય માન્યતા, રુચિ થાય તે સત્ય રંગ, જેવો આત્મા છે તેવી માન્યતા થાય તે સત્ય રંગ અથવા સત્પુરુષ જેવો માને છે તેવી માન્યતા તે સત્ય રંગ. એવો સત્ય રંગ જે ચઢાવે તે સત્સંગ છે, મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી. મિત્ર હોય તે પોતાના મિત્રને હિત થાય એવું બતાવે. જન્મમરણ જેથી છૂટે તે સાચું હિત. તે જે બતાવે તે મિત્ર. સાચા મિત્ર સદ્ગુરુ. સાચી માન્યતા કરાવનાર અને હિત કરનાર સદ્ગુરુ છે. સાચી શ્રદ્ધા થાય તે હિત જ છે. વાસ્તવિક સત્સંગ અને મૈત્રી એક જ છે, અને એ જ મોક્ષનો માર્ગ છે. ઉત્તમ શાસ્ત્ર એટલે જ્ઞાનીપુરુષે લખેલાં શાસ્ત્ર જેમાં મોક્ષની વાત

હોય, સત્‌ની વાત હોય એવાં જે સત્શાસ્ત્ર તે ઉત્તમ શાસ્ત્ર છે. તેમાં નિરંતર એકાગ્ર રહેવું તે પણ સત્સંગ છે. પણ સત્પુરુષોના સમાગમથી વિશેષ લાભ થાય છે. પ્રત્યક્ષ સમાગમે તેને અત્યારે શું કરવાનું છે તે સમજાય, તેવું શાસ્ત્રથી ન સમજાય. સત્પુરુષનો યોગ હોય તો શાસ્ત્ર પણ તેને વાંચવા યોગ્ય હોય તે જ બતાવે, તેથી લાભ ઘણો થાય. જ્ઞાનીની આજ્ઞા ગમે તે હોય તે આરાધવાથી ફરી ભવિષ્યમાં જ્ઞાનીનો યોગ થાય. આજ્ઞામાં જ્ઞાની પ્રત્યે લક્ષ રહે છે, તેથી યોગ્યતા આવે છે. સત્સંગ અને સત્શાસ્ત્ર કર્મમલ ટાળી આત્માને શુદ્ધ કરે છે.

સત્સંગથી વિપરીત કુસંગ છે. લોકો સત્સંગ કહેતા હોય પણ આત્માને તેથી કર્મ બંધાતાં હોય તો તે સત્સંગ શાનો? "જેનાથી હંમેશનો પરિચય રહી રાગ રંગ ગાન તાન અને સ્વાદિષ્ટ ભોજન સેવાતા હોય...તે કુસંગ છે." એ શરીર અને ઇન્દ્રિયોને પોષે છે, અને એથી આત્માની મલિનતા વધે છે તેથી તે કુસંગ છે. "સત્સંગથી પ્રાપ્ત થયેલું એક વચન અમૂલ્ય લાભ આપે છે"–તેથી જીવ જાગી જાય. "ઉતાવળે જવાબ આપવો તે અહંકાર છે" એમ પ્રભુશ્રીજીએ કોઈને કહેલું તેની અસર તેને કાયમ માટે થઈ. સત્પુરુષના વચનથી એને દોષ દેખાય તેથી ટાળે. સત્પુરુષનું એક વચન સાંભરે તો કર્મ બાંધતો અટકી જાય. એકાંતમાં રહેવું તે પણ સત્સંગ કહ્યો છે. અસંગ થઈ, વિકારરહિત થઈ, રાગદ્વેષરહિત એકલા શુદ્ધ આત્માનું સેવન કરવું તે એકાંત છે. તત્ત્વજ્ઞાનીઓએ મુખ્ય બોધ એકાંત સેવવાનો કર્યો છે. એમાં

પણ સત્સંગની સ્તુતિ આવી જાય છે, કારણ કે સત્સંગ કર્યો હોય તો જ શુદ્ધ આત્મામાં રહી શકે. શુદ્ધ આત્મામાં રહે એ સત્સંગનું જ ફળ છે. કામદેવ શ્રાવકે ભગવાનના વચનો સાંભળ્યાં હતા તો કાયોત્સર્ગમાં દૃઢ રહ્યા. એ સત્સંગનો જ મહિમા છે. સત્સંગ કર્યો હોય તેનું પ્રવર્તન છૂટવા માટે જ હોય છે.

સમસ્વભાવીનો સમાગમ એટલે છૂટવાના ભાવવાળા, આત્માને પ્રાપ્ત કરવો છે એવા ભાવવાળા જીવોનો પરસ્પરનો સમાગમ. વાત ગમે તે થાય પણ લક્ષ એક છૂટવાનો જ હોય તેથી ઘણા માણસો હોવા છતાં અને પરસ્પરનો સહવાસ છતાં તે એકાંતરૂપ જ છે, અને તેવી એકાંત માત્ર સંતસમાગમમાં રહી છે. સત્સંગે ઘણી વસ્તુઓના ખુલાસા થાય છે. સત્પુરુષનો સમાગમ કરવા જ રહેતા હોય ત્યાં માન, રાગદ્વેષ વગેરે ન થાય. જેને છૂટવું હોય તે એવા ભાવને ગૌણ કરી નાખે. વિષયીમંડળ ઉપરથી સારું દેખાડે પણ અંદર મોક્ષનો ભાવ નહીં હોવાથી તેનો લક્ષ માનાદિ પોષવાનો હોય, તેથી ત્યાં એકસ્વભાવીપણું નથી. જેને સ્વાર્થ, માયા નથી તે નિર્દોષ. એવો નિર્દોષ અને સમસ્વભાવી સમાગમ તો એક બીજા પ્રત્યે સમભાવ-વાળા, પક્ષપાતરહિત શાંત મુનીશ્વરોનો છે અને ધર્મધ્યાનમાં પ્રશસ્ત રાગવાળા અલ્પારંભી પુરુષોનો પણ કેટલેક અંશે છે, કારણ તેમને અલ્પાંશે માયા ને સ્વાર્થ છે તેથી તેમને પરસ્પર કષાયનું કારણ નથી અથવા અલ્પ છે. જ્યાં સર્વથા સ્વાર્થ અને માયાકપટ છે ત્યાં સમભાવ નથી તેથી તે સત્સંગ નથી.

સત્સંગમાં શું શું થાય ?

૧. ધર્મધ્યાન શું ? કર્મ કેમ છૂટે ? વગેરે શાસ્ત્રોના સુંદર પ્રશ્નો થાય.

૨. સત્પુરુષો કેમ છૂટે છે ? કેમ વર્તે છે ? એ રૂપ ઉત્તમ જ્ઞાનધ્યાનની સુકથા થાય.

૩. સત્પુરુષના ચરિત્રો વંચાય, વિચારાય.

૪. આત્માને લક્ષીને વાત થાય તેથી તત્ત્વજ્ઞાનના તરંગની લહરીઓ છૂટે.

૫. ખંડનમંડન માટે નહીં પણ સરલભાવે શાસ્ત્રનું વિવેચન થાય.

૬. મોક્ષજન્ય કથન એટલે શાથી છુટાય એ પર પુષ્કળ વિવેચન થાય.

માયાવી એટલે સ્વાર્થ પોષનાર. આત્મા સિવાયના માયિક સુખ (ઇંદ્રિય સુખ) ને અર્થે સત્સંગમાં આવવું તે માયા. છેતરવાના અર્થમાં માયા શબ્દ વપરાય છે. કોઈ માયિક સુખની ઇચ્છાવાળા સત્સંગમાં ન હોય ? બધાય છૂટવાની ભાવનાવાળા ક્યાંથી હોય ? એમ કોઈ શંકા કરે તો તેનું સમાધાન કહે છે: કાગડો રાજહંસની સભામાં રાજહંસના પીંછાં ખોસીને ગયો હોય છતાં કા-કા કરે એટલે ઓળખાય જ, તેમ વચન કે મુખ-મુદ્રા ઉપરથી માયાવીના અંતરમાં શું છે તે ખબર પડે. અંધકારમાં જાય નહીં એટલે છાનું ન રહે. સત્સંગમાં ખાવા વગેરેની વાત ન હોય તેથી તેને રસ ન પડે. સત્સંગમાં ઘણાં ખરા આત્માર્થી જીવો હોય તેથી એકાદ માયાવી જુદો જ પડી જાય. તેની વૃત્તિ પોષાય નહીં

તેથી ફરી ફરી સત્સંગમાં આવે જ નહીં. બે ઘડી ત્યાં જઈ તે વિશ્રાંતિ લેતો હોય તો ભલે કે જેથી વાત સાંભળતાં ક્વચિત્ સત્સંગનો રંગ લાગે–ગમી જાય. નહીં તો બીજી વાર તે આવે નહીં. સત્સંગમાં નુકસાન નથી. ત્યાં બુડાય નહીં–પાપ થાય નહીં. સત્સંગમાં ખુલ્લી હવાની જેમ આત્માને પોષણ મળે છે–હિત થાય છે. આત્માનું હિત કરવું હોય તો સત્સંગ એ શ્રેષ્ઠ ઉપાય છે.

---

## શિક્ષાપાઠ ૨૫. પરિગ્રહને સંકોચવો

પરિગ્રહ છે ત્યાં ઉપાધિ છે. "જ્યાં ઉપાધિ છે ત્યાં અનાથતા છે." (શિક્ષાપાઠ–૭) વસ્તુ પર મૂર્છા છે તે જીવને ચોતરફથી બાંધી લે છે તે પરિગ્રહ કહેવાય છે. મૂર્છા એ જ પરિગ્રહ છે. મૂર્છા એટલે મારાપણું. વસ્તુમાં મારાપણું થાય તે પરિગ્રહ. પરિગ્રહને સંકોચવો એટલે મારાપણું ઓછું કરવું. પણ તે મારાપણું વસ્તુને આધારે થાય છે તેથી વસ્તુની મર્યાદા (હદ) કરવાનું કહ્યું છે. મર્યાદા કરી હોય તો જ સંતોષ આવે. પ્રથમ હદ બાંધી હોય જેમ કે રૂ. ૨૫૦૦૦ જેટલું થાય તો પછી બસ. તેટલું મળે પછી વધારે કમાઈ શકે એવો વખત આવે ત્યારે જો સમજીને મર્યાદા કરી હોય તો તે ન ઓળંગે. મનુષ્યભવ મોક્ષ માટે છે. વધારે કમાઈશ તો પણ કંઈ સાથે આવવાનું નથી.

'સરસ્વતીચંદ્ર'ના લેખક શ્રી ગોવર્ધનરામે ચાળીસમા વર્ષે વકીલાત છોડવી એમ નક્કી કરેલું. ચાળીસમા વર્ષે

વકીલાત જામી ત્યારે છોડી દીધી. મર્યાદાવાળાને કલ્પના વધે નહીં. મર્યાદા કરી હોય તો વધારેના સંકલ્પ વિકલ્પ અટકી જાય.

જેમ લક્ષ્મી આદિનો લાભ થાય તેમ લોભ વધે. ધર્મથી જાણે-સમજે કે આ ખોટું છે છતાં મૂકે નહીં. પરંતુ પરિગ્રહ કોઈ દિવસ સુખ આપે નહીં અને આત્માનું હિત થવા દે નહીં.

જમદગ્નિ ઋષિ હતા. તેમણે સાંભળ્યું કે અપુત્રિયાની ગતિ નથી તેથી ધ્યાનમાંથી ભ્રષ્ટ થઈ રેણુકા નામની રાજ-કન્યા સાથે લગ્ન કર્યું. તેને પરશુરામ નામે પુત્ર થયો. એ ઋષિના આશ્રમમાં રહેતાં બ્રહ્મચર્ય પાળતાં, રેણુકાને લબ્ધિ પ્રાપ્ત થઈ તેથી તે સાડીના પાલવમાં પાણી ભરી લાવે. જમદગ્નિને કામધેનુ ગાય મળી અને પરશુરામને દિવ્ય પરશુ (ફરસી-કુહાડી) મળ્યો. એક વખત રેણુકાના પાલવમાંથી પાણી ગળી ગયું, તેથી તેને વિકાર થયો એમ જાણવાથી જમદગ્નિને ક્રોધ આવ્યો ને તેણીને મારી નાખવા પુત્રને આજ્ઞા કરી. પરશુરામે પરશુથી પોતાની માને મારી નાખી. પછી પશ્ચાત્તાપ થવાથી જમદગ્નિએ આખી જિંદગી ક્રોધ ન કર્યો. કેટલાક વખતે તેનો સાઢુ-ભાઈ કાર્તવીર્ય ત્યાં આવ્યો. કામધેનુની મદદથી તેની ખૂબ આગતાસ્વાગતા કરી ત્યારે કાર્તવીર્યે લોભથી પોતાના યજમાન જમદગ્નિ ઋષિને મારીને કામધેનુ ગાયને હરી લીધી. આ બનાવથી ક્રોધ પામીને પરશુરામે પોતાના દિવ્ય પરશુ વડે કાર્તવીર્યને તેના સંતાનો તથા સૈન્ય સહિત મારી નાખ્યો. કાર્તવીર્યની સ્ત્રી તારામતી તાપસોના

આશ્રમમાં સંતાઈ ગઈ. ત્યાં ભોંયરામાં સુભૂમનો જન્મ થયો. પરશુરામ રાજા થયો અને દુશ્મનનો ભય નિવારવા તેણે નક્ષત્રી પૃથ્વી કરવા માંડી તેણે એક થાળમાં મરેલા ક્ષત્રિયોની દાઢો રાખી હતી. તે વિષે નિમિત્તિયાએ કહેલું કે તારો વેરી જીવે છે, તે આવશે ને આ થાળ જોશે ત્યારે દાઢોની ખીર થઈ જશે. આથી પરશુરામે એક ભોજનશાળા બંધાવી. ત્યાં તેના માણસો આગંતુકોને જમાડે અને દાઢોનો થાળ બતાવે. સુભૂમ આવ્યો ત્યારે દાઢોની ખીર થઈ ગઈ. તે ખબર મળતાં પરશુરામ પરશુ લઈ દોડતો તેને મારવા આવ્યો પણ થાળીનું ચક્ર થઈ ગયું અને પરશુરામનું માથું કપાઈ ગયું. પછી દિગ્વિજય કરી સુભૂમ ચક્રવર્તી થયો.

ચર્મરત્ન = ચૌદ રત્નમાંનું એક રત્ન. સુભૂમ ચક્રવર્તીએ છ ખંડ મળ્યા છતાં લોભ વધવાથી કંઈ ભોગવ્યું નહીં.

છ ખંડનું રાજ્ય હોય પણ મમતા ન હોય તો તે પરિગ્રહરૂપ થતું નથી. મિથ્યાત્વ એ જ પરવસ્તુને પોતાની મનાવનાર હોવાથી પરિગ્રહ છે. સમકિત હોય તો 'મારું' ન મનાય. પરિગ્રહ એ પાપનું મૂળ છે. લોભ હોય તો હિંસા, ચોરી વગેરે બધા પાપ કરે છે, તેથી પરિગ્રહને પાપનો બાપ કહ્યો છે. પરિગ્રહત્યાગ અણુવ્રત ન હોય તો બાકીનાં અગિયાર વ્રત પણ દોષિત થઈ જાય છે. બાવીશમા પાઠના વિવેચનમાં શ્રાવકના દ્વાદશવ્રત ગણાવ્યા છે. આત્મહિત માટે સત્સંગ કરનારે મૂર્છાનો ત્યાગ કરવો તેમજ મર્યાદા સહિત વર્તવું.

## શિક્ષાપાઠ ૨૬. તત્ત્વ સમજવું

શાસ્ત્રો મોઢે કરે પણ પોતાને તેમાંથી શું કરવાનું છે તે વિચારે નહીં, એ ભૂલ સુધારવા આ પાઠ છે. 'ગરથ (ધન) ગાંઠે ને વિદ્યા પાઠે'. વીતરાગના વચનો શ્રવણ કરે, મુખપાઠ કરે, પછી મનન કરે. મનન કરવા માટે મુખપાઠ કરવાનું હોય છે, પણ અર્થ સમજે નહીં તો શું મનન કરે ? થોડું સાંભળીને કે મુખપાઠ કરીને તે પર પ્રૌઢ — વિસ્તારપૂર્વક વિચાર કરે, ગંભીરતાથી, વિશાળતાથી વિચાર કરે. દેહથી આત્મા ભિન્ન છે વગેરે વિચારે બાર ભાવના વિચારે. જ્ઞાનીનાં વચન સૂત્રરૂપ છે. સૂત્ર ઉપર વિસ્તારથી શાસ્ત્ર રચાય છે. તેમ થોડું જ્ઞાની પાસે સાંભળ્યું હોય તેનું મહત્ત્વ સમજે અને વિવેકપૂર્વક વિચાર કરે. જ્ઞાનીનાં વચનનો આશય સમજી તે પ્રમાણે ભાવ આત્મામાં પ્રગટાવે. જેમકે 'વૈરાગ્ય કરવો' એમ સાંભળ્યું તો તે વિચારી આત્માને વૈરાગ્યમય બનાવે. દરેક પ્રસંગમાં વૈરાગ્યયુક્ત વિચાર કરે અને વર્તે. તત્ત્વને પહોંચી જવું = વિશેષ મર્મ પામવો. એ કંઈ નાની વાત નથી. કૂદીને દરિયો ઓળંગી જવો એટલે ઘણું અઘરું છે.

તત્ત્વ એટલે અર્થ. શબ્દ ઉપરથી તેના ભાવ સુધી જવું. 'આત્મા' કહેતા આત્માને ઓળખે, એ રીતે કહેનારનાં ભાવને સમજવાં, તેનું નામ તત્ત્વ સમજવું છે. નિર્ગ્રંથપ્રવચન મુખપાઠ કરે એ ઉત્સાહ વડે પુણ્ય બંધાય. મોઢે કરેલું ભાવ થવાનું કારણ છે. ભણેલા ન હોય તેણે મોઢે કરવું જોઈએ, તો ભણેલા જેવું થાય. ગોખવાથી એમાં ને એમાં વૃત્તિ રહેતાં અશુભ ભાવ થાય નહીં તેથી પુણ્ય બંધાય. એમ

કરતાં ભાવ ભાસે તો નિર્જરા પણ થાય. બીજી ઇચ્છા ન રાખે, હું બધાની વચ્ચે બોલું વગેરે. 'આત્માર્થે કરું' એમ હોય તો જ્ઞાનથી કર્મ છૂટે. પણ જ્ઞાનનો અહંકાર થાય તો પછી કેમ છૂટે? નિર્જરા અર્થે કરે તો કર્મ ખપે.

વાંચતાં ન આવડતું હોય તેને સુંદર અક્ષર તાણેલા લીટા જેવા જણાય, તેવી જ રીતે માત્ર મોઢે કરનાર નિર્ગ્રંથપ્રવચન અને અન્ય ગ્રંથનો ભેદ જાણતા નથી. અર્થ વિચારે તો મર્મ સમજાય. ધાર્યા નથી = ઉપયોગપૂર્વક અર્થ શીખ્યા નથી. તત્ત્વવિચાર = તત્ત્વ ઓળખાય તેમ વિચાર કરવો, જેથી ભાવ સ્ફુરે. શબ્દ પરથી ભાવ સુધી પહોંચવા સમર્થ બુદ્ધિપ્રભાવ એટલે ઘણી બુદ્ધિ જોઈએ. પણ જેટલી બુદ્ધિ હોય તેટલો વિચાર કરે તો કંઈક સમજાય, તેમ કરતાં ક્ષયોપશમ થાય. પથ્થર પલળે તેમ કંઈક ભાવ ભાસે. માત્ર બોલી જાય પણ અર્થ વિચારે નહીં તો પોપટિયું કહેવાય. પોપટને પરિચયે = પોપટને વારંવાર બોલાવી. પોપટની બલા જાણે અર્થાત્ પોપટ ન જાણે.

યોગાનુયોગે = સહજ કારણસર. પાધરી = તરત જ. મર્મ = રહસ્ય. બલિહારી જ છે = અપૂર્વ ફળ આપે. ગોળ જાણે–અજાણે ખાય તોપણ ગળ્યો લાગે, તેમ નિર્ગ્રંથપ્રવચન વગર સમજ્યે બોલે તો પણ પુણ્ય બંધાય. સમજે તો કલ્યાણ થાય.

---

## શિક્ષાપાઠ ૨૭. યત્ના

બીજા જીવોને હરકત ન થાય તેમ સાચવીને કામ કરવું, કાળજી રાખવી એ પ્રકારનો જે પ્રયત્ન–પુરુષાર્થ તે

યત્ના છે. સાવધાની રાખી, હિતકારી હોય તેમ પ્રવર્તવું તે યત્ના છે. વિવેક એ ધર્મનું મૂળ તત્ત્વ છે તેમ યત્ના એ ધર્મનું ઉપતત્ત્વ છે. મૂળ તત્ત્વ એટલે ધર્મને પોષનાર એક ધોરીમૂળ જેવું મુખ્યતત્ત્વ. ઉપતત્ત્વ એટલે વૃક્ષના ધોરીમૂળ સિવાયના બીજા મૂળિયાની જેમ ગૌણતત્ત્વ.

પ્રવૃત્તિ ન કરતાં સ્થિર રહેવું તે મુખ્ય છે. તેમ ન રહેવાય ત્યારે પ્રવૃત્તિ કરવી પડે તો કેમ કરે તે વિષે નિયમો પાળવાના હોય છે. [1]પાંચસમિતિરૂપ યત્ના સાધુઓ પાળે છે. ગૃહસ્થ પણ યથાશક્તિ પાળી શકે. ચાલવું, બેસવું વગેરે દરેક પ્રકારની પ્રવૃત્તિ આ પાંચ સમિતિમાં સમાવેશ પામે છે. સમ્યક્ પ્રકારે પ્રવર્તવું તેનું નામ સમિતિ છે.

(૧) ઈર્યાસમિતિ—ચાલે ત્યારે હિંસા ન થાય તેમ જોઈને પગલું ભરે. સ્વાધ્યાય કરતો ચાલે ત્યારે જોયા વગર ચાલે તો ઈર્યાસમિતિ ન પળે. પ્રવૃત્તિ કરે તો તે સમિતિપૂર્વક હોવી જોઈએ.

(૨) ભાષાસમિતિ—બીજાને દુઃખ થાય, વેર બંધાય, પોતાને કર્મ બંધાય તેવું ન બોલે. કૂથલી, નિંદા ન કરે. બને ત્યાં સુધી બોલવું જ નહીં એ મુખ્ય છે. બોલવું જ પડે તો દોષ ન લાગે તેમ હિત મિત પ્રિય વિચારીને બોલે.

(૩) એષણાસમિતિ — આહાર-પાણી સંબંધી પાપ ન લાગે તેમ વર્તે. ખાંડવું, દળવું, પાણી ભરવું, ચૂલો સળગાવવો, ઝાડું કાઢવું વગેરે પાપપ્રવૃત્તિ આહાર નિમિત્તે

---

૧ સમિતિ સંબંધી પત્ર — શ્રીમદ્ રાજચંદ્ર ક્રમાંક ૭૬૭

થાય છે, તેમાં દયા કાળજી રાખે તો ત્રસ જીવ બચે. તે માટે ઇંધન ખંખેરી વાપરે વગેરે.

(૪) આદાનનિક્ષેપણ સમિતિ — વસ્તુ જોઈને મૂકવી લેવી. કાચના વાસણ સાચવીને મૂકે તેમ લેવા મૂકવામાં ઉપયોગ રાખે.

(૫) ઉત્સર્ગસમિતિ — મળમૂત્રાદિના ત્યાગમાં જીવોની હિંસા ન થાય તેમ સાચવે. કચરો, પાણી વગેરે જીવ ન મરે તેમ નાખે, ચાલવાના રસ્તાથી દૂર નાખે.

ગૃહસ્થ અવસ્થામાં જેટલા અંશે સમિતિ પાળી શકાય તેટલા અંશે પણ અસાવધાનીથી એટલે પ્રમાદને લઈને કાળજી ન રાખવાથી પાળી શકતાં નથી, તેટલા અંશે દયા પણ પળતી નથી. માટે ચાલ ધીમી ને ગંભીર રાખવી. બીજાને મોહ ઊપજે તેમ લટકા મટકા કરતાં ન ચાલે. વૈરાગ્ય સહિત ચાલે. પાણી બેવડું ગળાણું કરી કાળજીથી ગાળવું. ગળાણું બીજા વાસણમાં તારવી લેવું અને સંખારો જીવ ન મરે ત્યાં નાખવો. અનાજની અંદર રહેલા સૂક્ષ્મ જંતુ દાણાની અંદર હોય તેની પણ જયણા કરવી. ઘર સ્વચ્છ રાખવાં. સ્વચ્છ ન રાખવાથી ઘણાં જંતુઓ ઉત્પન્ન થાય. કચરો, એંઠવાડ ન રાખવાં. કાષ્ઠ, કોલસા, સંચો વગેરે જોઈ ખંખેરીને સળગાવવાં. તેથી ઘણાં જીવોની રક્ષા થાય તે દ્રવ્ય દયા અને પોતાને પાપ ન બંધાય તે ભાવદયા. પોતાને કે નોકરોને આ નિયમો પાળવાની ટેવ પાડે તો પછી અઘરું નથી. વિવેકી હોય તે યત્નાથી વર્તે.

## શિક્ષાપાઠ ૨૮. રાત્રિભોજન

અહિંસાદિ પાંચ મહાવ્રત જેવું રાત્રિભોજન ત્યાગવ્રત છે. પાંચ મહાવ્રતમાં જેમ લાભ છે તેમ રાત્રિભોજન ત્યાગવ્રતમાં પણ લાભ છે. તેથી મહાન ફળ મળે છે, તે વિષે પ્રીતિંકરશેઠની કથા 'પ્રવેશિકા'માં આપી છે. ચાર પ્રકારના આહાર :– (૧) અશન — રોટલા, ભાત, પકવાન્ન વગેરે, (૨) પાન — પાણી વગેરે, (૩) ખાઇમં — ફળ, મેવો વગેરે, (૪) સાઇમં — પાનસોપારી, એલચી, લવીંગ વગેરે. એ ચારે પ્રકારના આહાર રાત્રે અભક્ષ્યરૂપ છે.

પ્રશ્ન — રાત્રિભોજન અભક્ષ્ય શાથી છે?

ઉત્તર — જે જાતિનો આહાર હોય તે જ જાતિના તમસ્કાય નામના જીવો તેમાં રાત્રે ઉત્પન્ન થાય છે. પાણીમાં પાણી જેવા, દૂધમાં દૂધ જેવા, ભાતમાં ભાતના રંગ જેવા વગેરે. જે રંગનો આહાર, તેવા જ રંગના જીવ હોય તેથી દેખાય નહીં. રાત્રે અગ્નિ સળગાવે તેના તાપથી જીવો હણાય. જીવ ખાવામાં આવે તો તે રોગનાં કારણ થઈ પડે. દ્રવ્યે અને ભાવે હિંસાનું કારણ છે. તેથી રાત્રિભોજન અભક્ષ્ય છે.

પુરાણમાં પણ રાત્રિભોજનનો નિષેધ છે :–

**"अस्तंगते दिवानाथे आपो रुधिरमुच्यते ।**
**अन्नं मांससमं प्रोक्तं मार्कण्डेयमहर्षिणा ॥"**

"સૂર્ય આથમ્યા પછી પાણી લોહી જેવું કહેવાય છે અને અન્ન માંસ જેવું કહેવાય છે." એમ માર્કંડેય મહર્ષિ કહે છે.

**"न द्रुह्येत सर्वभूतानि निर्द्वन्द्वो निर्भयो भवेत् ।**
**न नक्तं चैवमश्नियाद् रात्रौ ध्यान परो भवेत् ।।"**

—कूर्मपुराण (अ. २७)

"રાત્રે જમવાથી જીવોનો દ્રોહ થાય છે, હિંસા થાય છે. રાત્રે ખાવું નહીં, રાત્રે પીવું નહીં, રાત્રે ધ્યાન કરવું. ધ્યાન કરવા માટે રાત્રી છે." એમ કૂર્મપુરાણમાં કહ્યું છે. એમ પુરાણોમાં અનેક ઠેકાણે નિષેધ છે છતાં પરંપરા રૂઢિથી રાત્રિભોજન પેસી ગયું છે.

**"हृन्नाभिपद्मसंकोचश्चण्डरोचिरपायतः ।**
**अतो नक्तं न भोक्तव्यं सूक्ष्मजीवादनादपि ।।"**

આયુર્વેદમાં કહ્યું છે કે "સૂર્યના અસ્ત પછી હૃદય-કમળ અને નાભિકમળ એ બન્ને સંકોચાઈ જાય છે તેથી, અને સૂક્ષ્મ જીવોનું પણ ભોજનની સાથે ભક્ષણ થતું હોવાથી રાત્રિભોજન કરવું નહીં." એ જ શ્લોકનો અર્થ કૃપાળુદેવે અહીં મૂક્યો છે.

ભોજનમાં જૂ આવે તો જલંદર થાય, કરોળિયો આવે તો કોઢ થાય, કીડી આવે તો બુદ્ધિ હણાય, માખી આવે તો વમન થાય, ઝેરી પ્રાણી આવે તો અકાળ મૃત્યુ થાય. જૂ વગેરેમાં એવા પ્રકારનું ઝેર છે તેથી એવા રોગનું કારણ થાય છે.

રાત્રે જમે તો ભક્તિ, ધ્યાન વગેરે ન બને. ધ્યાનને માટે દિવસે વખત ન મળે. દિવસની ધમાલમાં ધ્યાન ન થાય. શાંતિ રાત્રે મળે ત્યારે બને તેટલો વખત ધ્યાન કરે. રાત્રે જમે તો ધ્યાન થાય નહીં. પશુ પંખી પણ મોટે ભાગે રાત્રે ખાતાં નથી. રાત્રિભોજન ત્યાગ કરનારે સૂર્યોદય

પછી અને સૂર્યાસ્ત પહેલાં બે ઘડી એટલે ૪૮ મિનિટ છોડી દઈને આહાર કરવો, જેથી વ્રતભંગ થવાનો સંભવ રહે નહીં.

---

## શિક્ષાપાઠ ૨૯. સર્વ જીવની રક્ષા, ભાગ ૧

શિક્ષાપાઠ બીજામાં દયા વિષે કહ્યું હતું, એ જ વાત અહીં ફરી વિસ્તારથી કહે છે. અહિંસા – દયા જેવો એકે ધર્મ નથી.' **अहिंसा परमो धर्मः**' એ સૂત્ર સર્વમાન્ય છે. તે વિષે સૂયગડાંગસૂત્રમાં એક દૃષ્ટાંત આપ્યું છે. જુદા જુદા ધર્મના આચાર્ય મળ્યા છે. તેમાં ઘણા યજ્ઞાદિ હિંસાનો પક્ષ કરે છે. ત્યાં એક જણ અંગારા ભરેલો કડાયો લઈ આવ્યો અને હાથ ધરવા કહ્યું. તે પર કડાયો મૂકવા જતાં બધાએ હાથ પાછા ખેંચી લીધા. ત્યારે તેણે પૂછ્યું; 'કેમ ?' તો કહે, 'દુઃખ થાય.' ત્યારે તેણે કહ્યું, 'તો પછી બીજા જીવોને મારો છો, યજ્ઞમાં હોમો છો તેમને દુઃખ નહીં થતું હોય ? તમને દઝાવાય તેથી હાથ ખેંચી લો છો તો હવે બીજા જીવોને દુઃખ થાય એવો ઉપદેશ કરતા અટકજો.' એમ પોતા પર વાત આવે ત્યારે સમજે.

અનાર્ય ધર્મવાળા માત્ર મનુષ્યની દયા સમજે, તેથી અમુક લોકો પશુને બચાવવા પાંજરાપોળ કરે, કીડી વગેરે પ્રાણીને બચાવે તેને જોઈ હસે. તેઓ ઝનૂની એટલે ક્રૂર અને મદાંધ એટલે બળનું અભિમાન કરનાર હોવાથી જીવોને મારતાં વિચાર ન કરે. બીજા જીવો મરી જાય તો તેમને કંઈ લાગણી ન થાય. તેઓ દયાનું લેશ સ્વરૂપ પણ જાણતા નથી. જ્ઞાનીના બોધરૂપ પ્રકાશને આધારે ખુલ્લા હૃદયથી

વિચારે, આગ્રહ એટલે સ્વાર્થના વિચારો દૂર કરી જીવોના પક્ષથી વિચારે તો સમજાય કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુને હણવામાં પણ મહા પાપ છે. જેવો મને મારો આત્મા પ્રિય છે તેવો દરેકને તેનો આત્મા પ્રિય છે. હું મારા વ્યસન ખાતર એટલે શિકાર, માંસભક્ષણ વગેરે ટેવ ખાતર અને લાભ ખાતર એટલે પીંછાં વગેરેના વ્યાપાર ખાતર અસંખ્યાતા જીવોને બેધડક હણું છું, એ મને અનંત દુઃખનું એટલે નરકાદિ ગતિનું કારણ થઈ પડશે, એવો વિચાર જ તેમને આવતો નથી. તેઓમાં એવી સાચી બુદ્ધિનું બીજ પણ નથી.

એવી સાચી બુદ્ધિનું બીજ જ્ઞાની પુરુષના બોધથી આવે છે. જૈન વિશેષ ભાગ્યશાળી છે કે કંદમૂળ, કૂંળી કૂંપળો, દૂધ નીકળે એવાં ઝાડપાન એ બધા અનંતકાયવાળાં હોવાથી તેને ત્યાગે છે. પુષ્પપાંખડી જ્યાં દૂભાય ત્યાં પાપ છે એ ખરું તત્ત્વ જૈન સમજે છે. એથી પુણ્ય બંધાય છે તે બધું મહાવીરના તત્ત્વબોધને આભારી છે. યોગબળ એટલે એમના વચન–સમાગમના યોગથી આપણને બળ મળે છે. ધન, સ્ત્રી, પુત્ર આદિ પામવા કંઈ દુર્લભ નથી; પરંતુ ખરું ધર્મતત્ત્વ, તેની શ્રદ્ધા કે તેનો થોડો અંશ પણ પામવો મહા દુર્લભ છે. અંશ એટલે શ્રદ્ધા થવાના કારણોરૂપ બોધના બીજમાંથી એકાદ બીજ પામવું પણ દુર્લભ છે. સાચા પુરુષની આજ્ઞા ઉપાસવાથી જીવ-અજીવનું જ્ઞાન થઈ સમકિત થાય છે. થોડી શ્રદ્ધા હોય, પણ સવળે ચાલે તો પાર પામે. ભગવાને દયા ઉપદેશી તે પ્રમાણે માનવું તે શ્રદ્ધા અને તે પ્રમાણે વર્તાય તો જીવને મોક્ષ સુધી લઈ

જાય, આમ દયાનું સત્પરિણામ છે. વળી આપણો કુળધર્મ પણ તે છે. તેને સત્ય રીતે પાળવો. ભગવાનનાં વચનો લક્ષમાં રાખવાં કે, સર્વ જીવની રક્ષા કરવી તેમાં પોતાની રક્ષા પણ આવી જાય છે. પાપ કરે તો પોતાને જ ભોગવવું પડે. બીજાને પણ એ વાત અંતરમાં ઠસી જાય એવી યુક્તિ અને દૃષ્ટાંત દ્વારા યોજના કરીને બોધ આપવો.

## શિક્ષાપાઠ ૩૦. સર્વ જીવની રક્ષા, ભાગ ૨

અધિરાજા = જેના હાથ નીચે બીજા રાજા હોય તે, રાજાધિરાજ. માંસલુબ્ધ = માંસમાં ગૃદ્ધિવાળા. સામંતો = રાજાના સગાઓને જાગીર આપી હોય તે. રાજસભામાં બેસે, સામાનિક જેવા હોય. સસ્તાઈ = અધિકતા હોવાથી ઓછી કિંમતે ઘણું મળે. જેને જે વસ્તુ પ્રિય હોય તેની તે વાત કરે, તેમ માંસલુબ્ધ સામંતોએ કહ્યું કે હમણાં માંસની વિશેષ સસ્તાઈ છે. કર્તવ્ય માટે....અભયકુમાર ગયા = બોધ દેવાના કર્તવ્ય માટે અભયકુમાર તે સામંતોને ઘેર ગયા. સવા ટાંકભાર = સવા પૈસાભાર. રાજાને પ્રિયમાન્ય છો = રાજાના પ્રિયજનોમાં માન્ય છો, રાજાના વિશેષ માનીતા છો.

રાજાધિરાજ શ્રેણિક સભા ભરીને બેઠો હતો માંસમાં ગૃદ્ધિવાળા રાજાના સામંતો વગેરે સભામાં બેસનારા હતા તે બોલ્યા કે હમણાં માંસની અધિકતા હોવાથી સસ્તું મળે છે. તેમને બોધ દેવાના કર્તવ્ય માટે અભયકુમાર તેઓને ઘેર ગયા અને કહ્યું કે તમે રાજાના પ્રિયજનોમાં

અધિક માન્ય છો તો સવા પૈસાભાર તમારા કાળજાનું માંસ રાજાના ઇલાજ માટે જોઈએ છે તે આપો. પણ કોઈએ માંસ ન આપતાં ઘણું ધન આપ્યું.

બીજે દિવસે સામંતોએ સભામાં આવતાં વિચાર્યું કે કોઈએ માંસ આપ્યું હશે ને રાજા સાજા થઈને આવ્યા હશે, કારણ અભયકુમાર તો અસત્ય ન કહે. પછી અભયકુમારે તેનો ખુલાસો કર્યો કે તમને અહિંસાનો બોધ–શિખામણ મળે તે માટે એમ કર્યું હતું. ધનનો ઢગલો બતાવી અભયકુમારે કહ્યું કે એ સવા ટાંકભાર માંસ સસ્તું કે મોઘું ? સામંતોને કાળજાનું માંસ આપવાની વાત સાંભળતાં જ પ્રત્યક્ષ ભય થયો હતો તેથી સમજી ગયા.

એ બિચારા પ્રાણીઓનું ચાલે તો કહે કે અમારા શીંગડાં જોઈએ તો લઈ જાઓ પણ અમને જીવતા રહેવા દો. પણ અવાચક છે તેથી બોલી શકતાં નથી. તેમને મોતનું દુઃખ આપીએ એ પાપનું કેવું પ્રબળ કારણ છે ! તે સાંભળી સામંતોએ 'માંસ ન ખાવું' એવી પ્રતિજ્ઞા કરી. કારણ કે માંસ જીવોથી ભરેલું હોવાથી અભક્ષ્ય છે, ગંધાય છે, મડદારૂપ હોવાથી અપવિત્ર છે અને કોઈ બીજા જીવને માર્યા વિના તે પ્રાપ્ત થતું નથી તેથી હિંસાનું કારણ હોવાથી તે મોટો અધર્મ છે.

અભયકુમારે પ્રાણીઓને અભયદાન આપવા વિષે ભાષણ કર્યું તેથી સામંતોએ માંસ–ત્યાગમાં લક્ષ આપ્યું, જે તેમને પોતાને આત્માના પરમ સુખનું કારણ થયું. પ્રતિજ્ઞા કરવાથી ભવિષ્યમાં મોક્ષનું કારણ થાય છે.

## શિક્ષાપાઠ ૩૧. પ્રત્યાખ્યાન

સંસ્કૃતમાં 'પ્રત્યાખ્યાન' શબ્દ છે, 'પચ્ચખાણ' એ માગધી ભાષાનો શબ્દ છે. ખાવું કે ભોગવવું નહીં, એટલું જ નહીં પણ એ ભણી ચિત્ત જ ન કરવું તે પ્રત્યાખ્યાન છે. આત્માને અહિતકારી વસ્તુને ત્યાગે તે પ્રત્યાખ્યાન. એ વૃત્તિને રોકવાની કસરત છે. એમ કરતાં કરતાં વૃત્તિ રોકાય છે. ચૌદ પૂર્વમાં એક પ્રત્યાખ્યાન નામનું પૂર્વ છે. તેમાં પ્રત્યાખ્યાનના ભેદ, તેના અતિચાર, તેના પ્રાયશ્ચિત્ત એટલે લાગેલા દોષોનું નિવારણ વગેરેનું કથન છે. પ્રત્યાખ્યાન કરવાનો હેતુ, બીજે વૃત્તિ ન જાય તેથી મહા ઉત્તમ છે. વળી એનો હેતુ બહુ વિચાર કરે તો સમજાય એવો સૂક્ષ્મ છે. વિચાર કરે તો સમજાય કે જે બધી ક્રિયાઓ કહી છે તે અસંગ થઈ આત્મા ભણી વળવા માટે કહી છે. પ્રત્યાખ્યાન ન કરે તો વૃત્તિ તેમાં જાય તેથી સંવર ન થાય. કારણ કે તત્ત્વરૂપે એટલે ઇચ્છા પાપરૂપ છે એમ ઇચ્છાનું યથાર્થ સ્વરૂપ સમજીને ત્યાગ ન કર્યો. ઇચ્છા – મન – વૃત્તિ થાય તેથી કર્મ બંધાય. વિકલ્પ થાય ત્યાં જ કર્મ બંધાય છે. પ્રત્યાખ્યાન હોય તો વિકલ્પો થાય નહીં. વસ્તુને સમજીને તે વસ્તુનો ભાવ ન રોકે તો ઇચ્છાનું રુંધન કર્યું ન કહેવાય. પ્રત્યાખ્યાન ન કર્યું હોય ત્યાં સુધી કર્મ આવ્યા જ કરે.

નિયમ કર્યો હોય અને ભૂલથી – યાદ ન રહેવાથી તેમાં દોષ લાગે તો તે દોષને ટાળવા મહાત્માઓએ પ્રાયશ્ચિત્ત કહ્યાં છે. જે આચાર્ય પ્રાયશ્ચિત્તશાસ્ત્ર ભણ્યા હોય, તેમની પાસે પ્રાયશ્ચિત્ત લેવાનું હોય છે. છતાં

સામાન્ય નિયમ તો એમ છે કે ઉપવાસ ભાંગ્યો હોય તો બીજો ઉપવાસ કરે, એકાસણાના બદલામાં એકાસણું કરે. બાકી તો પ્રાયશ્ચિત્તના ઘણા ભેદ ગુરુઆજ્ઞાનુસાર ગ્રહણ કરાય છે.

પ્રત્યાખ્યાન કરવાથી બીજો લાભ એ છે કે થોડી વસ્તુઓમાં જ આપણું મન જાય છે, તેથી મન અવકાશવાળું થાય છે. મનનો બોજો ઓછો થાય છે તેથી ધર્મ સંબંધી સૂક્ષ્મ વિચાર પણ કરી શકે અને અશુભ વિચાર રોકાય છે તેથી મન ધર્મ સંબંધી શુભ વિચાર કરી શકે. એ રીતે ધર્મધ્યાનમાં રોકાવાથી મન પવિત્ર અને વિચારશીલ બને છે. મન ઉપર આત્માનો કાબૂ આવે તેથી ધારેલું કામ કરાવી શકાય. મન કાબૂમાં ન હોય તો સ્વચ્છંદે ભટકે. પાછું વાળે તો પણ વળે જ નહીં. મન હરાયા ઢોરની માફક જ્યાં-ત્યાં પેસી જાય છે. તે નિયમરૂપી લગામમાં બંધાય તો વશ થાય. પ્રત્યાખ્યાનરૂપી લગામ છે તેથી મન વશ થાય છે. પછી અશ્વની જેમ ધારેલે રસ્તે લઈ જવાય છે. શુભ વિચારમાં વારંવાર રહેવાથી મન એકાગ્ર, વિચારશીલ અને વિવેકી થાય છે. વિવેકી એટલે હિતાહિતનો વિચાર કરનાર. મન આનંદમાં રહે તો શરીર પણ નીરોગી થાય. આનંદમાં ગમે તેટલો પરિશ્રમ કરે તોપણ થાકે નહીં. ઇચ્છાઓ છે તે ખરી રીતે રોગ છે.

"કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ."

આત્માર્થ સિવાય બીજી ઇચ્છા હોય નહીં, તેથી આત્માર્થે પોષાય ત્યાં મનને આનંદ થાય. અભક્ષ્ય,

અનંતકાય, પરસ્ત્રી આદિના નિયમ પાળવાથી આત્માને તો લાભ થાય જ છે અને તેથી શરીર પણ નીરોગી રહે છે. [1]માર્દવ પદાર્થો મનને અવળે રસ્તે દોરે છે. માર્દવ પદાર્થો એટલે સુંવાળા પદાર્થો, સારા સારા કિંમતી પદાર્થો, શાતાશીલિયું જીવન. ઇંદ્રિયો, મન જેને ઇચ્છે એવા મનોહર મોહક વિલાસના પદાર્થો—સુંવાળા કપડાં, સ્વાદિષ્ટ ભોજન, કોમળ શય્યા વગેરે—ઘડી ઘડી મનને તે તરફ લઈ જાય છે, મનને અવળે રસ્તે દોરે છે. પ્રત્યાખ્યાન કરવાથી મન પાછું વળે તેથી તે વિમળ થાય છે એટલે મોહના વિચારો રોકાય તેથી મન નિર્મળ થાય છે. તત્ત્વ જાણે તો ખરી રીતે મન વશ થાય છે. "જ્ઞાને બાંધ્યું મન રહે." પ્રત્યાખ્યાન તેમાં મદદરૂપ છે.

ત્યાગમાં સંકલ્પ હોય છે કે મારે આ પાપ નથી કરવું. સંકલ્પ કર્યા વગર લાભ નથી. કોઈ રાત્રે ભોજન ન કરતો હોય તોય પચ્ચખાણ ન હોય તો લાભ ન થાય. શ્રેણિકે ભીલના ભવમાં મહાપુરુષની આજ્ઞાથી ઇચ્છા રોકી તો ફરીથી અનાથીમુનિ મળ્યા અને ત્યાં સમકિત પામ્યા. પછી ભગવાન મળ્યા ત્યારે ક્ષાયિક સમકિત પામ્યા અને તીર્થંકરગોત્ર બાંધ્યું અને આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર થઈ ઘણા જીવોને તારી મોક્ષે

---

૧ જૂની આવૃત્તિઓમાં 'માદક'ને બદલે 'માર્દવ' શબ્દ છે, તેને અનુસરીને આ અર્થ કરેલો છે. માદક પદાર્થોનો સામાન્ય અર્થ નશીલી વસ્તુઓ થાય છે અને એનો બીજો અર્થ આત્માને મદ એટલે મોહ ઉત્પન્ન કરાવે એવા પદાર્થો એમ પણ કરી શકાય છે, તેથી અહીં 'માર્દવ' શબ્દનો કરેલ અર્થ પણ બેસી શકે છે.

જશે. ઇચ્છા રોકાય એ જ સંવર છે. એ બધા તપના પ્રકાર છે. સમજીને પચ્ચખાણ કર્યું હોય તો એનું મન પણ એ ત્યાગ કરેલી વસ્તુમાં ન જાય. આ ભવમાં મારે આ પાપ નથી જ કરવું, એમ જેણે સંકલ્પ કર્યો હોય તેને એની વાત કરે તોય ન ગમે. કોઈ માંસ ન ખાતું હોય તેને માંસની વાત પણ સાંભળવી ન ગમે. સાત વ્યસનનો ત્યાગ એ તો બહુ મુખ્ય વસ્તુ છે. ચોરી વગેરે બધા વ્યસન નુકસાન કરનારાં છે. તેનાં પચ્ચખાણ કરવા યોગ્ય છે.

---

## શિક્ષાપાઠ ૩૨. વિનયવડે તત્ત્વની સિદ્ધિ છે.

ગુરુનો વિનય કરે તેથી શાસ્ત્રાભ્યાસ થાય, જ્ઞાન થાય, તેથી વિરતિ આવે, તેથી ચારિત્રમોહ ટળે, ત્યારે કેવળજ્ઞાન પામી મોક્ષે જાય. એમ વિનયથી તત્ત્વની એટલે શુદ્ધાત્માની સિદ્ધિ અથવા મોક્ષ થાય છે.

ચંડાળની સ્ત્રીને કેરી ખાવાનો દોહદ થયો. રાજાની રાણીના બાગમાં વાળવા જાય ત્યાં આંબો દીઠો હશે. ત્યાંથી રોજ એક એક કેરી મગાવે તે ચંડાળ લઈ આવે. કેરીઓની ચોરી કરનારની તપાસ કરવા શ્રેણિકે અભય-કુમારને આજ્ઞા કરી. અભયકુમારે યુક્તિથી તે ચંડાળને શોધી કાઢ્યો.

બાગનો માલિક શ્રેણિક રાજા ક્ષમા કરી શકે પણ વિદ્યા શીખવે તો ક્ષમા કરે. સિંહાસન ઉપર રાજાને વિદ્યા સાધ્ય ન થઈ. પછી સિંહાસન સામે ઊભા રહ્યા

ત્યારે વિદ્યા સિદ્ધ થઈ. શ્રેણિકની આ કથા બોધ લેવા માટે છે. કથામાંથી બધું ગ્રહણ કરવાનું નથી. વાત ખરી છે કે ખોટી એ જરૂરનું નથી. ઝાડ નમાવવા વગેરેની વિદ્યા માટે પ્રયોજન નથી. પરંતુ આત્મવિદ્યા પામવા નિર્ગ્રંથ ગુરુનો વિનય કરીએ તો કેવું મંગળદાયક થાય? વિ+નય=કર્મને વિશેષપણે દૂર કરવાં તે વિનય. ગુરુનો વિનય કરે, બીજાને માન આપે તેથી કર્મ છૂટે છે. વિનય એ ઉત્તમ વશીકરણ છે. 'વનો વેરીને વશ કરે' એમ પ્રભુશ્રીજી કહેતા.

"એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય."

વિનય મૂળ કારણ છે અને વિવેક એટલે આત્મજ્ઞાન એ તેનું કાર્ય અથવા ફળ છે.

ગુરુનો આત્મપ્રત્યયી ઉપકાર છે તે અપેક્ષાએ પહેલા ગુરુનો વિનય કરવાનું કહ્યું. મુનિનો ચારિત્રની અપેક્ષાએ, વિદ્વાનનો જ્ઞાનની અપેક્ષાએ, માતાપિતાનો મનુષ્યજન્મ પામવામાં અને સંસારપ્રત્યયી ઉપકારની અપેક્ષાએ, બીજા મોટા કાકા, દાદા વગેરે મોટાનો વયની અપેક્ષાએ- એમ બધાનો યથાયોગ્ય વિનય કરવો એ આત્માને ઉત્તમ થવાનું કારણ છે. જીવ અનાદિકાળથી રખડ્યો છે, તેનું કારણ માન છે. વિનય કરે તો માન ઓછું થાય.

---

## શિક્ષાપાઠ ૩૩. સુદર્શન શેઠ

સુદર્શન નામના એક મહાપુરુષની આ કથા છે. એના નામ પ્રમાણે એનામાં ગુણ હતા. મહાવીરસ્વામી

કરતાં પણ વધારે પ્રાચીન કાળની આ કથા છે. તે વખતમાં અનેક પત્ની કરવામાં દોષ ન હતો છતાં સુદર્શનશેઠ શુદ્ધ એકપત્નીવ્રતવાળો હતો, માટે એ એનો મોટો ગુણ હતો. સુદર્શન ધર્માત્મા હતો તેથી રાણીને પણ ઉપદેશ આપ્યો. માયાકથન એટલે જૂઠી વાતો ગોઠવીને પછી રાણીએ રાજાને કહ્યું. રાજા કાનના કાચા = જે સાંભળે તેની તપાસ કર્યા વિના માની બેસે. તપાવેલા તેલમાં ટાઢા જળથી ભડકો થાય તેમ રાજા એકદમ ક્રોધાયમાન થયા અને સુદર્શનને શૂળીની શિક્ષા ફરમાવી. સૃષ્ટિના દિવ્ય ભંડારમાં અજવાળું છે = સાચી વાત અંતે પ્રકાશ પામે છે.

સુદર્શનની મૂળ વાત—કપિલાના ધણીને અને સુદર્શનને ભાઈબંધી હતી. તેઓ બન્ને ધર્માત્મા હોઈ એક દિવસ ધર્મકથા કરતાં મોડું થયું, તેથી કપિલાનો ધણી ઘરે મોડો આવ્યો. ત્યારે કપિલાએ તેનું કારણ પૂછતાં તેણે સુદર્શનનાં વખાણ કર્યાં. કપિલાએ સુદર્શનને ભ્રષ્ટ કરવા પોતાનો ધણી માંદો હોવાનું કહી તેને બોલાવ્યો અને લોભાવ્યો, પણ તે ચળ્યો નહીં તેથી તે વાત કપિલાએ અભયા રાણીને કહી. રાણીએ રસ્તે જતાં સુદર્શનને બોલાવ્યો. રાણી પાસે પણ તે ચળ્યો નહીં. એકવાર રાણીએ તેના પુત્રો જોયા. પછી સ્મશાને કાયોત્સર્ગમાં રહેલા સુદર્શનને એક ચૌદશે ઊંચકી મંગાવ્યો છતાં ન માન્યો, ત્યારે રાજાને કહી શૂળીએ ચઢાવરાવ્યો. ત્યાં શૂળીનું સિંહાસન થયું. પછી રાજાએ અભયાને અને કપિલાને નાક કાન કાપી કાઢી મૂક્યાં. તેઓ પટના આવી રહ્યાં

અને બનાવટી નાક કાન પહેરતા હતાં. સુદર્શન મુનિ થયા. તેઓ વિહાર કરતા કેટલેક કાળે પટના પધાર્યા. લોકો તેમનો ઉપદેશ સાંભળી આનંદ પામ્યા, પણ અભયાએ અને કપિલાએ રોષ પામી કાવતરું કરી સ્મશાનમાં તે મુનિને બાળી મૂક્યાં. એ પરિષહ સહી સુદર્શન મોક્ષે ગયા. અનેક સંકટ રાણીએ અને કપિલાએ આપ્યાં છતાં અડોલ રહી મોક્ષે ગયા. સુદર્શન અને સ્થૂલિભદ્ર એ બન્નેનાં સમાધિસ્થાન પટનામાં આવેલા છે.

"સુદર્શન શેઠ પુરુષધર્મમાં હતા, તથાપિ રાણીના સમાગમમાં તે અવિકળ હતા. અત્યંત આત્મબળે કામ ઉપશમાવવાથી કામેંદ્રિયને વિષે અજાગૃતપણું જ સંભવે છે; અને તે વખતે રાણીએ કદાપિ તેના દેહનો પરિચય કરવા ઇચ્છા કરી હોત તોપણ કામની જાગૃતિ શ્રી સુદર્શનમાં જોવામાં આવત નહીં; એમ અમને લાગે છે."

—શ્રીમદ્ રાજચંદ્ર (૪૮૮)

## શિક્ષાપાઠ ૩૪. બ્રહ્મચર્ય વિષે સુભાષિત*

બ્રહ્મચર્ય એટલે આત્મામાં ચર્યા. આત્માને ઓળખી તેમાં રમણતા કરવી તે બ્રહ્મચર્ય. બૃહ્ ધાતુ ઉપરથી બ્રહ્મ શબ્દ થયો છે. મોટામાં મોટો તે બ્રહ્મ – આત્મા – કેવળ-જ્ઞાનસ્વરૂપ. તેમાં ચર્યા એટલે રમણ કરવું. બ્રહ્મચર્યનો સામાન્ય અર્થ એવો છે કે મૈથુન ન સેવવું. સુભાષિત

* આ પદ્યનો અર્થ "નિત્યનિયમાદિ પાઠ"માં પૂ. પ્રભુશ્રીજીના બોધના આધારે લીધેલ છે તેમજ ઉપદેશામૃતમાં પણ પૃષ્ઠ ૨૪૩-૨૪૪ પર છપાયેલ છે તે વિચારવા યોગ્ય છે.

એટલે સારી ભાષામાં કહેલું કાવ્ય, સારા વચનો. બ્રહ્મચર્ય સુંદર છે એમ દર્શાવવા તેમાં રુચિ થાય એવું પદ.

(૧) નિરીક્ષ ઉપરથી 'નીરખી' શબ્દ થયો છે. યુવાન સ્ત્રીને નિહાળતાં – જોતાં તે લેશ પણ વિષયવિકારનું નિદાન એટલે કારણ ન થાય, તેને કાષ્ઠની પૂતળી જેવી માને, તેમાં ઇચ્છા ન કરે, સ્પર્શ-ઇન્દ્રિયને વશ ન થાય; એવો જેને અભ્યાસ હોય તે ભગવાન જેવા છે.

(૨) પ્રશ્ન—પાંચ ઇંદ્રિયના વિષયમાંથી એક સ્પર્શ-વિષયને જીત્યો તેમાં ભગવાન કેમ કહ્યા ?

ઉત્તર—આખા સંસારને વશ રાખનાર સ્ત્રી છે. તેને ત્યાગે તો બધું ત્યાગ થાય. મોટા દેવો, લડવૈયા કે રાજા વગેરે મહાન કહેવાતા પણ સ્ત્રીને વશ થઈ જાય છે. જેમ મોહિનીના રૂપમાં બધા દેવો, દાનવો અને શંકર પણ મોહિત થઈ ગયા હતા તેમ. જ્યારે દેવદાનવોએ મળી સમુદ્રમંથન કર્યું ત્યારે છેલ્લે તેમાંથી અમૃત નીકળ્યું ત્યારે તે લેવા તેઓ પરસ્પર લડી પડ્યા. પછી વિષ્ણુ મોહિની નામની અતિ સુંદર સ્ત્રીનું રૂપ લઈને આવ્યા એટલે બધા લડવાનું મૂકી તેને વશ થઈ ગયા. અને તેનામાં વિશ્વાસ મૂકી અમૃત વહેંચી આપવાનું કામ તેને સોંપ્યું. મોહિનીએ દાનવોને મોહમાં નાખી બધું અમૃત દેવોને આપી દીધું. એવી વૈષ્ણવમાં પૌરાણિક કથા છે. સંસાર શોકસ્વરૂપ છે, તે સ્ત્રીને લઈને ઊભો થાય છે. સ્ત્રીને ત્યાગતાં આખો સંસાર શોકસ્વરૂપ જણાય છે, તેથી ત્યાગ કરી શકાય છે.

(૩) એક સ્ત્રીની ઇચ્છા અથવા વિષયભોગની ઇચ્છા જીતતાં આખો સંસાર જિતાય છે. જેમકે રાજગૃહીમાં એક કઠિયારાએ દીક્ષા લીધી. તેને લોકો કઠિયારામુનિ કહે તેથી આચાર્યે અભયકુમારને કહ્યું કે અમારે વિહાર કરવો છે. અભયકુમાર કહે; 'હું લોકોને સમજાવીશ'. પછી હજાર હજાર રત્નની ત્રણ ઢગલીઓ ભેટ આપવાની છે એમ કહી આખું શહેર એકઠું કર્યું. જે અગ્નિ પેટાવે નહીં, સ્ત્રીને ત્યાગે અને કાચું પાણી ત્યાગે તેને આ ત્રણ ઢગલા આપવાના છે એમ કહ્યું. પણ તે માટે કોઈ આગળ ન આવ્યું. ત્યારે અભયકુમારે લોકોને કહ્યું કે આ મુનિ એ ત્રણે મુશ્કેલ વસ્તુ પાળે છે, માટે તેમની હેલના કરશો તો પાપ લાગશે. પછી બધા 'કઠિયારો' કહેવાનું ભૂલી ગયા. જેમ રાજાને જીતતાં લશ્કર, શહેર, અધિકાર વગેરે બધું જિતાય, તેમ વિષયભોગની ઇચ્છા જીતતાં આખો સંસાર જિતાય છે.

(૪) વિષયના લેશ અંકુર એટલે થોડા પરિણામથી પણ જ્ઞાનધ્યાનમાં વૃત્તિ રહેતી નથી, જેમ થોડા મદિરા-પાનથી અજ્ઞાની જીવને છાક = મદ ચઢે છે તેમ. અજ્ઞાન = અજ્ઞાની. ભાન વગરના અજ્ઞાની જીવ જ દારૂ પીએ. જેને દારૂ પ્રત્યે મોહ હોય તે જ પીએ, તેથી છાક ચઢે. ન પીનારને તે દૂરથી જ ગંધાય તેથી પી શકે પણ નહીં.

(૫) વસતિ, કથા, આસન, ઇંદ્રિયનિરીક્ષણ, કુડ્યાંતર, પૂર્વક્રીડા, પ્રણીત (ઘી, દૂધ), અતિમાત્રા આહાર અને ભૂષા એ નવવાડથી વિશુદ્ધ, સુખદાયક એવા બ્રહ્મચર્યવ્રતને જે ધારણ કરે છે અને મન વચન કાયાથી જે પાળે છે તેના

ભવ પછી ભવ એટલે થોડા રહે છે. આ તત્ત્વ વચન એટલે યથાર્થ વચન છે. માત્ર ઉપદેશ માટે કહ્યું છે એમ નથી.

(૬) સત્સંગ જેવી ઉત્તમ વસ્તુને નિષ્ફળ કરનાર વિકારભાવ છે. મનને વિકારી ન થવા દે, વિકાર થાય એવું વચન ન બોલે, કાયાથી ભંગ ન કરે. એમ નિર્વિકાર મન, વાણી અને દેહથી સુંદર બ્રહ્મચર્ય અથવા શિયળ નામના કલ્પવૃક્ષને જે નરનારીઓ સેવશે તે અનુપમ સ્વર્ગમોક્ષરૂપ ફળને પામશે.

(૭) સિંહણનું દૂધ સોનાના વાસણમાં રહે તેમ બ્રહ્મચર્યરૂપી પાત્રતા હોય તો આત્મજ્ઞાન રહે. માટે હે બુદ્ધિમાનો ! તમે પાત્ર થવા માટે બ્રહ્મચર્યને નિરંતર સેવો.

"સર્વ ચારિત્ર વશીભૂત કરવાને માટે, સર્વ પ્રમાદ ટાળવાને માટે, આત્મામાં અખંડ વૃત્તિ રહેવાને માટે, મોક્ષસંબંધી સર્વ પ્રકારના સાધનના જયને અર્થે 'બ્રહ્મચર્ય' અદ્ભુત અનુપમ સહાયકારી છે, અથવા મૂળભૂત છે."

—શ્રીમદ્ રાજચંદ્ર ( હા. નોં. ૩-૧૯ )

---

## શિક્ષાપાઠ ૩૫. નવકાર મંત્ર

મંત્ર એટલે ગુપ્ત રહસ્ય. ગુપ્ત રીતે કહેવાનો હોય તે. મંત્રનું ફળ આવે તે નવાઈ જેવું હોય, ચમત્કાર થાય. મંત્રી એટલે રહસ્યની સલાહ આપે તે.

અરિહંત— કર્મરૂપી શત્રુને જેણે હણ્યા છે, ચાર ઘાતી કર્મ જેણે ક્ષય કર્યાં છે. દિગંબરમાં "અર્હંત" શબ્દ વપરાય છે જેનો અર્થ "પૂજવા યોગ્ય" થાય છે. સિદ્ધ—

જેણે આઠે કર્મ ક્ષય કર્યાં છે. આચાર્ય — જે સંયમ પાળે, પળાવે. ઉપાધ્યાય — જે આગમ ભણે, ભણાવે. સાધુ — જે રત્નત્રય આદિ મોક્ષમાર્ગને સાધે. **नमो** = શુદ્ધ માગધીમાં **णमो** છે. તેથી દિગંબરમાં **णमो अर्हंताणं, णमो सिद्धाणं** વગેરે બોલાય છે. **णं** – છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય છે. માગધીમાં ચોથીને બદલે છઠ્ઠી વિભક્તિ આવે છે. **लोए**= લોકમાં. એ શબ્દ અંતદીપક છે, તેથી પાંચેને લાગે. લોકમાં જ્યાં જ્યાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ હોય ત્યાં ત્યાં તે સર્વને નમસ્કાર.

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમીજે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે. ૧
આચારજ ગુણ છત્તીસ, પંચવીસ ઉવજ્ઝાય;
સત્તાવીસ ગુણ સાધુના, જપતાં શિવ સુખ થાય. ૨

એમ ૧૦૮ ગુણ એ નવકારમંત્ર જપતાં સ્મરવાના છે. તે નીચે મુજબ છે :-

અરિહંતના ૧૨ ગુણ :- (૧) અશોક વૃક્ષ, (૨) સુરપુષ્પવૃષ્ટિ, (૩) દિવ્ય-ધ્વનિ, (૪) ચામર (૫) સિંહાસન, (૬) ભામંડલ, (૭) દુંદુભિ, (૮) છત્ર એ આઠ પ્રાતિહાર્ય અને (૧) અપાય - અપગમ - અતિશય, (૨) જ્ઞાન - અતિશય, (૩) પૂજા-અતિશય, (૪) વચન - અતિશય એ ચાર અતિશય મળી અરિહંતના બાર ગુણ થાય છે.

સિદ્ધના ૮ ગુણ :— (૧) અનંતજ્ઞાન (૨) અનંતદર્શન (૩) અવ્યાબાધ સુખ, (૪) અનંત ચારિત્ર, (૫) અક્ષય સ્થિતિ, (૬) અરૂપીપણું, (૭) અગુરુલઘુત્વ, (૮) અનંતવીર્ય એ સિદ્ધના આઠ ગુણ છે. તે અનુક્રમે જ્ઞાનાવરણીય,

દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય એ આઠ કર્મ ક્ષય થવાથી પ્રગટેલા છે.

આચાર્યના ૩૬ ગુણ :– [૫]પાંચ ઇન્દ્રિયનો નિગ્રહ, [૯]બ્રહ્મચર્યની નવ ગુપ્તિ, [૪]ચાર કષાયથી મુક્ત, [૫]પાંચ મહાવ્રત, [૫]જ્ઞાન દર્શન ચારિત્ર તપ વીર્ય એ પંચાચાર પાલન, [૩]ત્રણ ગુપ્તિ અને [૫]પાંચ સમિતિ એમ એકંદર છત્રીશ ગુણ આચાર્યના છે.

ઉપાધ્યાયના ૨૫ ગુણ :— [૧૧]અગિયાર અંગ, [૧૨]બાર ઉપાંગ, [૧]ચરણ સિત્તેરી અને [૧]કરણસિત્તેરી એ બધા મળી પચ્ચીશ ગુણ ઉપાધ્યાયના થાય છે.

સાધુના ૨૭ ગુણ :— [૫]પાંચ મહાવ્રત, [૧]રાત્રિ-ભોજન ત્યાગ, [૫]પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ, [૬]છકાયજીવની રક્ષા, [૧]લોભ ત્યાગ, [૧]ક્ષમા ધારણ, [૧]ચિત્તની નિર્મળતા, [૧]વિશુદ્ધ વસ્ત્રપડિલેહણ, [૧]સંયમયોગમાં પ્રવૃત્તિ (તેમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ધારણ કરે અને નિદ્રા-વિકથા-અવિવેકનો ત્યાગ કરે), [૩]અકુશલ મન–વચન–કાયાનો ત્યાગ, [૧]શીતાદિ પરિષહ સહન કરવા, [૧]મરણાદિ ઉપસર્ગ સહન કરવા; એમ એકંદર સત્તાવીશ ગુણ સાધુના છે.

ઉત્તમપદમાં સ્થિતને પરમેષ્ઠી કહે છે અને એ પાંચ પરમ ગુરુઓ પણ કહેવાય છે. પંચપરમેષ્ઠીમંત્રનું સ્મરણ એ સર્વોત્તમ જગદ્દ્ભૂષણના સત્ય ગુણનું ચિંતવન છે. સહજાત્મસ્વરૂપ એ જ સર્વોત્તમ જગદ્દ્ભૂષણનો સત્ય ગુણ છે. નવકારમંત્ર અનાદિથી ચાલુ છે. કોઈએ નવો કર્યો

છે એમ નથી. અનાદિસિદ્ધ એટલે અનાદિથી બનેલો જ છે. એ પાંચે પાત્રો અનાદિસિદ્ધ છે. તેના જપનારા પણ અનાદિસિદ્ધ છે. તેથી એ જાપ પણ અનાદિસિદ્ધ છે. અનાદિસિદ્ધ પ્રવાહથી છે. કોઈ વખતે ન હોય એમ નથી. એ પંચપરમેષ્ઠીના ગુણ ઉપર કહ્યા તે વિચારવા. એમનું સ્વરૂપ, આત્માનું સ્વરૂપ બધાયનું સહજાત્મસ્વરૂપ છે. એમને શુદ્ધાત્મસ્વરૂપનો અનુભવ થોડો ઘણો પણ સરખો છે.

---

## શિક્ષાપાઠ ૩૬. અનાનુપૂર્વી

પ્રશ્ન— આ કોષ્ટકમાં આડા અવળા પાંચ આંક શું કામ લખ્યા હશે ?

ઉત્તર— મનને રોકવા. મન ફરતું ન રહે તે માટે નવકાર મંત્રના પાંચ પદ લોમ વિલોમ એટલે આડા અવળી, જુદી જુદી રીતે બોલવા માટે કોષ્ટક અથવા કોઠાની રચના સત્પુરુષોએ કરી છે.

મન જ્યાં સુધી એકાગ્ર થતું નથી ત્યાં સુધી આત્મમલિનતા જતી નથી. આત્મમલિનતા = કર્મરજ આવ્યા કરે છે તે રૂપ મલિનતા. પાપના વિચારો મટતા નથી = જે સંકલ્પવિકલ્પ થયા કરે છે તે બધા પાપરૂપ જ છે. મનની એકાગ્રતા માટે બાર પ્રતિજ્ઞા એટલે શ્રાવકનાં બાર વ્રત વગેરે અનેક મહાન સાધનો ભગવાને કહ્યાં છે. વ્રતાદિ લીધા હોય તો તેમાં અતિચાર ન લાગે તે સાચવવા ઉપયોગ રાખવો પડે. મહાયોગની શ્રેણીએ ચઢવા માટે = આત્મામાં સ્થિર થવા માટે. દેશચારિત્ર, સકલ-

ચારિત્ર એ બધા આત્મામાં સ્થિર થવારૂપ યોગ જ છે. એકાગ્રતાથી મન સ્થિર થાય છે.

"એવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ"

મંત્ર, અનાનુપૂર્વી, સામાયિક એ બધામાં નિર્જરા થાય છે, માટે એ બધા વિષયો સાથે લીધા છે. ધર્મ કરતા ધાડ એટલે ધર્મક્રિયા કરતાં બીજા વિકલ્પો કરે તો લૂંટાઈ જાય, પાપ બાંધે. તેમ ન થવા અને એકાગ્રતાનો અભ્યાસ પાડવા સત્પુરુષોએ આ અનાનુપૂર્વીની યોજના કરી છે.

## શિક્ષાપાઠ ૩૭. સામાયિક વિચાર, ભાગ ૧

સામાયિક નામની ક્રિયા છે તે વિષે વિચાર કરે છે. સામાયિક, પૌષધોપવાસ, દેશાવકાશિક અને અતિથિ–સંવિભાગ એ ચાર શિક્ષાવ્રત સાધુપણાની ક્રિયા શીખવા માટે છે. મુનિને જીવનપર્યંત સામાયિકની પ્રતિજ્ઞા હોય છે. ગૃહસ્થ સામાયિકમાં હોય ત્યારે સમભાવમાં રહેવાની ભાવના કરે તેથી મુનિ જેવો હોય. સામાયિકવ્રત આત્મશક્તિનો પ્રકાશ કરનાર છે. તે ક્રોધાદિને દૂર કરી સમ્યક્જ્ઞાનદર્શન પ્રગટ કરાવી સમાધિભાવમાં સ્થાપે છે. તેથી નિર્જરા થાય છે અને આ વ્રત, ન રાગમાં જાય કે ન દ્વેષ કરે, એવી મધ્યસ્થ બુદ્ધિ કરાવનાર છે.

શુદ્ધ સમાધિભાવ = બાહ્ય સમાધિ કરે છે તે અર્થ દૂર કરવા 'શુદ્ધ' શબ્દ વાપર્યો છે. સમ્યક્દર્શન હોય તો શુદ્ધભાવ હોય તે શુદ્ધભાવમાં સ્થિરતા કરવી તે શુદ્ધ સમાધિભાવ

છે. આત્મપરિણામની સ્વસ્થતા તે શુદ્ધ સમાધિ છે. સ્વસ્થતા = આત્મામાં સ્થિર થવું તે.

સમ + આય + ઇક = સામાયિક. સમ = રાગદ્વેષથી રહિત મોક્ષમાર્ગ. આય = લાભ. ઇક = એવો ભાવ. સમભાવથી ઉત્પન્ન થતો જ્ઞાનદર્શનચારિત્રરૂપ મોક્ષમાર્ગનો લાભ થાય એવો ભાવ જેથી ઊપજે તે સામાયિક છે. આર્તધ્યાનમાં હું દુઃખી છું, દુઃખી છું એમ પીડાના વિચાર આવે. તે આર્તધ્યાન ચાર પ્રકારે છે: ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, વેદના અને નિદાન. રૌદ્રધ્યાન પણ ચાર પ્રકારે છે: હિંસા, અસત્ય, ચોરી અને પરિગ્રહ. એ ચાર પ્રકારના પાપના કાર્યો કરવામાં આનંદ માનવો તે રૌદ્રધ્યાન છે.

(૧) ક્રોધાદિને ઉપશમાવે (૨) અવિનય, તિરસ્કાર, કુવચન વગેરે છોડે (૩) મારવું, અયત્નાપૂર્વક હાલચાલ કરવું વગેરે ન કરે; એમ મન, વચન અને કાયાના પાપ-ભાવને રોકીને સામાયિક કરે.

મનના પુદ્ગલ દોરંગી એટલે ચંચળ, ફરતા છે. એક સરખા ન રહે. ઘડીમાં આમ વિચારે ને ઘડીમાં તેથી ઊલટું વિચારે, આકાશ પાતાળના ઘાટ ઘડે. ક્ષેત્રની અપેક્ષાએ ભટકે. સ્વર્ગ નરકના પણ વિકલ્પો કરે. સામાયિકમાં વિશુદ્ધ પરિણામ એટલે શુભ ભાવ, ધર્મધ્યાનમાં રહેવું કહ્યું છે. શુદ્ધના લક્ષે જે શુભ ભાવ છે તે વિશુદ્ધભાવ કહેવાય છે. ભૂલ = એકને બદલે બીજું બોલી નાખે. વિસ્મૃતિ = આગળ શું બોલવું તે યાદ ન આવે. ભૂલમાં તો વિપરીત બોલાય અને વિસ્મૃતિમાં અટકે. ઉન્માદ = વૃત્તિ

કાબૂમાં ન રહે તે ઉન્માદ. સામાયિકમાં છું એ ભૂલીને ચિડાઈ જાય વગેરે. સામાયિકના ૩૨ દોષો જાણ્યા હોય તો તે થતા અટકે.

**મનના ૧૦ દોષ :—**

(૧) **અવિવેકદોષ** — સામાયિકનું માહાત્મ્ય જે પહેલા ફકરામાં કહ્યું છે તેનું સ્વરૂપ નહીં જાણવાથી મુહપત્તી પડિલેહવી વગેરે એટલું જ સામાયિકનું સ્વરૂપ સમજે તેથી એવો વિકલ્પ આવે કે આથી તે કોણ તર્યું હશે? તે અવિવેકદોષ. સામાયિકવાળી દશા અને સામાયિક વિનાની દશામાં ભેદ કેવો છે તે સમજાયો નથી ત્યાં સુધી આ દોષ લાગે. પહેલા ફકરામાં કહ્યું છે તેવું માહાત્મ્ય અનુભવ્યું હોય તો આ દોષ ટળે. દ્રવ્યને લઈને ભાવ થાય છે. ભક્તિ, સામાયિક વગેરે બાહ્ય નિમિત્ત છે. તે જોડે ત્યારે સામાયિકના ભાવ પ્રગટે. સામાયિક પ્રત્યે તુચ્છભાવ તે અવિવેકદોષ છે.

(૨) **યશોવાંછાદોષ** — સામાયિક કરે તેમાં સાથે લોકો વખાણે એવી ઇચ્છા થાય તે યશોવાંછાદોષ.

(૩) **ધનવાંછાદોષ** — પુણ્ય બંધાશે, તેથી ધન મળશે; કષાય રોકીશું વગેરે કરવાથી પુણ્ય બંધાશે તેથી આ ભવ કે પરભવમાં સુખી થઈશું તે ધનવાંછાદોષ.

(૪) **ગર્વદોષ** — હું સામાયિક કરું છું, બીજા નથી કરતા, લોકો પણ વખાણે છે, મને વિધિ વગેરે આવડે છે એમ વિચારે, બીજાનું અપમાન કરે તે ગર્વદોષ.

(૫) **ભયદોષ** — હું ધર્મીકુળમાં જન્મ્યો છું, સામાયિક નહીં કરું તો લોકો નિંદા કરશે તે ભયદોષ.

(૬) **નિદાનદોષ** — સામાયિકનું અમુક ફળ મળો, સામાયિકનું ફળ હોય તો મને અમુક થાઓ એમ ઇચ્છે તે નિદાનદોષ.

(૭) **સંશયદોષ** — સામાયિકનું ફળ હશે કે નહીં હોય? એવી શંકા તે સંશયદોષ.

(૮) **કષાયદોષ** — સામાયિક ક્રોધ વગેરેથી કરવા બેસે અથવા કરતી વખતે ક્રોધાદિ કરે. કષાયને રોકવા જોઈએ એ ન સમજે તે કષાયદોષ.

(૯) **અવિનયદોષ** — વિનય એ ધર્મનું મૂળ છે તેથી વિધિ વગેરે કરવામાં ગુરુ પ્રત્યે વિનય ચિંતવીને કરવું જોઈએ તેમ બરાબર ન કરે, ખમાવવા વગેરેમાં નમ્રભાવ થવો જોઈએ તે ન થાય, ગુરુને વાંદણા દેતી વખતે ગુરુ પ્રત્યક્ષ છે એવો ભાવ લાવી વિનયભાવ થવો જોઈએ, તેમ ન કરે તે અવિનયદોષ.

(૧૦) **અબહુમાનદોષ** — રોજ કરવાનું છે, એમાં શું? એમ સામાન્યપણું થઈ જાય તે અબહુમાનદોષ.

---

## શિક્ષાપાઠ ૩૮. સામાયિક વિચાર, ભાગ ૨

મનથી જેમ દોષ લાગે છે તેમ વચનકાયાથી પણ દોષ લાગે છે. વચન–કાયાના દોષ પણ મન ભેગું ભળે ત્યારે થાય છે.

**વચનના ૧૦ દોષ :–**

(૧) **કુબોલદોષ** — હલકું વચન, પાપ બંધાય તેવું વચન બોલે તે કુબોલદોષ.

(૨) **સહસાત્કાર દોષ** — આ વચનથી કોઈ હિંસા કરવા જશે, કે કોઈને ખોટું લાગશે, કે મેં પાપના ત્યાગનું વ્રત સામાયિક લીધું છે તે વ્રત તૂટશે અથવા આનું શું ફળ આવશે ? વગેરે વિચારવા ન થોભે, પણ કોઈ બોલે કે તરત જવાબ બોલી નાખે તે સહસાત્કારદોષ.

(૩) **અસદ્દારોપણદોષ** — ખોટી વાત બીજાને ઠસાવે તે અસદ્દારોપણદોષ.

(૪) **નિરપેક્ષદોષ** — ભગવાને કહ્યું છે એમ કહેવું છે એ લક્ષમાં રાખ્યા વિના બોલે. "આત્મા નિત્ય છે" એમ કહેતાં પર્યાયે તે અનિત્ય છે એ વાત ગૌણ રાખીને બોલવું જોઈએ તેમ ન બોલે તે નિરપેક્ષદોષ.

(૫) **સંક્ષેપદોષ** — સૂત્રના પાઠ ઇત્યાદિક ટૂંકાવીને બોલે અને સ્પષ્ટ ઉચ્ચાર ન કરે તે સંક્ષેપદોષ.

(૬) **ક્લેશદોષ** — ચિત્ત પ્રસન્ન થાય તેમ ન બોલે, કોઈથી ક્લેશ કરે તે ક્લેશદોષ.

(૭) **વિકથાદોષ** — આત્માને ભૂલીને બીજી વાતો કરે; દેશ, રાજ, સ્ત્રી, ભક્ત ઇત્યાદિક સંબંધી કથા કરે તે વિકથાદોષ.

(૮) **હાસ્યદોષ** — કોઈને ખોટું લાગે તેવી હાંસી કરે તે હાસ્યદોષ.

(૯) **અશુદ્ધદોષ** — પાઠ ન્યૂનાધિક કે અશુદ્ધ બોલે તે અશુદ્ધદોષ.

(૧૦) **મુણમુણદોષ** — બીજા ન સમજી શકે તેમ પાઠ બોલે તે મુણમુણદોષ.

**કાયાના ૧૨ દોષ :—**

(૧) **અયોગ્યઆસનદોષ** — સામાયિકમાં તો સુખાસન રાખે. તે સિવાય વિધિ વિરુદ્ધ આસન તે અયોગ્યઆસનદોષ.

(૨) **ચલાસનદોષ** — પાથરણું વગેરે આસન ફેરવે તે ચલાસનદોષ.

(૩) **ચલદષ્ટિદોષ** — આમતેમ જુએ તે ચલદૃષ્ટિદોષ.

(૪) **સાવદ્યક્રિયાદોષ** — મનવચનકાયાની પાપક્રિયા ન રોકે તે સાવદ્યક્રિયાદોષ.

(૫) **આલંબનદોષ** — પ્રમાદ થાય તેમ બેસે તે આલંબનદોષ.

(૬) **આકુંચનપ્રસારણદોષ** — હાથપગ ઊંચા-નીચા કરે તે આકુંચનપ્રસારણદોષ.

(૭) **આળસદોષ** — આળસ કરે તે આળસદોષ.

(૮) **મોટનદોષ** — આંગળાં મરડે, ટચકા વગાડે વગેરે તે મોટનદોષ.

(૯) **મલદોષ** — ખંજવાળે, મેલ ઉખેડે તે મલદોષ.

(૧૦) **વિમાસણદોષ** — અન્ય વિચાર કરતો બેસે તે વિમાસણદોષ.

(૧૧) **નિદ્રાદોષ** — સામાયિકમાં ઊંઘે તે નિદ્રાદોષ.

(૧૨) **વસ્ત્રસંકોચનદોષ** — ટાઢ વગેરેના ભયથી વસ્ત્રથી શરીર સંકોચે તે વસ્ત્રસંકોચનદોષ.

એ બત્રીસ દૂષણરહિત સામાયિક કરવી.

## શિક્ષાપાઠ ૩૯. સામાયિક વિચાર, ભાગ ૩

વિજ્ઞાનવેત્તા એટલે શાસ્ત્રાદિ વિશેષ જ્ઞાનને જાણનારાઓએ સામાયિકનો કાળ ઓછામાં ઓછો બે ઘડીનો ઠરાવ્યો છે. અવધાન = લક્ષ. સ + અવધાન = સાવધાન = લક્ષપૂર્વક. સામાયિકવ્રત સાવધાનીથી એટલે લક્ષપૂર્વક કરે, દોષો ન લાગવા દે એવા ઉપયોગપૂર્વક અને એકાગ્રતાથી કરે તો પરમ શાંતિ મળે. સામાયિકમાં બે ઘડી કામ ન હોય તો બહુ ભારે લાગે. વિષયમાં રસ પડે તો કંટાળો ન આવે. ધર્મ વખતે કર્મ બાંધે તે ભારે કર્મી. એવા જીવો સામાયિક લઈને પણ પાપવિચાર કરે. જે સામાયિકથી કંટાળે તેને પામર કહ્યા. એવા પામર જીવો સામાયિક સાથે પ્રતિક્રમણ કરવાનું હોય તે પણ લક્ષપૂર્વક કરી શકતા નથી.

અનાદિકાળથી જે સાર્થક એટલે આત્મહિત થયું નથી તે બે ઘડીની વિશુદ્ધ સામાયિકથી થાય છે. સામાયિકમાં દિવસે નિયમથી ન બેસાય તો રાત્રે બેસે. વિધિ— વિશુદ્ધ સામાયિક લીધા પછી ચાર લોગસ્સ કે તેથી વધુ કાયોત્સર્ગ કરી ચિત્ત સ્થિર કરવું, પછી સૂત્રપાઠ વગેરે બોલવા, વાંચેલું કે સાંભળેલું મનન કરવું. વૈરાગ્યના ઉત્તમ કાવ્યો બોલવાં, પુનરાવર્તન કરવું, નૂતન અભ્યાસ કરવો, કોઈને શાસ્ત્રને આધારે બોધ આપવો કે સાંભળવો. એ બધું ન બને તો કેટલોક કાળ લક્ષપૂર્વક કાયોત્સર્ગમાં રોકવો અને કેટલોક કાળ મહાપુરુષોના ચરિત્ર વિચારવામાં રોકવો, કંઈ નહીં તો મંત્રનો જાપ ઉત્સાહપૂર્વક કરવો. પરંતુ વ્યર્થ કાળ કાઢવો નહીં. જેમ બને તેમ ઉપયોગપૂર્વક, વિવેક અને ઉત્સાહથી, ધીરજથી, શાંતિથી (ક્રોધાદિ

રહિત), યત્નાથી (૩૨ દોષ રહિત) સામાયિક કરવું. જેમ બને તેમ સામાયિકમાં શાસ્ત્રપરિચય વધારવો. સામાયિક તો સદ્‌ભાવથી એટલે હોંસ, ઉત્સાહ અને પ્રીતિથી કરવું.

---

## શિક્ષાપાઠ ૪૦. પ્રતિક્રમણ વિચાર

પ્રતિ = સામું, ક્રમણ = જવું. પ્રતિક્રમણ એટલે દોષની સામે જવું—દોષનું સ્મરણ કરી જવું—હિંસા થઈ છે કે નહીં એવી રીતે બધાં કામો ફરીથી જોઈ જવાં. કંઈ પણ દોષ થયા છે? એમ આપણે જોઈ જવું અને દોષનો પશ્ચાત્તાપ કરવો એમ એનો અર્થ થઈ શકે છે. અર્થાત્ કરેલા કામો અને તેમાં લાગેલા દોષો એક પછી એક યાદ કરી પશ્ચાત્તાપ કરવો. એથી પાપનું નિવારણ થાય છે અને ફરી એવા દોષો થતા અટકે છે.

'વંદિત્તુ', 'અઢાર પાપસ્થાનક' વગેરેમાં પાપોનું દોહન, ટૂંક કથન કર્યું છે. ડગલે ને પગલે પાપ થાય છે માટે આપણે પણ પ્રતિક્રમણ અવશ્ય કરવું. લોકોને દેખાડવા નહીં પરંતુ પોતાને સુધરવા માટે દોષોને વિચારે કે મને પાપથી પરલોકમાં દુઃખ થશે, તેથી પશ્ચાત્તાપપૂર્વક ત્યાગે. પરલોકભય વિચારતાં, માન મૂકતાં આત્મા કોમળ થાય. પોતાના દોષ દેખાય તેથી બીજા પ્રત્યે ગુણગ્રાહીપણું થાય. હું બધાથી અધમ છું, એમ માન રહિત થવાય. પશ્ચાત્તાપ કરવાથી ત્યાગવા યોગ્ય વસ્તુનો વિવેક આવતો જાય—સમજાતું જાય. આ મને કરવા યોગ્ય નથી એમ સમજાય. ભગવાનની સાક્ષીએ વિસ્મૃત દોષો યાદ કરી તેનો

પશ્ચાત્તાપ કરે. જાણે ભગવાન હાજર હોય એમ ચિંતવીને પશ્ચાત્તાપ કરે.

પ્રતિક્રમણ અવશ્ય કરવા યોગ્ય હોવાથી 'આવશ્યક' પણ કહેવાય છે. આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય; અથવા વશ એટલે પાંચ ઇંદ્રિયોને આધીન અને અવશ એટલે ઇંદ્રિયોને વશ નહીં એવા અર્થાત્ ઇંદ્રિયજય કરનાર સાધુ; તેમની ક્રિયા તે આવશ્યક, એમ પણ એનો અર્થ થઈ શકે છે. પ્રતિક્રમણ છ આવશ્યકમાંનું એક આવશ્યક છે. વળી તેમાં છયે આવશ્યક પણ આવે છે. તેથી આત્માની મલિનતા ખસે છે. જેને આત્મા નિર્મળ કરવો હોય તેને પ્રતિક્રમણ અવશ્ય કરવા યોગ્ય છે. રોજ ઝાડુ કાઢે તોય આઠ–પંદર દિવસે જાળાં પાડે, વરસે બધું સાફસૂફ કરે, તેમ દેવસી, રાઈ, પાક્ષિક, ચૌમાસી અને સાંવત્સરિક પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઈએ. રોજ નામું લખે છતાં ખાતાવહી કાઢે, સરવૈયું આખા વર્ષનું કાઢે તેમ. દેવસી રાઈ બન્ને કરવું જોઈએ.

કાળધર્મ એટલે મરણ.

પ્રતિક્રમણની યોજના બહુ સુંદર છે, કારણ એથી આત્માની મલિનતા ખસે છે. જેથી આત્મા સુંદર થાય તે યોજના પણ સુંદર છે. છ આવશ્યક એ તેનાં મૂળતત્ત્વો છે. જેને મુનિપણું પાળવાની ઇચ્છા છે તેને માટે એ પ્રતિક્રમણ તૈયારીરૂપ છે. પાંચે પાપ છોડવાની ઇચ્છા જેને છે એવા શ્રાવક પ્રતિક્રમણ કરે છે. સામાયિક, ચોવીશ જિનના સ્તવન, વંદના, પ્રતિક્રમણ, કાઉસગ્ગ, પચ્ચખાણ એ છયે

આવશ્યક જીવને હિતકારી છે, બહુ ઉત્તમ છે. કાઉસગ્ગ વગેરેથી જીવ દેહથી ભિન્ન છે એમ વિચારે તેથી શાંતિ થાય.

પ્રતિક્રમણથી લાભ મેળવવો હોય તો જેમ બને તેમ ધીરજથી, સમજાય તેવી ભાષાથી, શાંતિથી એટલે કષાય-રહિતપણે, જે પાઠ બોલાતો હોય તેમાં મન જોડાય એ રીતે એકાગ્રતાથી, યત્નાપૂર્વક એટલે કાળજીથી, દોષરહિત-પણે કરવું. બે ઘડી મનવચનકાયા પાપમાં ન રોકાય એવું સામાયિકવ્રત લીધું છે, તે સાચવવું તો યત્નાપૂર્વક પ્રતિક્રમણ કર્યું કહેવાય.

## શિક્ષાપાઠ ૪૧. ભિખારીનો ખેદ, ભાગ ૧

ભિક્ષા + આહારી = ભિખારી. ધર્મને માટે ભિક્ષા માગે તેને ઉત્તમ કહ્યા છે. માત્ર ખાવા માટે ભિક્ષા માગે તેથી અહીં પામર–અધમ કહ્યો. ખેદ એ શોકનો પર્યાય છે. ખેદ કરનારને પુરુષાર્થ ન હોય.

ભિખારીને ભૂખથી લડથડિયાં ખાવા છતાં કોઈ બોલાવીને તો આપે નહીં. અનેક પ્રકારના કાલાવાલા કરે ત્યારે દયાથી અથવા 'અહીંથી જાય તો સારું' એમ ધારીને કોઈ આપે. જમતાં વધેલું હોવાથી નાખી દેવાનું હતું, એવું એંઠવાડા જેવું ભોજન ભિખારીને મળ્યું. "સકલ જગત તે એંઠવત્" છતાં સારું લાગે છે. એમ એંઠું છતાં તેને સારું લાગ્યું ને પગમાં જોર આવ્યું તેથી આનંદ પામતો પામતો, ભિખારી પાસે પાછા બીજા ભિખારી માંગે તેથી નગરની બહાર આવ્યો. ત્યાં સાફસૂફ કરીને પોતાનું

બધું મૂકીને તે ખાવા બેઠો. રાજી રાજી થતાં — ઘણા હર્ષથી પહેલા ખાધું પછી ઓશીકે પથ્થર મૂકીને તે સૂતો. પેટ ભરાતાં ઊંઘ આવવાથી પથ્થર પણ તેને સારો લાગ્યો.

ભિખારીને સ્વપ્ન આવ્યું તે અણધાર્યું હતું. જનકરાજાને એથી ઊલટું સ્વપ્ન આવ્યું હતું કે પોતાનું રાજ્ય બીજા રાજાએ લઈ લીધું ને પોતે ભિખારી થઈ ગયો. કોઈ ભીખ ન આપે. છેવટે એક ઠીબકામાં ભીખ મળી. તે લઈ ખાવા બેઠો. ત્યાં બે સાંઢ લડતા લડતા આવ્યા ને ઠીબકું ફોડી નાખ્યું ત્યારે જાગ્યો. પછી રોજ બધા પંડિતોને પૂછે કે, 'આ ખરું કે તે ખરું ?' છેવટે અષ્ટાવક્રે આવી સમાધાન કર્યું કે 'તે ખરું તો આ ખરું અને તે ખોટું તો આ પણ ખોટું.' એમ અણધાર્યું સ્વપ્ન પણ આવી શકે છે.

---

## શિક્ષાપાઠ ૪૨. ભિખારીનો ખેદ, ભાગ ૨

ભવ્ય તે કે જે આ સાંભળીને પોતાના પરિણામ ફેરવી શકે છે. ભિખારીના સ્વપ્ના જેવા સંસારના સુખ અનિત્ય છે. એ મનાય તો તેની ઇચ્છા વિરમી જાય. આત્મજ્ઞાન પ્રાપ્ત થતાં સંસારના સુખ સ્વપ્ના જેવા લાગે.

ભિખારીની જેમ મોહાંધ પ્રાણીઓ સંસારના સુખ સાચા માને છે અને ભોગવ્યા જેવા ગણે છે, પરિણામે ખેદ, દુર્ગતિ અને પશ્ચાત્તાપ પામે છે. તે ભોગવ્યાનું ફળ ખેદ આવે છે, તેથી બુદ્ધિમાન પુરુષો આત્મહિતને શોધે છે.

અનિત્યભાવના ભાવવાનું કારણ શું ? તો કે સંસાર ઉપરથી પ્રેમ ઊઠે. પછી ક્યાં ઠરવું ? આત્મભાવમાં. આત્મા

નિત્ય છે, તેનું સુખ પણ નિત્ય છે, મોક્ષ નિત્ય છે. માટે તારા જેવી નિત્ય વસ્તુને ઇચ્છ, પ્રાપ્ત કર. “એક સમય તે સૌ સમય” ત્રણે કાળ જીવનો નાશ નથી.

---

## શિક્ષાપાઠ ૪૩. અનુપમ ક્ષમા

દશ યતિધર્મમાં પહેલો ધર્મ ઉત્તમ ક્ષમા છે. અંતર્શત્રુ – ક્રોધાદિ ષડ્‌રિપુ – કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર છે. તેના માથા કાપી નાખે એવું ક્ષમારૂપી ખડ્ગ = તરવાર છે. તરવાર એક ને શત્રુ ઘણા છે. ક્ષમાને મોક્ષનો ભવ્ય દરવાજો કહ્યો. પવિત્ર આચાર — પંચાચાર, ક્ષમા હોય તો ટકે. પવિત્ર આચારની રક્ષા કરવામાં ક્ષમા એ બખ્તર છે.

સમપરિણામ રાખે પણ શુદ્ધભાવ ન હોય તો મોક્ષ ન થાય. શરીરના તલ તલ જેવા કકડા કરે તોપણ કષાય ન થવા દે, છતાં શુદ્ધભાવ નથી તો નવગ્રૈવેયક સુધી જાય પણ મોક્ષ ન થાય. તેથી શુદ્ધભાવે ક્ષમા રાખનાર મનુષ્ય ભવસાગર તરી જાય છે એમ કહ્યું.

ગજસુકુમારનું બીજી પણ ઘણી કન્યાઓ સાથે સગપણ કરેલું. અહીં સોમલની વાત આવે છે તેથી તેટલી જ વાત કહી છે. સુરૂપ = સારું રૂપ, આકાર. સુવર્ણ = સુંદર રંગ. ભયંકર ક્રોધ = કોઈને જોતાં ભય લાગે કે શું કરી નાખશે? ગજસુકુમારને બાળી નાખતાં પણ તે સોમલ પાછો ન હઠ્યો. સ્મશાન એકાંત જગ્યા કહેવાય છે ત્યાં ગજસુકુમાર એકાગ્ર = એક આત્મામાં જ લીનપણે રહ્યા હતા. વિશુદ્ધ ભાવ = ઉત્કૃષ્ટ શુભ ભાવ કે જ્યાં શુદ્ધનો લક્ષ છે; દેહથી

ભિન્ન આત્મા છે એવા ધર્મધ્યાનવાળો ભાવ. શુદ્ધભાવ સાતમા ગુણસ્થાન સુધી અલ્પવાર રહે, શ્રેણીમાં નિરંતર રહે. સમભાવ પરિણામમાં રહ્યા એટલે કિંચિત્ ક્રોધ કે દ્વેષ જન્મ પામ્યો નહીં. એ ક્ષમાનું સ્વરૂપ છે. આત્મા સિવાય બીજુ કંઈ યાદ ન કર્યું. મા વગેરે કોઈને યાદ ન કર્યા. તેમને મન-વચન-કાય ગુપ્તિ હતી. કાયાને હાલવા ન દેવી તે કાયગુપ્તિ. સ્થિતિસ્થાપક = મનને બીજા વિકલ્પમાં ન જવા દે, પોતાની મૂળ સ્થિતિ હોય તે સ્થિતિમાં રહે, દુઃખમાં ચિત્ત ન રાખે તે સ્થિતિસ્થાપક. સોમલને જોયો ને બધી વાત જાણી પણ ગજસુકુમારે દ્વેષ ન કર્યો, આત્માને ક્રોધાદિમાં ન જવા દીધો, પણ શાંતભાવે વિચાર્યું. એમ અડગ રહેવાથી વિશુદ્ધભાવ થયો. ત્યાં પછી શુદ્ધભાવ આવ્યો. આટલું બધું સહ્યું તે કેવી અનુપમ ક્ષમા! તેનું સુંદર પરિણામ મોક્ષ આવ્યું. ગજસુકુમાર જેટલી શાંતિ આવશે ત્યારે મોક્ષ થશે. ભલે ઉપસર્ગ આવો કે ન આવો પણ એટલી ક્ષમા શાંતિ આવ્યા વિના મોક્ષ ન થાય.

સ્વસદ્ભાવ = પોતાનું અસ્તિત્વ, પોતાનો સ્વભાવ. આત્માનો મૂળ સ્વભાવ સમભાવ છે, તેમાં આવ્યો તો મોક્ષ હથેલીમાં છે, દૂર નથી. મોક્ષ આત્મામાં જ છે. હથેલીમાં બધું દેખાય, લેવાય, તેમ મોક્ષ સાત રજ્જુ દૂર નથી, અત્યંત નિકટ છે. "તું છો મોક્ષસ્વરૂપ."

નામાંકિત ક્ષમા = પ્રસિદ્ધ ક્ષમા. વિશુદ્ધ બોધ કરે છે = રાગદ્વેષરહિત સમતામાં રહેવાનો નિર્મળ બોધ કરે છે.

"તમે અમે કંઈ દુઃખી નથી જે દુઃખ છે તે રામના ચૌદ વર્ષનાં દુઃખનો એક દિવસ નથી, પાંડવના

તેર વર્ષના દુઃખની એક ઘડી નથી અને ગજસુકુમારના ધ્યાનની એક પળ નથી. ” ( ૪૫૦ )

---

## શિક્ષાપાઠ ૪૪. રાગ

શ્રમણ = મોક્ષમાર્ગમાં શ્રમ કરે તે. સાધુના અર્થમાં વપરાય છે. ગૌતમ—એમના કુળનું નામ છે, એમનું અસલ નામ ઇંદ્રભૂતિ હતું. તેમજ ભગવાનનું મહાવીર નામ પણ દેવે આપેલું. એમનું મૂળ નામ વર્ધમાન હતું. અષ્ટાપદ પર ચઢે તો કેવળજ્ઞાન થાય એમ ગૌતમસ્વામીએ સાંભળેલું તેથી અષ્ટાપદ પર ચઢેલા, પણ ભગવાન પર પ્રશસ્ત રાગ હોવાથી કેવળજ્ઞાન ન થયું. નિર્ગ્રંથ - પ્રવચનનો નિષ્પક્ષપાતી ન્યાય — કર્મનો જેવો સ્વભાવ છે તેવો કહ્યો છે. કર્મ બધાને સરખા ગણે છે. ભગવાન પરનો રાગ પણ અંતે હેય છે. પ્રશસ્ત રાગ પણ કેવળજ્ઞાન ન થવા દે. ગુણવાન પ્રત્યેનો રાગ તે પ્રશસ્ત રાગ છે તે પુણ્ય બંધાવે. જ્ઞાતપુત્ર = જ્ઞાત કુળના હતા તેથી ભગવાન મહાવીર જ્ઞાતપુત્ર કહેવાયા. અનુપમેય સિદ્ધિ = આઠ સિદ્ધિ નહીં પણ જેને કોઈ ઉપમા નથી એવી મોક્ષરૂપ સિદ્ધિ.

પાવાપુરીમાં ભગવાન મહાવીર રાત્રે ૧૨ વાગે નિર્વાણ પામ્યા. ગૌતમ પાસેના નગરમાં ભગવાનના કહેવાથી કોઈ બ્રાહ્મણને બોધવા ગયા હતા. ત્યાં રાત રોકાઈ પરોઢિયે પાછાં આવતાં ભગવાનના નિર્વાણની વાત સાંભળીને તેઓ ખેદ પામ્યા અને વિરહવેદના થવાથી તેઓ અનુરાગ-વચનથી બોલ્યા — જ્ઞાની છતાં અજ્ઞાની જેવું પ્રેમને લઈને બોલ્યા : હે મહાવીર ! તમે મને સાથે લીધો હોત તો પણ

આવવા તૈયાર હતો, વગેરે મોહને લઈને બોલ્યા. મોહિની એટલે મોહ. પછી લક્ષ ફર્યું ને નીરાગ શ્રેણિએ ચઢ્યા. વિચાર કરતાં તેઓ શોક તજીને નીરાગી થયા ત્યારે અનંતજ્ઞાન પ્રકાશિત થયું. તેઓ દિવસના પહેલા પહોરે કેવળજ્ઞાન પામ્યા. ગૌતમસ્વામીનું નિર્વાણ સ્થળ રાજગૃહી નગરી પાસે ગુણિયાજીમાં કહેવાય છે.

સૂક્ષ્મ બોધ = સૂક્ષ્મમાં સૂક્ષ્મ વસ્તુ આત્મા, તે જેથી પ્રાપ્ત થાય તે સૂક્ષ્મ બોધ. ગૌતમસ્વામીના દૃષ્ટાંત ઉપરથી સૂક્ષ્મ બોધ એ લેવાનો છે કે રાગ એ વસ્તુ બહુ ઝેરરૂપ છે. ભગવાન મહાવીર પ્રત્યે ગૌતમસ્વામીને રાગ હતો તો કેવળજ્ઞાન થવા ન દીધું; તો પછી જે વસ્તુઓ નાશવંત છે અને પ્રત્યક્ષ રાગનાં કારણ છે, એવા સ્ત્રી પુત્રાદિ અને ધન પ્રત્યેનો રાગ કેવું અનંત દુઃખ આપે? નરકે પણ લઈ જાય. થોડો પણ વિચાર કરે તો સહેજે સમજાય તેવી વાત છે. છતાં આ મૂઢ પામર તે વસ્તુઓને જ પોતાનો આધાર અને સર્વસ્વ માની બેઠો છે. કેવી મૂઢતા! રાગ અને આત્મા બે સાથે છે. તે રાગથી આત્માને ભિન્ન કરવા આ બોધ છે. ગૌતમને અલ્પ સંજ્વલન મોહ ભગવાન પરનો હતો અને આ તો તીવ્ર એવો અનંતાનુબંધી મોહ સંસાર પરનો તેમજ પામર આત્માઓનો! એ તો કેવો દુઃખદાયક થાય? રાઈ અને પર્વત જેવી સરખામણી કરી છે.

રાગ હોય તો પછી દ્વેષ થાય. રાગ લોભનો પર્યાય છે. છેલ્લામાં છેલ્લો એ જાય છે, તેથી રાગ હોય પણ દ્વેષ ન હોય એમ પણ બને. પણ જ્યાં રાગ ન હોય ત્યાં

દ્વેષ નથી. રાગ મુખ્ય છે. એના ક્ષયથી સંપૂર્ણ આત્મ-સ્વરૂપ—મોક્ષ પ્રાપ્ત થાય છે.

---

## શિક્ષાપાઠ ૪૫. સામાન્ય મનોરથ

'સમાન' ઉપરથી સામાન્ય શબ્દ બન્યો છે. સામાન્ય એટલે ઘણા જીવોએ-બધા શ્રાવકોએ કરવા યોગ્ય હોવાથી સામાન્ય. મનોરથ એટલે ભાવના. આ પાઠમાં કહ્યા પ્રમાણે બધાએ ભાવના કરવા યોગ્ય છે. 'અપૂર્વ અવસર' માં અપૂર્વ ભાવના છે, પહેલા કોઈ દિવસ ન કરી હોય એવી અસામાન્ય ભાવના છે.

(૧) મોહિની ભાવ = રાગ ભાવ = કામવિકારને વશ થઈને પરસ્ત્રીને આંખો વડે ન જોઉં. પરાયા વૈભવને પથ્થર સમાન ગણી ન ઇચ્છું અને નિર્મળ તત્ત્વ જાણવાની અભિલાષા રાખીને લોભને સવળો કરું. આખું જગત કનક અને કાંતાથી લોભાયું છે. એ ધન અને વિષયનો લોભ મૂકીને નિર્મળ તત્ત્વ જાણવાનો લોભ કરું. એમ લોભને સમો ( સમારી= સવળો, સમો ) કરું.

પરધન ને પરસ્ત્રી એ નીતિની વિરુદ્ધ છે. ધર્મનો પાયો નીતિ છે, તેથી એ બન્નેનો લોભ મૂકે. કશાયમાં લોભ કરવા જેવું નથી, તેમ છતાં તે ક્ષય ન થાય ત્યાં સુધી જે લોભ છે તેને સવળો કરવો. જેમ જેમ તત્ત્વનો લોભ થાય તેમ તેમ લોભ સવળો થાય છે. પછી પર વસ્તુ પડી હોય તો પથરો પડ્યો હોય તેવું જાણે. તે ક્યારે બને કે નિર્મળ તાત્ત્વિક લોભ સમાર્યો ( સુધાર્યો ) હોય તો.

સમારવું = સમુ કરવું. તત્ત્વ અથવા કેવળજ્ઞાનનો લોભ રાખીને કાંતા, કનક વગેરેનો મોહ તથા લોભ છોડે. એમ સમારે એટલે જાતિ પલટાવી નાખે.

મોક્ષમાળા મુખ્ય કરીને શ્રાવકોને માટે છે. દ્વાદશ વ્રત એટલે બાર વ્રત અને દીનતા એટલે નિરભિમાનપણું ધારણ કરીને સ્વરૂપનો વિચાર કરી સાત્ત્વિક-નિર્મળ થાઉં. તામસી વૃત્તિમાં પાંચે પાપ હોય છે. પાપ ન કરે છતાં મોજશોખમાં રહે તે રાજસી વૃત્તિ છે. તપ, વ્રત વગેરે સારાં કામ કરે તે સાત્ત્વિક વૃત્તિ છે. તામસી, રાજસી વૃત્તિ છોડીને સાત્ત્વિક થાઉં, એટલું જ નહીં પણ સ્વરૂપનો વિચાર કરનાર સમકિતી થાઉં.

નેમ = નિયમ. ક્ષેમક = સુખ કરનાર, રક્ષા કરનાર. આવો મારો નિયમ કે જે સુખ કરનાર અને ભવને હરનાર છે તે મારા અંતઃકરણમાં અખંડ એટલે ખંડિત થયા વિના કાયમ રહો અથવા હે ભવહારી ભગવાન! મારો આવો સુખ અને રક્ષા કરનાર નિયમ સદા અખંડ રહો.

(૨) એકલા વ્રતથી સંતોષ ન માનું, પણ તે ત્રિશલાના તનય એટલે પુત્ર ભગવાન મહાવીરે જે જે સ્વરૂપની વિચારણા કહી છે, તે મારા મનમાં ચિંતવી જ્ઞાન, વિવેક અને વિચાર વધારું, અને હંમેશા નવ તત્ત્વોની શોધ કરી ઉત્તમ બોધ એટલે જ્ઞાની પુરુષનાં વચનોને અનેક પ્રકારે ઉચ્ચારું - ભક્તિ કરું.

૧. જ્ઞાન વધારું = જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય, શાસ્ત્રજ્ઞાન વધે, આત્મજ્ઞાન નિર્મળ થાય તેમ કરું.

૨. વિવેક વધારું = જડ ચેતનનો વિવેક કરી જડના સૂક્ષ્મ પર્યાયો, ચેતનના સૂક્ષ્મ ભાવો ઓળખું. હિતઅહિતને સૂક્ષ્મપણે વિચારું. દરેક વાતનું શું પરિણામ આવશે તે વિવેકથી જણાય છે. કયા ભાવો સારા, કયા ભાવો ખોટા તે જાણું, અને સારા પ્રકારે વર્તું.

૩. વિચાર વધારું = વિચારણાની વૃદ્ધિ કરું. વિચાર વસ્તુને જેમ છે તેમ બતાવે છે. ભગવાનના વચનો વિચારું. પોતાના જીવનનો વિચાર કરું કે તે બહુ કીમતી છે. પોતાના આયુષ્યનો વિચાર કરું, નકામું ન ગાળું.

જ્ઞાન ભણીને અભિમાન ન કરવું. વિવેક હોય તો અભિમાન ન થાય. જ્ઞાન તો વિરતિને અર્થે છે. જ્ઞાન પ્રમાણે વર્તે. જ્ઞાન સાથે વિવેક, વિચાર અને વર્તન હોય તો શાંતિ થાય. વિચારથી વિવેક આવે. પછી તેમ વર્તે. નવીન નવીન વિચારણા કરતાં મન એકાગ્ર થાય. વિચારણા ન હોય તો મન ભટકતું રહે. ભક્તિમાં બોલતાં અર્થ અને તેનો ભાવ વિચારે તો જ મન તેમાં રહે અને આનંદ આવે.

જ્ઞાન છે તે નવ તત્ત્વમાં વહેંચાય છે. ઘણા મોટા પુસ્તકો એ નવતત્ત્વ ઉપર રચાયા છે. વસ્તુનું સ્વરૂપ સમજવા માટે નવતત્ત્વ છે. આગળ "તત્ત્વાવબોધ" વિષે સત્તર પાઠ આવશે. જે વિચાર કર્યો હોય તે કોઈ જિજ્ઞાસુ મુમુક્ષુ હોય તેને કહી બતાવવો. વિશોધ = ઊંડી દૃષ્ટિથી તપાસવું. નવતત્ત્વ વગેરેમાં ઊંડા ઊતરતાં આખા વિશ્વનું જ્ઞાન થાય.

પ્રશ્ન કરતાં, ઊંડા ઊતરતાં સંશય ન કરે. ગમે તેટલું ઊંડું વિચારું પણ મને જિનભગવાનના વચનમાં સંશયરૂપ બીજ ન ઊગો. મને ન સમજાય તો પણ સંશય ન કરું. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે મારો સદા એ જ મનોરથ છે તેને તું ધારણ કર કે જેથી અપવર્ગ એટલે મોક્ષનો ઉતારુ – મુસાફર થઈશ. મિથ્યાત્વ ક્ષય કરી મોક્ષનો મુસાફર થઈને અવશ્ય મોક્ષે જઈશ.

## શિક્ષાપાઠ ૪૬. કપિલમુનિ, ભાગ ૧

રાજ્યના આભૂષણરૂપ = પહેલાના વખતમાં નગરીમાં સૈન્ય વગેરેથી શોભાની જેમ મોટા પંડિતથી પણ શોભા મનાતી. કોઈ નવા પંડિત આવે તેની સાથે વાદ કરી હરાવે. પરધામ ગયા એટલે મૃત્યુ પામ્યા, પરલોક પામ્યા. કપિલ વિશેષ વિદ્વત્તા પામ્યો નહોતો = થોડું ભણેલો, વાંચતાં કરતાં આવડે એવું. બ્રાહ્મણની પૂંજી કેટલી હોય? જે માએ આપી તે ખાઈને પૂરી કરી. શાસ્ત્રીય પદવી એટલે શાસ્ત્રીની પદવી.

મોટી ઉંમરે ભણવા ગયો તેથી ભણવાનું ઘણું હોય અને વખત ઓછો મળતો, તેથી બરાબર ભણી શકતો ન હતો. તેથી એક ગૃહસ્થે તેને માટે ભોજનની ગોઠવણ એક વિધવા બ્રાહ્મણીને ત્યાં કરી દીધી.

## શિક્ષાપાઠ ૪૭. કપિલમુનિ, ભાગ ૨

કલ્યાણ થવામાં કેવાં અંતરાય છે? યુવાવય અને સ્ત્રી સાથે એકાંત અનિષ્ટ છે. લોતાળ = જંજાળ. સંસાર

કેમ ચલાવવો વગેરેની કપિલને વિશેષ માહિતી ન હતી. અધરાત ભાગતાં = મધ્યરાત વીત્યા પછી. સમક્ષ = સમ+અક્ષ = આંખની સામે. તરખડ = ત્રિષટ્, ખટપટ.

મારું મન હજુ સ્થિર થયું નથી! કેવળજ્ઞાન થયું ત્યારે સ્થિર થયું!

## શિક્ષાપાઠ ૪૮. કપિલમુનિ, ભાગ ૩

ભ્રષ્ટતા = નાલાયકી. ધર્યો રહેશે = અટકી જશે, પડ્યો રહેશે. ગળકાં ખાધાં = પાણીમાં ડૂબેલો માણસ પાણી મોઢામાં પેસે ત્યારે ગળકાં ખાય, ડચકડચક થાય તે. તૃષ્ણા છે તેથી જ સંસાર છે. વિદ્યા લેતાં વિષયમાં પડ્યો, તેથી રાજા પાસે માંગવા આવવું પડ્યું એ રૂપ ઉપાધિમાં પડ્યો. એમ એક ઉપાધિમાંથી આ સંસારમાં અનંત ઉપાધિ વેઠવી પડે છે. તૃષ્ણાનો ત્યાગ કર્યો, તે સાથે સંસારનો ત્યાગ થયો. ધન, સ્ત્રી, મા વગેરે બધું છોડ્યું ત્યારે મોક્ષના ભાવ થયા. સત્ય સંતોષ = સમકિત સહિત લોભનો અભાવ. વિવેકશીલ = હિત અહિતને તરત સમજે તેવું. તૃષ્ણા–ઇચ્છા જેટલું મળે કે તરત ચાહનાને વધારી દે. સટોડિયા વગેરે જીતે તેમ તેમ વધારે મેળવવા જાય. સંતોષથી જ ઇચ્છા રોકાય છે. તૃષ્ણા આકાશ જેવી અનંત છે. જેમ આકાશનો અંત નથી તેમ તૃષ્ણા વધે ત્યારે તેનો અંત નથી. તૃષ્ણા અને લોભ એક જ છે. જ્યારે લોભ જાય ત્યારે નિર્મળતા થાય છે.

કપિલને તૃષ્ણા ટળી તો કેવળજ્ઞાન થયું. રાજ્ય જોઈતું નથી, તેની સાથે સંસાર પણ જોઈતો નથી એમ

થઈ ગયું. ગ્રહણ કરવાની બુદ્ધિ હોય ત્યાં સુધી આવરણ થાય છે અને મૂકવાની ઇચ્છા થાય ત્યારે બધાં આવરણ ખસવા માંડે. વિવેક આવે તો પછી આત્મવિચાર આવે. અપૂર્વશ્રેણિ = ક્ષપકશ્રેણિ, પૂર્વે કોઈ વખતે નથી થયા એવા ભાવોની શ્રેણિ. વિવેકપૂર્વક વિચારતાં આત્માના શાંત ભાવ, ક્ષાયક ભાવ થવાથી ક્ષપકશ્રેણિ થઈ ને કપિલને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

---

## શિક્ષાપાઠ ૪૯. તૃષ્ણાની વિચિત્રતા

(૧) સારા અધ્યાત્મ અર્થમાં 'દીનતા' એટલે પોતાને સત્પુરુષનો દાસ માને અને અત્યંત વિનય ધારણ કરે. પણ અહીં તો 'દીનતા' એટલે ગરીબાઈ એમ લૌકિક અર્થ છે. ગરીબને દરેક પ્રત્યે પોતાની દીનતા લાગે કે હું ગરીબ છું. ગરીબ હતો ત્યારે એમ થયું કે પટેલ થાઉં તો સારું. તાકી = બહુ તીવ્ર ઇચ્છા હોય ત્યારે તાકી કહેવાય; ક્યારે એવો થાઉં ? એમ રાતદહાડો વિચારે. પટેલ = મુખી વગેરે કહેવાય, પણ પૈસા ન હોય, મજૂરી કરી ખાય. હાથે કામ કરવું પડે. સાથે લગી જમીન હોય તે પાટ કહેવાય, તે ઉપરથી પાટીદાર, પાટિલ અથવા પટેલ કહેવાય છે. પછી પટેલ થયો ત્યારે શેઠના જેવું નથી તેથી શેઠ થવાની ઇચ્છા કરી. શેઠ = શ્રેષ્ઠ ઉપરથી શેઠ. શેઠને ત્યાં પૈસા હોય તેથી તેને ત્યાં નોકર વગેરે હોય. શહેરમાં પંકાય એવો નગરશેઠ થયો ત્યારે મંત્રી થવાની ઇચ્છા કરી. મંત્રી = રાજ્યની ગુપ્ત વાત જાણે, રહસ્યને જાણે. મંત્રીને પૈસા સાથે રાજનું માન વગેરે મળે એવો થયો પણ તોય તેને

સંતોષ થયો નહીં અને રાજા થવાની ઇચ્છા કરી. નૃપ = નૃપતિ એટલે મનુષ્યના પતિ, પાળનાર, રાજા. રાજાને દેવની આરાધના કરવી પડે તેથી દેવ થવાની ઇચ્છા કરી. દેવ થયો ત્યારે શંકર = મહાદેવ = ઇંદ્ર થવાની ઇચ્છા કરી. આવી રીતે માનો કે હે રાજચંદ્ર! એ દેવોનો પણ દેવ ઇંદ્ર થયો, તો પણ તેની તૃષ્ણાનો પાર રહ્યો નહીં. મોટો ઇંદ્ર થાય તો પણ તૃષ્ણા વધે પણ ઘટે નહીં.

(૨) વૃદ્ધાવસ્થામાં શરીર સુકાઈ જાય, ચામડી લબડે, કરચલીઓ પડી જાય. દાંત પડી જવાથી ગાલમાં ખાડા પડી જાય. વાળ ધોળા થતાં થતાં બધું માથું ધોળું થઈ જાય. સૂંઘવું, સાંભળવું, દેખવું વગેરે બધી ઇંદ્રિયોની શક્તિ ઓછી થઈ જાય. દાંત આવળી એટલે દાંતની પંક્તિ ખરી જાય-પડી જાય અથવા દાંત સડીને ખવાઈ જાય, તેથી ચાવી શકાય નહીં. કેડ વળી જાય, ટટાર બેસાય નહીં. હાડ શક્તિરહિત થઈ ગયા. પગ પણ દુખે. અંગરંગ એટલે અંગની શોભા હતી તે જતી રહી. ઊઠવાની આય એટલે શક્તિ જતી રહી તેથી લાકડી લેવી પડી. હે રાજચંદ્ર! એમ યુવાની બધી નાશ પામી છતાં પણ આ શરીર મારું છે એવી મમતા ન ગઈ.

(૩) જીવને ગમે તેટલા દુઃખ પડે તો પણ આશા જતી નથી. ગમે તેટલું દેવું હોય તો પણ ફરી પૈસા આવશે ને દેવું ટળશે એમ આશા રહે છે. ગમે તેટલું રોગી શરીર હોય તો પણ સારા થવાની આશા રાખે. પુરપતિ એટલે રાજા પીડે તો બીજે જઈને સુખી થઈશું એમ માને. આખો

દિવસ મહેનત કરે તો પણ પેટ પૂરું ભરાતું ન હોય. પિતૃ = પિતા, પરણી = સ્ત્રી વગેરે અનેક પ્રકારના ધંધ = તોફાન કરે. પુત્ર-પુત્રી બધા સવારથી સાંજ સુધી ખાઉં ખાઉં અર્થાત્ ખાવાનું વગેરે માંગ માંગ કરે, પજવે; પણ ઘરમાં પૈસા નથી તે સમજે નહીં. હે રાજચંદ્ર! તોય જીવ ઝાઝા દાવા = આવું દુઃખ છતાં પણ હું પતિ છું, બાપ છું, કુટુંબ પાળું છું, મોટો છું એમ ઝાઝા દાવા કરે, મોટાઈ મૂકે નહીં. આટલી બધી જંજાળથી દુઃખી થતો હોય તો પણ કુટુંબ વધારવાની તૃષ્ણા વગેરે ઘટે નહીં. છોકરાં પણ, ડોસો ડોસી હોય ત્યારે ભાવ ન પૂછે પરંતુ પછી લોકમાં સારું દેખાડવા કાણ કાઢે.

(૪) છેલ્લે દિવસે શું થાય? તે કહે છે. મરણ ઘડીની વાત છે. મરણ વખતે બોલાતું ન હોય અને જીવનદીપક એટલે આયુષ્યરૂપી દીવો કેવળ ઝાંખો પડી ગયો હોય અર્થાત્ બધી શક્તિઓ મંદ પડી ગઈ હોય, પાસુંય ફેરવાય નહીં. એવી છેલ્લી સ્થિતિ જોઈને, ભાઈઓએ એમ કહ્યું કે હવે ભાઈની ટાઢી માટી થાય તો સારું. ટાઢી માટી = જીવ દેહમાંથી નીકળી જાય ત્યારે શરીર ઠંડું થાય તે. માટી એટલે શરીર. આ સાંભળી હાથને હળાવીને ડોસાએ ખીજીને જણાવ્યું કે બેસ, બોલ્યા વિના બેસ, અને તારી ચતુરાઈને બાળી નાખ. બાળ એટલે બાળી નાખ. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે, જુઓ તો ખરા, આ આશાપાશ કેવો છે કે જીવન પૂરું થાય તો પણ આ દેહ મારો છે એવું મારાપણું-મમતા જતી નથી! તેને પહેલેથી છોડવી જ જોઈએ. આશાનો પાશ તોડવા જેવો છે.

એક કે અનેક જીવોમાં જે તૃષ્ણાના વિકલ્પો થાય છે, તે સર્વનો સામાન્ય ચિતાર આ કાવ્યમાં આપ્યો છે. 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં.' એ તરણું શું? કેવું હશે કે જેથી ડુંગર ન દેખાય? તૃષ્ણા એ જ તરણું છે, તેથી આત્મારૂપી ડુંગર દેખાતો નથી.

---

## શિક્ષાપાઠ ૫૦. પ્રમાદ

પ્ર+મદ્. પ્ર=પ્રકૃષ્ટપણે, મદ્ = ચૂકી જવું. આત્માનો લક્ષ ચૂકીને બીજા કામમાં પ્રવર્તવું તે પ્રમાદ છે. ધર્મની અનાદરતા = ધર્મનું અબહુમાનપણું, ધર્મ સારો છે એ ભાવ નહીં તે અનાદરપણું. ઉન્માદ = અત્યંત બેદરકારી, ધર્મની કંઈ પડી જ ન હોય, છકી ગયો હોય તે ઉન્માદ. આળસ = ધર્મ કરવામાં આળસ, ધર્મ કોણ કરે? ધર્મ કરવા આવ્યો હોય તોય આળસ કરે અને કષાયમાં પ્રવર્તે. એ બધાં લક્ષણો પ્રમાદ સૂચવે છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં દ્રુમપત્રક નામનું દશમું અધ્યયન છે તેની પહેલી ગાથામાં ઝાડનું પાકું પીળું પાન પડતાં વાર લાગતી નથી અને બીજી ગાથામાં ડાભની અણી પર પડેલા જળના બિંદુને જેમ પડતાં વાર લાગતી નથી તેમ મનુષ્યનું આયુષ્ય પૂર્ણ થતાં વાર લાગતી નથી એમ કહ્યું છે. દરેક ગાથાની ચોથી લીટી **"समयं गोयम मा पमाओ"** છે. મહાવીર ભગવાને ગૌતમ ગણધર જેવા ચાર જ્ઞાનના ધારકને પણ ઉપદેશ આપ્યો છે, કે હે ગૌતમ! એક સમય પણ પ્રમાદ કર્તવ્ય નથી, કારણ દેહ ક્ષણભંગુર છે. લીધો કે

લેશે એમ થઈ રહ્યું છે = તરત મરવાનું હોય તો 'લીધો' કહેવાય, અને થોડી વાર પછી મરવાનું હોય તો 'લેશે' એમ કહેવાય, પણ વહેલો કે મોડો ઝડપી લેશે. એમ જંજાળ થઈ રહી છે એટલે કાળશિકારી બધે પ્રવૃત્તમાન થઈ રહ્યો છે. આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મ કહ્યો છે તે પ્રમાદથી રહી જશે. માટે બિલકુલ પ્રમાદ ન કરવો.

"**समयं गोयम मा पमाअे**" એ વાક્યના કૃપાળુદેવે બે અર્થ કર્યા છે. ૧. અવસર આવ્યો છે તે ચૂકીશ નહીં, મોક્ષનું કામ કરી લે. ૨. સમય સમય આત્માને ભૂલી જાય છે તે જ ભાવમરણ છે. સમયનું માપ પુદ્ગલ પરમાણુથી થાય છે એટલે આકાશના એક પ્રદેશથી તેની જોડેના બીજા પ્રદેશ પર પરમાણુને મંદ ગતિથી જતાં જે વખત લાગે તેને સમય કહે છે. **गो + यम** = મન તથા ઇંદ્રિયોને સંયમમાં રાખનાર. ગૌતમને કહ્યું છે તે આપણને જ કહ્યું છે. પાસે જ કાળ આવીને ઊભો છે એમ વિચારવા કહ્યું છે. લીધો કે લેશે એમ સમજે તો પ્રમાદ ન કરે.

પ્રમાદ કેવા પ્રકારે દૂર કરવો? જેઓ તેને દૂર કરવા તૈયાર થયા છે તેઓ શું કરે છે? (૧) અતિ વિચક્ષણ પુરુષો—એવા જ્ઞાની મુનિઓ સંસારની સર્વ ઉપાધિ ત્યાગીને અહોરાત્ર ધર્મમાં સાવધાન થાય છે. તેઓ પ્રમત્ત અપ્રમત્ત ગુણસ્થાનમાં હોય છે ત્યાં જરા પ્રમાદ કરે તો પ્રમત્તથી પણ નીચે ચાલ્યા જાય. રાતદિવસ વીતરાગની આજ્ઞામાં જ મનને બાંધી રાખે છે એ તો જાણે સર્વોત્કૃષ્ટ ગણાય. મુનિ તો આત્મભાવમાં સદાય જાગ્રત રહે. "નિરંતર

આત્મવિચારે કરી મુનિ તો જાગ્રત રહે; પ્રમાદીને સર્વથા ભય છે, અપ્રમાદીને કોઈ રીતે ભય નથી.” (૫૬૯) (૨) વિચક્ષણ પુરુષો — દેશવિરતિ શ્રાવક કે જેમણે ઘરનો ત્યાગ કર્યો નથી એવા મુમુક્ષુ કે તીવ્ર મુમુક્ષુ, તે નિયમિતપણે રાત્રિદિવસના અમુક કાળમાં સામાયિક વગેરેથી નિરંતર ધર્મધ્યાનમાં રહે છે. આત્મકર્તવ્યમાં ભૂલ ન આવવા દે તેથી વિચક્ષણ કહ્યા. તે અવસરે અવસરે એટલે કે મહાપુરુષોએ જે જ્ઞાનપ્રાપ્તિ અર્થે આઠમ, ચૌદશ વગેરે તિથિઓ, પર્યુષણ, દિવાળી, જ્ઞાનપંચમી વગેરે પર્વો નિયત કર્યાં છે તે પર્વ દિવસોમાં સામાયિક, પ્રતિક્રમણ, પૂજન, ભક્તિ, વાંચન વગેરે જે ક્રિયા ઉપદેશી છે, તેમાં જાગ્રત ઉપયોગે જેટલો સમય મળે તેટલામાં તે ક્રિયા ઉલ્લાસ અને આનંદપૂર્વક કરે છે. તેમજ બનતા પ્રયત્ને આ બળતી લાય જેવા સંસારમાંથી ઘણો વખત ધર્મકર્તવ્ય માટે બચાવે છે, તે વિચક્ષણ કહેવાય. (૩) મૂઢ પુરુષો — જેને મોહ વિશેષ છે તેથી ધર્મ પ્રત્યે મૂઢ બેભાન જેવા છે. તેઓને સમયની કંઈ પડી નથી. તેઓ અમુક વખત ખાવામાં, અમુક વખત કમાવામાં, અમુક વખત ઊંઘવામાં અને બાકી કંઈ વખત રહે તો ચાર પ્રકારની વિકથા તથા રંગરાગ એટલે મોજશોખ વગેરેમાં ગુમાવી દે છે. તેથી તેઓને અધોગતિ કે જ્યાં ધર્મકર્તવ્ય ન થાય એવી ગતિમાં જવું પડે છે.

માટે આપણે આપણો વિચાર કરવાનો છે કે આપણે કેવા થવું છે? અતિ વિચક્ષણ થવાનું છે, પણ વર્તમાનમાં એટલો સંયોગ ન બને તો તે દૃષ્ટિમાં રાખીને વિચક્ષણ

થવાનો પુરુષાર્થ કરવાનો છે. યત્ના એટલે બાહ્યપ્રવૃત્તિ કરતાં સાવધાન રહેવું. ક્રિયામાં ભૂલ ન આવે તે યત્ના છે. તે દ્રવ્યધર્મરૂપ છે. અને ઉપયોગ એટલે જ્ઞાનદર્શનચારિત્રરૂપ ઉપયોગથી ભાવધર્મ થાય છે. ૨૦ ઘડી = ૮ કલાક ઘણાખરા લોકો નિદ્રામાં ગાળે છે. રાત્રે ૧૦ થી ૬ સામાન્યપણે નિદ્રાકાળ હોય છે. બાકીની ૪૦ ઘડી ઉપાધિ, ટેલટપ્પા વગેરેમાં ગાળે છે, મૂઢના જેવું પ્રવર્તન થાય છે. મોટા ભાગના માણસો હાલમાં આ પ્રમાણે વખત ગાળે છે. તેમાંથી બે ચાર ઘડી જો ધર્મકર્તવ્ય માટે કાઢે તો એનું પરિણામ ઘણું સારું આવે.

પળ એ અમૂલ્ય ચીજ છે. મનુષ્યભવમાં ભાવ ચઢે તો એક પળમાં સમકિત થાય, એક પળમાં કેવળજ્ઞાન થઈ જાય. ભાવની બલિહારી તો ઓર છે! "એક પળ વ્યર્થ ખોવાથી એક ભવ હારી જવા જેવું છે" — એક પળનો પ્રમાદ કરવાથી કેવાં કર્મ બાંધી લે? નરકાયુ વગેરે બંધાઈ જાય તો પછી સંયમ આદિ કરી શકે નહીં. કુંડરિક ને પુંડરિકનું દૃષ્ટાંત છે. કુંડરિકે કેટલા કાળનું ચારિત્ર એક રાત્રિમાં ખોઈ નાખ્યું!

એમ તત્ત્વની દૃષ્ટિએ સિદ્ધ છે = એક પળ વ્યર્થ ખોવાથી એક ભવ કેવી રીતે હારી જાય—બગડી જાય? એક પળમાં જ ખોટો નિર્ણય કરે તેથી ભવ હારી જાય. સમ્યક્દર્શન થાય એવું હોય તે પળ પ્રમાદમાં જાય તો તે ભાવ અટકી જાય; તેથી ભવ હારી જાય એમ બને છે. એ તત્ત્વની દૃષ્ટિએ એટલે આત્માના ભાવની અપેક્ષાએ સત્ય છે. એક ભાવ સારો આવ્યો તો આત્મા આગળ વધે અને

એક ભાવ બગડ્યો તો અટકી જાય. સામાન્ય બુદ્ધિથી આ વાત ન બેસે પણ આત્માનો વિચાર કરે તો સમજાય. લવ સત્સંગથી તરી જાય છે. અણીનો ચૂક્યો સો વર્ષ જીવે તેમ. પળપળનો હિસાબ છે. આ મનુષ્યભવનો અવસર આવ્યો છે, તેમાં સમકિત પામવાનો અવસર આવ્યો છે, મુનિપણું પામીને કેવળજ્ઞાન કરી લેવાનો અવસર આવ્યો છે. માટે એ અવસર ચૂકવો નહીં. શું કરવા આવ્યો છે ને શું કરે છે? એ વિચારી પ્રમાદ તજવો.

શુદ્ધભાવ થવાના કારણરૂપ શુભભાવ જેથી થાય તે વિશુદ્ધ ધર્મકર્તવ્ય છે. તેમાં કાળ ગાળતાં શુદ્ધભાવ પ્રાપ્ત થાય તો તે પળ અમૂલ્ય છે. એથી આત્મા આગળ વધતાં મોક્ષ પામે અને પ્રમાદ કરે તો તે ભાવ અટકી જાય. એક પળ પ્રમાદ કરીએ અને તે જ વખતે જો આયુષ્ય બંધાય તો નીચી ગતિ બંધાય અને પછી પડતાં પડતાં નિગોદ સુધી પહોંચી જવાય છે. આયુષ્ય કયા વખતે બંધાય એ તો આપણને ખબર નથી માટે આપણી દરેક પળ જ્ઞાનીની આજ્ઞાએ ગળાય તો અધોગતિએ ન જવાય. જેમ ટપાલી કોઈ પણ કાગળ છાપ માર્યા વગર જવા ન દે, તેમ આપણે પણ દરેક પળમાં 'સ્મરણ'ની છાપ મારી જ લેવી કે જેથી પછી પસ્તાવાનું ન થાય.

---

## શિક્ષાપાઠ ૫૧. વિવેક એટલે શું?

સત્યને સત્ય અને અસત્યને અસત્યરૂપે સમજે તેને જ્ઞાનીઓ વિવેક કહે છે. વ્યવહારમાં – આવકાર આપે વગેરે ડહાપણથી વર્તે તેને 'વિવેક' કહે. વિવેક એ જ્ઞાનનો ભેદ છે.

શ્રેયસ્કર એટલે હિત કરનાર. આત્માને ઓળખવાનો દીવો વિવેક છે તે જ્ઞાનપ્રકાશ કહેવાય છે. જે જ્ઞાનથી આત્માને ઓળખે, આત્માને આત્મા જાણે અને દેહને દેહ જાણે તે વિવેક છે. દેહને આત્મા માનવો તે અજ્ઞાન, અંધકાર અથવા અવિવેક છે. વિવેક વડે ધર્મ ટકે છે એટલે વિવેક પ્રાપ્ત થાય તો ધર્મ જાય નહીં. સત્ય એટલે વસ્તુ જેમ છે તેમ અને અસત્ય એટલે વસ્તુ હોય તેથી વિપરીત.

લઘુ શિષ્યો — શિષ્યો નાના હોવાથી વિવેકની તેમને ખબર નથી. 'મહારાજ' શબ્દ માનાર્થે છે. દ્રવ્યપદાર્થ = જડ પદાર્થ. ભાવપદાર્થ = ચેતન, આત્મા. સત્યભાવપદાર્થ એટલે જ્ઞાનદર્શનરૂપ શુદ્ધ આત્મા. અને અસત્યભાવપદાર્થ એટલે અજ્ઞાન અદર્શનરૂપ અથવા મિથ્યાજ્ઞાનદર્શનરૂપ અશુદ્ધ આત્મા. મિથ્યાત્વને કારણે અજ્ઞાન અદર્શન થવાથી, આવરણ આવી જવાથી તે શુદ્ધ આત્મા જણાતો નથી. સત્ય છે તે અસત્યથી ઘેરાઈ ગયું છે, વિપરીતતા થઈ ગઈ છે. જ્ઞાનનું અજ્ઞાન અને દર્શનનું અદર્શન થઈ ગયું છે તેથી આત્મા છે છતાં અવિવેકને લઈને ન જણાય. અવળી ભાતને સવળી માને તેમ પોતે વિવેક માને છતાં હોય અવિવેક. મતિ-વિભ્રમ થઈ ગયો છે. તેથી પરીક્ષા કરવી બહુ દુર્લભ છે. જ્ઞાન છે કે અજ્ઞાન છે તે જણાતું નથી. આ શાસ્ત્રીય વાત કહી. હવે દૃષ્ટાંત આપી સ્પષ્ટતા કરે છે.

અવિવેક છે તેથી સંસારના સુખોમાં મોહિની છે. સંસારને અમૃત જેવો ગણ્યો એ અવિવેક છે. સંસાર કડવો છે, કડવા ફળને આપે છે. સંસારના સુખો ભોગવે તેથી

નરકે જાય. તેને સારાં ગણે તે અવિવેક છે. સંસાર ઝેર જેવો લાગે તે વૈરાગ્ય છે. સંસારના ઔષધરૂપ તે વૈરાગ્યને કડવો ગણે તે અવિવેક છે. ભાવઅમૃતમાં આવવું એટલે જ્ઞાનદર્શનમાં આવવું એનું નામ વિવેક છે. વિવેક એ કેવી ઉત્તમ વસ્તુ છે! અજ્ઞાનનું જ્ઞાન કરી નાખે એવી આશ્ચર્યકારી વસ્તુ છે.

વિવેક ધર્મનું મૂળ છે. એ હોય તો પછી ધર્મવૃક્ષ વધે. વિવેક વિના જ્ઞાન જ્ઞાનરૂપે ન ઓળખાય, શીલ શીલરૂપે ન ઓળખાય, ધર્મ ધર્મરૂપે ન ઓળખાય, તત્ત્વ તત્ત્વરૂપે ન ઓળખાય અને તપ તપરૂપે ન ઓળખાય.

---

## શિક્ષાપાઠ ૫૨. જ્ઞાનીઓએ વૈરાગ્ય શા માટે બોધ્યો?

આગળ શિક્ષાપાઠ ૧૮, ૧૯, ૨૦ માં સંસાર સંબંધી સામાન્ય કહ્યું છે. હવે વિશેષ કહે છે.

ખેદમય = સંસારમાં સુખ માટે કંઈ કરે અને પરિણામે દુઃખ આવે ત્યારે ખેદ થાય છે. દુઃખમય = સંસારમાં સુખ માટે પ્રયત્નો કરાય છે પરંતુ દુઃખ મળે છે. અવ્યવસ્થિત = કોઈને ખાવાપીવા, પહેરવાઓઢવાનું ઠેકાણું નથી અને કોઈને ઢગલાબંધ કપડા વગેરે હોય છે. આમ સંસારમાં બધું અવ્યવસ્થિત છે. આ સંસારને ઈશ્વરે બનાવ્યો હોય તો બધું વ્યવસ્થિત હોય, પણ તેમ નથી. સંસારમાં આમ કરવાથી આમ જ થાય એવો ચોક્કસ નિયમ નથી, તેથી અવ્યવસ્થિત છે. જેમ કે પૈસા હોય તે સુખી જ હોય એવો નિયમ નથી. તેને પણ કેટલાય દુઃખ હોય છે.

ચળવિચળ = કોઈ ઠરીને ઠામ બેસવા ન દે, ચિત્તને સ્થિર ન થવા દે. સંસારમાં રાગ થાય કે દ્વેષ થાય, રતિ-અરતિ થયા કરે, તેથી ચળવિચળ છે. અનિત્ય = સંસારમાં એક ને એક અવસ્થા ન રહે; બાળક યુવાન થાય, પછી વૃદ્ધ થાય એમ એક જન્મમાં પણ બધી અવસ્થાઓ ફરે છે, તેથી અનિત્ય છે. સંસાર આવો ને આવો રહેવાનો છે એ અપેક્ષાએ શાશ્વત છે, પણ અહીં વૈરાગ્ય થવા માટે વિચારવા પર્યાયની અપેક્ષાએ અશાશ્વત કહ્યો છે. ઘણો લાંબો વિચાર કરીને આ બધું કહ્યું છે.

અનંતભવનું પર્યટન = સંસારમાં એક ભવ છોડીને બીજો, બીજો છોડીને ત્રીજો એમ અનંતભવનું પર્યટન થયા કરે છે. તેનો વિચાર કરતાં ખેદ આવે તે 'ભવે ખેદ' છે. અનંતકાળનું અજ્ઞાન = અજ્ઞાન અનંતકાળનું છે તે જ દુઃખનું મૂળ છે. અનંત જીવનનો વ્યાઘાત = અનંત જીવન તે સિદ્ધપર્યાયરૂપ છે. તે આત્માનું વાસ્તવિક જીવન છે. તે જન્મમરણથી હણાઈ રહ્યું છે એટલે તેનો વ્યાઘાત થઈ રહ્યો છે. અનંત મરણ = સમયે સમયે મરણ થઈ રહ્યું છે. અનંત દેહ એક પછી એક છૂટે એ અનંત મરણ દ્રવ્યથી છે. અને સમયે સમયે પોતાનું સ્વરૂપ ભૂલી જીવ બીજા ભાવ કરે તે અનંતમરણ ભાવથી છે તે ભાવમરણ કહેવાય છે. અનંતકાળથી એવું ચાલ્યા કરે છે માટે અનંત કહ્યું. સંસારનું સ્વરૂપ શું? ભમવું–પરિભ્રમણ કરવું તે સંસાર છે. અનંતભવનું પર્યટન ચાલુ છે.

ઇંદ્રવારણા ફળ = ઉપરથી સુંદર દેખાય પણ ખાવાથી આંતરડા કાપી નાખે, મરણ કરે એવું ફળ. દેખાતી =

સાચી નથી એવી. મોહિની = મોહ પમાડે તેવી રચના, મોહ કર્મ. તટસ્થ લીન = બેભાન, જડ જેવો, સ્તબ્ધ, કશું કરી શકે નહીં એવો. સંસારની મોહ પમાડે તેવી રચના, ઉપરથી સુંદર લાગે છે તેમાં લીન થવાથી આત્મા સ્તબ્ધ, બેભાન જેવો બની ત્યાંથી ખસી શકતો નથી. તેનું ફળ શું આવશે એનો વિચાર કરી શકતો નથી. એ જેવું = સંસારના મોહજનિત સુખ જેવું. 'હું ને મારું' એ મોહિની (મોહ) નો મંત્ર છે. એ સંસારને સાચો મનાવે છે. વૈરાગ્ય આવે તો બધું ખોટું અનિત્ય લાગે, ત્યારે જ્ઞાની પુરુષનાં વચન સાંભળે તો સાચું સુખ સમજાય, એમ ને એમ સમજાય નહીં. જ્ઞાની પર વિશ્વાસ હોય તો સંસારનું સુખ દુઃખરૂપ મનાય. જગતના ઇન્દ્રિયાદિનાં સુખને જ્ઞાનીઓ ક્ષણભર પણ સુખરૂપ કહેતા નથી. મોહના વિકલ્પરૂપ સંસાર છે તે દુઃખરૂપ છે. સંસારની તલ જેટલી જગ્યા પણ ઝેર એટલે મોહ-રાગદ્વેષ વિના રહી નથી. પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે એ જ ઝેર છે-મરણ છે. મોહનું અત્યંત દુઃખ સમજાવા ઝેરની ઉપમા આપી છે. સંસારમાં બધુ જ ઝેર જેવું લાગે તો ક્યાંય જન્મવાનું મન ન થાય, નહીં તો ક્યાંક જન્મવાની ઇચ્છા થાય તો તે નિયાણું છે.

તે મોહ કહો કે ઝેર કહો, તે ચક્રવર્તીથી ભૂંડ સુધી સંસારના સર્વ પ્રાણીમાં છે. ચક્રવર્તીથી ભૂંડ સુધી મોહની અપેક્ષાએ સંસારનાં સર્વ પ્રાણી સરખાં છે, એ વાત અતિ સૂક્ષ્મ વિચારે જણાય. ભાવની અપેક્ષાએ તપાસે તો સરખું છે. દ્રવ્યથી ચક્રવર્તી પુણ્યશાળી, સમર્થ છે.

ચક્રવર્તી શ્લાઘાપુરુષ એટલે પ્રશંસા કરવા યોગ્ય શલાકા પુરુષ છે. પણ જો ત્યાગ ન આવ્યો તો સાતમી નરકે જાય. ભૂંડથી પણ વધારે દુઃખ પામે. ચક્રવર્તીપણાનું પુણ્ય બાંધતી વખતે સમ્યક્ત્વ સહિત હોય તેથી શ્લાઘાપુરુષ કહેવાય છે. એક બે ભવ કે ઘણા ભવ કરી છેવટે મોક્ષે જાય. મહાવીર સ્વામીના જીવને ચક્રવર્તી થયા પછી પણ ઘણા ભવ કરવા પડ્યા. સમકિત થયા પછી પણ વધુમાં વધુ અર્ધપુદ્ગલપરાવર્તન પણ થાય છે. સમકિત વમે તેથી ઘણો કાળ ભમે. કોઈ આખી બાજી જીતીને પછી હારી જાય તેવું થાય. સંસારમાં ઉત્તમમાં ઉત્તમ પદવી ચક્રવર્તીની છે, તેમાં પણ કેટલું દુઃખ રહ્યું છે? રોગ, વૃદ્ધાવસ્થા અને મરણ તેમાં પણ રહ્યાં છે. ચક્રવર્તીનું સુખ તે સુખ નથી તો પછી બીજે સુખ શા માટે ગણવું? ઘણા વિચાર કરતાં જ્ઞાનીપુરુષોને લાગ્યું કે સંસારમાં અનંત ખેદ, અનંત શોક અને અનંત દુઃખ છે. એમ જીવને લાગે તો સંસાર ત્યાગે અને તેના ફળરૂપે ફરીથી એવા સંસાર-સુખની ઇચ્છા ન કરે કે દેવલોકમાં તો સુખ હશે ને? એમ ત્યાગીને પછી એની ઇચ્છા કરે તે પાછું વાળી જોયું કહેવાય. 'મેં આ આ ત્યાગ્યું' એમ વિચારે તે પણ પાછું વાળી જોયું કહેવાય. સંસારમાં સુખ માને છે ત્યારે જ મુનિપણું છોડી દે છે. સંસારમાં ક્યાંય સુખ છે જ નહીં. ફરી સંસાર સેવવાનો ભાવ જ ન કરવો. સંસારમાં દુઃખ જાણે તો પછી એને ન ઇચ્છે. રયણાદેવીના કહેવાથી પાછું વાળી જોયું તે ભાઈ નાશ પામ્યો. સંસારમાં સર્વત્ર દુઃખ જ છે. સંસાર એ દુઃખનો દરિયો છે. દેવલોકમાં

પણ ઊના ઘી જેવું, બળતરા કરાવે એવું સુખ છે. તેથી ખરું સુખ સંસારમાં નથી.

આ પાઠમાં સંસાર, શરીર અને ભોગનું વર્ણન કર્યું છે. તેનો વિચાર કરે તો વૈરાગ્ય આવે. વૈરાગ્ય શા માટે બોધ્યો ? એ અનંતસુખ–મોક્ષમાં લઈ જનાર ઉત્કૃષ્ટ ભોમિયો છે માટે. વૈરાગ્ય હોય તો સીધા મોક્ષે જઈ શકાય.

---

## શિક્ષાપાઠ ૫૩. મહાવીર શાસન

ભગવાન મહાવીરનું મૂળ નામ વર્દ્ધમાન હતું. મહાવીર નામ દેવે આપેલું. એક વાર દેવ નાગ થઈને આવ્યો ત્યારે બધા છોકરા ડરી ગયા, પરંતુ વર્દ્ધમાને તેને પકડીને ફેંકી દીધો. પછી દેવે રાક્ષસનું રૂપ લીધું ત્યારે એક મુઠ્ઠી મારી તેને શક્તિહીન કર્યો, તેથી તે દેવે ભગવાનનું નામ મહાવીર પાડ્યું. ઇન્દ્રે ભગવાનના વખાણ કર્યા તેથી તે દેવ પરીક્ષા કરવા આવ્યો હતો. પછી તેણે કહ્યું કે જેવું સાંભળ્યું હતું તેવું જ બળ છે, વધારે છે પણ ઓછું નથી. શાસ્ = શિખામણ આપવી. મહાવીરે ઉપદેશ કર્યો એ જ શાસન છે. જે એમનો ઉપદેશ માને તે એમની પ્રજા. શાસ્ ઉપરથી શાસ્ત્ર. ભગવાનનો ઉપદેશ જેમાં હોય તે સત્શાસ્ત્ર છે.

શ્રમણ એટલે મોક્ષને માટે પુરુષાર્થ કરનારા સાધુ. નિર્વાણ = વાન એટલે વર્ણ, રૂપ, તેથી રહિત થવું – અરૂપી થવું તે નિર્વાણ અથવા મોક્ષ. શ્રેણિકરાજાના જ રાજ્યમાં મગધ દેશમાં ક્ષત્રિયકુંડ નગર હતું. નાના રાજ્યો સ્વતંત્ર

જેવાં હતા. રાજા થયા પહેલાં શ્રેણિક ત્યાં ગયેલા. મહાવીરનાં ચક્રવર્તીનાં ચિહ્ન હોવાથી ચક્રવર્તી થશે એમ જાણી સેવા કરેલી, એમ દંતકથા છે.

આ હુંડાવસર્પિણી કાળ હોવાથી શાસન ઉપર અનેક વિપત્તિ આવે છે અને આવશે. હુંડ એટલે ભયંકર, વિચિત્ર અને અવસર્પિણી એટલે ઊતરતો કાળ. જેના વડે તરાય તે તીર્થ. જે ધર્મથી તરાય તે ધર્મતીર્થ. દશ અપવાદ તે દશ આશ્ચર્ય અથવા અછેરાં કહેવાય છે, તે નીચે મુજબ છે.

(૧) ૧૦૮ સિદ્ધા – ઋષભદેવ ભગવાન સિદ્ધ થયા તે જ સમયે તેમના ૯૮ નાના પુત્રો, બાહુબળજી અને ભરતના આઠ પુત્રો એ બધા મળી ૧૦૮ ઉત્કૃષ્ટ અવગાહનાવાળા અષ્ટાપદ પર્વત ઉપરથી એક સમયે મોક્ષે ગયા. એવું અનંત કાળે બને છે માટે પહેલું અછેરું. ( ૨ ) અસંયતિ પૂજા – સુવિધિનાથ ને શીતલનાથના આંતરામાં જૈન ધર્મ વિચ્છેદ ગયો ત્યારે મુનિ વગેરે ન હોવાથી બ્રાહ્મણોને પૂજા, દાન આપવાનું શરૂ થયું. (૩) હરિવંશકુલોત્પત્તિ – શીતલનાથના શાસનમાં હરિવર્ષની ભોગભૂમિમાંથી બે જુગલિયાને દેવે અહીં આણ્યા, તેમનું શરીર નાનું કર્યું ને તેમાંથી હરિવંશની ઉત્પત્તિ થઈ. (૪) સ્ત્રી તીર્થંકર – મલ્લિકુમારીનું તીર્થંકર થવું. (૫) શ્રી કૃષ્ણનું અપરકંકાવતરણ – નેમિનાથના વખતમાં શ્રીકૃષ્ણનું અપરકંકા નગરીમાં જવું. દ્રૌપદીને દેવ હરી ગયો, તેને લેવા શ્રીકૃષ્ણ વાસુદેવ ધાતકીખંડમાં ગયા. ત્યાં બે વાસુદેવના

શંખ સામસામા સંભળાયા. કોઈ બે તીર્થંકર, બે ચક્રવર્તી કે બે વાસુદેવ મળે નહીં તેવો અશક્ય બનાવ બન્યો. (૬) તીર્થંકરનું ગર્ભહરણ – મહાવીર ભગવાનનું દેવાનંદાના ગર્ભમાંથી અપહરણ થઈ ત્રિશલામાતાની કૂખમાં આવવું. (૭) ચમરનો ઉત્પાત – ચમરેન્દ્રનું સૌધર્મ સ્વર્ગમાં જવું તે ન બની શકવા યોગ્ય બન્યું. (૮) અભાવિત પરિષદ્– મહાવીર ભગવાનની પહેલી દેશના અફળ ગઈ. (૯) તીર્થંકર પર ઉપસર્ગ – મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયા પછીથી ગોશાળાએ ઉપસર્ગ કર્યો. (૧૦) સૂર્ય તથા ચંદ્રનું વિમાન સહિત ભગવાન મહાવીરની પરિષદ્‌માં આવવું –– મહાવીર ભગવાનના સમવસરણમાં સૂર્ય ચંદ્ર વિમાન સહિત આવ્યા તેથી દિવસ જાણી મૃગાવતી સાધ્વી ત્યાં બેસી રહેલાં. એ મુજબ દશ અપવાદ – આશ્ચર્ય શ્વેતાંબર શાસ્ત્રોમાં કહ્યા છે.

કૃપાળુદેવને ધર્મનો ઉદ્ધાર કરવો હતો પણ થયો નહીં. મૂળ મુશ્કેલી મતમતાંતરની હતી. ગચ્છમતના ભેદ પડ્યાં છે, તે આ હુંડાવસર્પિણી કાળને લઈને છે. મધ્યસ્થ પુરુષો ‘પોતાનું હિત શાથી થાય? ભગવાને છૂટવાનો માર્ગ કયો કહ્યો છે?’ તે વિચારી મતમતાંતરમાં ન પડતાં જૈન શિક્ષાના મૂળ તત્ત્વ — સમ્યક્દર્શન – જ્ઞાન – ચારિત્રનો વિચાર કરે છે. પોતે વૈરાગ્ય લાવી, સ્વચ્છંદ ત્યાગી ભગવાનની આજ્ઞામાં ચાલે છે. ઉત્તમ શીલવાન મુનિઓ એટલે સમકિત સહિત શીલ જેને હોય એવા મુનિઓ પર ભાવિક રહે, તેમનો સમાગમ કરે. સત્ય – સાચું તે મારું એમ સત્ય પર એકાગ્ર થઈ પોતાના આત્માને દમે —

ઇંદ્રિયોના વિષયોથી આત્માને પાછો વાળે, અને વૃત્તિ આત્મામાં રાખે – તે સત્ય એકાગ્રતા છે. મહાવીર ભગવાને શું કહ્યું છે તે વિચારવા આ પાઠ છે.

પડતો કાળ છે, તેથી શાસનનો ફરી વચ્ચે ઉદ્યોત થાય છે અને ફરી મંદ પડી જાય છે. મૂળ ભગવાનની વાત કહેનારા પુરુષો પાકે છે, પરંતુ તેમને યથાર્થ માનનારા, અનુસરનારા બીજા ન થાય. જૈનતત્ત્વને જાણનારા કેટલાક થાય પણ તેની પાછળ મંડી પડનારા, તેની પૂર્ણતાએ પહોંચનારા ન મળે.

ઉત્તરાધ્યયન સૂત્રના ત્રેવીશમા અધ્યયનમાં કેશીસ્વામી ને ગૌતમસ્વામીનો સંવાદ છે તેમાં આ વાક્ય છે — '**वंक जडा च पच्छिमा**' વંક એટલે વાંકા. ભગવાનનું કહેલું માન્ય થાય એવી સરળતા ન મળે, વ્રતમાં બારીઓ ઉઘાડી રાખે, દૂધમાંથી પોરા કાઢે. વાંકા એટલે સરળ સ્વભાવ નહીં અને જડ એટલે બુદ્ધિ નહીં. ભગવાને કહ્યું હોય તે ન માને, અવળું માને તે વાંકા અને કંઈ વિચાર ન કરે તે જડ. ધર્મમાં જેટલું માહાત્મ્ય જોઈએ તે હોય નહીં. પૂરું સમજે નહીં, અને ભગવાનના કહ્યા પ્રમાણે સરળતાથી ચાલે પણ નહીં. વિષયકષાયનું જોર ઘણું તેથી ભગવાનનું કહેલું હોય તેનો અવળો અર્થ કરે. ભગવાન સુખનો માર્ગ કહે તે મનાય નહીં. સાધુ થાય છતાં સંસારભાવ છૂટે નહીં. વાસના ઝંખના રાખે. એવા પરિણામથી દુઃખ થશે એમ સૂઝે નહીં. પૃથ્વીનો આકાર, દેહોની અવગાહના આદિ શંકાથી મૂળમાર્ગમાં શંકા કરે.

તે વાંકા ને જડ. સરળ હોય તો "કર વિચાર તો પામ" એમ તત્ત્વનો વિચાર કરવા માંડે.

ભગવાને શું કહ્યું છે તેનો વિચાર કરવો. આપણે કેટલું ઉત્તમ શીલ – સદાચાર પાળીએ છીએ ? શાસનની ઉન્નતિ થાય તેવું શું કરીએ છીએ ? એનો વિચાર કોઈક જ કરે છે. ભગવાને કહેલી વાત ભૂલી ગયા છે. વિચાર નથી. શ્રાવકકુળમાં જન્મ્યા તેથી શ્રાવક નથી. શ્રાવકના જ્ઞાન, આચાર કેવા જોઈએ ? બીજાં કરતાં શ્રાવક કેમ જુદો પડે ? શ્રાવક હાઈકોર્ટના જજ જેટલો સત્યવાદી અને પ્રામાણિક હોય. અગાઉ એવા શ્રાવકો હતા તે નિહ્નવોને પણ પાંશરા કરતા, એવા વિચક્ષણ જોઈએ.

શોધ = શંકાનું સમાધાન ગમે ત્યાંથી પણ કરી લે, આત્મજ્ઞાનમાં શંકિત ન રહે તે યથાર્થ શોધ. તત્ત્વ સંબંધી શંકાઓ થાય તેના પાછા ઉત્તર શોધી કાઢે. દૃઢતા થવા શોધની જરૂર છે.

દ્રવ્યાદિક દયા જન્મે છે—એમ કહ્યું છે તે આલંકારિક ભાષામાં કહ્યું છે. અર્ધદગ્ધ = થોડું કે નહીં જેવું જાણનારા. જાણીને અહંપદ કરનારા = કંઈક વધારે જાણે ને અહંકાર કરે એવા. તત્ત્વના કાંટામાં તોલનારા = તત્ત્વદૃષ્ટિએ તુલના કરનારા. તુલના કરે તો માહાત્મ્ય લાગે કે આવું તત્ત્વ ક્યાંય નથી. સમજે તો જ્ઞાની પુરુષનો ઉપકાર લાગે. 'મોક્ષમાર્ગ તોલ્યો અક્કલ તરાજુએ રે.' કૃપાળુદેવે બધાય દર્શનને તોળી જોયા ને પછી યથાર્થ મોક્ષમાર્ગ પ્રકાશ્યો.

પરમાવધિજ્ઞાન આખા લોકનું જાણે અને અલોકનું પણ થોડું જાણે, તે આ કાળમાં વિચ્છેદ છે. બાકી

ઇન્દ્રિયની મદદ વગર જણાય એવું સામાન્ય અવધિજ્ઞાન આ કાળમાં પણ હોય છે. કૃપાળુદેવ આગળથી જાણતા, ચાખ્યા વિના કહેતા વગેરે અનેક પ્રકારે અવધિ હોય છે, તે અનેકને સિદ્ધ થાય છે. મનની વાત પણ મતિશ્રુતની નિર્મળતાથી જણાય છે.

ગણધરે શરૂઆતમાં દૃષ્ટિવાદ નામનું બારમું અંગ રચ્યું, તેમાં આત્મવાદ વગેરે ચૌદપૂર્વ ગૂંથ્યા. પછી સાધુ-સાધ્વીને તે સમજાયું નહીં તેથી આચારાંગ આદિ ૧૧ અંગો રચ્યાં. શાસ્ત્રોનો મોટો ભાગ વિચ્છેદ ગયો. ભગવાને કહેલું તેમાંથી થોડુંક રહ્યું છે તે પર સામાન્ય બુદ્ધિવાળો હોય તે ભગવાનનો પરમાર્થ સમજી ન શકે તેથી શંકા કરે. ઊંડા ન ઊતરાય ત્યાં સુધી સામાન્ય સમજણ કહેવાય. ઉપર ઉપરથી એક વાર વાંચે અને માને કે હું સમજી ગયો, ને વળી શંકા કરે તે યોગ્ય નથી. શંકા થાય તો બીજા કોઈ વિશેષ જાણનાર હોય તેને પૂછવું. ત્યાંથી સમાધાન ન થાય તો પણ જિનવચનમાં શ્રદ્ધા રાખવી. કેવળજ્ઞાની વગેરે આ કાળમાં નથી તેથી સંપૂર્ણ સમાધાન ન પણ થાય, તેથી શ્રદ્ધા ચળવિચળ ન કરવી. ભગવાને એકાંતે કંઈ કહ્યું નથી. સ્યાદ્‌વાદથી ભગવાનના કથનને સંપૂર્ણ જાણનારા આ કાળમાં વિરલા છે.

રત્નની કિંમત ન જાણે અને દોષ શોધતો ફરે, તેમ ભગવાનના એક એક કથન રત્ન સમાન છે તેમાં દોષ શોધી શંકા કરે તે ભૂલ છે. જે કથનથી આત્માનું હિત છે તેમાં દોષ જુએ તો પછી શ્રદ્ધા ઊઠી જાય. અહીં લીલોતરીનું દૃષ્ટાંત આપ્યું છે. તે ભગવાને કંઈ લીલોતરીના

જીવોને દુઃખી કરવા કહ્યું નથી પણ રસગારવલુબ્ધતા ઘટાડવા કહ્યું છે. તેમાં ભગવાનનો આશય ઇન્દ્રિયો જીતવાનો છે.

આ વિષય — ભગવાનના વચનમાં દોષ લગાડવા સંબંધીનો ઘણો મોટો છે. ટૂંકામાં સમજવાનું કે આપણે મતભેદમાં પડવું નહીં. ઉત્તમ અને શાંત મુનિ — જેને સમ્યક્‌દર્શન થયું હોય તે ઉત્તમ અને સમ્યક્‌ચારિત્ર એટલે કષાયરહિત હોય તે શાંત, એવા મુનિનો સમાગમ કરવો. વિમલ આચાર એટલે અતિચાર ન લાગે એવી રીતે વ્રત પાળવા. વિવેક એ દીવો છે. તે હોય તો સંસારના સુખો ત્યાજ્ય લાગે. જ્ઞાનદર્શન આદિ સ્વભાવને પોતાનું સ્વરૂપ જાણે, ભેદજ્ઞાન કરે, અજ્ઞાન–અદર્શનને છોડે તે વિવેક છે. દયા—બીજાને સુખશાંતિ આપે તે પરદયા, પોતાને સુખશાંતિ પમાડે તે સ્વદયા. ક્ષમા = ખમવું, સહન કરવું. એ હોય તો ક્રોધ ન થાય. જ્યારે દયાભાવ વધારે બળવાન થાય ત્યારે નિમિત્ત મળતા પણ ક્રોધ ન આવે. દયાની પાળ ન તૂટે તે ક્ષમા છે.

મહાવીરતીર્થને અર્થે બને તો વિવેકી બોધ કારણ સહિત આપવો — બીજાને એ વાત ગળે ઊતરે એવી રીતે કહેવી. શંકાનો ઉદય ન થાય અને શ્રદ્ધા બળવાન થાય તેમ કરવું. 'સંશય બીજ ઊગે નહિ અંદર, જે જિનના કથનો અવધારું.' શંકાથી સંતાપ થાય. શંકા એ સમકિતને દૂષિત કરનાર છે. મહાપુરુષના વચનમાં શંકા થાય તો મહાપુરુષમાં શંકા થાય અને મહાપુરુષમાં શંકા થાય તો તેમના વચનમાં શંકા થાય એમ અન્યોન્ય છે. માટે

પુરુષપ્રતીતિ રાખી તેમનું કહેલું સત્ય જ છે એમ નિઃશંક થવું. તુચ્છ બુદ્ધિ એટલે માલ વિનાની, અસાર, હલકી બુદ્ધિ. અત્યારે જે બુદ્ધિ છે તે તુલના કરે તેવી સમર્થ નથી. જે બુદ્ધિથી મહાપુરુષોએ શાસ્ત્ર રચ્યાં તેવું પોતે કંઈ કરી શકે તેમ નથી પણ તેમાં ભૂલ કાઢે છે, શંકા કરે છે એ તુચ્છ-હલકી બુદ્ધિ છે. એથી આત્માનું અહિત થાય છે. શંકા ન કરવામાં આત્માનું હિત છે. શ્રદ્ધા રાખે તો પરમ મંગલ – મોક્ષ થાય. એ હિતવાત વિસર્જન કરવી નહીં, સ્મૃતિમાં રાખવી.

---

## શિક્ષાપાઠ ૫૪. અશુચિ કોને કહેવી ?

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ."

આવા લક્ષણવાળા હોય તે જિજ્ઞાસુ છે. જિજ્ઞાસુએ સાધુઓના આચાર વગેરે વાંચીને અવધાર્યું છે, તેથી તેમાં શંકા થવાથી પૂછે છે.

દર્શન એટલે ધર્મ. સંત = 'સત્' ઉપરથી આ શબ્દ બન્યો છે. આત્મા જેણે પ્રાપ્ત કર્યો છે તે સંત. સાધુના અર્થમાં વપરાય છે. રેડવવું = ચલાવવું. પગરખાં = જોડા. સાધુ ગૃહસ્થને ઘેર કેમ ન બેસે ? ગૃહસ્થનું ઘર કાજળની કોટડી જેવું છે તેથી ડાઘ લાગે. વાત બેસતી નથી એટલે કે શંકા રહે છે – વાત બરાબર લાગતી નથી.

જીવહિંસાયુક્ત મલિનતા = જેથી જીવ ઉત્પન્ન થાય એવી મલિનતા. જેમ કે જૂ પડે, માકણ થાય વગેરે.

શરીર વડે કરીને જીવહિંસા કરે તો તે મલિનતા છે, અને એ જ અશુચિ છે. મુનિઓના આચારની વાત છે. મુનિઓને શરીર મલિન હોય તે અપવિત્રતા નથી. તે સાથે જીવહિંસા હોય તો અપવિત્રતા કહેવાય. મુનિઓને તો જેમ જેમ મળ પરિષહ સહન કરે તેમ તેમ આત્માની ઉજ્જવલતા થાય છે એ ઊંડા વિચારથી સમજવાનું છે. જેથી આત્મા મલિન થાય તે મલિનતા છે. શરીર તો મલિન જ છે.

સૂક્ષ્મવિચાર – આત્માનો વિચાર હોય તો જિનેશ્વરના કથનથી બોધ અને અતિ આનંદ પ્રાપ્ત થાય. મુનિઓ મલિન શરીરવાળા હોવા છતાં જ્ઞાન હોય તો પવિત્ર અને પૂજ્ય છે એવો ચમત્કાર છે, માટે અત્યાનંદ થાય છે.

હવે જિજ્ઞાસુ, ગૃહસ્થાશ્રમી વિષે પૂછે છે. તેમણે જીવહિંસા કે સંસારી કામથી થયેલી શરીરની અશુચિ ટાળવી જોઈએ કે નહીં ? ઉત્તર – સમજણપૂર્વક અશુચિ ટાળવી. થોડું પાણી ઢોળે. જીવોની વિશેષ ઉત્પત્તિ થાય, જીવહિંસા થાય તેમ ન કરે. યથાશક્તિ સાચવે. બહારથી ચોખ્ખા થઈને ફરો છો તે કરતાં આત્માની પવિત્રતા થાય તેમ કરવું.

## શિક્ષાપાઠ ૫૫. સામાન્ય નિત્યનિયમ

સામાન્ય એટલે બધાને કરવા યોગ્ય. પ્રભાત પહેલાં એટલે અજવાળું થાય તે પહેલાં બ્રાહ્મ મુહૂર્તમાં – લગભગ પાંચ વાગે ઊઠીને મંત્રસ્મરણ કરે, તેથી સ્વપ્ન વગેરેથી

વિક્ષેપ થયો હોય તે મટી જાય. પાપવ્યાપાર – જેથી પાપ થાય એવી પ્રવૃત્તિ – ચૂલો સળગાવવો વગેરે કરવાની ઉતાવળ ન કરતાં પ્રથમ રાત્રિસંબંધી પ્રતિક્રમણ કરવું. પાપ થાય એવાં કામ કરવાના ભાવ દૂર કરવા અને થયેલા દોષોનું પ્રતિક્રમણ કરવું.

ભગવાનની ઉપાસના એટલે ભગવાન પાસે બેસવું. સદ્‌ગુરુ હોય તો સેવા કરવી. ભગવાનની સેવા–પૂજા કરવી. પછી સ્તુતિ કરવી. તેમજ સ્વાધ્યાયથી મનને ઉજ્જ્વલ–નિર્મળ કરવું. સારા વિચાર – ભાવના કરે તેવું મનને કરવું. ઉપાસના પછી સ્વાધ્યાય શા માટે ? ઉપાસનાથી મન શાંત કરે તો સ્વાધ્યાય થાય.

પછી સંસારના કામ કરવાં પડે તે કેવી રીતે કરે ? તો કે વિનયપૂર્વક અને આત્મહિતનો લક્ષ ન ચુકાય એ રીતે કરે. પહેલાં પાપની વૃત્તિ રોકવી એમ કહ્યું, પછી પ્રવર્તવું પડે તે યત્નાથી કરવા કહ્યું.

બપોરે શું કરે ? પોતે ભોજન પોતાને માટે કર્યું હોય તેમાંથી સત્પાત્રે દાન આપવાની પરમ આતુરતા રાખે. ખાવાનું થયું કે તરત ખાઈ ન લે. વચ્ચે દાન દેવાની ઉત્તમ ભાવના રાખે. સત્પાત્ર મુનિ વગેરેને યથોચિત–જેવી ઘટે તેવી વિધિથી ભક્તિપૂર્વક પથ્ય શુદ્ધ આહાર આપે.

પોતાના આહાર વિહાર વગેરે નિયમિત રાખે. અનિયમિત હોય તો તબિયત બગડે. નિયમથી કામ કરે તો પાર આવે, નહીં તો કામનું ઠેકાણું જ ન પડે. કામ અવ્યવસ્થિત થાય તો નવરાશ જ મળે નહીં.

નવરાશનો વખત કાઢવો. કયે વખતે કયું શાસ્ત્ર વાંચવું, વિચારવું, ફેરવવું એનો નિયમ કરવો. સત્શાસ્ત્ર ભણવું અને તાત્ત્વિક ગ્રંથ એટલે દ્રવ્યસંગ્રહ જેવા ગ્રંથનું મનન કરવું.

સંધ્યા આવશ્યક – દેવસી – દિવસ સંબંધી પ્રતિક્રમણ ઉપયોગપૂર્વક કરવું. સૂતાં પહેલાં સર્વ જીવને ખમાવવા. તે શા માટે ? તો કે રાત્રે કદાચ દેહ છૂટી જાય તો સમાધિમરણ થાય.

લાભદાયક = સુખશાંતિ આપનાર. મંગળદાયક = મોક્ષ આપનાર.

---

## શિક્ષાપાઠ ૫૬. ક્ષમાપના

ભગવાનને સંબોધીને કહે છે, કે હે ભગવાન ! મેં બહુ મોટી ભૂલ કરી છે. તમે મને ઉત્તમ વસ્તુ આપી, અમૂલ્ય વચનો કહ્યાં તેનો મેં કંઈ ઉપયોગ કર્યો નહીં. મોટામાં મોટી ભૂલ એ છે કે જીવને મુમુક્ષુતા આવી નથી. તે આવે શાથી ? તો કે પોતાના દોષ અપક્ષપાતે જુએ તો આવે. ભરત ચક્રવર્તીને 'હું બહુ ભૂલી ગયો' એમ પોતાના દોષ જોતાં કેવળજ્ઞાન થયું. ભગવાનનું ગમે તે એક વચન લક્ષમાં રાખે તો પણ ઉદ્ધાર થાય. તે પર રોહીણિયા ચોરનું દૃષ્ટાંત છે. ભગવાનનાં વચન અમૂલ્ય છે, મારું અપૂર્વ હિત કરનારાં છે એવી તેની ગરજ જાગી નહીં. તત્ત્વ સમજાય, એવો અનુપમ બોધ ભગવાનનો છે પણ મને તેનું માહાત્મ્ય લાગ્યું નહીં. તત્ત્વ ઓળખે તો

આત્મજ્ઞાન થાય. આત્મામાં સ્થિરતા કરવી તે જ ઉત્તમ શીલ અથવા સદાચાર છે. લૌકિક દયા વગેરે જાણ્યાં, પણ ભગવાને મોક્ષ થવા માટે આત્મજ્ઞાન સહિત જે દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા કહ્યાં છે તેને મેં ઓળખ્યાં નહીં. ખરી પવિત્રતા તો સિદ્ધભગવાન પાસે છે, તેની ઓળખાણ કરવાની છે.

ભૂલ્યો એનું ફળ શું આવ્યું ? સંસારમાં રખડવાનું, જન્મમરણ કરવાનું થયું. પોતાના દોષ વિચારતાં એમ લાગે છે કે હું પાપમાં વર્તું છું. આઠ પ્રકારના કર્મ બાંધ્યા કરું છું તે પાપ જ છે. જગતમાં અનેક પ્રકારના ધર્મ છે પણ તીર્થંકર ભગવાનનું કહેલું તત્ત્વ સાચું છે. તે વિના મોક્ષ નથી. પરંતુ ધર્મ આરાધવાને બદલે હું તો સંસારના પ્રપંચમાં વર્તી રહ્યો છું. અજ્ઞાનથી—મોહથી આંધળો બન્યો છું. આંધળાને તો કોઈ દોરી જાય તો ઘરે પહોંચે પણ અજ્ઞાન તો ભવોભવ રખડાવે છે. તેથી હે ભગવાન ! હું આંધળાથી પણ વધારે દયાપાત્ર છું. મારામાં દેહ ને આત્મા જુદા સમજવાની વિવેકશક્તિ નથી. હું મોહાધીન છું. શરીરનાં દુઃખ કરતાં અજ્ઞાનનું દુઃખ વધારે છે. હે ભગવાન ! મારો કોઈ નાથ નથી. હે રાગરહિત ભગવાન ! હવે હું તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું – સાચા દેવ ગુરુ ધર્મનું શરણ ગ્રહું છું. મેં આજ સુધી જે મોટા અપરાધ કર્યા તે હવે ક્ષય થાય અને હું સર્વ પાપથી મુક્ત થાઉં, એ જ મારી અભિલાષા છે. જેટલી મોક્ષમાર્ગની આરાધના નથી કરી તેટલો અપરાધ છે. હવે કર્મ કરવાં નથી, પણ પહેલાં

જે જે કર્મો કર્યાં છે તેનો પશ્ચાત્તાપ કરું છું. જ્યારે સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું ત્યારે તમારું શુદ્ધ સ્વરૂપ કેવું ચમત્કારી છે! તે સમજાય છે. તમારા સ્વરૂપનો વિચાર કરતાં મારું સ્વરૂપ પ્રગટે છે. બાહ્ય પદાર્થો દેખાય છે તે પોતાનું સ્વરૂપ નથી, પરસ્વરૂપ છે. એમ થતાં વૈરાગ્યઉપશમ જેટલો વધે તેટલો આત્મા નિર્મળ થાય છે. સૂક્ષ્મ વિચારથી ઊંડા ઊતરતાં ભગવાનનું સ્વરૂપ સમજાય છે, ત્યાં જ ગુપ્ત ચમત્કાર છે. જીવને ગુપ્ત ચમત્કાર લક્ષમાં નથી. ગુપ્ત ચમત્કાર તે આત્મા છે. પોતાનું મૂળ સ્વરૂપ પણ તેવું જ છે એવું જીવને ત્યારે ભાન થાય છે.

તમે નીરાગી છો. મૂળ સ્વરૂપમાં કોઈ વિકાર કે વિભાવ નથી, તેથી તમારું સ્વરૂપ નિર્વિકારી છે. તમે સત્ચિદાનંદસ્વરૂપ – આત્માના અનંતસુખવાળા છો. તમારા જ્ઞાન અને દર્શનમાં કોઈ આવરણ નથી તેથી અનંતજ્ઞાની અને અનંતદર્શી છો અને ત્રણ લોકના સ્વરૂપને જણાવનારા છો. ભગવાન પાસે જઈ કહે છે કે મારે બીજું કંઈ કામ નથી; માત્ર મારા હિતને અર્થે તમારી – કેવળજ્ઞાનીની સાક્ષીએ ક્ષમા ચાહું છું. હે ભગવાન! તમે જે તત્ત્વનો ઉપદેશ કર્યો છે તેમાં મને લેશ માત્ર પણ શંકા ન થાઓ. મોહને લઈને શંકા થાય છે, તે મારો મોહ ટળી જાઓ અને તમારા કહેલા મોક્ષમાર્ગમાં હું દિવસે તેમજ રાત્રે પ્રવર્તું; એ સિવાય મારી બીજી ઇચ્છા ન થાઓ. હે ભગવાન! તમે સર્વજ્ઞ હોવાથી બધું જાણો છો, તેમ છતાં થયેલા દોષોનો પશ્ચાત્તાપ થવાથી તમારી સાક્ષીએ આ ક્ષમાપના કરું છું.

બધા પાઠ કૃપાળુદેવે લખ્યા છે પણ કોઈ પાઠમાં તેમણે ૐ શાંતિઃ લખ્યું નથી, પણ આ પાઠમાં લખ્યું છે. કારણ કે આ પાઠ આત્માને નિર્મળ કરવા માટે બહુ ઉપયોગી છે.

---

## શિક્ષાપાઠ ૫૭. વૈરાગ્ય એ ધર્મનું સ્વરૂપ છે

અનેક ધર્મમતો આ જગતમાં ચાલે છે તેમાં સત્યધર્મ કયો છે? તે વિચારવા, ધર્મનું સ્વરૂપ શું છે? તે કહે છે. જે ધર્મથી સંસાર પ્રત્યે વૈરાગ્ય થાય, અને સંસારથી મુક્ત થવાય તે ધર્મ સાચો છે. 'જ્ઞાનીઓએ વૈરાગ્ય શા માટે બોધ્યો?' એ પાઠમાં કહ્યું છે કે "વૈરાગ્ય એ જ અનંત સુખમાં લઈ જનાર ઉત્કૃષ્ટ ભોમિયો છે."

અહીં લોહીથી રંગાયેલા વસ્ત્રનું દૃષ્ટાંત આપ્યું છે તે બરાબર બંધ બેસતું છે. જેમ વસ્ત્ર મૂળમાં શુદ્ધ છે તેમ આત્માનું મૂળ સ્વરૂપ સિદ્ધસમાન પવિત્ર છે. તે પ્રગટ કરવા ભગવાને ધર્મ પ્રવર્તાવ્યો છે. પણ અનાદિ કાળથી આત્માને પાંચ ઇન્દ્રિયના વિષયોમાં રુચિ છે, તેથી પાંચ ઇન્દ્રિયના રસને પોષીને ધર્મ કરવા જાય છે પણ એમ ધર્મ થતો નથી. જગતમાં અનેક ધર્મો પ્રવર્તે છે. કોઈ મનુષ્ય ધર્મ વગરનો નથી. બધાય ધર્મોમાં ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ પણ હોય છે પણ તેમાં તફાવત છે. જ્યાં રંગરાગ ગાનતાનની મુખ્યતા છે, ધર્મને નામે શૃંગાર પોષાય છે, ત્યાં વૈરાગ્ય નથી અને તેવા ધર્મથી આત્માની મલિનતા ટળતી નથી. પક્ષપાત વગર જે ધર્મ સાચો હોય તેને સાચો કહેવો

છે. સંસારી ધર્મથી આત્માનું કલ્યાણ થાય નહીં. જો શૃંગારને ધર્મ કહીએ તો બધાને ઘેર એ જ છે અને તેમ થતાં પછી ઘરમાં ને ધર્મ-સ્થાનમાં ભેદ ન રહે. ધર્મમંદિરમાં ઘર જેવું કરે તો ત્યાં પણ સંસાર જ છે. કોઈ એમ કહે કે ધર્મસ્થાનમાં તો અમે ભક્તિ કરીએ છીએ; પરંતુ જ્યાં પાંચ ઇન્દ્રિયના વિષયો અને શૃંગાર પોષાય ત્યાં વૈરાગ્ય નથી, અને જ્યાં વૈરાગ્ય નથી ત્યાં ધર્મ નથી. જ્યાં વૈરાગ્ય હોય ત્યાં જ ધર્મ છે.

વીતરાગ ભગવાને કેવળજ્ઞાન પ્રગટ કરીને જોયું કે આત્મા વિષયાદિક મલિનતાથી સંસારમાં અનાદિકાળથી રઝળે છે. તે મલિનતા ટાળવા વિશુદ્ધભાવરૂપી જળની જરૂર છે. તે વિશુદ્ધભાવજળથી આત્મા પવિત્ર બને છે. તે થવા પ્રથમ નિર્ગ્રંથ ગુરુ જોઈએ. તેઓ અર્હતનું બોધેલું તત્ત્વ સમજાવે, પણ જીવને વૈરાગ્ય વિના તે સમજાતું નથી. વૈરાગ્યની સાથે ઉત્તમ આચાર સદ્ગુરુની આજ્ઞાએ પાળે તો આત્માનો કર્મમળ ધોવાય. સદ્ગુરુ મળ્યા હોય, શાસ્ત્ર શીખ્યા હોય, સદાચાર પાળતો હોય પણ જીવને વૈરાગ્ય ન હોય તો વિષયોમાં જ લાગી રહે, તેથી સંસારથી છૂટે નહીં. વૈરાગ્યરૂપી યોગ્યતા વિના તત્ત્વ સમજાય નહીં. વૈરાગ્ય હોય તો જ ભગવાનનો ઉપદેશ અથવા સિદ્ધાંતબોધ પરિણમે. માટે વૈરાગ્ય એ જ ધર્મનું સ્વરૂપ ગણવું જોઈએ.

વૈરાગ્ય હશે તો જ જીવ ચોખ્ખો થશે. સંસારથી જીવ ભય પામે તો પોતાના શત્રુ કોણ છે તે જણાય. પાંચ ઇન્દ્રિયના વિષયો જીવને રાગદ્વેષ કરાવી બંધન

કરાવનારા છે. માટે કહ્યું છે કે સંસાર પ્રત્યે વૈરાગ્ય લાવવો, સંસારના ભોગો અપવિત્ર જાણવા અને શરીર અશુચિથી ભરેલું છે એમ વિચારી, છૂટવા માટે જે ધર્મ સત્ય હોય તે આદરવો.

---

## શિક્ષાપાઠ ૫૮. ધર્મના મતભેદ, ભાગ ૧

વૈરાગ્ય એ ધર્મનું સ્વરૂપ છે એમ કહી, હવે જગતમાં જે અનેક ધર્મો ચાલે છે તે સંબંધી વિચાર કરવા કહે છે. એવા અનેક પ્રકારના ધર્મો એક અથવા બીજા રૂપે અનાદિકાળથી ચાલ્યા આવે છે. કૃપાળુદેવે નાની વયમાં, વર્તમાનમાં જે બધા ધર્મો પ્રવર્તે છે તે સર્વને મધ્યસ્થતાથી વિચારી તુલના કરેલી, તે સોળમે વર્ષે લખેલી મોક્ષમાળામાં આ ધર્મના મતભેદ નામના ત્રણ પાઠોમાં દર્શાવી છે. જુદા જુદા ધર્મોમાં શું કહ્યું છે તે જાણી લીધા પછી તેની સમાલોચના કરી છે—

કેટલાક ધર્મો પરસ્પર મળતા છે. કેટલાક પરસ્પર વિરુદ્ધ છે. કેટલાક તો આત્માને પણ માનતા નથી તેથી નીતિરીતિ કંઈ પાળતા નથી. કેટલાક કહે છે કે નીતિ પાળીએ છીએ તે બહુ છે. કેટલાક તો પુસ્તકો વાંચવાં, ભણવાં તેને ધર્મ કહે છે. તો કેટલાક કંઈ ન જાણવું એમાં સુખ માને છે, તેથી અજ્ઞાનને જ ધર્મ કહે છે. કેટલાક ભક્તિ કરવી તેને ધર્મ કહે છે. કેટલાક ક્રિયા કરવી તેને ધર્મ કહે છે. કેટલાક વિનય કરવો એ જ ધર્મ છે એમ કહે છે. કેટલાક તો શરીરને સાચવવું એને જ ધર્મ માને છે.

જે મુખ્ય ધર્મના સ્થાપકો જગતમાં થયા છે તે દરેક એમ કહે છે કે અમારું કહેવું માનશો તો મોક્ષે જશો. અમારો ધર્મ સર્વજ્ઞવાણીરૂપ અને સત્ય છે, બાકીના ધર્મમતો અસત્ય અને કુતર્કવાદી છે. એમ તેઓ પરસ્પર ખંડન કરે છે. કોઈ સાચાને ખોટું અને કોઈ ખોટાને સાચું સાબિત કરી બતાવે છે. વેદાંત એક બ્રહ્મ માને, જડ પદાર્થને ન માને. સાંખ્ય પ્રકૃતિ અને પુરુષ એમ બે વસ્તુ માને છે. બૌદ્ધ બધી વસ્તુ ક્ષણિક છે એમ માને છે. ન્યાયમતવાળા – નૈયાયિક દ્રવ્ય ગુણ આદિ સોળ તત્ત્વોને માને છે નૈયાયિક અને વૈશેષિકમાં બહુ ભેદ નથી. તે પરમાણુને માને છે. શક્તિપંથી માતાને માને છે. ઇસ્લામી એટલે મુસલમાન અને ક્રાઈસ્ટનો ધર્મ માનનારા ખ્રિસ્તી પોતપોતાના ધર્મસ્થાપકોને ઈશ્વરના અવતાર માને છે. દરેક કહે છે કે અમારો ધર્મ માનશો તો મોક્ષ થશે. કૃપાળુદેવ કહે છે કે હવે આપણે શું વિચાર કરવો?

વાદી પોતાનો જ મત સાચો કરવા કહે અને પ્રતિવાદી તે ખોટો છે એમ સામો જવાબ આપે છે. એ રીતે ખંડનમંડન કરતાં પહેલાં વિચારવાનું છે કે કોઈ એક ધર્મ જગતમાં સાચો હોવો જોઈએ. તો પછી બાકીના ધર્મમતોની તુલના કરી શકાય.

જિજ્ઞાસુ કહે છે કે સર્વને અસત્ય કહીએ તો આપણે નાસ્તિક ઠરીએ અને ધર્મની સચ્ચાઈ જાય. ધર્મની સચ્ચાઈ વગર કોઈ કોઈનો વિશ્વાસ રાખે નહીં. સર્વને સત્ય કહીએ તો એ દલીલ રેતીની ભીંત જેવી છે, કારણ તો પછી

આટલા બધા મતભેદ કેમ ? સત્ય હોય ત્યાં તકરાર ન હોય. બધા એક થવા પ્રયત્ન કેમ ન કરે ? એમ એકબીજામાં વિરોધ આવવાથી વિચાર કરવા થોડી વાર થોભવું પડે છે. તે ઉપરથી એમ લાગે છે કે બધાય ધર્મ સાચા હોતા નથી.

કયો ધર્મ સાચો એ નક્કી કરવામાં આટલી બધી મુશ્કેલી છે તો પણ કૃપાળુદેવ કહે છે કે હું બરાબર તુલના કરીને સત્ય ખુલાસો મધ્યસ્થભાવથી કરું છું. પક્ષપાત વગર સાચું હોય તે સાચું કહેવું છે. મતભેદ, પક્ષપાત કે અવિવેકને દૂર કરીને સત્ય ખુલાસો કરીશ. તે ખુલાસો સત્ય હોવાથી ઉત્તમ અને વિચારવા જેવો છે. "આ તો અમને ખબર છે" એમ સામાન્યપણું ન કરતાં, તે સત્ય શાથી છે ? તે પર સૂક્ષ્મ વિચાર કરી જોશો તો તે ખુલાસો બહુ મર્મવાળો અને મહત્ત્વનો છે એમ સમજાશે.

---

## શિક્ષાપાઠ ૫૯. ધર્મના મતભેદ, ભાગ ૨

આટલું તો સ્પષ્ટ માનવું કે કોઈ એક ધર્મ તો સંપૂર્ણ સત્ય છે. તો પછી બાકીનાને અસત્ય કહેવા પડે. પણ એમ હું ન કહી શકું. નિશ્ચયનયથી એમ કહેવાય, પણ વ્યવહારનયની અપેક્ષાએ સર્વથા અસત્ય કહી શકાય નહીં. એક ધર્મ સંપૂર્ણ અને સત્ય છે તેમાં દોષ નથી. બીજા બધા અપૂર્ણ અને દોષવાળા છે. તેમજ જે કુતર્કવાદી અને નાસ્તિક છે તે કેવળ અસત્ય છે. એક જૈનદર્શન નિર્દોષ અને સંપૂર્ણ છે તેની વાત હમણાં બાજુ પર રાખી બીજા વિષે વિચારીએ.

હવે શંકા થશે કે બીજા ધર્મો સદોષ અને અપૂર્ણ છે તો એવું કથન તે ધર્મપ્રવર્તકોએ શા માટે બોધ્યું હશે? તેનું સમાધાન થવું જોઈએ. ઉત્તરમાં કહેવાનું કે તેઓની જ્યાં સુધી બુદ્ધિની ગતિ પહોંચી ત્યાં સુધી વિચારો કર્યાં. જ્યાં જ્યાં ધુમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ હોય એ તર્ક કહેવાય. તર્ક ઉપરથી અનુમાન થાય. એમ તર્ક, અનુમાન, દૃષ્ટાંત આદિથી બુદ્ધિના આધારે જે કથન સિદ્ધ જણાયું તે જાણે કેવળજ્ઞાનથી જાણ્યું હોય તેમ દર્શાવ્યું. જે પક્ષ લીધો તેમાં મુખ્યે એકાંતવાદ લીધો. ભક્તિ વગેરે ગમે તે એક વિષય લઈને, તેથી મોક્ષ થશે એમ જણાવ્યું. બીજા વિષયો સાથે લેવાના હતા તે ન લીધા તેથી અપૂર્ણ કહેવાય. વળી જે વિષયો લીધા તે પણ સર્વભાવભેદથી કેવળજ્ઞાની જાણે તેમ જાણ્યા ન હતા, પરંતુ પોતાના ક્ષયોપશમ અનુસાર બહુ પ્રકારે વર્ણવ્યા. તર્કથી કરેલા સિદ્ધાંતને, દૃષ્ટાંત આદિકથી સામાન્ય બુદ્ધિવાળા કે અલ્પબુદ્ધિવાળા આગળ ધર્મરૂપે કહીને સિદ્ધ કરી બતાવ્યો. શા માટે સિદ્ધ કરી બતાવ્યો? તો કે કોઈને કીર્તિની ઇચ્છા, કોઈને લોકહિત કરવાની ઇચ્છા, કોઈને ભગવાન મનાવવાની ઇચ્છા– એમાંની એકાદ ઇચ્છા વડે મન ભ્રાંતિ પામવાથી ધર્મ સ્થાપવા માટે ઘણો ઉદ્યમ કરીને તેઓ જય પામ્યા. લોકોને પોતાના ધર્મમતમાં લેવા કેટલાકે પાંચ ઇન્દ્રિયના વિષયોમાં આનંદ પડે એવાં સાધનોથી મનુષ્યનાં મન હરણ કર્યાં. ઘણા લોકોએ ગાડરની જેમ આંખો મીંચીને વિચાર કર્યા વગર તેનું કહેવું માન્ય રાખ્યું. કેટલાકે નીતિ વગેરે ગુણો જાણીને ધર્મ માન્ય રાખ્યો. પ્રવર્તકની બુદ્ધિ તેઓ

કરતાં વિશેષ હોવાથી તેને પછી ભગવાનરૂપ જ માની લીધા. કેટલાકે પ્રથમ વૈરાગ્યથી શરૂ કરીને પછી સુખ મળે એવાં સાધનો ઉમેરી દીધા. મૂળ પ્રવર્તકે કહ્યું હોય તેમાં કોઈએ પોતાનો બોધ ખોસી દીધો. બીજાનું કહેલું પોતાને ન રુચ્યું એટલે પોતે જુદો જ મત ચલાવ્યો. આમ અનેક મત-મતાંતરની જાળ થતી ગઈ. ચાર પાંચ પેઢીએ એકનો એક ધર્મમત પાળ્યો એટલે પછી તે કુળધર્મ થઈ પડ્યો. આવી રીતે સ્થળે સ્થળે થતું ગયું. જગતમાં આટલા બધા ધર્મમતો પડ્યા એનું કારણ આ જ છે.

---

## શિક્ષાપાઠ ૬૦. ધર્મના મતભેદ, ભાગ ૩

જૈનદર્શન અનેકાંત હોવાથી સંપૂર્ણ છે. તેમાં ગૌણ-મુખ્યતાથી બધા ગુણોનો વિચાર કરેલો છે. બીજા ગુણોને લક્ષમાં રાખીને એક ગુણને કહે તે સ્યાદ્વાદ છે. જેમકે દ્રવ્યથી આત્મા નિત્ય છે, પર્યાયથી અનિત્ય છે. જૈનદર્શન વિષે સંપૂર્ણ જાણ્યા પછી તેની સાથે બીજા મતોને સરખાવતાં તે બીજા મતો અપૂર્ણ અને એકાંતિક જણાય છે. તત્ત્વજ્ઞાન જેવું જૈનમાં છે તેવું સૂક્ષ્મ આત્મા સંબંધી જ્ઞાન બીજામાં નથી. કેવલી ભગવાને જેમ છે તેમ વિસ્તારથી તત્ત્વજ્ઞાન વર્ણવ્યું છે. તેમાં ભૂલ નથી. બીજા ધર્મોમાં જગતકર્તા ઈશ્વર માને છે તે સત્ય જ્ઞાનથી જોતાં સિદ્ધ થઈ શકતો નથી. વળી જૈનમાં સ્યાદ્વાદથી બધા ગુણોનું ગ્રહણ છે, જ્યારે બીજામાં એક ગુણનું ગ્રહણ અને અન્ય ગુણોનો નિષેધ છે. કેટલાક જ્ઞાનથી મોક્ષ છે એમ કહે છે તે એકાંતિક

છે. સાથે ક્રિયાની પણ જરૂર પડે છે. કેટલાક ક્રિયાથી મોક્ષ છે એમ કહે છે તે એકાંતિક છે. તેમાં જ્ઞાનની જરૂર પડે છે. જેઓ બન્નેથી મોક્ષ છે એમ કહેનારા છે તેઓ જે અનુક્રમે સંપૂર્ણ કહેવું જોઈએ તેમ તે જ્ઞાન અને ક્રિયા એ બન્નેના ભેદને કહી શક્યાં નથી, એથી તેના સ્થાપકોમાં સર્વજ્ઞતાની ખામી જણાઈ આવે છે. વળી તેઓ સત્‌દેવના પાઠમાં કહેલા અઢાર દોષથી રહિત નહોતા એમ એમના શાસ્ત્રો ઉપરથી સાબિત થાય છે. કેટલાક મતોમાં હિંસા, અબ્રહ્મચર્ય ઇત્યાદિક અપવિત્ર વિષયોનો બોધ છે તે તો સહજમાં અપૂર્ણ અને સરાગીનાં સ્થાપેલા જણાય છે. કોઈ સર્વવ્યાપક મોક્ષ, કોઈ સાકાર એટલે દેહ સહિત મોક્ષ, કોઈ શૂન્યરૂપ મોક્ષ અને કોઈ અમુક કાળ ત્યાં રહી પાછું અવાય એ રીતે મોક્ષ માને છે. એમ મોક્ષ સંબંધી માન્યતાઓ જૈન સાથે સરખાવતાં ભૂલ-ભરેલી લાગે છે. વેદ સિવાય બીજા ધર્મો તો સહેજે અપૂર્ણ લાગે છે. વેદમાં જુદાં જુદાં દર્શનોના જુદા જુદા પ્રવર્તકોએ ખૂબ વિસ્તાર કર્યો છે. ઋગવેદ, સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ ઘણા પ્રાચીન છે. પરંતુ જૈન સાથે સરખાવતાં તે અપૂર્ણ અને સદોષ જણાય છે.

જૈનદર્શન પૂર્ણ અને સત્ય છે. એ ધર્મ સર્વજ્ઞ અને સર્વદર્શીએ સ્થાપ્યો છે, પ્રણીત કર્યો છે. આ કાળમાં પણ એ સર્વજ્ઞની કહેલી વાત ફરે નહીં તેવી સૈદ્ધાંતિક જણાય છે. જૈનમાં પૂર્ણપણે દયા, બ્રહ્મચર્ય, શીલ, વિવેક, વૈરાગ્ય, જ્ઞાન, ક્રિયા વગેરે કહ્યાં છે. બીજા ધર્મમાં ઉપલક સામાન્ય સ્થૂલ વાત કરી હોય છે અને તે વિરોધવાળી પણ હોય

છે. એક વસ્તુને પ્રમાણપૂર્વક સંપૂર્ણપણે કહેવા માટે સ્યાદ્‌વાદ જોઈએ તે બીજા ધર્મમાં નથી. આત્મજ્ઞાન, તેની કોટિઓ એટલે ગુણસ્થાન, જીવનું એક દેહ છોડી બીજા દેહમાં જવું, વિગ્રહગતિ, ઉત્પત્તિસ્થાન, પ્રદેશ એટલે અરૂપી વસ્તુનો અવિભાગી અંશ, કાળ, પર્યાપ્તિ, કર્મબંધ, મોક્ષ વગેરે વિશ્વના દરેક તત્ત્વ વિષે સૂક્ષ્મ બોધ જિનેશ્વરપ્રણીત શાસ્ત્રોમાં છે. તત્ત્વાર્થસૂત્ર આદિ ગ્રંથોમાં જે સિદ્ધાંતો છે તે ફરે નહીં એવા છે. તેમાંના એક એક સૂત્રનો વિચાર કરતાં પાર ન આવે એવું છે. આગળ તત્ત્વાવબોધના પાઠમાં એ સંબંધી કેટલુંક કહેવાશે.

જિનેશ્વરના કહેલા ધર્મતત્ત્વથી સર્વ આત્માની રક્ષા થાય છે, કોઈને લેશ પણ દુઃખ ઊપજવાનું કારણ થતું નથી. તેનું તત્ત્વજ્ઞાન સૂક્ષ્મપણે વિચારવાથી આત્માની સર્વ શક્તિઓ પ્રકાશ પામે છે, તેથી એ જૈનદર્શન સર્વમાં ઉત્કૃષ્ટ છે એ માન્ય કરવું પડે છે. સર્વ ધર્મમતને બહુ મનનપૂર્વક જાણી લીધા પછી તુલના કરનારને આ કથન અવશ્ય સિદ્ધ થશે.

---

## શિક્ષાપાઠ ૬૧. સુખ વિષે વિચાર, ભાગ ૧

એક ગરીબ બ્રાહ્મણ હતો. તેને લક્ષ્મી મેળવવાની ઇચ્છા થઈ, પરંતુ વિદ્વાન હોવાથી વિચાર કર્યો કે તપ કરીને પછી કયું સુખ માગવું ? તે માટે આખા દેશમાં પ્રવાસ કરી સુખી કહેવાતા એવા મહાપુરુષોના ધામ, વૈભવ વગેરે જોયા. પણ એનું મન કોઈ સ્થળે માન્યું નહીં.

કોઈને સ્ત્રીનું દુઃખ તો કોઈને પતિનું દુઃખ – એવાં અનેક પ્રકારના સંસાર સંબંધી દુઃખ તેણે જોયાં. દરેક સ્થળે તે વિપ્રને દુઃખ જ જોવામાં આવ્યું. કોઈ સ્થળે દુઃખ વિનાનું સંપૂર્ણ સુખ તેના જોવામાં આવ્યું નહીં. એટલામાં દ્વારિકાના એક મહાધનાઢ્યની પ્રશંસા સાંભળીને તે તેને ઘેર ગયો.

તે શ્રીમંત મુખગૃહમાં બેઠા હતા. તેમણે વિપ્રને આવકાર આપ્યો અને ભોજન વગેરેની ગોઠવણ કરી આગમનકારણ પૂછ્યું. બ્રાહ્મણે કહ્યું, હમણાં આપ ઉતાવળ કરશો નહીં; બાગબગીચા વગેરે આપનો બધો વૈભવ, સાથે આવી દેખાડો; પછી હું કેમ આવ્યો છું તે કારણ આપને કહીશ. બ્રાહ્મણના બોલવા ઉપરથી શેઠને કંઈ ઊંડી મર્મની વાત હોય એમ લાગ્યું. તેથી પોતે સાથે જઈ બાગ-બગીચા, ધામ, વૈભવ એ સઘળું દેખાડ્યું. શેઠની સ્ત્રી, પુત્રો વગેરે બ્રાહ્મણના જોવામાં આવ્યા. યોગ્ય રીતે તેઓએ તેનો આદર સત્કાર કર્યો. પછી દુકાને જઈ ત્યાંનો વહીવટ જોયો. સોએક ગુમાસ્તા વગેરે ઉત્તમ રીતે વહીવટ કરતા હતા. તેઓએ પણ વિનયથી તેને માન આપ્યું. આ સર્વ જોઈ એનું મન અહીં સંતોષ પામ્યું. સુખી તો જગતમાં આ શેઠ જ જણાય છે એમ તેને લાગ્યું.

---

## શિક્ષાપાઠ ૬૨. સુખ વિષે વિચાર, ભાગ ૨

હવે વિપ્ર સુખ વિષે વિચાર કરે છે. જગતના સુખનું વર્ણન કરે છે. સ્ત્રી વગેરેને સુખનાં કારણ માને છે. વૈભવ વગેરેને વખાણે છે અને વિચારે છે કે તપ કરીને

આ મહાધનાઢ્યના જેવું જ બધું સુખ માગવું. આખો દિવસ આગતાસ્વાગતામાં વીતી ગયો. પછી રાત્રે સૂવા વખતે ધનાઢ્ય અને બ્રાહ્મણ એકાંતમાં બેઠા હતા, ત્યારે શેઠે વિપ્રને આગમનકારણ કહેવા વિનંતી કરી.

વિપ્રે કહ્યું, હું સુખ શોધવા નીકળ્યો હતો પરંતુ કોઈ સ્થળે તમારા જેવું સુખ મને જોવામાં આવ્યું નથી. આપ જૈનધર્મ પાળો છો અને સદ્‌ગુણી પણ છો તેથી તપ કરીને આપના જેવી સુખસ્થિતિ યાચું એમ મને સમજાય છે. ધનાઢ્ય કહે, આપ બહુ ઊંડો વિચાર કરીને સુખ શોધવા નીકળ્યા છો, તો સાચું સુખ શું ? તે વિષે મને જે અનુભવથી જણાયું છે તે તમને કહું છું. મારે ત્યાં આપે જે સુખ જોયું તેવું બીજે નથી એમ આપને લાગ્યું, પણ તે સાચું સંભવતું નથી. મારા જેવા સુખી તો ઘણાય હશે. પણ એ સુખ સાચું નથી. મારો સિદ્ધાંત એવો છે કે જગતમાં બધે દુઃખ જ છે. જગત દુઃખથી કરીને બળતું છે. "ઉષ્ણ ઉદક જેવો રે આ સંસાર છે." પુદ્‌ગલને લઈને જે વેદાય તે સુખ લાગે છતાં તે દુઃખ જ છે. તમે મને સુખી માનો છો, પણ એ સુખ ખરું નથી. વિપ્ર કહે, આપની આ વાતથી મને નવાઈ લાગે છે કે આ વાતમાં કંઈ રહસ્ય હશે. મેં ઘણા શાસ્ત્રો વાંચ્યાં છે પણ આત્મા સંબંધી કંઈ ઊંડો વિચાર કર્યો નથી. શાસ્ત્રો વાંચી પંડિત થયો પણ રહસ્યપૂર્વક તેને લક્ષમાં લેવા મેં પરિશ્રમ જ લીધો નથી. બધા જ દુઃખી છે એવો અનુભવ મને થયો નથી. માટે આપને શું દુઃખ છે ? તે મને કહો.

ધનાઢ્ય કહે, પંડિતજી ! આપની ઇચ્છા છે તો હું

જે કહું તે લક્ષપૂર્વક મનન કરવા જેવું છે. સાચું સુખ કેમ પ્રાપ્ત થાય તે સમજવા જેવું છે અને સમજાયા પછી તેવું જીવન ગાળવા જેવું છે.

---

## શિક્ષાપાઠ ૬૩. સુખ વિષે વિચાર, ભાગ ૩

વીસ વર્ષ પહેલાં પોતાની જે દશા હતી ત્યાંથી શરૂ કરીને ધનાઢ્ય પોતાનો વૃત્તાંત કહી બતાવે છે. વીસ વર્ષ ઉપર હું આવો જ સુખી હતો. મોટો વેપારી હતો. વેપાર ઓછો થતાં થતાં ઘટવા માંડ્યો. આમ થતાં ત્રણ વર્ષમાં તો બધુંય જતું રહ્યું. હું તો એનો એ જ માણસ હતો, પણ પાપનો ઉદય હોય ત્યારે સામટી આફતો આવે. પૈસા વધે એવી રીતે વેપાર કર્યો ત્યાં પણ બધે ખોટ ગઈ. બધુંય ચાલ્યું ગયું. એટલામાં મારી પહેલી સ્ત્રી હતી તે પણ ગુજરી ગઈ. તેને કંઈ સંતાન ન હતું. જબરી ખોટને લીધે અહીંથી મારે નીકળી જવું પડ્યું. મારા કુટુંબીઓએ બનતી મદદ કરી, પણ બહુ મોટી ખોટો પુરાય તેમ ન હતી. જ્યાં મારી દશા બધેથી બગડી ત્યાં કોણ સુધારે ? છેવટે અન્નને અને દાંતને વેર થવાની સ્થિતિએ હું આવી પહોંચ્યો. ત્યારે કુટુંબીઓએ વાર્યો છતાં હું જાવાબંદર જવા વહાણમાં બેસી મુસાફરીએ નીકળી પડ્યો. મારી કને એક દમડી પણ રહી નહોતી છતાં 'જાવે' ગયો. ત્યાં બુદ્ધિએ પ્રારબ્ધ ખીલવ્યાં. વહાણના નાવિકે મારી ઉદ્યમશીલતા અને નમ્રતા જોઈને પોતાના શેઠને મારા દુઃખની વાત કરી. તે શેઠે મને બોલાવી અમુક કામમાં ગોઠવ્યો. તેમાં મારા ખાવાપીવાના ખર્ચ

કરતાં હું ચાર ગણું પેદા કરતો હતો. એ વેપાર જ્યારે જાણી લીધો ત્યારે ભારત સાથે વેપાર વધારવાનો પ્રયત્ન કર્યો અને તેમાં ફાવ્યો. બે વર્ષમાં પાંચ લાખ જેટલી કમાણી થઈ. પછી શેઠ પાસેથી રાજીખુશીથી આજ્ઞા લઈ કેટલોક માલ ભરી દ્વારિકા આવવા નીકળ્યો. થોડે કાળે અહીં આવી પહોંચ્યો ત્યારે બહુ લોકો સન્માન આપવા સામા આવ્યા હતા. જાવેથી લીધેલા માલે મને એકના પાંચ કરાવ્યા. જાવામાં રહ્યો ત્યારે શું સુખ હતું ? પૂરું ખાવા પણ હું પામ્યો ન હતો, એટલી મહેનત કરી હતી. કેટલાક પ્રકારનાં પાપ પણ મારે કરવાં પડ્યાં હતાં. ગમે તેમ કરીને સ્થિતિ સુધારવાનો નિશ્ચય કર્યો હતો તે પુણ્યયોગથી પૂર્ણ થયો. ત્યાં જે દુઃખદાયક સ્થિતિમાં હું હતો તે દુઃખમાં શી ખામી હતી ? સ્ત્રી, કુટુંબ, મા, બાપ વિનાનો, વિના દમડીએ પરદેશ ગયેલો – એ વખતની સ્થિતિ, વિચાર કરતાં અજ્ઞાનદૃષ્ટિથી આંખમાં આંસુ લાવી દે તેવી છે. એવી દુઃખદ સ્થિતિમાં પણ મેં ધર્મમાં લક્ષ રાખ્યો હતો, તે લક્ષ્મી કે એવી લાલચે નહીં; પરંતુ સંસારદુઃખથી તારનાર સાધન ધર્મ છે એમ જાણીને, અને મોતનો ભય ક્ષણ પણ દૂર નથી માટે ધર્મ કર્તવ્ય જેમ બને તેમ કરી લેવું એ મારી મુખ્ય નીતિ હતી. દુરાચારથી કંઈ સુખ નથી; મનની તૃપ્તિ નથી અને એથી આત્માની મલિનતા છે એ તત્ત્વ ભણી મેં મારું લક્ષ દોરેલું હતું. નિષ્કામ ભક્તિ અને તત્ત્વજ્ઞાનના વિચારમાં મન રાખ્યું હતું તેથી પુણ્યનો ઉદય શીઘ્ર થયો.

---

## શિક્ષાપાઠ ૬૪. સુખ વિષે વિચાર, ભાગ ૪

ત્યાંથી આવ્યા પછી પૈસા વધ્યા પણ મોજશોખમાં ન પડવું એ મેં લક્ષ રાખેલો. સ્ત્રી પણ ધર્મ સમજે તેવી અને મોજશોખમાં ન પડે તેવી મળી અર્થાત્ સદ્ગુણી નીવડી. તેનાથી ત્રણ પુત્રો થયા. દશ વર્ષમાં તો હું પાછો મહાકોટ્યાવધિ થઈ પડ્યો. પુત્રોને ઉત્તમ નીતિ શીખવવા, તેમની બુદ્ધિ અને વિચાર ઉત્તમ થવા માટે કેળવણીનાં મેં બહુ સુંદર સાધનો ગોઠવ્યાં. નાનપણથી સારા સંસ્કાર પાડવા કાળજી રાખી, એથી તેઓ આવા વિનયી થયા છે. સગાંવહાલાઓને યોગ્ય યોગ્ય સ્થળે ગોઠવી તેઓની સ્થિતિને સુધરતી કરી. દુકાનના મેં અમુક નિયમો બાંધ્યા છે તે મુજબ લેવડદેવડ થાય છે. ઉત્તમ મકાનો બાંધ્યા. આ ફક્ત એક મમત્વ ખાતર કર્યું, ગયેલું પાછું મેળવ્યું; અને કુળપરંપરાનું નામાંકિતપણું જતું અટકાવ્યું એમ કહેવરાવવા માટે આ સઘળું મેં કર્યું. પણ એને હું સુખ માનતો નથી. જો કે બીજા કરતાં હું સુખી છું પણ એ શાતાવેદની છે, સત્સુખ નથી.

શાતાવેદની ભોગવવાનું કારણ શું ? તે કહે છે :– મેં મારો અમુક કાળ ધર્મમાં ગાળવાનો નિયમ રાખ્યો છે. સત્શાસ્ત્રના વાંચન વગેરેથી ધર્મમાં કાળ ગાળું છું. વ્યાવહારિક ઉપાધિમાંથી પણ નિવૃત્ત થવા કેટલોક ભાગ બહુ અંશે મેં ત્યાગ્યો છે. પુત્રો કામ ચલાવે તેવા થાય ત્યારે સર્વથા નિવૃત્ત થઈ નિર્ગ્રંથ મુનિ થવાની ઇચ્છા રાખું છું. હાલ તુરત મુનિ ન થવામાં પણ સંસારમોહિની કે

એવું કંઈ કારણ નથી પણ ધર્મ સંબંધી કારણ છે. ગૃહસ્થધર્મનાં આચરણ હલકા પ્રકારનાં થઈ ગયા છે, તે સુધારવા મુનિઓના ઉપદેશ કરતાં, ઉત્તમ ગૃહસ્થ પોતાના આચરણથી વિશેષ અસર કરી શકે. પોતે ગૃહસ્થ છે છતાં ત્યાગ, સંયમ, યમ, નિયમ પાળતો હોય, તે ઉપદેશ આપે તેની છાપ વધારે પડે. તેથી બીજા તેનું અનુકરણ કરે અને ગૃહસ્થધર્મ ઉત્તમ રીતે પાળે. તે માટે હું દર અઠવાડિયે સાપ્તાહિક સભા ભરું છું. તેમાં આઠ દિવસનો નવો અનુભવ અને બાકીનો આગળનો ધર્મનો અનુભવ બે ત્રણ મુહૂર્ત બોધું છું. મારી સ્ત્રી પણ તેવી રીતે સ્ત્રીઓને ધર્મનીતિનો બોધ આપે છે. પુત્રો પણ શાસ્ત્રોનો સ્વાધ્યાય વગેરે કરે છે. વિદ્વાનોનું સન્માન, અતિથિની આગતા-સ્વાગતા વગેરે કરવાનું મારા અનુચરો પણ સમજે છે. પૈસાદાર હોવા છતાં ન્યાય, નીતિ, ધર્મ વગેરે પાળું છું તેની જનસમુદાય પર સારી અસર થઈ છે. રાજા વગેરે પણ મારી નીતિ, વાત – સલાહ અંગીકાર કરે તેવું થયું છે. આ સઘળું આપના પ્રશ્નના ઉત્તરરૂપે કહું છું, આત્મ-પ્રશંસા માટે કહેતો નથી એ લક્ષમાં રાખવું.

---

## શિક્ષાપાઠ ૬૫. સુખ વિષે વિચાર, ભાગ ૫

આ કથન ઉપરથી, હું સુખી શાથી છું એ આપને સમજાયું હશે. સામાન્ય વિચારે મને બહુ સુખી માનો તો માની શકાય તેમ છે. ધર્મ શીલ, નીતિ અને શાસ્ત્રના સ્વાધ્યાયથી મને જે આનંદ ઊપજે છે તે વર્ણવી ન શકાય તેવો છે. ધર્મ પાળવાથી હું સુખી છું પણ પૂરેપૂરો સુખી

ન મનાઉં. સંપૂર્ણ સુખી તો મુનિઓ કહેવાય એમ જ્ઞાનની દૃષ્ટિથી કહું છું. હું બહુ રાગદ્વેષ કરતો નથી, છતાં જેટલે અંશે રાગદ્વેષ છે તેટલે અંશે ઉપાધિ છે. સર્વસંગ પરિત્યાગ કરવાની સંપૂર્ણ આકાંક્ષા છે, પણ જ્યાં સુધી તેમ ન થાય ત્યાં સુધી ઉપાધિ છે. વ્યવહારમાં હાનિ, કુટુંબ વગેરેનું દુઃખ હોય છે. પોતાના દેહ પર મોત સિવાય પણ નાના પ્રકારના રોગનો સંભવ છે. કેવળ નિર્ગ્રંથ થવા બાહ્યાભ્યંતર પરિગ્રહનો ત્યાગ અને અલ્પ આરંભનો પણ ત્યાગ જોઈએ. એ ન થાય ત્યાં સુધી હું મને સંપૂર્ણ સુખી માનતો નથી.

બ્રાહ્મણે પૂછ્યું હતું કે આપને શું દુઃખ છે? તેનો હવે ખુલાસો કરે છે — જેનો વિયોગ છે, જે ક્ષણભંગુર છે અને જ્યાં રાગદ્વેષથી થતી બાધાપીડા છે તે સંપૂર્ણ સુખ નથી. એટલા માટે થઈને હું મને સંપૂર્ણ સુખી કહી શકતો નથી. હું બહુ વિચારી વિચારી વ્યાપાર વહીવટ કરતો હતો તોપણ અનેક પ્રકારના આરંભ, અનીતિ અને કપટ મારે સેવવાં પડ્યાં હતાં. નસીબમાં ન હોય તો દેવ આપે તોપણ ન રહે. કદાચ પુણ્યથી મળે તો તેનાથી પાપ વગેરે થાય છે. તે પાપ નરક વગેરે અધોગતિમાં લઈ જાય છે. એક તો પુણ્યને ખાઈ જવું અને પાપનું બંધન કરવું એના કરતાં લક્ષ્મીથી છેટે રહેવું સારું છે. મેં જે કારણથી લક્ષ્મી ઉપાર્જન કરી હતી તે કારણ મેં આપને આગળ જણાવ્યું છે. આપ વિદ્વાન છો. હું વિદ્વાનને ચાહું છું. આપની અભિલાષા હોય તો ધર્મધ્યાનમાં લીન થઈને સહકુટુંબ અહીં ભલે રહો. આપની

ઉપજીવિકા માટે સરળ યોજના આપ જેમ કહો તેમ હું કરાવી આપીશ. અહીં રહીને શાસ્ત્ર શીખો અને સાચી વસ્તુનો ઉપદેશ કરો. મિથ્યા આરંભોપાધિની લોલુપતામાં ન પડો એવી મારી ભલામણ છે; પછી જેવી આપની ઇચ્છા.

બ્રાહ્મણે કહ્યું, આપે આપના અનુભવની બહુ મનન કરવા જેવી વાત કહી. આપ ઉપરથી સંસારી દેખાઓ છો પરંતુ અંતરથી તો મુનિ છો. પુણ્યના ઉદયમાં પણ ધર્મધ્યાન કરી પુણ્ય બાંધો છો. આત્માને ઓળખાવે એવો વિવેક આપને પ્રાપ્ત થયો છે. બહારના સુખમાં ફસાયા નહીં એવી આપનામાં શક્તિ છે. આટલાં બધા શાસ્ત્રો ભણ્યા છતાં આવી શક્તિ મારામાં નથી. તેથી હું બહાર સુખ શોધતો હતો. પણ તે સુખ નહોતું. લક્ષ્મી પાછળ શું આવે છે અને તેથી મારી શી વલે થાય તેની મને ખબર પડી નહોતી. લક્ષ્મી સુખનું કારણ નથી. લક્ષ્મી ત્યાગવા જેવી છે અને મુનિપણામાં સુખ છે એ હવે સમજાયું. હું પંડિત છતાં પણ તમે જે કહ્યાં એવા વિવેકી અને ઊંડા વિચારો મેં કર્યા નહોતા. મારી ભૂલ હતી તે આપે કઢાવી. પૈસામાં મોહ કરવા જેવું નથી એવું પંડિત છતાં મેં જાણ્યું નહીં. સત્પુરુષનો યોગ થાય તો પોતાના દોષ જણાય છે. પહેલા હું પોતાને વિદ્વાન માનતો હતો તે સાચું નહોતું એ સત્ય કહું છું એમ બ્રાહ્મણ પોતાની ભૂલ કબૂલ કરે છે. આપે જે યોજના જણાવી તે હું સ્વીકારું છું. પહેલા બધી ઇચ્છા હતી પરંતુ હવે હું ઉપાધિને ચાહતો નથી. લક્ષ્મીની જાળ ઉપાધિ જ આપે છે તે હવે સમજાયું. આટલી ઉંમર થઈ

છતાં કોઈ આવો પુરુષ મળ્યો નહોતો, તેથી રાજી થઈ વિપ્ર તેનાં વખાણ કરે છે. આપનું અનુભવસિદ્ધ કથન મને બહુ રુચ્યું છે. સંસાર બળતો જ છે, એમાં સુખ નથી. આપે ઉપાધિરહિત મુનિસુખની પ્રશંસા કરી તે સત્ય છે. તે સન્માર્ગ, આગળ જતાં સર્વ આધિ વ્યાધિ ઉપાધિ અને સર્વ અજ્ઞાનભાવથી રહિત એવા શાશ્વત મોક્ષનું કારણ છે. જ્યારથી સમકિત થાય ત્યારથી જ મુનિપણાની ઇચ્છા થાય છે અને આખરે મોક્ષ થાય તેવું જ તે કરે છે.

---

## શિક્ષાપાઠ ૬૬. સુખ વિષે વિચાર, ભાગ ૬

નિરભિમાનપૂર્વક આનંદ = કોઈને આપણી વાત રુચે, તેથી અભિમાન થાય, તેમ ન કરતાં નિરભિમાન સહિત હર્ષ. યોજના = રહેવા ખાવા વગેરેની યોગ્ય યોજના. કથાનુરૂપ = આગળ કથા કહી તેને અનુસરતા મારા વિચારો.

હવે આ છેલ્લા પાઠમાં કૃપાળુદેવને જે કહેવું હતું તે બધું કહી દે છે. ખરું સુખ શામાં છે એ સૈદ્ધાંતિક વાત, હવે જ્યારે બ્રાહ્મણને વૈરાગ્ય થયો ત્યારે, ધનાઢ્ય સ્પષ્ટ કરીને કહે છે. વૈરાગ્ય હોય તો જ સૈદ્ધાંતિક વાત સમજાય છે. આગળ કથા કહી તેને અનુસરીને જગતના જીવોના ચાર ભેદ પાડીને હવે સારરૂપે પોતાના વિચારો કહે છે. પોતાના સુખ સંબંધીના સામાન્ય વિચારો કહેવા પહેલા જગતમાં દુઃખી કોણ છે તે કહે છે.

૧. જેઓ લક્ષ્મી મેળવવામાં જ સાર્થક માનનારા છે અને નીતિ અનીતિનો પણ વિચાર કરતા નથી, તેઓ

લોભ, કપટ અને માયામાં મૂંઝાયા પડ્યા છે. તે બહુ દુઃખી છે. લક્ષ્મીનો સંગ્રહ કરતાં તેનો તે પૂરો કે અધૂરો પણ ઉપયોગ કરી શકતા નથી. લક્ષ્મી મેળવવાની, સાચવવાની ઉપાધિ કરે છે. તેઓ પાપ બાંધી લોભમાં ને લોભમાં બિચારા મરીને અધોગતિએ જાય છે. નરક, તિર્યંચ એ અધોગતિ છે. અમૂલ્ય મનુષ્યદેહ મોક્ષને માટે છે તે લક્ષ્મીને અર્થે વેડફી નાખી નિર્મૂલ્ય-નકામો કરી નાખે છે. તેમને મળેલો મનુષ્યદેહ અફળ જાય છે. એવા જીવો નિરંતર દુઃખી જ છે. હવે જગતમાં સુખી કોણ છે તે કહે છે.

૨. પ્રથમ શ્રાવકની દશાનું વર્ણન કરે છે. જેઓ ગૃહસ્થધર્મ પાળે, જે પાપ બહુ ન થાય એવા ધંધામાં નીતિથી કમાય, જરૂર પૂરતું મેળવે, પરિગ્રહની મર્યાદા કરે, સદાચાર પાળે, શુદ્ધ એકપત્નીવ્રત પાળે, સંતોષ રાખે, સર્વ જીવોની રક્ષા કરે, વ્રતનિયમ પાળે, પરોપકાર કરે, જ્યાં-ત્યાંથી રાગદ્વેષ ઓછા કરે, લક્ષ્મી પૈસામાં અલ્પ મમતા રાખે, કંઈ ખોવાઈ જાય, કોઈ લઈ જાય તો માણેકજી શેઠની પેઠે કહે "કચરો ગયો", સત્ય બોલે, શાસ્ત્રાધ્યયન કરે, સત્પુરુષોને સેવે એટલે સત્પુરુષોનું કહેલું આરાધે અને પોતાનું જીવન સુધારે, નિર્ગ્રંથતાનો મનોરથ એટલે મુનિ થવાની ઇચ્છા રાખે અને તે માટે તૈયારી કરે, જેની સંસારમાં પ્રવૃત્તિ પણ ત્યાગી જેવી હોય, જેના વૈરાગ્ય અને વિવેક ઉત્કૃષ્ટ હોય, એવા જીવો કર્મથી જે રીતે મુક્ત થવાય તે રૂપ પવિત્રતામાં સુખપૂર્વક એટલે મનની શાંતિપૂર્વક કાળ નિર્ગમન કરે છે. સર્વ-

સંગપરિત્યાગનો ઉદય ન આવે ત્યાં સુધી ગૃહસ્થપણે સ્વાધ્યાય, ધર્મધ્યાનમાં કાળ ગાળે છે, તેઓ સુખી છે.

૩. મુનિદશામાં વિશેષ સુખ છે તે કહે છે. જે સર્વ પાપ અને લોભના કામથી રહિત થયા છે, કોઈ દ્રવ્યક્ષેત્રકાળભાવ જેમને રોકી શકતા નથી અર્થાત્ જેઓ અપ્રતિબંધ પણે વિચરે છે, મરણ પાસે છે એમ જાણી અસંગપણે વર્તે છે, શત્રુમિત્ર પ્રત્યે જેમનું ઊંચું નીચું મન થતું નથી, આત્મામાં એકાગ્ર થવાની ભાવના રાખે છે, શુદ્ધ આત્મધ્યાનમાં અથવા સ્વાધ્યાય ધ્યાનમાં રહે છે, જે ઇન્દ્રિયોના વિષયમાં રાગદ્વેષ કરતા નથી તેથી જિતેન્દ્રિય છે, અને કષાયના ઉદયમાં એટલે કષાય થાય તેવાં નિમિત્તમાં પણ શાંત, સ્વસ્થ રહે છે તેથી જિતકષાય છે. પહેલાં ઇન્દ્રિયો અને કષાયને દમે ત્યારે બળ વધારે કરવું પડે છે, પછી સહજ સ્વભાવે જીતે ત્યારે જિતેન્દ્રિય અને જિતકષાય કહેવાય. ઇંદ્રિયોના વિષયમાં ઇષ્ટ-અનિષ્ટભાવ થતાં કષાય થાય છે. તે વિષયોમાં સમભાવ રાખે અને ક્રોધાદિને ઉપશમાવે એવા નિર્ગ્રંથ સાધુઓ, આત્માનું જે પરમસુખ છે તેને અનુભવે છે તેથી પરમ સુખી છે.

૪. જેમણે ચાર ઘાતીકર્મ ક્ષય કર્યા છે અને ચાર અઘાતીકર્મ જેમનાં પાતળાં પડ્યાં છે એવા દેહધારી પરમાત્મા અરિહંત, કેવલી સંપૂર્ણ સુખી છે. જેઓ સર્વ કર્મથી મુક્ત થઈ મોક્ષમાં અનંતચતુષ્ટયસહિત સર્વ કાળ વિરાજે છે તે સિદ્ધો પણ સંપૂર્ણ સુખી છે.

કોણ કોણ સુખી છે તે કહ્યું. શ્રાવક થોડા ભાગે

સુખી છે. મુનિ મોટા ભાગે સુખી છે. અરિહંત અને સિદ્ધ ભગવાન તો સંપૂર્ણ સુખી છે.

આ ચાર પ્રકાર કહ્યા તેમાંથી પહેલા પ્રકારના જીવો દુઃખી છે તે મને ત્યાજ્ય છે. બીજો પ્રકાર શ્રાવકધર્મનો વર્તમાનમાં મને માન્ય છે; અને તે ઘણે ભાગે ગ્રહણ કરવાનો મારો બોધ છે. ત્રીજો બહુ માન્ય છે અને ચોથો તો સર્વમાન્ય છે. એમ સુખસંબંધી વાતમાં છેવટે અરિહંત-સિદ્ધના સુખની વાત કરી તેમાં બીજી વાત આવવા ન દેતાં તેઓ સમાધિભાવથી શયન કરી ગયા.

સમાધિભાવથી શયન = સૂતી વખતે જાણે સમાધિ-મરણ કરવા જ સૂતા હોઈએ એવા ભાવ ચિંતવવા. કોણ જાણે સવારે જીવતાં ઉઠાશે કે નહીં એમ ધારી સર્વ જીવોને ખમાવી, દેહથી ભિન્ન આત્માને ચિંતવતાં, મંત્રસ્મરણ કરતાં શયન કરવું. આ સમાધિમરણના અભ્યાસ કરવારૂપ છે. માટે હર રાત્રે સંથારાપોરિસી વગેરે ભણવાની પ્રથા છે. સમાધિમરણના અતિચાર ચિંતવી ટાળવા. એમ સમાધિભાવે શયન કરવાનો નિયમ કરવો.

કૃપાળુદેવ કહે છે કે જેને આત્માનું હિત કરવું છે તે વિવેકી છે. તેઓ આ સુખ સંબંધી વિચાર કરશે તો ઘણાં શાસ્ત્રોના સારરૂપ તત્ત્વજ્ઞાન પામી આત્માના ઉન્નતિ-ક્રમે ચઢશે. એમાં કહેલા સુખના ત્રણ પ્રકાર લક્ષપૂર્વક મનન કરવા જેવા છે. ગૃહસ્થપણામાં જેમ બને તેમ અલ્પારંભી થઈ એટલે પાપની પ્રવૃત્તિ ઓછી કરી સમભાવથી જનસમુદાયના હિત ભણી વળવું, પરોપકાર વગેરેનું સેવન

કરવું. આ પ્રમાણે સંસારમાં વર્તે તો સર્વ સુખી થાય. નિર્ગ્રંથ સાચા સુખી છે અને મુક્તાત્મા તો અનંત સુખમય જ છે.

---

## શિક્ષાપાઠ ૬૭. અમૂલ્ય તત્ત્વવિચાર

પહેલા આ પાઠ કૃપાળુદેવે ગદ્યરૂપે લખ્યો હતો. પણ તે પર શાહી ઢોલાઈ જવાથી આ 'અમૂલ્ય – તત્ત્વવિચાર' નામનું કાવ્ય લખ્યું છે. તે આત્માનો વિચાર કરવા માટે લખ્યું છે.

હરિ એટલે ભગવાન, શુદ્ધાત્મા. હરિગીત એટલે શુદ્ધાત્માનું ગીત અથવા આત્મગીત. અહીં તો એ છંદનું નામ છે.

'અમૂલ્ય તત્ત્વવિચાર' એટલે જેનું મૂલ્ય ન થઈ શકે એવો અત્યંત મૂલ્યવાન, અત્યંત કિંમતી તત્ત્વવિચાર; આત્મા સંબંધી અત્યંત હિતકારી તત્ત્વવિચાર. તે મનુષ્ય-ભવમાં થઈ શકે.

(૧) થોડું થોડું પુણ્ય સંચય કરતાં જ્યારે ઘણું પુણ્ય એકઠું થાય ત્યારે મનુષ્યભવ – મોક્ષ થાય તેવો જોગ – મળે છે. શુભ દેહ એટલે મોક્ષ સાધી શકે તેવો ઉત્તમ મનુષ્યદેહ, ઘણા કાળે મંદ કષાય થતાં મળે છે.

ઉત્તરાધ્યયનસૂત્રમાં મનુષ્યપણું દશ દૃષ્ટાંતે દુર્લભ કહ્યું છે. તે સાથે સત્પુરુષના વચનનું શ્રવણ, તેની શ્રદ્ધા થવી અને સંયમમાં વીર્યનું સ્ફુરવું એ ચારે પરમ દુર્લભ છે. જીવને ઘરેણા, કપડાં કિંમતી લાગે છે તેમ મનુષ્યપણું

કિંમતી લાગે, તો ક્ષણ પણ નકામી ન ગુમાવે. કોઈ ક્ષણે સમકિત થાય, સંવર થાય, નિર્જરા થાય, કેવળજ્ઞાન થાય, એવી મનુષ્યભવની ઉત્તમ ક્ષણો છે. આવો મનુષ્યભવ મળ્યો છે તો પણ ખેદની વાત છે કે ચારગતિમાં ફરવારૂપ ભવચક્રનો આંટો એક્કે ટળ્યો નથી. જ્ઞાનીપુરુષોને દયા આવે છે કે આટલે બધે ઊંચે આવ્યા છતાં ભવના આંટા ઓછા થાય તેવું કશું જ કર્યું નહીં. આંટો ક્યારે ટળે ? સમકિત થાય પછી ભવ ગણાવા માંડે, ગણતરીના ભવ રહે; સમકિત વમે નહીં તો ઉત્કૃષ્ટ ૧૫ ભવ થાય. સમકિત ન થાય ત્યાં સુધી જીવ ચારગતિમાં ફરવારૂપ આંટા માર માર કરે છે. સમકિત થયા પછી આંટા ઉકેલવા માંડે. મનુષ્યનાં સુખ ભોગવતાં પુણ્ય ઘટતું જાય છે. પાણીના રેલાની માફક પુણ્ય ઓછું થતું જાય છે, તેનો જરા તો વિચાર કરો ! જો પુણ્ય બાંધતો નથી તો પૂર્વનું તો ભોગવાઈને જતું રહે છે. ક્ષણે ક્ષણે કર્મ બંધાય છે, જન્મમરણ ઊભાં થાય છે તે ભાવમરણ છે. આત્માને ભૂલવો તે ભયંકર વસ્તુ છે. કારણ એથી જન્મમરણ ઊભા થાય છે, તેમાં વળી શું રાચો છો – રાજી થાઓ છો ? તેમાં રાજી થવા જેવું શું છે ? મનુષ્યભવ મોક્ષ માટે છે; તે ભૂલીને સુખશાતા ભોગવે પણ તે રહેતી નથી સુખ ભોગવતાં તે ચાલ્યાં જાય છે, ટકતાં નથી, નાશવંત છે. તેમાં મોહ પામવા જેવું નથી. કયું સુખ નિરંતર રહે એવું છે ? તે વિચાર્યું નથી. પોતાના સ્વરૂપનું સુખ નિરંતર રહે એવું છે, તેની વિસ્મૃતિ થાય એ ભયંકર છે. શાને લઈને ભૂલી જવાય છે તેના કારણો કહે છે.

(૨) લક્ષ્મી—આખો જન્મ પૈસા કમાવવામાં કાઢે તેથી શું વધે? કર્મ વધે. અધિકારથી નોકરો વધે. રાજા થાય તોપણ શું? આ ભવ ફરી જાય પછી શું કામનું? એમાં મહત્તા શી છે? ત્યારે શું કુટુંબ-પરિવાર એટલે પુત્રાદિથી મહત્તા છે, એ નય ગ્રહો છો—એવો અભિપ્રાય ધરાવો છો? એથી માત્ર સંસાર વધે છે. લક્ષ્મી વગેરે માટે આખી જિંદગી ગાળે તેથી નરદેહ હારી જવાય છે, એનો એક પળ પણ તમને વિચાર ન થયો? હવો = થયો. એક પળ એવો વિચાર આવે તોપણ જિંદગી ફરી જાય.

| | | |
|---|---|---|
| ૬૦ વિપળ = | ૧ પળ = | ૨૪ સેકંડ |
| ૬૦ પળ = | ૧ ઘડી = | ૨૪ મિનિટ |
| ૬૦ ઘડી = | ૧ દિવસ = | ૨૪ કલાક |

આખી જિંદગીમાં એક પળ પણ આત્માનો વિચાર કરવા થોભતા નથી એ ઘણું આશ્ચર્ય છે. 'ખરી મહત્તા' (મોક્ષમાળા–૧૬) માં કહ્યું છે તેમ મહત્તા શામાં છે? તે વિચારવાનું છે.

(૩) જ્ઞાનીપુરુષ કહે છે કે તમને અમારે દુઃખી કરવા નથી. જેથી નિર્દોષ સુખ એટલે આત્મા ભણી વળાય, આત્માને કર્મ ન બંધાય, આત્મા નિર્મળ થાય, આત્મા જેથી છૂટે એવું સુખ સત્સંગ ભક્તિમાં મળે છે. તે 'લ્યો ગમે ત્યાંથી' એટલે શાસ્ત્ર, ભક્તિ વગેરે ગમે તે દ્વારા તે નિર્દોષ સુખ અને નિર્દોષ આનંદ મેળવો કે જેથી એ દિવ્યશક્તિમાન આત્મા સંસારથી છૂટે. તારી માન્યતાએ સુખ લેવા જઈશ તો દુઃખ આવશે. માટે પહેલાં પુરુષ-પ્રતીતિ જોઈએ કે આ કૃપાળુદેવ કહે છે તે સાચું છે.

અહીં આત્માની વાત છે. પ્રભુશ્રીજી કૃપાળુદેવની શ્રદ્ધા કરવા કહેતા કે એમાં નુકસાન થાય તો અમે વીમો ઉતારીએ છીએ. બાહ્ય વસ્તુનું સુખ લેવા જાય છે તે નિર્દોષ નથી. પરવસ્તુમાં વૃત્તિ જવાથી પોતાનું સ્વરૂપ-સુખ પામી શકાતું નથી, તેથી જીવ મુઝાય છે. મોહને લઈને પરવસ્તુને સારી માને છે પછી તેને ઇચ્છે છે ને દુઃખી થાય છે – મુઝાય છે. કૃપાળુદેવ કહે છે કે તેની મને દયા આવે છે. પુદ્‌ગલસુખની પાછળ જાય છે પણ તેના ફળરૂપે નરકાદિ દુઃખ આવવાનું છે તેથી જ્ઞાનીપુરુષને દયા આવે છે.

"સઘળું પરવશ તે દુઃખ લક્ષણ, નિજવશ તે સુખ લહિયે."

પરવસ્તુ–કર્મ, દેહ, ઇન્દ્રિય વગેરેને આધીન હોવાથી જે પરવશ છે તે દુઃખ છે. નિજવશ – જે આત્માને આધીન છે તે સુખ છે. "બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણદશા પામે છે; અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે." (૫૩૯) 'પરવસ્તુ ત્યાગવા યોગ્ય જ છે.' એ વાત સિદ્ધાંતરૂપ છે કે જેની પાછળ દુઃખ આવે તે સુખ નથી.

(૪) આટલી વાત પ્રસ્તાવનાની કહી હવે અમૂલ્ય તત્ત્વવિચાર કહે છે. પહેલાં જે છોડવાનું છે તે કહીને હવે ગ્રહણ શું કરવું તે કહે છે. હું કોણ છું? – બધું બાદ કરતા કરતાં જે બાકી રહે તે અનુભવ-સ્વરૂપ હું આત્મા છું. ક્યાંથી થયો? હું અનાદિ અનંત હોવાથી નિત્ય છું. શું સ્વરૂપ છે મારું ખરું? 'તું છો મોક્ષસ્વરૂપ.' હું મોક્ષસ્વરૂપ છું. કોના સંબંધે વળગણા છે? ત્યાં કર્તાભોક્તાપણું વિચારે. રાખું કે એ પરહરું? ત્યાં મોક્ષનો ઉપાય વિચારે કે

કર્મ–વર્ગણા શાથી છે અને તે કેમ છૂટે ? અથવા (૧) હું કોણ છું ? એ પહેલા પ્રશ્નનો ઉત્તર વચનામૃતમાં છે: "અત્યારે, હું કોણ છું એનું મને પૂર્ણ ભાન નથી. તું સત્પુરુષનો શિષ્ય છે." (૨૧–૧૧૭/૧૧૮) (૨) ક્યાંથી થયો ? – સત્પુરુષનો શિષ્ય ક્યાંથી થયો ? દરેકને પોતાનો ઇતિહાસ તો હોય. કોઈની પાસે સાંભળ્યું હોય, પછી સત્પુરુષનો યોગ થયો હોય. તેવું પુણ્ય પ્રાપ્ત થવા સત્પુરુષની આજ્ઞા જાણ્યે–અજાણ્યે પણ ઉઠાવી હોય. અલ્પ પણ શાતાનું મૂળ સત્પુરુષ છે. સાચી વસ્તુની ભાવના, સદાચરણ પરંપરાએ સત્પુરુષ પાસેથી મળ્યા હોય. (૩) શું સ્વરૂપ છે મારું ખરું ? – મારું સ્વરૂપ કેવું છે ? જ્ઞાનીએ જેવું પ્રગટ કર્યું છે – 'સર્વ જીવ છે સિદ્ધ સમ' તેવું. (૪) કોના સંબંધે વળગણા છે ? વળગણા – કર્મવર્ગણા વગેરે જે વળગ્યું છે તે. કોને લઈને કર્મ વળગ્યાં ? વિભાવને લઈને. જીવની પોતાની ભૂલથી જ કર્મવર્ગણા છે. અનાથીમુનિના ઉપદેશમાં છે તેમ. (૫) રાખું કે એ પરહરું ? પરિહરું. આ પાંચ પ્રશ્નોના વિચાર, વિવેકપૂર્વક શાંતભાવે જો કરવામાં આવે તો આત્મિકજ્ઞાનના સિદ્ધાંત-તત્ત્વનો અનુભવ થાય.

(૫) એ પાંચ પ્રશ્નોના ઉત્તર વિચારી નક્કી કરવા. એમ ને એમ એ પ્રશ્નોના ઉકેલ આવે એમ નથી. તેથી આગળ બતાવે છે કે તે અનુભવ પ્રાપ્ત કરવા માટે કોનું વચન માનવું ? સદ્‌ગુરુ સત્પુરુષનું કથન માનો.

"પ્રથમ આત્મસિદ્ધિ થવા, કરીએ જ્ઞાન વિચાર;
અનુભવી ગુરુને સેવીએ, બુધજનનો નિર્ધાર.

ક્ષણ ક્ષણ જે અસ્થિરતા, અને વિભાવિક મોહ;
તે જેનામાંથી ગયા, તે અનુભવી ગુરુ જોય." (૭૯)

જેને કશો સ્વાર્થ નથી, જેણે આત્માને અનુભવ્યો છે એવા પુરુષનું જો કથન માને તો આત્મા ભણી વળવાનું થાય. સદ્‌ગુરુ શું કહે છે? રે આત્મ તારો! આત્મ તારો! આત્માને શીઘ્ર ઓળખો અને સર્વ આત્મામાં સમદૃષ્ટિ દો. સર્વ આત્માને દ્રવ્યદૃષ્ટિથી સમાન જુએ તો રાગદ્વેષ ન થાય. પ્રભુશ્રીજી કહેતા કે કોઈ પર રાગદ્વેષ ન કરો, કોઈને દૂભવો નહીં. નિર્દોષ હોય તે આવો બોધ કરે. પોતાના આત્માને ઓળખો એટલે સર્વમાં આત્મા દેખાશે. ત્યાર પછી રાગદ્વેષ મટી જશે. આ વચનને હૃદયે લખો એટલે એ વચનને હૃદયમાંથી ભુલાય નહીં તેવું કરો.

---

## શિક્ષાપાઠ ૬૮. જિતેન્દ્રિયતા

ઉપર કહ્યું તે મોક્ષસુખ મળે શાથી? ઇન્દ્રિયો જીતે તો મોક્ષસુખ પ્રાપ્ત થાય. ખરું સુખ લેવા માટે ઇન્દ્રિયો જીતવી જોઈએ. પાંચે ઇન્દ્રિયોમાં જીભ પહેલી જીતવાની કહી. એનું શું કારણ? તો કે એને લઈને પાંચે ઇન્દ્રિયો પોષાય છે. પાંચે ઇન્દ્રિયો અનુકૂળતાને ઇચ્છે છે. જેથી શાતા ઊપજે એવા સ્વાદિષ્ટ ભોજન, સુગંધી વગેરેને ઇચ્છે છે. જ્યાં સુધી જીવને ઇન્દ્રિયોના વિષયો ગમે છે અને તેને ઇચ્છે છે – ગરમીમાં બરફ વગેરે, ટાઢમાં ગરમી વગેરે અનુકૂળતા જોઈએ છે, શાતા વેદનીનો રાગ છે ત્યાં સુધી નીરાગી ન થવાય. રાગ હોવાથી તેવા પદાર્થો

સંઘરે તેથી નિર્ગ્રંથ ન થાય. ધનધાન્યાદિ દસ પ્રકારના બાહ્ય પરિગ્રહ અને કષાય, નોકષાય અને મિથ્યાત્વ મળી ચૌદ પ્રકારનાં અભ્યંતર પરિગ્રહ ન ત્યાગી શકે. હિંસા થાય એવા કાર્ય ન ત્યાગી શકે તેથી નિરારંભી ન થાય. ઇન્દ્રિયોમાં આસક્તિ હોય ત્યાં સુધી આત્મા ભણી વળવા જ ન દે તેથી બ્રહ્મચર્ય-બ્રહ્મમાં ચર્યા ન થાય અથવા વિકાર ન જિતાય.

પાંચે ઇન્દ્રિયોનાં વિષયમાં રાગદ્વેષ કરનાર તો મન છે. વાંક મનનો છે. જો મન જિતાયેલું હોય તો જુએ, સાંભળે તોય રાગદ્વેષ ન થાય. તેથી મનને જીતવું - વશ કરવું એ ઇન્દ્રિયો જીતવાનો ઉત્તમ ઉપાય છે. મનને, આત્માને વશ શાંત રાખવું તો ઇન્દ્રિયો વશ થાય. મનને જ્યાં રાખવું હોય ત્યાં રહે તો તે જીત્યું કહેવાય; અથવા આત્મામાં વર્તે તો પણ વશ વર્ત્યું કહેવાય. મનને વશ કરવું એ સર્વોત્તમ - મોક્ષનું કારણ છે. ઇચ્છાઓ કરનાર, સંકલ્પ-વિકલ્પ કરનાર, કષાયો કરનાર મન જ છે. એને વશ કરવું એ સહેલું નથી, બહુ બહુ દુષ્કર છે. એક સમયમાં અસંખ્યાતા યોજન ચાલ્યું જાય, સિદ્ધશિલા સુધી પહોંચી જાય એવું છે. એને થકાવવું દુર્ઘટ છે - કેટલાય ભવ ગયા પણ થાક્યું નથી. એને સ્થિર કરવા જઈએ ત્યાં એ ક્યાંય જઈ આવે. જ્ઞાનીઓએ જ્ઞાનરૂપી લગામ વડે એને સ્થિર કર્યું છે. "જ્ઞાને બાંધ્યું મન રહે." જ્ઞાન એ મનને બાંધવાનો ઉત્તમ ઉપાય છે. પણ જ્ઞાન થાય શાથી? તો કે "સદ્‌ગુરુ વિણ જ્ઞાન ન હોય." ઉત્તરાધ્યયનસૂત્રમાં કેશીસ્વામી ગૌતમસ્વામીને પૂછે છે: તમે

તમારા મનરૂપી અશ્વને કેવી રીતે વશ કરો છો? ગૌતમસ્વામી ઉત્તર આપે છે કે હું જ્ઞાનરૂપી લગામ વડે મારા મનરૂપી અશ્વને મોક્ષરૂપી સીધી સડકમાં ચલાવું છું.

નિયમરૂપી લગામમાં આવી જાય તો પણ મન વશ કરી શકાય છે એમ પ્રત્યાખ્યાન વિષેના ૩૧મા શિક્ષાપાઠમાં કહ્યું છે.

ભક્તિથી પણ મન વશ થાય છે. ભગવાનમાં ચિત્ત જોડાય તો ઉપયોગ બીજે ન જાય. ભક્તિ એ સહેલું સાધન છે, પણ એટલો પ્રેમ જોઈએ. ભક્તિમાં પ્રેમ હોય તો ખાવાપીવાનું, સગાંવહાલાં કંઈ ન સાંભરે.

"મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજા કામ કરંત;
તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત."

મનને જે હિતકારી લાગ્યું હોય ત્યાં મન જાય, ત્યાં શ્રદ્ધા થાય અને ત્યાં જ લીન થાય. અને જ્યાં અહિત જાણે કે આ મને નુકસાન કરશે તો પાછું હઠે. જ્યાં મન જાય ત્યાં જાણવું કે ત્યાં તેને પ્રેમ છે. ત્યારે વિચારવું કે તે હિતરૂપ છે કે અહિતરૂપ? જો અહિત સમજાય તો મન પાછું વળે. જ્યાં હિત લાગે ત્યાં મન તલ્લીન થાય છે.

નમિરાજનું દૃષ્ટાંત ભાવનાબોધમાં છે. આત્માને જીતવો—તેને ક્રોધમાં, માનમાં, માયામાં, લોભમાં ન જવા દેવો. જ્ઞાનરૂપ આત્મા વડે ક્રોધાદિક આત્માને જીતે. આત્મા જીતે કે મન જીતે એ એક જ છે. પાંચ ઇન્દ્રિયો અને ક્રોધાદિ ચાર કષાયો જીતવાં દોહ્યલાં છે. મનોયોગ જીત્યો તેણે સર્વ જીત્યું. 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું

એહ વાત નહીં ખોટી.' (આનંદઘનજી-૧૭) સંસાર મનને લઈને છે. કૃપાળુદેવે મનને જીત્યું તેથી ઉપાધિમાં પણ સમાધિભાવ રહેતો હતો. દશ લાખ સુભટને જીતવા સહેલા છે પણ મન જીતવું અઘરું છે. એ જેણે જીત્યું તે સ્તુતિ કરવા યોગ્ય સર્વોત્તમ થાય છે.

જેમ અધ્યાત્મની જનની ઉદાસીનતા છે તેમ ઉપાધિની જન્મદાતા ભૂમિકા મન છે. જેટલી ઉપાધિ ઓછી તેટલી સમાધિ થાય. જ્યાં ઉપાધિ છે ત્યાં અનાથતા છે. મન જ કર્મ બાંધે છે ને મન જ છોડે છે. શુક્લ-ધ્યાનમાં શ્રુતનું અવલંબન છે તે પણ મનથી છે. મન જ સર્વ સંસારની મોહિનીરૂપ છે – સંસાર સુંદર લાગે છે તે પણ મનને લઈને છે. મનનું કામ વિચાર કરવાનું છે. વિચારે કરી વૈરાગ્ય આવે ત્યારે મન પાંચ ઇન્દ્રિયના વિષયોમાં ભટકતું અટકે એટલે વશ થાય, તો આત્મતત્ત્વ પ્રાપ્ત થાય.

મન વડે ઇન્દ્રિયોની લોલુપતા છે. પાંચ ઇન્દ્રિયોની પાછળ કામ કરનાર મન જ છે. પાંચ ઇન્દ્રિયો ઘોડા જેવી છે. મનરૂપી સારથિના હાથમાં પાંચે ઇન્દ્રિયોની લગામ છે. એ મોહિની આડે – એ પાંચ ઇન્દ્રિયોના વિષયોની ઇચ્છા આડે મન ધર્મને સંભારવા દેતું નથી. ધર્મને માટે કદાચ જાય તો ત્યાં સાવધાન-એકચિત્ત થવા દેતું નથી. વિષયોના વિચારો આવ્યા કરે. ચા, ખાવાનું વગેરે ઇચ્છિત વસ્તુમાં મન જાય. સાવધાન થયા પછી પણ પાછું પતિત થાય એટલે ક્યાંય જતું રહે. અથવા સાવધાનીમાં ન્યૂનતા કરે, આળસ કે ઊંઘમાં જાય. મનને

વશ કરવામાં વિઘ્ન ઘણાં આવે છે. તે વિઘ્નોથી ન હારતાં જે અડગ રહીને એટલે ડગ્યા વિના મનને જીતે, મનનું કહ્યું કરે નહીં તે આત્મજ્ઞાનરૂપ સર્વ સિદ્ધિને પામે. પાઠ જિતેન્દ્રિયતા ઉપર છે પણ મનને લઈને ઇન્દ્રિયો પ્રવર્તે છે તેથી મન વિષે અહીં કહ્યું છે.

મન અકસ્માત્ કોઈથી જ જીતી શકાય છે. આગલા જન્મમાં તેવો પુરુષાર્થ કર્યો હોય તો જ આ જન્મમાં સહજે જીતી શકાય. મહાપુરુષો પૂર્વના સંસ્કારને લઈને મનને સહજે જીતી શકે છે. ગૃહસ્થપણામાં ઘણા અભ્યાસે જિતાય. મુનિપણામાં અવકાશ મળે માટે ત્યાં મન જીતવાની સરળતા છે. એ જીતવાના ઉપાયનો ગૃહસ્થાવાસમાં પરિચય કરવા માગીએ – જાણવા માગીએ તો તેનો મુખ્ય ઉપાય એ છે કે તે જે દુરિચ્છા – ખરાબ ઇચ્છા – સંસારની ઇચ્છા, શબ્દસ્પર્શાદિ વિષયોની ઇચ્છા કરે તે ભૂલી જવી, પૂર્ણ ન કરવી. ખરાબ ઇચ્છાથી પાછા હઠવું. પણ એ પ્રમાણે કરવું તો નહીં જ. એ જે માગે તે એને ન આપવું. આપણે મનની પાછળ ન દોરાવું, પણ આપણે ઇચ્છીએ તેમ મનને ચલાવવું; એટલે આત્માનો મોક્ષ કરવો છે તો મનને પણ આત્માના વિચારમાં, સ્વાધ્યાય ધ્યાન આદિ મોક્ષમાર્ગમાં દોરવું. "મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ." ઇન્દ્રિયો વશ ન થાય ત્યાં સુધી ઉપાધિ જ છે. જેમ જેમ ઇંદ્રિયોને પોષે છે તેમ તેમ ઉપાધિ વધતી જાય છે. સાધુપણું લીધું હોય અને જીભ વશ ન હોય તો પંદર ઘેર ફરે. ગૃહસ્થ એક શાક ખાય તો એ ચાર ખાય. લોકમાં ખોટું દેખાય તેથી બહારથી

પાળે પરંતુ મન વશ નથી તેથી સાધુપણું નથી. ગમે તેવું ચંચળ મન હોય તોપણ અભ્યાસ કરીને વશ કરવું. મનને વાંચવા વિચારવામાં રોકી અવશ્ય આત્મહિત કરવું.

---

## શિક્ષાપાઠ ૬૯. બ્રહ્મચર્યની નવ વાડ

પાંચ મહાવ્રતમાં બ્રહ્મચર્ય મુખ્ય છે. બ્રહ્મચર્ય ઉપર અનેક પુસ્તકો લખાયાં છે. પરંતુ આ પાઠ ટૂંકામાં પણ અતિ ઉપકારી છે.

જગત પ્રત્યે ઉદાસીન ન થાય તો બ્રહ્મચર્ય પાળવું દુષ્કર છે, તેથી જિતેન્દ્રિયતાના પાઠ પછી બ્રહ્મચર્ય કેમ પાળવું તેની વિધિ આ પાઠમાં બતાવી છે.

નવ વાડ ઉપર તો ગ્રંથો લખાય, પણ અહીં થોડા શબ્દોમાં, તે ભેદો અને તેનું સ્વરૂપ બતાવ્યું છે. એક પછી એક નવ વાડ! કોઈને નવાઈ લાગે કે આ શું કહ્યું છે? વાડ કહી તે શા માટે? વાડ તો ઝાડ સાચવવા હોય. માટે બ્રહ્મચર્યને સુંદર ઝાડની ઉપમા આપી છે અને તેની રક્ષા કેવી રીતે થાય છે તે જણાવવા નવ વિધિઓને નવ વાડની ઉપમા આપી છે. આંબા વગેરેને એક વાડ હોય છે, ત્યારે આને નવ વાડ. બ્રહ્મચર્ય ઉત્તમ હોવાથી તેને સાચવવા નવ વાડ છે. મનના વિકારો રોકવા માટે વાડો છે. તે વિસ્તાર કર્યા વિના જેમ ભગવાને કહી છે તેમ ટૂંકામાં અહીં કહી જઉં છું :–

૧. વસતિ – સાધુ, સાધ્વી ઊતરે તે જગ્યા, રહેવાનું સ્થાન. સાધ્વી કે બ્રહ્મચારિણીએ પુરુષ વગેરે હોય ત્યાં

ન રહેવું. એવા પ્રકારનો વાસ બ્રહ્મચર્યને હાનિ કરે છે. જેવા પ્રકારનું નિમિત્ત હોય તેવા ભાવ થાય છે. પડંગ = બાયલા લોકો, ગમે તેમ બોલે, ચેષ્ટા કરે, તેનો સંગ ન કરવો. બધા એવા નિમિત્ત છે કે જેથી વિકલ્પો ઊભા થાય અને મનને ભ્રષ્ટ કરે.

૨. કથા – વાતચીત પણ વિકારનું કારણ છે. સ્ત્રીકથા, કામવિકારની કથા એ વિકથા કહેવાય છે. સાધ્વીએ પણ એકલા પુરુષ પ્રત્યે કથા ન કરવી.

૩. આસન – સ્ત્રી બેઠી હોય ત્યાં બે ઘડી સુધી બ્રહ્મચારી ન બેસે, કારણ જગ્યા ગરમ થાય છે અને સ્મૃતિનું કારણ છે. પુરુષ બેઠો હોય ત્યાં ચાર ઘડી સુધી બ્રહ્મચારિણી ન બેસે, કારણ સ્ત્રીને વિશેષ વિકારનું કારણ છે. પ્રભુશ્રીજી એક વાત કહેતા કે કોઈ ઘરડી બાઈ હતી. વૈદ્ય નાડી જોવા આવ્યો, પણ બાઈ કહે : અડવા ન દઉં. પછી હાથે દોરી બાંધી વૈદ્યના હાથમાં આપી, છતાં તે બાઈને વિકાર થયો.

૪. ઇન્દ્રિયનિરીક્ષણ. ૫. કુડ્યાંતર. ૬. પૂર્વક્રીડા – બધું મનને લઈને છે. આગલા પાઠમાં મન વિષે કહ્યું છે તેમ.

૭. પ્રણીત – બધા બ્રહ્મચર્યભંગના નિમિત્તો છે.

૮. અતિમાત્રા આહાર – માત્રા એટલે માપ. અતિમાત્રા એટલે જોઈએ તેટલા માપથી વિશેષ. લૂખું ખાય પણ પેટ ભરીને ખાય તોપણ બ્રહ્મચર્યભંગનું કારણ થાય. મિતાહાર એટલે માપસર જોઈએ તેટલો આહાર.

૯. વિભૂષણ – બહારની ટાપટીપ. જેણે શરીર ઉપરનો

મોહ છોડ્યો, બ્રહ્મચર્ય વ્રત લીધું, તેણે શરીરને શણગારવું તે મડદાને શણગારવા જેવું છે. તેણે તો આત્મામાં રહેવાનું છે.

પ્રભુશ્રીજી આ નવ વાડ સમજાવતા, કારણ સાધુઓને કાયમ અને ગૃહસ્થાવાસમાં શ્રાવકને અમુક અમુક દિવસે બ્રહ્મચર્ય ધારણ કરવામાં તે નવ વાડો પાળવાની છે; માટે તે લક્ષમાં રાખવા યોગ્ય છે.

---

## શિક્ષાપાઠ ૭૦. સનત્‌કુમાર, ભાગ ૧

ચક્ર હોય તે પરથી ચક્રવર્તી – છ ખંડ સાધનાર. સનત્‌કુમાર એ સંપૂર્ણ સુખી ચક્રવર્તી હતા. ભરત ચક્રવર્તીના વૈભવના વર્ણન પરથી તેમના વૈભવનું વર્ણન પણ સમજી લેવું. મુખ્ય વાત તેમના રૂપની કહેવી છે, તેથી હાથી ઘોડા વગેરે બીજા વૈભવનું વર્ણન કર્યું નથી. વર્ણ એટલે રંગ, ગૌરવર્ણ. રૂપ એટલે અવયવોની સુમેળતા. તેના વર્ણરૂપના ઇન્દ્રે સુધર્મસભામાં વખાણ કર્યાં. કોઈ બે દેવોને થયું કે મનુષ્યનું તે શું રૂપ હોય? તેથી તે વિપ્રરૂપે સનત્‌કુમારના અંતઃપુરમાં આવ્યા.

ખેળ એટલે ચંદન, લોટ, માટી વગેરે પહેલા શરીર ઉપર ચોપડીને પછી નહાય તેથી છિદ્રો સાફ થઈ જાય. પહેલાના વખતમાં સાબુને બદલે લોટ વગેરેનો ખેળ કરી ચોપડતા હશે. એમ સ્નાનમંજન કરવા ચક્રવર્તી બેઠા હતા. સ્નાનમંજન એટલે ઘસીને નાહવું. ત્યાં વિપ્રોએ આવી તેમના રૂપના વખાણ કર્યાં. સનત્‌કુમાર સ્વ-રૂપ

અને સ્વ-વર્ણની સ્તુતિથી પ્રભુત્વ લાવી એટલે મોટાઈ માની બોલ્યા : રાજસભામાં મારું રૂપવર્ણ તમે જુઓ તો ચકિત થઈ જાઓ = આશ્ચર્ય પામો.

અનેક ઉપચારથી = અનેક ક્રિયાઓ વડે, ઉપાયો વડે આશ્ચર્યકારી શણગાર સજ્યા. રાજેશ્વર = ચક્રવર્તી. ચામર = ચમરી ગાયના પૂંછડાના વાળમાંથી બને. વધાવાઈ રહ્યા છે = સ્તુતિ કરાઈ રહ્યા છે. ત્યાં વિપ્રોએ આવી માથું જુદા ભાવથી ધુણાવ્યું, કારણ અભિમાનથી ચક્રવર્તીનું શરીર અંદરથી ફરી ગયું હતું – ઝેરતુલ્ય થઈ ગયું હતું.

## શિક્ષાપાઠ ૭૧. સનત્કુમાર, ભાગ ૨

પૂર્વિત પાપનો ભાગ તેમાં આ કાયાના મદનું મેળવણ થવાથી એ ચક્રવર્તીનું શરીર ઝેરમય થઈ ગયું, તે જોઈ તેમનો મોહ ઊઠી ગયો. બધાનાં શરીર આવાં જ છે. સંસારમાં બધે પ્રપંચ–દગો છે, ઠગાવાનું છે. મૂઠી પુણ્ય લઈને આવ્યો છે તે વેરાઈ જાય છે. સ્ત્રી – પુત્રાદિમાં પણ આવી ને આવી અશુચિ રહેલી છે. એ સઘળું મોહમાન કરવા જેવું નથી. મોહ – મમતા, જેમકે કાયા મારી છે અને માન – ગર્વ, જેમકે કાયા સારી છે એમ કરવા યોગ્ય નથી. છ ખંડનું જે સ્વામીપણું હતું તે બધું ત્યાગ કરીને સનત્કુમાર સાધુ થઈને ચાલી નીકળ્યા. રાણીઓ, અંતઃપુર, મંત્રીઓ વગેરે છ મહિના તેમની પાછળ પાછળ ગયાં અને પાછા ઘરે આવવા વીનવવા લાગ્યા, પણ તેમણે પાછું વાળી જોયું નહીં, તેથી

તેઓ પાછા ફર્યા. ત્યાર બાદ સાધુપણામાં ૧૬ રોગ ૭00 વર્ષ સુધી તેમણે સહન કર્યાં. અહીં પાઠમાં સામાન્યપણે મહારોગ થયો એમ કહ્યું છે. પુણ્ય સાથે પાપનો પણ ઉદય થાય છે. શ્રીપાળરાજાના રાસમાં આવે છે કે શ્રીપાળ પુણ્યથી કન્યાઓ પરણે છે ને વળી તેને દરિયામાં નાખી દે છે તેમ. કર્મરોગ ન ટળે ત્યાં સુધી એક યા બીજે રૂપે ભોગવવું પડે છે. થૂંકવાળી અંગુલિ = લબ્ધિથી થૂંક પરસેવો વગેરે દવારૂપ બને છે.

કાયા કેવી છે? તો કે જેનાં પ્રત્યેક રોમે પોણા બબ્બે રોગ રહ્યા છે. એકલી આંખમાં ૯૬ રોગ રહેલા છે, એમ વિવેકથી સિદ્ધ છે. મળ, મૂત્ર, શ્લેષ્મ વગેરે એકઠાં થઈને શરીર ટક્યું છે. એવી કાયા પર મોહ મમતા રાખવી – તેને મારી માનવી તે ખરે વિભ્રમ એટલે ભ્રાંતિ કે ભ્રમણા જ છે. કાયાનો મોહ મંગળદાયક નથી; પાપદાયક છે. કાયાનો મોહ હોય ત્યાં સુધી મોક્ષ થાય નહીં.

---

## શિક્ષાપાઠ ૭૨. બત્રીશ યોગ

મોક્ષની સાથે જોડે તે યોગ. મોક્ષે લઈ જાય તેવાં સાધન તે યોગ. અથવા મોક્ષ સાધવાના પ્રકાર તે યોગ છે. યોગનું કામ આત્માને ઉજ્જવળ – શુદ્ધ કરવાનું છે. "મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ." યોગ તો અસંખ્ય પ્રકારના છે. તેમાંથી આ બત્રીશ યોગ બતાવ્યા છે.

(૧) આચાર્યે શિષ્યને યોગ્ય બનાવવો તે એક પ્રકારનો યોગ છે. જેમ સંસારમાં પિતા, પુત્રને બધું

સોંપીને ધર્મધ્યાન કરે છે, તેમ આચાર્ય, શિષ્ય પોતાના જેવો થાય તે માટે તેને શ્રુતાદિક જ્ઞાન આપે તેથી પોતાનું જ્ઞાન પણ તાજું રહે, અને પછી સંઘનો નિર્વાહ આદિ બધું શિષ્યને સોંપીને સમાધિમરણની તૈયારી કરી શકે, તેથી એ યોગ છે.

અથવા પાઠાન્તરમાં છે કે "મોક્ષસાધક યોગ માટે શિષ્યે આચાર્ય પાસે આલોચના કરવી." પોતાની વાત બધી ગુરુ જાણે છે તો પણ પોતે શુદ્ધ થવા કહે. પોતાની બધી વાત, ખોટા વિકલ્પો વગેરે બધું ગુરુને કહે.

(૨) આચાર્યપણું જેથી પ્રાપ્ત થયું હોય, જે વિશેષ જ્ઞાન હોય, તેને આધારે શ્રોતાઓનું હિત થાય એવો બોધ આચાર્ય આપે; તેથી પોતાનું પણ હિત થાય છે માટે તેને યોગ કહ્યો છે.

અથવા પાઠાંતરમાં છે કે "આચાર્યે આલોચના બીજા પાસે પ્રકાશવી નહીં." આચાર્યે આલોચના સાંભળી હોય તે બીજાને ન કહે.

(૩) કેટલાક આપત્તિકાળે ધર્મ ન કરે, ગમે તેમ ચલાવી લે. પરંતુ આપત્તિમાં જ ખરી કસોટી છે. પરિષહ–ઉપસર્ગમાં પણ ધર્મ ન છોડ્યો તે જ સિદ્ધિ પામ્યા છે. તેને જ ઇંદ્ર જેવાએ વખાણ્યા છે. આપત્તિકાળે છોડી દે તો મરણ વખતે પણ છોડી દે. ગજસુકુમાર જેવાએ મરણાંત પ્રસંગે પણ અડગ રહી સિદ્ધિ સાધી.

(૪) લોકોને દેખાડવા કે દેવલોક વગેરેની ઇચ્છા છોડીને તપ કરવું. આ લોકમાં કીર્તિ મેળવવા, લોકરંજન

કરવા તપ કરે અથવા પરલોકમાં સુખ મળશે એ ઇચ્છાથી તપ કરે તો એ રૂપ વ્યાપાર કહેવાય. સમ્યક્દર્શન ન થાય ત્યાં સુધી કંઈ ને કંઈ ઇચ્છા હોય, સમ્યક્દૃષ્ટિને નિષ્કાંક્ષિત અંગ હોય છે, તેથી તે એવી ઇચ્છા મૂકીને તપ કરે તે મોક્ષને માટે થાય છે.

(૫) શિક્ષા એટલે જે શીખ્યા હોઈએ તે પ્રમાણે યત્નાપૂર્વક કરવું. જે જાણ્યું હોય તેમાંથી બને તેટલું વર્તનમાં મૂકવું. પાપ વગેરે જાણ્યા હોય તે તજવાં. નવું વિવેકથી શીખવું તે નૂતન જ્ઞાન ઉપયોગ અથવા અભીક્ષ્ણ જ્ઞાન ઉપયોગ છે. વિવેકથી એટલે અજ્ઞાન અને અદર્શનને નિવારવા હિતાહિતનો લક્ષ રાખીને રોજ નવું નવું શીખવું. આત્માની ઉજ્જવળતા થાય તેટલો યોગ છે. ભણીને અભિમાન થાય તો આત્મા ઊલટો મલિન થાય. વિવેકથી નવું શીખવું એ યોગ છે.

(૬) મમત્વ એટલે મારાપણું. તેને લઈને પરિગ્રહ આરંભથી પાંચે જ્ઞાન, સંયમ વગેરે આવરણ પામે છે. મૂર્છા એ પરિગ્રહ છે. મમતા હોય ત્યાં સમતા ન હોય. મમતા જાય ત્યારે સમતા આવે. સંસાર વળગે છે શાથી? મમત્વને લઈને.

"જો જો પુદ્‌ગલ ફરસના, નિશ્ચે ફરસે સોય;
મમતા-સમતા-ભાવસેં, કર્મબંધ-ક્ષય હોય."

મમતાનો ત્યાગ કરે તો સંસાર છૂટે. તેથી મૂર્છા, મમતા, મોહનો ત્યાગ કરવો એ એક યોગ છે. જેથી આત્માનો મોક્ષ થાય તેવા મોક્ષના સાધનરૂપ એકેકો યોગ અમૂલ્ય છે.

(૭) ગુપ્ત તપ નિર્જરા થવા કરવું. હું તપસ્વી છું એવા અહંકારથી કે બીજાને બતાવવા ન કરવું. બાહ્યદૃષ્ટિ હોય તો તે કર્મ બાંધવાનું કામ કરે. કર્મને બાળે તે તપ. મનવચનકાયા રોકાય એવી ગુપ્તિ સહિત તપ કરે તેથી સંવરનિર્જરા થાય. સમ્યક્ત્વ સહિત અને નિદાન રહિત ગુપ્ત તપ કરે તો યોગ કહેવાય.

(૮) તપ કરે ને નિદાન કરે તો મોક્ષમાં ન જોડે તેથી નિર્લોભતા રાખવાનું કહ્યું. તપ કરીને દેવાદિ સુખ મેળવવાની ઇચ્છા કરે તે ધર્મ નથી પણ ધંધો છે. વસ્તુ છોડે પણ તેની વાસના ન છોડે. વાસનાનું બીજું નામ લોભ છે. વાસના ન થવા દે. નિર્લોભતા રાખે તો મોક્ષ થાય. નિર્લોભ એટલે નવું ન ઇચ્છે, નિઃસ્પૃહ એટલે હોય તેમાં આસક્તિ ન રાખે અને ઉદાર એટલે હોય તે વાપરે, કંજૂસ નહીં તે. એથી સંસાર છૂટે છે.

(૯) પરિષહ જીત્યા ક્યારે કહેવાય? વનસ્પતિ વગેરે એકેન્દ્રિય જીવો પણ સહન કરે છે અને નરકાદિમાં પણ પરવશપણે જીવ સહન કરે છે. પણ તેથી પરિષહ જીત્યા ન કહેવાય. પરંતુ સમજણપૂર્વક દૃઢતાથી શાતાને ન ઇચ્છીને પરિષહ જીતે ત્યારે જીત્યા કહેવાય, ભેદજ્ઞાન હોય, દેહ જુદો છે એમ જાણે છતાં સહન ન કરી શકે ત્યારે ઉપાય કરે. સહન કરવાનો અભ્યાસ કરી તેને જીતે. વીર્ય ફોરવે. જેટલું વીર્ય હોય તેટલું જીતી શકે.

(૧૦) ધર્મ પામવા માટે સરળતા એ યોગ્યતા છે. તે હોય તો મોક્ષનો યોગ સાધી શકે. "વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેન્દ્રિયપણું આટલા ગુણો

જે આત્મામાં હોય તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે." (૪૦) હૈયે હોય તેવું હોઠે આવે, બોધ પરિણામ પામે એવી દશાને સરળતા કહેવાય. ગમે તેનું માની લે તે સરળતા ન કહેવાય.

(૧૧) સંયમ ૧૨ પ્રકારે, ૧૩ પ્રકારે, ૧૭ પ્રકારે કહેવાય છે, તે દ્રવ્યસંયમ છે. "સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ" (૮૬૬) તે ભાવસંયમ છે. આત્માને આત્મામાં રોકવો તે કોઈ બીજા અર્થે નહીં, પણ આત્માર્થે. તેથી શુદ્ધ નિરપેક્ષ આત્મસંયમ થાય. આત્મસંયમ શુદ્ધ પાળે તે એક યોગ છે. એ મોક્ષનું કારણ છે.

(૧૨) સમકિત શુદ્ધ રાખવું. શુદ્ધ એટલે દોષરહિત. સમકિતના ૨૫ દોષ કહ્યા છે તે ન લાગવા દે. શંકા કંખા આદિ ૮, મદ ૮, ૬ અનાયતન અને ૩ મૂઢતા.

"મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુ લક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ."

શ્રદ્ધા મલિન ન થવા દે. શ્રદ્ધા મલિન થવામાં અંતરંગ કારણ સમ્યક્ત્વ-મોહનીયનો ઉદય છે. તેથી પુરુષાર્થ કરવો પડે. જ્ઞાનીની આજ્ઞાએ વર્તવું એ મુખ્ય પુરુષાર્થ છે. એથી ઉદય આવીને મિથ્યાત્વમોહનીય નિર્જરે, પછી મિશ્રમોહનીય અને છેલ્લે સમ્યક્ત્વમોહનીય ઉદય આવીને નિર્જરી જાય. ત્યાં સુધી ચલ, મલ અને અગાઢ દોષ લાગે. પણ ત્યાં પુરુષાર્થને અવકાશ છે. આ કાળમાં ન થાય એમ ન માનવું. મોક્ષ થાય જ એમ નક્કી રાખવું. મહેનત કરેલી લેખે છે. સમકિત થયું હોય તે શુદ્ધ રાખવું, નહીં તો મલિન થતું થતું જતું રહે. માટે

મરતાં સુધી ટકાવી રાખવું. "ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક." મરણ વખતે નિયાણું થઈ જાય તો બગડી જાય. ક્ષાયકસમકિતીને સહેજે નિર્મલતા રહે,

(૧૩) "ચિત્તની એકાગ્ર સમાધિ રાખવી." "આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર સમાધિ કહે છે." (૫૬૮) આત્મપરિણામની સ્વસ્થતા રાખે, સંકલ્પ-વિકલ્પ ન થવા દે. જ્યાં હિત માન્યું ત્યાં શ્રદ્ધા થાય ને ત્યાં ચિત્ત લય પામે. સંસારમાં હિત માન્યું તો તેના વિચારમાં રહે. આત્મામાં હિત માન્યું તો તેમાં રહે. એક વસ્તુમાં લીન કરવું તે એકાગ્ર. ચિત્ત એકાગ્રપણે આત્મભાવમાં રાખવું. તેમાં ઘણા કર્મ ખપે તેથી મોક્ષ માટેનો યોગ કહેવાય. ઉપાધિથી મન ભટકે તેથી ઘણાં કર્મ આવે. સમાધિથી જગતનું વિસ્મરણ થાય અને કર્મ છૂટે. ઉપાધિ અને સમાધિને વિરોધ છે.

(૧૪) "કપટ રહિત આચાર પાળવો." લોકને દેખાડવા કરે તે કપટ છે, યોગ નથી. આત્માર્થે કપટ રહિત આચાર પાળે તે યોગ છે. ઉપરથી લોકને દેખાડવા કરે પણ અંતરમાં ભાવ ન હોય, વાસના બીજી હોય તો તે ક્રિયા કપટવાળી છે. દેખાય ધર્મક્રિયા અને ફળ આવે સંસાર તે વંચકક્રિયા છે. સદ્‌ગુરુ મળે, તેમનું બહુમાનપણું કરે, પછી અવંચકક્રિયા થાય તેનું ફળ મોક્ષ આવે. વંચકપણું એટલે જેટલું જોઈએ તેટલું બહુમાનપણું સત્પુરુષ પ્રત્યે નહીં, અને પોતાનું અહંપણું રહે તે વંચક-પણું એમ કૃપાળુદેવે વ્યાખ્યા કરી છે. પૂજાનું ફળ ચિત્ત-પ્રસન્નતા છે. તે ક્યારે થાય ? તો કે કપટરહિત થાય ત્યારે.

(૧૫) સત્પુરુષ વગેરેનો વિનય કરવો. વિનય એ અપૂર્વ વસ્તુ છે. વિનયથી માર્ગ પ્રાપ્ત થાય. એવો વિનય આવે ક્યારે? કે જ્યારે માન જાય અને સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ થાય ત્યારે. સત્પુરુષની વિનયોપાસના તે પણ એક યોગ છે. "પરમાત્માને ધ્યાવવાથી પરમાત્મા થવાય છે. પણ તે ધ્યાવન આત્મા સત્પુરુષના ચરણકમળની વિનયોપાસના વિના પ્રાપ્ત કરી શકતો નથી." (૬૨) વિનયને ધર્મનું મૂળ કહ્યું છે. વિનય કરવા યોગ્ય પુરુષ જોઈએ અને તેનો યથાયોગ્ય વિનય કરવો જોઈએ. નમસ્કારરૂપ વિનય ઉલ્લાસથી કરતાં જીવ ધર્મ પામે છે.

(૧૬) તૃષ્ણા ઓછી કરવા ભોગ ઓછા કરે. લોભ ઓછો કરવો છે. મૂકી દેવો છે એમ થાય તો આત્મામાં જોડાઈ શકે. નહીં તો બીજી વસ્તુઓનું મહત્વ રહે. અંદરથી સંતોષ ક્યારે આવે? સમજણ આવે ત્યારે નહીં તો એક બાજુ તૃષ્ણા ઘટાડે તો બીજી બાજુ વધે. તૃષ્ણા ઓછી થાય તેમ આત્મા ભણી વૃત્તિ વાળવાની નવરાશ મળે.

(૧૭) વૃત્તિને પાછી વાળે તે વૈરાગ્ય. પાંચ ઇંદ્રિયોના વિષયોમાં આસક્તિ નહીં તે વૈરાગ્ય. જુએ ત્યાં મોહ પામે તે તૃષ્ણા કહેવાય. ત્યાંથી વૃત્તિ પાછી વળે તો વૈરાગ્ય કહેવાય. જ્યાં-જ્યાં આસક્તિ થાય ત્યાં-ત્યાંથી છૂટે, આત્મા ભણી વળે તો છુટાય. "ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન." વૈરાગ્ય જ્ઞાનનું કારણ છે. નિરંતર વૈરાગ્યભાવના એ યોગ છે.

(૧૮) માયામાં વર્તવાનું કારણ શું? કંઈક લોભ હોય - યશનો, સારું દેખાડવાનો, તો માયા થાય. હોય એના કરતાં બીજો દેખાવ કરે તે માયા. માયાને શલ્ય કહે છે. માયા, મિથ્યાત્વ અને નિદાન એ ત્રણમાંથી એક શલ્ય હોય તોપણ તે વ્રતાદિ સાચા ન કહેવાય. વૃત્તિ રોકે તો વ્રત કહેવાય. માયાને લીધે વૃત્તિ રોકાય નહીં. માયાનું આવરણ નથી તૂટતું, એટલી નિર્બળતા છે. હિંમત કરે તો સાચું કહી દે. પ્રજ્ઞાસહિત સરળતા હોય, તો યોગ થાય.

(૧૯) આત્મા શુદ્ધ થાય તેવી ક્રિયા તે શુદ્ધ કરણી અથવા સત્સાધન. સત્સંગ, ભક્તિ વગેરે સત્સાધન કરવામાં પ્રમાદ ન કરવો. કાલે શું થશે તેની ખબર નથી. કરી લેવું. સાવધાન થવું, તત્પર થવું. "જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ." કાળ પાકશે ત્યારે કરશું એમ ન કહે. સાવધાની ન રાખે તો પ્રમાદ પેસી જાય. પ્રમાદ કરે તો સત્ફળ ન આવે. સત્પુરુષે કહેલું સાધન તે સત્સાધન છે. શુદ્ધના લક્ષે છૂટવા માટે જે કરણી થાય તે શુદ્ધ કરણી છે. ત્યાં અંતઃકરણ જોડાવું જોઈએ.

(૨૦) પાંચ અણુવ્રત વગેરે પાપને રોકવા માટે છે. પ્રથમ અશુભમાંથી શુભમાં આવે, પછી પુણ્યના વિકલ્પ પણ મૂકીને શુદ્ધભાવમાં રહે ત્યારે સંવર થાય. એકલું પાપ રોકયે મોક્ષ ન થાય. તેથી સંવરને આદરવો એમ કહ્યું. સંવરને આદરવો-સત્કારવો અને પાપને કાઢી નાખવાં. તે મોક્ષાર્થે હોવાથી યોગ છે. એકેકો બોલ મોક્ષે લઈ જાય એવો છે.

(૨૧) પોતાના દોષ સમભાવપૂર્વક ટાળવા, એમ કેમ કહ્યું? દોષ ટાળે પણ સાથે અભિમાન થાય છે કે મારામાં ગુણ પ્રગટ્યો અને તે બીજામાં નથી. તેથી દોષ ટાળે પણ અભિમાન ન થવા દે. સમભાવ રાખે. કંઈક ગુણ પ્રગટે તેનું અભિમાન કરે તો આગળ વધતો અટકી જાય. તેથી "અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય" એ ભૂલવા જેવું નથી. પોતાના દોષ જોવા માટે વીસ દોહા, ક્ષમાપના રોજ બોલવાના છે. પોતાના દોષો હોય તે ટાળવાના છે. એથી મોક્ષ થાય.

(૨૨) સર્વ પ્રકારના વિષયોથી વિરક્ત રહેવું એ મોક્ષે લઈ જાય એવો યોગ છે. "વિષયરૂપ અંકુરથી ટળે જ્ઞાન ને ધ્યાન." જરાય વિષયમાં અનુરાગ હોય તો મોક્ષમાર્ગથી પડે. વિષયોથી જીવ રખડ્યો છે. "**मत्तश्च्युत्वेन्द्रियद्वारैः पतितो विषयेष्वहम्** ( સમાધિશતક-શ્લોક ૧૬ ) પાંચ ઇંદ્રિયના વિષયો લેવા-મૂકવામાં 'હું કોણ છું?' એ વિચારવાનો વખત ન મળ્યો. વિષયથી કષાય થાય, કષાયથી બંધન થાય, બંધનથી જન્મ થાય, જન્મથી શરીર થાય, શરીરથી ઇંદ્રિય થાય, ઇંદ્રિયથી વિષય થાય, એમ ચક્ર ચાલ્યા કરે છે. સર્વ પ્રકારના વિષયથી વિરક્ત રહે તો 'પ્રભુ પ્રભુ'ની લય લાગે. માટે એક પ્રકારના વિષયથી વિરક્ત રહ્યે કંઈ થાય નહીં. સર્વ પ્રકારના વિષયને ઓળખીને તેથી દૂર રહેવું. તેનું ફળ વૈરાગ્ય છે.

(૨૩) પાંચ મહાવ્રત એ મૂળ ગુણ છે. તેને શુદ્ધ એટલે અતિચાર ન લાગે તેમ પાળે. દરેક વ્રતની પાંચ

પાંચ ભાવના છે તે વિચારે. અતિચારથી વ્રત તૂટે નહીં, પણ મલિન થાય.

(૨૪) પાંચ મહાવ્રતના ૮૪ લાખ ઉત્તરભેદ ગણાવ્યા છે. તે શુદ્ધ પાળવા. એ વ્રતો વિશુદ્ધપણે પાળે તેથી મોક્ષમાર્ગમાં જોડાય તે યોગ છે.

(૨૫) કાયોત્સર્ગ – કાયાની મમતા છોડીને અમુક લોગસ્સ વગેરે બોલે ત્યાં સુધી 'આત્મા છું' એ લક્ષમાં રહે. કાયા અને આત્મા જુદાં ન જાણે ત્યાં સુધી કાયોત્સર્ગ વાસ્તવિક નથી. કાયા તરફથી વૃત્તિને રોકી આત્મા તરફ વાળવી. ઉત્સાહપૂર્વક એટલે ભાવથી કાયોત્સર્ગ કરવો. કાયાથી કરે એટલું પૂરતું નથી. કાયાથી અને ભાવથી કરે. તેના ઉત્થિત ઉત્થિત વગેરે ભેદ છે. કાયોત્સર્ગથી થાકે નહીં. શરીર દુખે છતાં ડગે નહીં. કર્મ છૂટે છે એમ લાભ માને. તે દુઃખ નથી પણ પૂર્વબદ્ધ વેદનીકર્મની નિર્જરા થાય છે એમ માને. ઉત્સાહપૂર્વક કાયોત્સર્ગ યથાર્થ કરે તો તે યોગ છે. "કાય ત્યજનમય હોય કાય સબકો દુખદાયી." કાયાથી હું ભિન્ન છું એમ લાગે ત્યારે કાયાનું સ્વરૂપ લક્ષમાં આવે.

"देहान्तरगतेर्बीजं देहेऽस्मिन्नात्मभावना ।
बीजं विदेहनिष्पत्तेरात्मन्येवात्मभावना ।।"

(समाधिशतक–७४)

દેહમાં આત્મભાવના કરે તો નવો દેહ મળે. આત્મામાં આત્મભાવના કરે તો દેહથી રહિત થાય. કાયાનું સ્વરૂપ જાણીને કાયા તજવાયોગ્ય છે. એનો અભ્યાસ કરવા કાયોત્સર્ગ છે. આત્મભાવનાને અર્થે આત્મામાં રહેવા કાયોત્સર્ગ ઉત્સાહપૂર્વક કરવાનો છે. એમાં કંટાળો, થાક, ચળવિચળતા

વગેરે થાય છે માટે ઉત્સાહપૂર્વક કરવા કહ્યું. મુનિપણું પણ ઉત્સાહપૂર્વક પાળવા કહ્યું છે. કારણ કે તે અઘરું છે.

(૨૬) મુનિ થયા પછી બેસી રહેવાનું નથી. પ્રમાદ-રહિત થઈને જ્ઞાન, ધ્યાનમાં પ્રવર્તન કરે. ધ્યાન ન કરી શકે ત્યારે સ્વાધ્યાય કરે. શીખે, વાંચે, વિચારે. એ અપ્રમત્ત થવાનો માર્ગ મોક્ષમાર્ગ છે. પ્રમાદ મોટામાં મોટો શત્રુ છે. તે મનુષ્યભવ લૂટી લે છે. માટે પ્રમાદરહિત જ્ઞાન, ધ્યાનમાં પ્રવર્તવું.

(૨૭) મોક્ષમાર્ગમાં અભ્યંતર દૃષ્ટિ કામની છે, તેથી આત્મચારિત્ર કહ્યું. વેશ વગેરે બાહ્ય ચારિત્ર છે. સૂક્ષ્મ ઉપયોગ—વૃત્તિ ક્યાં જાય છે તેની તપાસ રાખે. પોતાનું વર્તન સૂક્ષ્મ ઉપયોગથી તપાસે. સૂક્ષ્મ ઉપયોગ ન રાખે તો મહાવ્રત લીધાં હોય તો પણ અવિરતિમાં જતો રહે. સમિતિ-ગુપ્તિ પાળે. સમિતિમાં આજ્ઞાએ વર્તે. યોગની પ્રવૃત્તિમાં પણ સ્થિરતાનો-ગુપ્તિનો લક્ષ રાખે. સ્વાધ્યાય વગેરેમાં પણ આત્મલક્ષે વાંચે, બોલે. એમ સમિતિપૂર્વક વર્તવામાં પણ સૂક્ષ્મ ઉપયોગપૂર્વક વર્તે. કેવળ અંતર્મુખ થવાનો જ્ઞાનીનો માર્ગ છે.

(૨૮) ધ્યાનમાં પણ સૂક્ષ્મ ઉપયોગપૂર્વક વર્તે. આત્મામાં પ્રેમ વધે તો ચિત્ત ત્યાં જોડાય. ધ્યાન શા માટે અને કેવી રીતે કરવું? મોહ જવા, જિતેન્દ્રિયતા થવા અર્થે, એકાગ્રતાપૂર્વક કરવું. ઉપયોગ કોઈ વિષયમાં ન જવા અર્થે એકાગ્રતાપૂર્વક કરવા કહ્યું. એકાગ્રતાપૂર્વક આત્મામાં રહે તે યોગ છે.

(૨૯) ગજસુકુમારની સમાન મરણાંત દુઃખથી પણ ભય ન પામે એ એક યોગ છે. સાપ કરડે, વીંછી કરડે પણ ભય ન પામવો. આત્મા મરે નહીં. વેદના સહન કરે, ભય ન પામે, એમ પરિષહ જીતે તો યોગ કહેવાય. "નિઃશંકતાથી નિર્ભયતા અને તેથી નિઃસંગતા પ્રાપ્ત હોય છે." (૨૫૪) નિઃશંકતાથી નિર્ભયતા થાય એ સમ્યક્દર્શનનું અંગ છે. સત્પુરુષનો બોધ પરિણમે તેમ નિઃશંકતા થાય. આત્મા ભિન્ન છે એમ નિશ્ચય થાય, પછી ભય ન થાય. નિર્ભયતા થાય ત્યારે આકુળવ્યાકુળતા મટી જાય. તેથી પરિગ્રહ છૂટે ને અસંગ થાય.

(૩૦) જે વિકારના કારણ છે તેવા સ્ત્રી આદિકના સંગને ત્યાગવો. ખરાબ સંગને ત્યાગવો એ પણ યોગ છે. અસંગ થવું હોય તેણે વિકારનાં સ્થાન તજવાં. ભયને લઈને સંગ, પરિગ્રહ વગેરે એકઠો કરે છે. ભય નથી તો પછી પરિગ્રહ એકઠો શું કામ કરે? ભય ન હોય તો નિઃસંગ થાય. પરવસ્તુ પ્રત્યેનો વિશ્વાસ ઊઠી જાય. "**सव्वे संगा महासवाः** ।" સ્ત્રી આદિક અનેક સગાં, ધન વગેરેનો સંગ અને તેની આસક્તિને ત્યાગે એ યોગ છે.

(૩૧) દોષો થયા હોય તેનું પ્રાયશ્ચિત્ત લઈને આત્માની વિશુદ્ધિ કરવી. પ્રાયશ્ચિત્ત વડે વિશુદ્ધિ કરવી એમ અહીં અર્થ છે. એ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત આદિ ક્રિયા અવશ્ય કરવા યોગ્ય છે.

"મોક્ષસાધક યોગ માટે શિષ્યે આચાર્ય પાસે આલોચના કરવી. આચાર્યે આલોચના બીજા પાસે પ્રકાશવી નહીં." એ પાઠાંતર ૧–૨ અહીં ગર્ભિત છે.

(૩૨) મરણકાળે આરાધના કરવી. વિચારવાન જીવ તો મરણને સમીપ જાણીને જ વર્તે છે. જેમ બને તેમ સ્મરણમાં રહેવું. રાત્રે સૂતી વખતે સમાધિમરણ કરવા સૂતાં હોય તેમ અઢાર પાપસ્થાનક અને બાર વ્રતમાં લાગેલા દોષો આલોચી, સર્વે જીવોને ક્ષમાવી, નમસ્કાર મંત્રના સ્મરણપૂર્વક મહાશાંતિથી સમાધિપૂર્વક શયન કરવું. એમ સમાધિમરણની રોજ ભાવના કરવી. જ્ઞાની પુરુષને આશ્રયે, તેની આજ્ઞાએ દેહ છૂટે તો તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ થાય, મોક્ષ થાય. સ્મરણ કરવાની આજ્ઞા મળી છે તે ઠેઠ સુધી આરાધવી.

આ બત્રીશ યોગનો સંગ્રહ કરનાર મોક્ષ પામે છે.

---

## શિક્ષાપાઠ ૭૩. મોક્ષસુખ

મોક્ષસુખ એટલે મોક્ષમાં હોય તેવું સુખ. બત્રીશ યોગ મોક્ષના જ છે. મોક્ષ આપે એવા છે. તે મોક્ષસુખ કેવું છે? તે કહે છે.

જગતમાં કેટલીક વસ્તુઓ સ્પષ્ટ શબ્દમાં ન કહી શકાય એવી હોય છે જેમકે પાણીનો સ્વાદ, તેમ મનેચ્છા= મનની કેટલીક ઇચ્છાઓ પણ ન કહી શકાય એવી હોય છે. નાશવંત વસ્તુઓનું જ્યારે વર્ણન ન થઈ શકે, ત્યારે મોક્ષ જેવી શાશ્વત, પણ ન જોઈ શકાય એવી વસ્તુનું વર્ણન ન થઈ શકે, તેમાં કંઈ નવાઈ નથી. ગૌતમસ્વામીએ એ વિષે ભગવાનને પ્રશ્ન પૂછ્યો. તેના ઉત્તરમાં ભગવાન કહે છે, કે તે કહેવા માટે જગતમાં કંઈ ઉપમા નથી.

તે સુખ કોઈ રીતે કહી શકાય તેવું નથી. એ ઉપર ભગવાને એક ભીલનું દૃષ્ટાંત આપ્યું.

ભદ્રિક એટલે સરલ, ભોળો. જગતનાં સુખો કોડાં કોડી જેવાં તુચ્છ, ક્ષણિક છે અને મોક્ષનાં સુખ રાજ-વૈભવ જેવાં, રત્નો જેવાં કિંમતી છે પણ એમ કહેવાથી વાસ્તવિક મોક્ષસુખનો ખ્યાલ ન આવે.

મોક્ષના સુખ માટે બીજું દૃષ્ટાંત સ્વપ્ન વિનાની નિદ્રા છે. જે નિદ્રામાં નિરુપાધિક સુખ વેદાય અને સાથે જગત જાણી-જોઈ શકાય તો તેનું વર્ણન કેમ થઈ શકે? અને એ સુખને ઉપમા પણ શી આપે? તેવી રીતે અર્હત ભગવાનને પણ ચાર ઘાતીકર્મ ક્ષય થવાથી અનંત સુખ વેદાય છે અને ચાર અઘાતિયા કર્મ છે તે તેમને જુદા દેખાય છે, છતાં તેમનાથી પણ તે મોક્ષસુખ કહી શકાતું નથી. મહાવીર ભગવાન એ સુખ અનુભવતા હતા છતાં કહી શક્યા નહીં. તે સમજાવવા આ દૃષ્ટાંત છે.

---

## શિક્ષાપાઠ ૭૪. ધર્મધ્યાન, ભાગ ૧

કોઈ એક વિષયમાં ચિત્તની એકાગ્રતા થવી તે ધ્યાન છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ ધ્યાનના ચાર પ્રકાર છે. તેમાં પહેલાંના બે અશુભ ધ્યાન અને પાછળના બે શુભ ધ્યાન છે. એ દરેકના મુખ્યપણે ચાર ચાર ભેદ છે. જે છોડવાનાં છે તે અશુભ ધ્યાન પહેલા કહે છે. ૧ આર્તધ્યાન — તે દુઃખરૂપ છે તેથી ધર્મ ન થાય. ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, વેદના

અને નિદાન એ આર્તધ્યાનના ચાર ભેદ ત્યાગવા યોગ્ય છે. ૨ રૌદ્રધ્યાન — પાપ કરીને રાજી થાય તે રૌદ્રધ્યાન. તે પાપરૂપ છે. તેના ચાર ભેદ છે– હિંસાનંદી, મૃષાનંદી, ચૌર્યાનંદી અને પરિગ્રહાનંદી. એ રૌદ્રધ્યાનના ચાર ભેદ ત્યાગવા યોગ્ય છે. આના ત્રણ પ્રકાર સમજાય છે પણ પરિગ્રહાનંદ પાપ છે તે મનાતું નથી. પરિગ્રહ મેળવીને આનંદ માને, તેથી નરકે જાય. ૩ ધર્મધ્યાન — તે વિષે આ પાઠમાં વિવેચન આવશે. ૪ શુક્લધ્યાન — તે કેવળ-જ્ઞાન પ્રગટ થતાં પહેલાં અને મોક્ષે જતાં પહેલાં હોય છે. પૃથક્ત્વવિતર્ક, એકત્વવિતર્ક, સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતી અને વ્યુપરતક્રિયા નિવર્તી એ ચાર શુક્લધ્યાનના ભેદ છે.

ભગવાનની આજ્ઞા આર્તરૌદ્રધ્યાન છોડીને ધર્મધ્યાનમાં રહેવાની છે. એથી ઉત્તમ ગતિ અને પરિણામે મોક્ષ થાય છે. ધર્મધ્યાનના ચાર ભેદ — આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય છે. આ પાઠમાં ધર્મ-ધ્યાનનો વિસ્તાર કરેલો હોવાથી તેના ૧૬ ભેદ જણાવ્યા છે.

૪ ભેદ – આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય.

૪ લક્ષણ – આજ્ઞારુચિ, નિસર્ગરુચિ, સૂત્રરુચિ અને ઉપદેશરુચિ.

૪ આલંબન – વાચના, પૃચ્છના, પરાવર્તના અને ધર્મકથા.

૪ અનુપ્રેક્ષા – એકત્વ, અનિત્ય, અશરણ અને સંસાર.

ધર્મધ્યાનના એ ૧૬ પ્રકાર સેવવા યોગ્ય છે, વાંચવા, મુખપાઠ કરવા, વિચારવા યોગ્ય છે. તેનું નિદિધ્યાસન

કરવું એટલે ભાવના કરવી, તે રૂપ ચેતનપરિણામ કરવાં તો દ્રવ્યશ્રુતનું ભાવશ્રુત થાય. એ રૂપ ધર્મધ્યાન છે.

(૧) આજ્ઞાવિચય—વિચય એટલે વિચાર કરવો, નિર્ણય કરવો. આજ્ઞાવિચય એટલે જે જે ભગવાનની આજ્ઞા હોય તે વિચારવી. સાથે એમ નિર્ણય કરવો કે ભગવાને જે જે કહ્યું છે તે સત્ય છે, એમાં શંકા કરવા જેવું કંઈ નથી. મારા સમજવામાં તે તત્ત્વ આવતું નથી પરંતુ ભગવાને લેશ માત્ર પણ માયાયુક્ત કહ્યું નથી. ન સમજાય તો પણ કહેનાર ભગવાન સાચા છે. હોય તેથી વધારે સારું બતાવે તે માયા. ભગવાને એવું માયાયુક્ત કે અસત્ય કહ્યું નથી. કીર્તિ વગેરેનો લોભ હોય, પરિગ્રહી હોય તો માયા કરે. પણ ભગવાન તો નીરાગી, ત્યાગી અને નિઃસ્પૃહી હતા. ગૃહસ્થાશ્રમ હોય, પુણ્યના ઉદયને ભોગવે છતાં નીરાગી કહેવાય. નીરાગી ગુણ સમ્યક્‌દૃષ્ટિને પ્રાપ્ત થાય. પછી પૂર્વ કર્મ માગ આપે ત્યારે ત્યાગ કરે. ત્યાગમાં રિદ્ધિ સિદ્ધિ પ્રગટે તેમાં ન લોભાય તે નિઃસ્પૃહી. ઘણા ત્યાગ કરે પણ વાસના રાખે. આ કાળમાં હીનપુણ્યવાળા જીવો ઘણા, તેથી કાળની હીનતા છે, વળી ઉત્તમ જ્ઞાનનો વિચ્છેદ એટલે ભગવાને કહ્યું એટલું રહ્યું નથી અને બુદ્ધિની મંદતા છે તેથી સમજવામાં આવતું નથી. કૃપાળુદેવ જેવા પ્રજ્ઞાવંત હોય તે ભગવાનનો આશય સમજે. બધા કહે કે મોક્ષ ન થાય પરંતુ કૃપાળુદેવે કહ્યું : કેમ ન થાય? પુરુષાર્થ કરવા કહ્યું. એવા આ કાળમાં થોડા મળે છે. નીરાગી, ત્યાગી, નિઃસ્પૃહી હોય તે વ્યવહારમાં પણ મૃષા ન બોલે.

ભગવાન તો સર્વજ્ઞ અને સર્વદર્શી પણ હતા તેથી જૂઠું કહેવાનો સંભવ જ નથી. એ પ્રકારે વિચારે તે આજ્ઞા-વિચય નામનો ધર્મધ્યાનનો પ્રથમ ભેદ છે.

(૨) અપાયવિચય—અપાય એટલે દુઃખ. રાગ, દ્વેષ, કામ, ક્રોધ ઇત્યાદિકથી જીવને જે દુઃખ થાય છે તેનો વિચાર કરવો તે અપાયવિચય. દુઃખ ક્યાંથી આવે છે? એ વિચારે તો નવા કર્મ બાંધતો અટકે.

(૩) વિપાકવિચય—વિપાક એટલે ફળ. શુભ અશુભ કર્મના ફળ. કયા કર્મથી કયા ફળ આવે? એ વિચારે તો સુખ દુઃખ સમભાવથી સહન કરે કે મેં પોતે પૂર્વે કર્મ બાંધ્યાં છે તેનું ફળ જ ભોગવું છું. માટે તેમાં સમતા રાખું તો સંવર નિર્જરા થાય. એમ વિચારે તે વિપાક-વિચય ધર્મધ્યાન છે. એમાં કર્મના ફળરૂપ સુખદુઃખ બન્નેનો વિચાર થાય. અપાય-વિચારમાં નવા કર્મ બાંધતો અટકે અને વિપાક-વિચારમાં સમભાવ રાખે.

(૪) સંસ્થાનવિચય — ત્રણ લોકના સ્વરૂપનો વિચાર. લોકનો આકાર સુપ્રતિષ્ઠક એટલે બે પગ પહોળા કરી કેડે હાથ દઈને નિરાંતે કોઈ માણસ ઊભો હોય એવા આકારે કહ્યો છે. આખા લોકમાં બે પદાર્થ છે: જીવ અને અજીવ. ઉત્પાદવ્યયધ્રુવની વિવિધતા એમાં બની રહી છે. તેમાં નિમિત્તકારણ કાળ છે. કાળાનુસાર પરિણમન ચાલુ થયા જ કરે છે. અઢી દ્વીપમાં તીર્થંકર વગેરે નિરંતર વિચરે છે. તેઓને '**वंदामि, नमंसामि, सक्कारेमि, सम्माणेमि. कल्लाणं मंगलं देवयं, चेइयं पज्जुवासामि**" એટલે તેમને વંદન કરું છું,

નમસ્કાર કરું છું, સત્કાર કરું છું, સન્માન કરું છું, કલ્યાણરૂપ છે, મંગલરૂપ છે, દિવ્યરૂપ છે, ચૈત્ય - પ્રતિમારૂપ છે, તેમની પર્યુંપાસના કરું છું. ઈષત્ પ્રાગ્ભારા નામની આઠમી પૃથ્વી છે, તેની વચ્ચે સિદ્ધશિલા ૪૫ લાખ યોજનની છે. તેની ઉપર લોકાંતે સિદ્ધ ભગવંતો મુક્ત અવસ્થામાં રહેલા છે તે સર્વને વંદું છું....યાવત્ પર્યુંપાસના કરું છું. એમ લોકસ્વરૂપ વિચારવું તે સંસ્થાનવિચય નામે ધર્મધ્યાન છે.

---

## શિક્ષાપાઠ ૭૫. ધર્મધ્યાન, ભાગ ૨

હવે ધર્મધ્યાનના ચાર લક્ષણ કહે છે. લક્ષણ એટલે ચિહ્ન.

(૧) આજ્ઞારુચિ — ધર્મધ્યાન રુચિથી ઓળખાય. રુચિ એટલે ગમવું. આજ્ઞારુચિ એટલે આજ્ઞા ઉઠાવવાના ભાવ.

(૨) નિસર્ગરુચિ — પૂર્વભવના સંસ્કારથી આજ્ઞા ઉઠાવવાનાં ભાવ સ્વાભાવિક સ્ફુરે તે નિસર્ગરુચિ. આજ્ઞારુચિમાં શાસ્ત્ર કે સદ્ગુરું નિમિત્ત છે, અને નિસર્ગરુચિમાં પૂર્વભવના સંસ્કાર નિમિત્ત છે.

(૩) સૂત્રરુચિ — ભાવથી સૂત્ર ભણવાની, મનન કરવાની અને પઠન કરવાની રુચિ તે સૂત્રરુચિ.

(૪) ઉપદેશરુચિ — ઉપદેશ ગ્રહણ કરવાની રુચિ તે ઉપદેશરુચિ.

હવે ધર્મધ્યાનના ચાર આલંબન જે સ્વાધ્યાયરૂપ છે, તે કહે છે :-

(૧) વાચના—જ્ઞાનીપુરુષ પાસે આજ્ઞા લઈ શીખવું. જ્ઞાની ગુરુ પાસે જાય. તેઓ શીખવે તે વાચના આપી કહેવાય. આજ્ઞાએ વાંચે તે વાચના છે.

(૨) પૃચ્છના—આત્માર્થે પ્રશ્ન કરે તે પૃચ્છના છે. જ્ઞાન વધારવા માટે, શંકા ટાળવા માટે પૂછે તો એ પણ સ્વાધ્યાય છે. અમસ્તું પૂછ-પૂછ કરે તો સ્વાધ્યાય ન થાય. આત્માર્થના લક્ષ સહિત હોય તો સ્વાધ્યાય થાય.

(૩) પરાવર્તના — પૂર્વનું ભણેલું સ્મરણમાં રહેવા માટે વારંવાર શુદ્ધ ઉચ્ચાર ને અર્થથી સ્વાધ્યાય કરે તે પરાવર્તના છે. એથી ધર્મધ્યાન થાય છે.

(૪) ધર્મકથા—ભગવાને જે ભાવ કહ્યા છે તે ભાવ તેવા લઈને એટલે તેનો આધાર લઈને વાત કરે. બીજી ગમે તે વાત ન કરે. ભગવાનના કથનને આધારે બોલે. ગ્રહીને એટલે માન્ય કરીને. કંખા એટલે ઇચ્છા. ધર્મકથા કરતી વખતે તેને ભગવાનની કહેલી કોઈ વાત અપ્રિય ન લાગે તે વિતિગિચ્છારહિતપણું છે. ધર્મકથા અન્ય માટે નહીં પરંતુ પોતાના સ્વાધ્યાય અર્થે કરે.

હવે ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા કહે છે :—

(૧) એકત્વઅનુપ્રેક્ષા — બધેથી ભાવને છૂટો કરે. સગાં-વહાલાં વગેરે સંગને ન ઇચ્છે. લાવ, આ બધા સાથે બોલું એમ ન થાય. હું એક છું, અસંગ છું. જે સંગ છે તે સર્વ નાશવંત છે. બધાની વચ્ચે બેઠો હોય તોપણ પોતાને એકલો માને; એવી એકત્વભાવનાની જે છાપ પડી છે તે ધર્મધ્યાનરૂપ છે. ધર્મધ્યાન પરિણામ પામવા એકત્વ ભાવના મુખ્ય છે.

(૨) અનિત્ય અનુપ્રેક્ષા — શરીર વગેરે સર્વ નાશવંત છે.

(૩) અશરણ અનુપ્રેક્ષા — અનિત્ય પદાર્થ કોઈ બચાવે એમ નથી.

(૪) સંસાર અનુપ્રેક્ષા — ચાર ગતિરૂપ સંસાર હેય છે.

આ ચાર ભાવનામાં બારે ભાવના સમાય છે. મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એ ચાર પણ ધર્મધ્યાન માટે અનુપ્રેક્ષારૂપ છે.

---

## શિક્ષાપાઠ ૭૬. ધર્મધ્યાન, ભાગ ૩

આત્મસ્વભાવને ધર્મ કહ્યો છે. શ્રાવક પણ ધર્મધ્યાન કરે ત્યારે મુનિત્વભાવમાં પ્રવેશ કરે છે. ધર્મધ્યાન વડે નિરંતર ધર્મભાવમાં રહી શકાય.

ધર્મધ્યાનના એ સોળ ભેદ અનુક્રમે લેવાની જરૂર છે. પ્રથમ આજ્ઞાવિચય – આજ્ઞા વિચારે કારણ કે એ મુખ્ય છે. એ સાધ્ય થાય પછી અપાય, વિપાક અને સંસ્થાન એમ અનુક્રમે વિચારે. એમ ધર્મધ્યાનના દરેક ચાર ભેદમાં અનુક્રમે સંબંધ છે.

નિર્ગ્રંથ-વચનામૃતો, કેળના પડની અંદર પડ હોય તેમ સૂત્રના વિસ્તાર થઈ શકે તેવા અતિશયવાળા હોય છે. કેળનું પાન ઉખેડે તેની નીચેથી બીજું નીકળે, પછી તેમાંથી ત્રીજું, તેમ એક અર્થ વિચારે તેમાંથી વળી બીજું સમજાય, એમ કરતાં કરતાં સૂક્ષ્મ અર્થ ભાસે. વીશ દોહા રોજ ભાવથી બોલે તો નવા લાગે. ભાવપૂર્વક બોલે તેથી આદર બહુમાન થાય, તેથી પછી વિચાર આવે.

શ્રવણ, મનન એ દ્રવ્યશ્રુત છે અને નિદિધ્યાસન એ ભાવશ્રુત છે. જ્ઞાનીપુરુષનો આશય મનમાં રહે અને તે રૂપ પરિણમે તે નિદિધ્યાસન અથવા ભાવશ્રુત. તે બારમા ગુણસ્થાન સુધી હોય છે તેથી શુક્લધ્યાન એ નિદિધ્યાસનરૂપ છે અથવા ભાવશ્રુતરૂપ છે.

અહીં જે ધર્મધ્યાનના ૧૬ ભેદ બતાવ્યા છે તે અપૂર્વ છે. એ ભેદો સહિત ધર્મધ્યાન કરવાથી અપૂર્વ ઉત્સાહ મળે છે. શાસ્ત્રને શ્રવણ કરવાનો અપૂર્વ ઉત્સાહ મળે છે. શાસ્ત્રને મનન કરવાનો અપૂર્વ ઉત્સાહ મળે છે. શાસ્ત્રને વિચારવાનો અપૂર્વ ઉત્સાહ મળે છે. અન્યને બોધ કરવાનો અપૂર્વ ઉત્સાહ મળે છે. શંકા કંખા ટાળવાનો અપૂર્વ ઉત્સાહ મળે છે. ધર્મકથા કરવાનો અપૂર્વ ઉત્સાહ મળે છે. એકત્વ વિચારવાનો અપૂર્વ ઉત્સાહ મળે છે અનિત્યતા વિચારવાનો અપૂર્વ ઉત્સાહ મળે છે. અશરણતા વિચારવાનો અપૂર્વ ઉત્સાહ મળે છે. વૈરાગ્ય પામવાનો અપૂર્વ ઉત્સાહ મળે છે. વીતરાગ ભગવાનની આજ્ઞાએ આખા લોકાલોકના વિચાર કરવાનો અપૂર્વ ઉત્સાહ મળે છે. આ સોળ ભેદમાં પાછા અનેક ભેદ સમજાવ્યા છે. તે વિચારતાં અનેક ભાવો સ્ફુરે છે. તે સમજતાં તપ, શાંતિ, ક્ષમા, દયા, વૈરાગ્ય અને જ્ઞાનનો બહુ ઉદય થશે.

"लाख बातकी बात यहै, निश्चय उर लावो;
तोरी सकल जगद्वंद्व-फंद निज आतम ध्यावो"

(छह ढाला)

## શિક્ષાપાઠ ૭૭. જ્ઞાન સંબંધી બે બોલ, ભાગ ૧

જ્ઞાન વિષે ઘણો વિસ્તાર કરી શકાય. અહીં સંક્ષેપમાં કહેવું છે તેથી બે બોલ' એમ કહ્યું છે.

"બે બોલોથી બાંધિયો, સર્વ શાસ્ત્રનો સાર;
પ્રભુ ભજો નીતિ સજો, પરઠો પરોપકાર."

એમ ભાવનાબોધની પ્રસ્તાવનામાં કૃપાળુદેવે લખ્યું છે. બે બોલ બીજી લીટીમાં કહ્યા તે સર્વ શાસ્ત્રોના સારરૂપ છે.

આત્માનું સ્વરૂપ જે વડે જણાય તે જ્ઞાન છે. મિથ્યાત્વ સહિત જ્ઞાન તે અજ્ઞાન છે. મિથ્યાત્વનો ક્ષય કરે ત્યારે સમ્યક્‌દર્શન થાય છે, અને તે થતાં જ્ઞાન પણ સમ્યક્ થાય છે. પછી ચારિત્રમોહનો ક્ષય કરે ત્યારે કેવળજ્ઞાન પ્રગટે છે. આત્મા કેવળજ્ઞાનસ્વરૂપ છે તે પ્રગટ કરવા માટે આ પાઠમાં ઉપદેશ છે. તે સંબંધી પ્રથમ સામાન્ય વિચાર કરવા માટે ચાર પ્રશ્નો પૂછે છે :

(૧) જ્ઞાનની શી આવશ્યકતા છે?

(૨) જો આવશ્યકતા છે તો જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો કયા છે?

(૩) જો એ સાધન છે તો જ્ઞાન થવાને અનુકૂળ દેશ, કાળ, ભાવ અત્યારે છે?

(૪) જો દેશકાળાદિ અનુકૂળ છે તો ક્યાં સુધી અનુકૂળ છે?

હવે ફરીથી વિશેષ વિચાર કરવા માટે બીજા છ પ્રશ્નો પૂછે છે :

(૧) આવશ્યકતા શી છે? જ્ઞાન પ્રાપ્ત કરીને શું કરવું છે?
(૨) જ્ઞાનના ભેદ કેટલા છે?
(૩) શું જાણવારૂપ છે? અને તેને કઈ પંક્તિથી જાણવું?
(૪) એના ઉપભેદ કેટલા છે?
(૫) વિશેષપણે જાણવાના સાધન કયાં છે?
(૬) એ જ્ઞાનનો ઉપયોગ કે પરિણામ શું છે?

પ્રથમ સામાન્ય વિચારપૂર્વક પહેલા ચાર પ્રશ્નોના ઉત્તર આપે છે. તેમાં આત્મજ્ઞાન પામવાની અપેક્ષા છે.

(૧) જ્ઞાનની શી આવશ્યકતા છે? તે વિષે પ્રથમ સામાન્ય વિચાર કરીએ. અજ્ઞાનથી જીવ સંસારમાં રખડ્યો છે જ્યાં મેષોન્મેષ એટલે આંખ મીંચીને ઉઘાડીએ તેટલી વાર પણ સુખ નથી એવા નરક નિગોદ આદિમાં જીવ બહુ દુઃખી થયો છે, વિષયાદિક મોહબંધનને સ્વસ્વરૂપ માની રહ્યો છે. એ વિપરીત માન્યતા ટળે અને સ્વસ્વરૂપ સમજાય ત્યારે અજ્ઞાન ટળી જ્ઞાન થાય. જ્ઞાન પ્રગટ થાય તો અનંત દુઃખ, અનંત ક્લેશ આદિ જાય. એ રીતે જન્મમરણરૂપ સંસારક્લેશ ટાળવા આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રથમ આવશ્યકતા છે.

---

## શિક્ષાપાઠ ૭૮. જ્ઞાન સંબંધી બે બોલ, ભાગ ૨

(૨) આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો તેનાં સાધનો કયાં છે? તે કહે છે. છ પર્યાપ્તિયુક્ત માનવદેહ મળ્યો છે એ સાધન છે. તે માનવદેહની સાથે સર્વજ્ઞ ભગવાનનાં વચનોનું શ્રવણ જોઈએ. શ્રવણ વિના સંસ્કાર નથી અને સંસ્કાર

વિના શ્રદ્ધા ન થાય, તો પછી જ્ઞાન ક્યાંથી થાય ? તેથી જ્ઞાન પામવા માટે માનવદેહ, કર્મભૂમિમાં આર્યક્ષેત્ર, મતમતાંતરરહિત મધ્યસ્થતાથી સત્યધર્મ સ્વીકારી શકાય એવું સારું કુળ, નિર્ગ્રંથ ગુરુ, સર્વજ્ઞ ભગવાનનાં વચનોનું શ્રવણ, અને તેની શ્રદ્ધા થવી એ બધાં સાધનોની જરૂર છે. તે મળી આવવા એ પુણ્યાનુબંધી પુણ્ય હોય તો બને છે.

(૩) જો એ સાધન છે તો જ્ઞાન થવાને અનુકૂળ દેશ, કાળ અત્યારે છે? ઉપર કહ્યું તેમ કર્મભૂમિમાં પણ આર્યભૂમિ જેમાં છે એવો આ ભારત દેશ અનુકૂળ છે. આ પંચમકાળમાં મતિ, શ્રુત, અવધિ થઈ શકે. પણ પરમાવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન આ ક્ષેત્રે પરંપરા-મ્નાયથી જોવામાં આવતા નથી. એ રીતે કાળ પરિપૂર્ણ અનુકૂળ નથી. તો પણ આત્મજ્ઞાન થવા માટે તો દેશ કાળ અનુકૂળ છે.

(૪) જો દેશ કાળાદિ અનુકૂળ છે તો ક્યાં સુધી અનુકૂળ છે? શેષ રહેલું સિદ્ધાંતિક મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન ભગવાનનું શાસન ચાલશે ત્યાં સુધી રહેવાનું. મહાવીર ભગવાનનું શાસન એકવીશ હજાર વર્ષ ચાલશે. તેમાંથી અઢી હજાર વર્ષ ગયાં. તેથી હજુ સાડા અઢાર હજાર વર્ષ સુધી અથવા પંચમકાળની પૂર્ણતા સુધી દેશકાળ અનુકૂળ છે.

---

## શિક્ષાપાઠ ૭૯. જ્ઞાન સંબંધી બે બોલ, ભાગ ૩

હવે વિશેષ વિચારપૂર્વક બીજા છ પ્રશ્નોના ઉત્તર આપે છે. તેમાં પરિપૂર્ણ કેવળજ્ઞાન પામવાની અપેક્ષા છે.

(૧) આવશ્યકતા શી છે? તેનો વિશેષ વિચાર હવે કરે છે કે જ્ઞાન પ્રાપ્ત કરીને શું કરવું છે? તો કે આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને આત્મા દિવસે દિવસે સ્થિર થતો જાય, સ્વસ્વરૂપ સ્થિરતાની શ્રેણિએ ચઢતો જાય; જેથી અનંત દુઃખનો નાશ થઈ આત્માનું શ્રેયિક સુખ એટલે મોક્ષ સંબંધી સુખ કે જે સ્વસ્વરૂપિક સુખ છે તે તેને પ્રાપ્ત થાય.

દેશ, કાળ, ભાવને લઈને શ્રદ્ધા, જ્ઞાન વગેરે ઉત્પન્ન કરે તો સમ્યક્‌ભાવ સહિત સમાધિમરણ કરીને જીવ ઉચ્ચ દેવગતિ પામે. ત્યાંથી મહાવિદેહ જેવા ક્ષેત્રે જન્મે, ત્યાં ફરીથી સમ્યક્‌ભાવની ઉન્નતિ થાય અને ત્યાં તત્ત્વજ્ઞાનની વિશુદ્ધતા કરતાં સંશય, વિમોહ, વિભ્રમ વગેરે દોષો ટાળી શ્રુતજ્ઞાનની વૃદ્ધિ કરે, શ્રુતકેવળી વગેરે થાય. તેથી છેવટે પરિપૂર્ણ આત્મસાધન જ્ઞાન એટલે કેવળજ્ઞાન પ્રગટે અને તે ભવે સર્વ કર્મ ક્ષય કરી મોક્ષે જવાય. એ બધું થાય શાથી? જ્ઞાનથી. માટે જ્ઞાન પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે.

(૨) જ્ઞાનના ભેદ કેટલા છે? ઓછાવત્તા જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાનના અનંત ભેદ છે. પણ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ, એ જ્ઞાનના મુખ્ય પાંચ ભેદ છે તે મોક્ષનાં કારણરૂપ છે. આત્મજ્ઞાન નથી ત્યાં સુધી મતિ-અજ્ઞાન, શ્રુત-અજ્ઞાન અને વિભંગ એટલે કુઅવધિ એ ત્રણ અજ્ઞાનરૂપે હોય છે. આત્મજ્ઞાન થતાં જે અજ્ઞાનરૂપ છે તે જ્ઞાનરૂપ થાય છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટે મુખ્યપણે જરૂરનાં મતિ અને શ્રુત છે. તેમાં પણ ભગવાનનાં વચનરૂપ આગમ ભણે તે દ્રવ્યશ્રુત અને

સ્વસ્વરૂપનો અનુભવ કરે તે ભાવશ્રુત. એ રીતે શ્રુતકેવળી થઈને કેવળજ્ઞાન પ્રગટ કરે. મતિજ્ઞાનના ૨૮, શ્રુતજ્ઞાનના ૧૪, અવધિજ્ઞાનના ૬, મનઃપર્યવજ્ઞાનના ૨ અને કેવળ-જ્ઞાનનો ૧ ભેદ એમ જ્ઞાનના પ્રતિભેદ એટલે ઉપભેદ ૫૧ છે. તેના વળી અતીન્દ્રિય સ્વરૂપે એટલે કેવળજ્ઞાનમાં જણાય તેવા અનંત ભેદ છે. કેવળજ્ઞાન સંપૂર્ણ હોવાથી તેમાં બધા ભેદ ઉપભેદ સમાઈ જાય છે.

(૩) શું જાણવારૂપ છે ? અને તેને કઈ પંક્તિથી જાણવું ? વસ્તુનું સ્વરૂપ જાણવારૂપ છે. વસ્તુ એટલે આત્મા, અથવા વસ્તુ એટલે જગતની અનંત વસ્તુઓ. પ્રથમ આત્માને જાણે. આત્મા સ્વપરપ્રકાશક હોવાથી જગતની વસ્તુઓને પણ જાણે. વસ્તુઓ ભગવાને કેવળજ્ઞાનથી જાણીને શ્રેણિબદ્ધ કહી છે. તે શ્રુતજ્ઞાન દ્વારા જાણી શકાય છે. તેની મુખ્ય બે શ્રેણી છે : જીવ અને અજીવ. એ જાણવારૂપ છે. તેની નવ તત્ત્વ અને છ દ્રવ્યરૂપે વિશેષ શ્રેણિઓ છે. એ શ્રેણિએ અથવા એ પંક્તિએ વિચારતાં વિચારતાં કેવળજ્ઞાન પ્રગટે છે. કેવળજ્ઞાન પ્રગટે ત્યારે સંપૂર્ણ જગત હસ્તામલકવત્ એટલે હાથમાં રહેલા આમળાની સમાન સુગમતાથી સ્પષ્ટ રીતે જાણી દેખી શકાય છે.

---

## શિક્ષાપાઠ ૮૦. જ્ઞાન સંબંધી બે બોલ, ભાગ ૪

(૪) જાણવા યોગ્ય વસ્તુના ઉપભેદ કેટલા છે ? તે કહે છે. બધા જીવ ચૈતન્ય લક્ષણે એકરૂપ કહેવાય, પણ દેહસ્વરૂપે અને દ્રવ્યસ્વરૂપે અનંતાનંત છે. તે દરેકની

ગતિ એટલે સંસારમાં થતા જન્મમરણ અને વિગતિ એટલે મોક્ષ, તે સંબંધી જાણવા યોગ્ય છે. દેહસ્વરૂપે તેના ઇન્દ્રિયાદિક જાણવારૂપ છે. દેહધારી જીવને ઓછામાં ઓછી એક ઇન્દ્રિય તો હોય જ, તેથી વધતાં વધતાં પાંચ ઇન્દ્રિય અને મન વગેરે મળે તે તેની સંસર્ગ રિદ્ધિ એટલે સર્જનની રિદ્ધિ જાણવા યોગ્ય છે. સંસર્ગ એટલે દેહ, ઇન્દ્રિય વગેરે સામગ્રી, અને રિદ્ધિ એટલે મન વચન કાયાના બળ, શક્તિ, સમૃદ્ધિ. જેવા ભાવ કરે તેવાં કર્મ બંધાય અને પછીથી તેને અનુસરીને સર્જન થાય છે. તેમજ 'અજીવ'માં રૂપી પુદ્ગલ વડે બધી રચના કેવી રીતે થાય છે તે કર્મગ્રંથ વગેરેથી જાણવા યોગ્ય છે. અને 'અજીવ'માં અરૂપી દ્રવ્યોમાં અનંત આકાશ આદિ જાણવારૂપ છે. કાળચક્ર--અવસર્પિણી ઉત્સર્પિણી મળીને એક કાળચક્ર થાય, તે કાળ ફરે તેમ બધું ફરે છે. તેના નિયમો જાણવા યોગ્ય છે. જીવ અજીવના સંયોગજનિત બાકીના તત્ત્વો-પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષને હેયઉપાદેયરૂપે વિચારવાનાં છે. દરેક તત્ત્વને જુદી શ્રેણિરૂપે વિસ્તારથી વિચારી શકાય છે.

(૫) વિશેષપણે જાણવાનાં સાધન કયા છે? વિશેષપણે જાણવાના સાધનમાં ભગવાનની આજ્ઞા મુખ્ય છે. અને તેનું શુદ્ધસ્વરૂપ નિર્ગ્રંથ ગુરુથી જાણી આરાધન કરવું. એટલા માટે ઉપદેશ આપી શ્રદ્ધાનું બીજ રોપનાર અને તેને પોષનાર સદ્ગુરુ એ મુખ્ય સાધન છે. શમ, દમ, બ્રહ્મચર્ય વગેરેથી એ શ્રદ્ધાને માર્ગે વળાય છે; તેથી એ બધાં સાધનો પણ જ્ઞાન પામવા માટે જરૂરનાં છે.

( ૬ ) એ જ્ઞાનનો ઉપયોગ કે પરિણામ શું છે ? અગાઉ કહ્યું છે તેમ આત્મજ્ઞાન કરવું કે જેથી પરિણામે કેવળજ્ઞાન થઈ મોક્ષ પમાય. પણ આ કાળ ઊતરતો છે તેથી મળેલાં સાધનો પણ નિષ્ફળ થઈ જાય છે. તેમ ન થવા દરરોજ ઓછામાં ઓછો બે ઘડીનો કાળ તો નિયમિત રાખીને જિનેશ્વર ભગવાનનાં કહેલાં તત્ત્વબોધની પર્યટના કરો એટલે બોધને વારંવાર વિચારો. વીતરાગના એક સિદ્ધાંતિક શબ્દનો વિચાર કરતાં જ્ઞાનાવરણીય કર્મનો ઘણો ક્ષયોપશમ થશે. એ વાત વિવેકથી જોતાં સત્ય છે.

---

## શિક્ષાપાઠ ૮૧. પંચમકાળ

કાળચક્રના વિચારો અવશ્ય કરીને જાણવા યોગ્ય છે. જિનેશ્વરે એ કાળચક્રના બે મુખ્ય ભેદ કહ્યા છે : ૧. ઉત્સર્પિણી ૨. અવસર્પિણી. એકેકા ભેદના છ છ આરા છે. અવસર્પિણી કાળના છ આરા આ પ્રમાણે છે.

( ૧ ) સુષમા સુષમા—૪ કોડાકોડી સાગરોપમનો.
( ૨ ) સુષમા—૩ કોડાકોડી સાગરોપમનો.
( ૩ ) સુષમા દુષમા—૨ કોડાકોડી સાગરોપમનો.
( ૪ ) દુષમા સુષમા—૧ કોડાકોડી સાગરોપમમાં બેંતાળીસ હજાર વર્ષ ઓછાનો.
( ૫ ) દુષમા—એકવીશ હજાર વર્ષનો.
( ૬ ) દુષમા દુષમા—એકવીશ હજાર વર્ષનો.

પછી ઉત્સર્પિણી કાળ આવશે. તેમાં પહેલો આરો એકવીશ હજાર વર્ષનો દુષમા દુષમા, પછી દુષમા એમ

અનુક્રમે ચઢતો કાળ થશે. અવસર્પિણી ઉત્સર્પિણી મળીને વીસ કોડાકોડી સાગરોપમનું એક કાળચક્ર થાય. પછી બીજું કાળચક્ર, એમ કાળની ગતિ અનંત છે. વર્તમાનકાળ પંચમકાળ કહેવાય છે, તે અવસર્પિણી કાળનો પાંચમો આરો છે. વર્તમાન અવસર્પિણીને હુંડાવસર્પિણી કહે છે. હુંડ એટલે કદરૂપું, ન ગમે તેવું, બિહામણું. આવા કાળમાં સત્પુરુષ ન મળે. કદાચ હોય તો તેમની વાત પણ ઘણાને ન ગમે.

આ પંચમકાળ બધી રીતે ખરાબ છે. આ પાંચમા આરાનું વર્ણન સાંભળીને ઋષભદેવ ભગવાનના ઘણા શિષ્યો વૈરાગ્ય પામી મોક્ષે ગયા. તે આરામાં આપણે છીએ તેથી બહુ ચેતતા રહેવાની જરૂર છે. બીજું ન સુધારી શકાય પણ પોતાના ભાવ ન બગડે એ સાચવવાનું છે.

ધર્મની શરૂઆત શ્રદ્ધાથી છે. તરવાનું કારણ શ્રદ્ધા છે; તેનો જ આ કાળમાં અભાવ છે. નિર્ગ્રંથ પ્રવચન પરથી મનુષ્યોની શ્રદ્ધા ક્ષીણ થતી જશે—એ માનવા યોગ્ય છે એમ નહીં લાગે. મતમતાંતર વધે એટલે પરસ્પર નિંદા થવાથી બધા મત ખોટા પડે અને લોકો સાચા ધર્મને માને નહીં. સાચું બોલે તો હાનિ થાય એમ માને, તેથી જૂઠું બોલે. પાખંડી એટલે ઉપરથી સાધુનો ડોળ કરનાર પાપી અને પ્રપંચી એટલે ક્રિયાકાંડ કરનારા, વિષય કષાયને પોષે એવી ક્રિયાઓ બતાવનારા; લોકરંજન કરે, શૃંગારને પણ ધર્મ બતાવે. પાખંડી ઉપરથી ડોળ કરે અને પ્રપચી તો પાપમાં ખુલ્લી રીતે પ્રવર્તે, તે ઉપરથી પણ સારું દેખાડે નહીં. વ્યાકુળ વિષયોના સાધનો એટલે ચિત્તમાં જેથી વ્યાકુળતા અથવા મોહ થાય તે

નિર્માલ્ય = દમ વગરના, શૂરવીરપણા વગરના. રાજબીજને નામે શૂન્યતા આવતી જશે = ખરેખરો રાજાનો છોકરો કોઈ રાજગાદી ઉપર બેસનાર નહીં મળે. મૃગયા = શિકાર.

પંચમકાળનું આવું પ્રત્યક્ષ વિકરાળ સ્વરૂપ જાણીને વિવેકી પુરુષો તત્ત્વને જાણી શ્રદ્ધીને આરાધશે. તેઓ ઉચ્ચગતિ પામી પરિણામે મોક્ષ મેળવશે. નિર્ગ્રંથપ્રવચન, નિર્ગ્રંથગુરુ વગેરે ધર્મતત્ત્વ પામવાના સાધનો છે. તેની આરાધનાથી કર્મબંધન ટાળી શકાય છે.

---

## શિક્ષાપાઠ ૮૨. તત્ત્વાવબોધ, ભાગ ૧

દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયનની બારમી ગાથામાં કહ્યું છે કે "જે જીવ એટલે ચૈતન્યનું સ્વરૂપ જાણતો નથી, અજીવ એટલે જડનું સ્વરૂપ જાણતો નથી, કે તે બન્નેના તત્ત્વને જાણતો નથી તે સાધુ સંયમની વાત ક્યાંથી જાણે ?" (૬૦) ૫ મહાવ્રત, ૫ સમિતિ, ૩ ગુપ્તિ અને ૪ કષાયત્યાગ એ ૧૭ ભેદ સંયમના છે. એમ અનેક ભેદ સંયમના છે. પણ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ—એ નવતત્ત્વ જાણ્યા વિના સંયમમાં સ્થિરતા થાય નહીં.

અબુધ એટલે અજ્ઞાની.

અન્ય ધર્મમતોમાં જીવ અજીવ વિષે કથન છે પણ તે યથાર્થ નથી. વેદાંત એક બ્રહ્મ માને; સાંખ્ય પ્રકૃતિ અને પુરુષ એમ બે માને, પણ પર્યાય વગેરે ન સમજે; કોઈ પંચમહાભૂતમાંથી આત્મા થાય એમ માને, "દેહ

યોગથી ઊપજે, દેહ વિયોગે નાશ" એમ આત્માને અનિત્ય માને વગેરે માન્યતાઓ મિથ્યા છે. સર્વજ્ઞ ભગવાને જીવ-અજીવનું સત્ય સ્વરૂપ કહ્યું છે, તે નવતત્ત્વરૂપે જૈન આગમમાંથી જાણી શકાય છે. તત્ત્વાર્થસૂત્ર, સમયસાર, દ્રવ્યસંગ્રહ, પંચાસ્તિકાય, નવતત્ત્વવિચાર વગેરે ઘણા ખરા ગ્રંથો આ નવતત્ત્વ સમજાવવા પ્રકારાંતરે એટલે જુદા જુદા પ્રકારે મહાપ્રજ્ઞાવંત આચાર્યોએ રચેલાં છે. જેઓ વિવેકબુદ્ધિથી એટલે જડનાં લક્ષણ જુદાં અને ચેતનનાં લક્ષણ જુદાં એમ ભેદ પાડીને એ નવતત્ત્વને જ્ઞેય કરે છે—જાણે છે તે સત્પુરુષ આત્મસ્વરૂપને ઓળખી શકે છે.

સ્યાદ્વાદશૈલી વસ્તુને જેમ છે તેમ કહે છે. જેમકે અસ્તિ અમુક અપેક્ષાએ, નાસ્તિ અમુક અપેક્ષાએ એમ અનંત ભાવ ભેદથી ભરેલી શૈલી તે સ્યાદ્વાદશૈલી છે. તે પદાર્થને સંપૂર્ણપણે કહેવાની પદ્ધતિ છે. પદાર્થનું સ્વરૂપ ભગવાને સંપૂર્ણપણે જાણ્યું છે, તે તેમના કહેલા આગમથી અનંત ભાવભેદે જણાય છે. ભગવાનનાં વચન અનુસાર રચાયેલાં આગમમાં ઉપયોગ જોડીને તેને આધારે વિચાર-પૂર્વક નવતત્ત્વનું સ્વરૂપ જાણવું જરૂરનું છે. એ નવતત્ત્વ પર પ્રિયભાવ અને શ્રદ્ધાભાવ રાખવાથી વિવેક થાય. વિવેક બુદ્ધિ વડે આત્મા ઓળખાય. એથી ધર્મની પ્રભાવના કરી શકાય. શુદ્ધ સમ્યક્ત્વ સહિત નવતત્ત્વનું જ્ઞાન થતાં લોકાલોકનું જ્ઞાન થાય કારણ કે 'જીવ-અજીવ'માં આખો લોક આવી જાય છે. એમ દરેક યથામતિ એ વિષે સાંભળે, સંભળાવે; પણ એ નવતત્ત્વ પ્રત્યે જેટલો ભાવ હોય, પ્રેમ હોય તેટલી આત્માની ઉજ્જવળતા થાય છે. તે વડે કરીને તે

આત્માનો આનંદ અનુભવે છે. આગમને આધારે વિચારે તો–

"वस्तु विचारत ध्यावतें, मन पावे विश्राम,
रस स्वादत सुख ऊपजे, अनुभव याको नाम."

(નાટક સમયસાર)

"રસ દેવ નિરંજન કો પિવહી, ગહિ જોગ જુગોજુગ સો જિવહી."

(શ્રીમદ્ રાજચંદ્ર)

આત્માનો નિર્મળ રસ અનુભવતાં આત્મા પરમાનંદ-રૂપ જ છે, એ રૂપ અનુભવ થાય છે. જેનું તત્ત્વજ્ઞાન–આત્મા સંબંધી જ્ઞાન અથવા જીવાજીવ સંબંધી જ્ઞાન ઉત્તમ છે–વિશાળ છે, તેના સૂક્ષ્મ ભેદોને પણ જાણે તેવું છે, તેમજ ઉત્તમ શીલ સહિત જે તત્ત્વજ્ઞાનને સેવે છે, વિચારે છે તે પુરુષ મહાભાગ્યશાળી છે.

એ નવતત્ત્વનાં નામ અગાઉ ૮૦ મા શિક્ષાપાઠમાં આવી ગયા છે. એ નવતત્ત્વનું વિશેષ સ્વરૂપ ભગવાનના કથન અનુસાર મહાન આચાર્યોએ રચેલા તત્ત્વાર્થસૂત્ર વગેરે ગ્રંથોથી અવશ્ય મેળવવું. એ ગુરુગમ્યરૂપ પણ છે એટલે સદ્ગુરુ હોય તો બરાબર સમજાય. નય, નિક્ષેપ તથા પ્રમાણના ભેદો પણ નવતત્ત્વના જ્ઞાન માટે જાણવા જરૂરના છે. મૂળ ગ્રંથો અને તે પર લખાયેલા ટીકાગ્રંથોમાં તેની યથાર્થ સમજણ પ્રજ્ઞાવંત આચાર્યોએ આપી છે.

---

## શિક્ષાપાઠ ૮૩. તત્ત્વાવબોધ, ભાગ ૨

કેવળજ્ઞાન થયા પછી તેનાથી કશુંય અજાણ્યું રહેતું નથી. ભગવાને કેવળજ્ઞાનથી લોકાલોકના સંપૂર્ણ પદાર્થ જાણ્યા

અને જોયા પછી તેનો ઉપદેશ ભવ્ય જીવોને કર્યો. એક એક દ્રવ્યમાં અનંત ગુણો તથા અનંત પર્યાયો છે; એવાં અનંત દ્રવ્યના અનંત ભેદ ભગવાને જાણ્યા હતા. પરંતુ સામાન્ય મતિશ્રુતજ્ઞાનથી ગ્રહણ કરી શકાય એવા ઉપદેશથી, વિચાર શ્રેણિએ ચઢવા, મુખ્ય દેખાતા એટલે મુખ્ય સમજવામાં આવતા નવ પદાર્થ અથવા નવતત્ત્વ તેઓએ દર્શાવ્યા. બધા જ્ઞાનને સમજવાની એક શ્રેણિરૂપ એ નવતત્ત્વ છે. જેમકે 'જીવ' કહેતા અનંતાનંત જીવોના ગુણપર્યાય સમજવામાં આવે. એવી એક વિચારશ્રેણિ થાય. એ રીતે લોકાલોકના સર્વભાવ નવતત્ત્વમાં સમાવી દીધા છે. ભગવાનનો સંપૂર્ણ ઉપદેશ એ નવતત્ત્વમાં સમાય છે. અન્ય દર્શનોના સઘળા તત્ત્વવિચાર એ નવતત્ત્વના એક દેશમાં એટલે તેના થોડા ભાગમાં જ આવી જાય છે. એ નવતત્ત્વને આધારે વિચારતાં આત્માની અનંત શક્તિઓ પ્રકાશિત થાય છે.

એ નવતત્ત્વનું સંપૂર્ણ જ્ઞાન થવા દ્વાદશાંગીનું પ્રયોજન છે. તે અંગો ભિન્ન ભિન્ન પ્રકારે નવતત્ત્વનો બોધ કરે છે. સૂક્ષ્મ દ્વાદશાંગી એટલે દ્વાદશાંગીનું રહસ્ય, એ નવતત્ત્વ સ્વરૂપ જ્ઞાનમાં પારંગત થવામાં મદદરૂપ છે. બધા અંગો – શાસ્ત્રો એ નવતત્ત્વના વિસ્તારરૂપ છે. નવતત્ત્વને સંપૂર્ણ જાણે તે સર્વજ્ઞ થાય.

ત્રિપદી બે પ્રકારે છે (૧) હેય – જ્ઞેય – ઉપાદેય અને (૨) ઉત્પાદ – વ્યય – ધ્રુવ. પોતાને ઉપકારી થાય એ અપેક્ષાએ, એ નવતત્ત્વમાંથી ક્યાં તત્ત્વ હેય એટલે તજવા યોગ્ય છે, ઉપાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય છે, તે

વિચારવું. અને જ્ઞેય તો બધાં તત્ત્વ છે જ. જે હેય છે તે પણ જાણવું જોઈએ કેમકે ત્યાગવા યોગ્ય વસ્તુ ન જાણી હોય તો કોઈ વખત તેનું ગ્રહણ પણ થઈ જાય.

ઉત્પાદ–વ્યય–ધ્રુવ એ ત્રિપદી પદાર્થનું સ્વરૂપ સમજવા માટે છે.

---

## શિક્ષાપાઠ ૮૪. તત્ત્વાવબોધ, ભાગ ૩

કાળભેદે એટલે આ પંચમકાળમાં જેટલાં શાસ્ત્રો રહ્યાં છે તેને આધારે શ્રવણ, મનન, નિદિધ્યાસન કરે. કૃપાળુદેવના વખતમાં બહુ થોડાં પુસ્તકો છપાઈને બહાર પડેલાં. દ્રવ્યસંગ્રહ વગેરે ગ્રંથો તે વખતે હસ્તલિખિત હતાં તેથી મળવાં મુશ્કેલ હતા. પછી કૃપાળુદેવે પરમશ્રુત પ્રભાવક મંડળની સ્થાપના કરી. તે દ્વારા ઘણાં શાસ્ત્રો પ્રકાશિત થયાં. જેઓ આ કાળમાં ગુરુગમ્યતાથી એટલે ગુરુ પાસેથી સમજીને, શ્રુતને આધારે એ નવતત્ત્વનું શ્રવણ, મનન, નિદિધ્યાસન કરે છે તેઓને ધન્ય છે. વિનય-ભાવભૂષિત એટલે કોઈ હું કહું છું એમ ગર્વથી કહે તેમ નહીં, પરંતુ ભગવાને કહ્યું છે તેમ વિનયથી કહું છું એમ વિનયભાવસહિત સુંદર રીતે કૃપાળુદેવ કહે છે કે પ્રત્યેક સમજુ માણસે એ નવતત્ત્વને પોતાની બુદ્ધિ શક્તિ અનુસાર જાણીને વિચારવા યોગ્ય છે.

મહાવીર ભગવાને જે ધર્મ ઉપદેશ્યો છે, તેમાં મત-મતાંતર બહુ પડી ગયા છે. અજ્ઞાનને લઈને ખેંચતાણ થાય છે. બધુ કરીને મારે તત્ત્વજ્ઞાન કરવું છે એવું ઉપાસક વર્ગ

જે મુનિ તેમજ શ્રાવકો છે તેમના લક્ષમાં રહ્યું નહીં. જુદા જુદા મુનિઓને માનનારા થયા, જુદી જુદી ક્રિયાઓ કરનારા થયા તેથી બહુ ગચ્છમતભેદ પડી ગયા. તત્ત્વ પર દૃષ્ટિ હોય તો બધા એક રહે. તત્ત્વ ન જાણે તેથી મતભેદ પડી ગયા છે. તત્ત્વવિચારક પુરુષો થાય તો તેઓ એ વિષે ઉપદેશ કરી મતભેદ ટાળી શકે, કારણ કે તેઓમાં પરસ્પર મતભેદ હોય નહીં. "સો શાણે એક મત અને એક અજ્ઞાનીના સો મત."

કૃપાળુદેવની પ્રત્યેક મુનિઓને વિનંતિ છે કે તેમણે નવતત્ત્વનું જ્ઞાન ગુરુ પાસેથી વિવેકપૂર્વક સમજવું, તે પર વિવેચન કરી અંતરમાં ભેદ પાડવો, તેને હેય - જ્ઞેય - ઉપાદેયરૂપે વિચારવું. એમ નવતત્ત્વનો વિસ્તારપૂર્વક વિચાર કરવાથી જીવાજીવ વિષે યથાર્થ સમજશે ત્યારે સંયમમાં દૃઢતા થશે, ભગવાનના કહેલા વચનોમાં કેટલો રસ રહ્યો છે તે જાણી શકાશે, જ્ઞાન અને ક્રિયા વિશુદ્ધ રહેવાથી સમ્યક્ત્વનો ઉદય થશે; તેથી પરિણામે મોક્ષ થઈ જશે.

---

## શિક્ષાપાઠ ૮૫. તત્ત્વાવબોધ, ભાગ ૪

શ્રમણ વિષે શ્લોક :—

"**यः समः सर्वभूतेषु त्रसेषु थावरेषु च ।**

**तपश्चरति शुद्धात्मा श्रमणोऽसौ प्रकीर्तितः ।**"

શ્રમણ એટલે મુનિ. શ્રમણોપાસક એટલે મહાવીરના ઉપાસક જૈન મુનિ તેમજ શ્રાવક. જે જૈન હોઈને આ નવતત્ત્વનાં નામ ન જાણતા હોય તેમણે તે અવશ્ય જાણવા. ગુરુગમ્યતાથી જાણ્યા પછી સદ્ભાવપૂર્વક મનન કરવા.

સદ્ભાવપૂર્વક એટલે સારા ભાવથી, નિઃસ્વાર્થભાવે, માનાદિ કષાય મૂકીને વિનયભાવે, આત્માને જાણવાપૂર્વક શીખે તો આત્મા ઉજ્જ્વળતા પામશે, કષાય મંદ થશે અને ચારિત્ર–યમનિયમ પળાશે. આત્મજ્ઞાન થયું હશે તો તે નવતત્ત્વવિચારથી નિર્મળ થશે.

નવતત્ત્વ વિષે કોઈ એક પુસ્તક વાંચી લેવું એમ કહેવું નથી. પરંતુ પ્રથમ તે વિષે સામાન્ય જ્ઞાન મેળવી પછી દરેક શાસ્ત્રનું શ્રવણ કરતાં કે મનન કરતાં તેમાં કયા તત્ત્વની વાત ચાલે છે તે સમજી વિચાર કરવો. આત્મા છે, બંધાયો છે, કેમ છૂટે ? વગેરે જે જ્ઞાની પુરુષને કહેવું છે તે આ નવતત્ત્વો વિષે છે. જ્ઞાનીઓએ શાસ્ત્રમાં શ્રેણિબદ્ધ જ્ઞાન ગૂંથ્યું છે. જેમ જેમ આ નવતત્ત્વનું નયનિક્ષેપ સહિત જ્ઞાન મળશે તેમ તેમ અપૂર્વ આનંદ અને નિર્મળતાની–કર્મનિર્જરાની પ્રાપ્તિ થશે. તેમ થવામાં આ ત્રણ વસ્તુ જોઈએ : વિવેક, ગુરુગમ્યતા અને અપ્રમાદ. વિવેક – હિત શું ? અહિત શું ? વગેરે. ગુરુગમ્યતા એટલે આજ્ઞાએ વર્તવું, સ્વચ્છંદે ન વર્તવું. અપ્રમાદ એટલે વિષય, કષાય, વિકથા, સ્નેહ, નિદ્રા એ સર્વ પ્રકારના પ્રમાદથી રહિત થઈને આ નવતત્ત્વનો અનુભવ કરવો.

એના રસાનુભવીઓ = એ નવતત્ત્વના અનુભવ કરનારા. શ્રુતથી તત્ત્વને જાણે તેથી ધર્મધ્યાન થાય. શ્રુતની લીનતાને શ્રુતસમાધિ કહેવાય. સમ્યક્દર્શનથી નિર્ણય થતાં સહજ-સમાધિ થાય. સમ્યક્જ્ઞાનથી વિશેષ ઠરે. સમ્યક્ચારિત્રથી કષાય ઘટે, તેથી તે રસને અનુભવે તેવો થાય; તેથી શાંતિ થાય.

આ કાળમાં મતિ શ્રુત બે જ્ઞાન વિદ્યમાન છે. બાકીના ત્રણ જ્ઞાન પરંપરાથી એટલે એક પછી એક ગુરુ પરંપરા ચાલે એ રીતે ન હોય, છતાં કોઈ વિશેષ જ્ઞાનીને અવધિ વગેરે હોય એમાં વાંધો નથી. ભગવાનનાં વચન સાપેક્ષ છે. વિચારોની ગુફા એટલે ઊંડા વિચારો. નવતત્ત્વમાં દ્વાદશાંગી વગેરે બધું આવી જાય તેથી અતિ અતિ ગંભીર તત્ત્વથી ભરેલાં સ્યાદ્‌વાદ વચનામૃતના ગંભીર આશયો, પુનઃ પુનઃ મનન કરતાં ગમે તેવા ચાર્વાકને પણ સદ્ધર્મમાં સ્થિર કરી દે તેવા છે. ચાર્વાક મતવાળા પંચભૂતને માને, આત્માને માને નહીં. એવા નાસ્તિકને પણ આ નવતત્ત્વ-વિચાર આસ્તિક બનાવી દે તેવા છે. તત્ત્વ સમજાય તો બીજું અસાર લાગે અને આત્માનું માહાત્મ્ય લાગે.

નાની વયમાં જાતિસ્મરણ જ્ઞાન થયા પછી જ્ઞાન વધતાં વધતાં કૃપાળુદેવે તેરમા વર્ષે બધાં જૈન શાસ્ત્રો જોઈ લીધાં. પછી સર્વ ધર્મનો નિચોડ કાઢી સોળમા વર્ષે ત્રણ દિવસમાં આ મોક્ષમાળા રચી. તેમાં આવું અપૂર્વ લખી શક્યા એ આશ્ચર્યકારી છે. આત્મા ચમત્કારી વસ્તુ છે, પણ એ ગુપ્ત ચમત્કાર સૃષ્ટિના લક્ષમાં નથી.

એ નવતત્ત્વના જ્ઞાનથી શો લાભ છે ? ઉત્તર :– સર્વ પ્રકારની સિદ્ધિ, પવિત્રતા, મહાશીલ, નિર્મળ ઊંડા અને ગંભીર વિચાર, સ્વચ્છ વૈરાગ્યની ભેટ એ બધું તત્ત્વજ્ઞાનથી મળે છે.

## શિક્ષાપાઠ ૮૬. તત્ત્વાવબોધ, ભાગ ૫

પ્રથમ ચાર ભાગમાં નવતત્ત્વનું મહત્ત્વ સમજાવીને કૃપાળુદેવ હવે એક સમર્થ વિદ્વાન સાથે થયેલી વાતચીતને સાત ભાગથી રજૂ કરે છે. હરમન જેકોબી સાથે વાત થઈ હતી એમ કહેવાય છે. હરમન જેકોબી જર્મન ફિલસૂફ હતા. બધા ધર્મો તપાસતાં જૈન ધર્મ સત્ય છે એમ લાગવાથી હિંદમાં રહી એમણે જૈન ગ્રંથોનો ઘણો અભ્યાસ કર્યો હતો. તેમ જ યુરોપમાં જૈન ધર્મનો પ્રચાર કરનાર પણ તેઓ હતા. કૃપાળુદેવે 'એક સમર્થ વિદ્વાન સાથે' એમ નામ આપ્યા વિના બનેલી હકીકત લખી છે. તે વિદ્વાનને, જૈન શાસ્ત્રો જાણ્યા છતાં અને મુનિ વગેરેનો સમાગમ કરવા છતાં, મહાવીરના ઉપદેશમાં આખી સૃષ્ટિનું જ્ઞાન કેવી રીતે છે, તે સમજાયેલું નહીં. એ વિષે શંકા હતી તે પૂછી. કૃપાળુદેવે નવતત્ત્વમાં જ આખી સૃષ્ટિનું જ્ઞાન છે એવું તેમને બતાવી આપ્યું. ત્યારે તે વાત કેટલેક અંશે સત્ય છે એમ તેઓએ માન્ય રાખ્યું.

---

## શિક્ષાપાઠ ૮૭. તત્ત્વાવબોધ, ભાગ ૬

કૃપાળુદેવે વિદ્વાનને કહ્યું કે કેટલેક અંશે આખી સૃષ્ટિનું તત્ત્વજ્ઞાન નવતત્ત્વમાં આવી શકે ખરું એમ આપ કહો છો, તે એમ સૂચવે છે કે આપને એ વિષે હજુ શંકા રહી છે. સર્વ મતોમાં જે જ્ઞાન બતાવ્યું છે તે આ નવતત્ત્વના એક ભાગમાં આવી જાય છે. મહાવીરના તત્ત્વજ્ઞાનમાં કંઈ અપૂર્ણતા નથી, પણ એ માટે વિશેષ અવકાશ હોય તો મધ્યસ્થતાથી ચર્ચા કરીએ, તો નિઃશંકતા થાય.

વિદ્વાને કહ્યું : આપની વાત ઉપરથી મને એમ તો નિ:શંકતા છે કે જૈન અદ્ભુત દર્શન છે અને મહાવીર સાચા જ્ઞાની હતા. હવે એક વાત બીજી પૂછવી છે. ‘ઉત્પાદ–વ્યય–ધ્રુવ’ એ લબ્ધિવાક્ય ભગવાને ગણધરોને કહ્યું તે પરથી દ્વાદશાંગીનું સંપૂર્ણ જ્ઞાન ગણધરોને પ્રગટ થયું એમ જે શાસ્ત્રમાં વાત છે તે કેવી રીતે સંભવે ? અને આશયભરિત એટલે માર્મિક અર્થ સહિત દ્વાદશાંગીનું જ્ઞાન આ લબ્ધિવાક્ય ગુરુમુખથી સાંભળતા આગળના ભાવિક શિષ્યોને પણ થતું હતું તે કેવી રીતે ? એ વિષે તમે કંઈ લક્ષ પહોંચાડી શકશો ? એમ વિદ્વાને કૃપાળુદેવને શંકા કહી પ્રશ્ન પૂછ્યો.

---

## શિક્ષાપાઠ ૮૮. તત્ત્વાવબોધ, ભાગ ૭

કૃપાળુદેવે ઉત્તરમાં કહ્યું કે મને જે જ્ઞાન છે તે ગુરુ પરંપરાની આમ્નાયથી આ ભવમાં મળ્યું નથી. છતાં પૂર્વભવને આધારે વિશેષ જ્ઞાન છે તે પરથી સમાધાન કરી શકીશ એમ મને સંભવ રહે છે. આપને શંકા કેવા પ્રકારે છે તે પ્રથમ કહો. વિદ્વાન કહે : એ ત્રિપદી જીવતત્ત્વ પર એકવાર નારૂપે અને બીજીવાર હારૂપે ઉતારો. જેમ કે—

જીવ ઉત્પત્તિરૂપ છે ? ના—હા
જીવ વ્યયરૂપ છે ? ના—હા
જીવ ધ્રુવરૂપ છે ? ના—હા

એમ કરવાથી ૧૮ દોષ આવે છે. વિદ્વાને એક પછી એક ૧૮ દોષ વિચારેલા તે કહી બતાવ્યા.

---

## શિક્ષાપાઠ ૮૯. તત્ત્વાવબોધ, ભાગ ૮

આખા જગતના વિદ્વાનોને ગૂંચવનારા આ બધા પ્રશ્નોથી શ્રીમદ્ ગૂંચવાશે અને સમાધાન નહીં કરી શકે એમ વિદ્વાનને લાગ્યું. એ બધા વિચારો શાથી ઉદ્ભવેલા તે કહે છે કે કોઈ જૈન મુનિના સમાગમમાં એમ સાંભળ્યું કે સ્યાત્ અસ્તિ, સ્યાત્ નાસ્તિ, સ્યાત્ અસ્તિ નાસ્તિ, સ્યાત્ અવક્તવ્ય, સ્યાત્ અસ્તિ અવક્તવ્ય, સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય, સ્યાત્ અસ્તિ નાસ્તિ અવક્તવ્ય એ જૈનસપ્તભંગી નય અપૂર્વ છે. એથી સર્વ પદાર્થ સત્ય રીતે સિદ્ધ થાય છે. (સ્યાત્ એટલે કોઈ પ્રકારે, કોઈ અપેક્ષાએ.) નાસ્તિ અસ્તિના એમાં અગમ્ય ભેદ રહ્યા છે. તત્ત્વ વિચાર કરનારા અન્ય મિત્રો સાથે હતા, તેઓની સાથે ઘેર આવી પછી બધાએ મળી ઉત્પાદ-વ્યય – ધ્રુવ એ લબ્ધિવાક્યની જીવતત્ત્વ પર નાસ્તિ અસ્તિરૂપે યોજના કરી. તેથી ગૂંચવાઈ જતાં એક પછી એક અઢાર દોષો જણાયા. વિદ્વાન કહે છે કે એ મને કંટાળારૂપ લાગ્યું, પણ બીજાને જેમ ન સમજાવાથી ભગવાનના વચન પ્રત્યે દ્વેષ થાય છે તેમ મને દ્વેષ થયો નથી.

ઉત્તરમાં કૃપાળુદેવે કહ્યું કે આપે જે પ્રકારે વિચારો કર્યા તે યથાર્થ સ્યાદ્વાદ શૈલીથી કર્યા નથી. આપે કેવળ અસ્તિ-નાસ્તિવાદ તર્કરૂપે ઉતાર્યો છે, તેથી હું પણ તર્કથી, પણ સ્યાદ્વાદ શૈલીને આધારે યથાશક્તિ ઉત્તર આપું છું તે આપ લક્ષપૂર્વક સાંભળો.

ઉત્પત્તિ – નાશ – ધ્રુવતા એ ત્રણેમાં પ્રથમ ના કહી તેનું કારણ :– દ્રવ્યની અપેક્ષાએ જીવ અનાદિ હોવાથી ઉત્પત્તિમાં ના અને દ્રવ્યની અપેક્ષાએ જીવ અનંત હોવાથી

એટલે કોઈ કાળે તેનો નાશ ન હોવાથી, નાશમાં પણ ના કહી. પછી અપેક્ષા પલટાવીને પર્યાયદૃષ્ટિથી જોતાં જીવ એક દેહમાં સદા રહેતો નથી અથવા સમયે સમયે પર્યાય પલટાય છે તેથી ધ્રુવતામાં પણ ના કહી.

---

## શિક્ષાપાઠ ૯૦. તત્ત્વાવબોધ, ભાગ ૯

હવે ત્રણેમાં 'હા' એવી જે યોજના કરી છે તે સમજાવે છે. પર્યાયની અપેક્ષાએ, જીવનો મોક્ષ થતાં સુધી, તે એક દેહમાંથી નીકળી બીજાં દેહમાં ઊપજે છે તેથી ઉત્પત્તિમાં હા કહી અને તે જે દેહમાંથી નીકળી આવ્યો ત્યાંથી તે નાશ પામ્યો તેથી નાશમાં પણ હા કહી અથવા ક્ષણેક્ષણે વિભાવભાવથી એની આત્મિકશક્તિ હાનિ પામે છે તેથી પણ નાશમાં હા કહી. તથા દ્રવ્યની અપેક્ષાએ, જીવનો કોઈ કાળે નાશ નથી તેથી ધ્રુવતામાં પણ હા કહી.

આમ એ છ પ્રકાર યથાર્થ કહી શકાવાથી આપે જે અઢાર દોષો ગણી બતાવ્યા તે બધા ટળી જાય છે. વિદ્વાને ગણાવેલા અઢાર દોષો અથવા શંકાઓ અને કૃપાળુદેવે કરેલું તેનું સમાધાન આ પ્રમાણે છે :—

| શંકા | સમાધાન |
|---|---|
| ૧ વિઘ્નરૂપે હોય તે વસ્તુ ધ્રુવરૂપે ન હોય | ૧ દ્રવ્યથી જીવ વિઘ્નરૂપે નથી તેથી ધ્રુવ છે. |
| ૨ ઉત્પાદ વ્યય ધ્રુવ એ ત્રણેમાં ના કહી તેથી જીવ સિદ્ધ ન થાય. | ૨ જીવના ઉત્પાદ–વ્યયમાં દ્રવ્યનયથી ના અને ધ્રુવ-માં પર્યાયનયથી ના કહી |

| | |
|---|---|
| | છે એમ ભિન્ન ભિન્ન નયથી એટલે અપેક્ષાથી જીવનું સત્યત્વ સિદ્ધ થાય છે. |
| ૩ વિઘ્નતાને અને ધ્રુવતાને પરસ્પર વિરોધાભાસ છે. | ૩ જીવના સત્યસ્વરૂપે એટલે દ્રવ્યનયથી વિઘ્નતા નથી, ધ્રુવતા છે અને પર્યાય-નયથી વિઘ્નતા છે પણ ધ્રુવતા નથી તેથી વિરોધ નથી. |
| ૪ જીવ કેવળ ધ્રુવ છે તો ઉત્પત્તિમાં હા કેમ ? | ૪ જીવની દ્રવ્યનયથી ધ્રુવતા છે, ઉત્પત્તિ નથી પણ પર્યાયનયથી ઉત્પત્તિ છે. માટે ઉત્પત્તિમાં હા કહી. |
| ૫ ઉત્પન્નયુક્ત જીવ ધ્રુવ રહે તો તેને ઉત્પન્ન કોણે કર્યો ? | ૫ જીવની પર્યાયનયથી ઉત્પત્તિ છે, પણ દ્રવ્ય-નયથી નથી તેથી જીવ અનાદિ સિદ્ધ છે. માટે ઉત્પન્ન થયો નથી. |
| ૬ ઉત્પત્તિ કહેતાં અનાદિ-પણું જતું રહે. | ૬ દ્રવ્યરૂપે ઉત્પત્તિ અસિદ્ધ થઈ તેથી જીવનું અનાદિ-પણું રહ્યું. કર્ત્તા અસિદ્ધ થયો. |

| | |
|---|---|
| ૭ કેવળ ધ્રુવ છતાં નાશરૂપે કહેતાં ચાર્વાક જેવું મિશ્ર-વચન થયું. | ૭ ચાર્વાક, જીવ છે અને નાશ પામે છે એમ માને છે. અહીં અપેક્ષા ભિન્ન હોવાથી મિશ્રવચન નથી. |
| ૮ ઉત્પત્તિ અને વિઘ્નરૂપ કહેતાં કેવળ ચાર્વાક સિદ્ધાંત થયો. | ૮ ચાર્વાક એક જ દેહમાં પચમહાભૂતથી ઉત્પત્તિ અને નાશ માને છે. અહીં પૃથક્ પૃથક્ દેહમાં ઉત્પત્તિ અને નાશ છે. માટે કેવળ ચાર્વાક સિદ્ધાંત નથી. |
| ૯ થી ૧૪ ત્રણેમાં ના કહી ને પછી ત્રણેમાં હા કહી તેથી એ છ દોષ થયા. તે આ પ્રમાણે :— (૧) ઉત્પત્તિ નથી (૨) વ્યય નથી (૩) ધ્રુવ નથી (૪) ઉત્પત્તિ છે (૫) વ્યય છે (૬) ધ્રુવ છે. | ૯ થી ૧૪ (૧) જીવ અનાદિ છે. તેથી ઉત્પત્તિ નથી. (૨) દ્રવ્યથી એનો કોઈ કાળે નાશ નથી, અનંત છે. (૩) એક દેહમાં તે સદૈવ રહેનાર નથી. (૪) તે નવા દેહમાં ઊપજે છે. (૫) તે પૂર્વ દેહમાંથી નાશ પામે છે. |

| | |
|---|---|
| | (૬) તે દ્રવ્યથી સદા વિદ્યમાન રહે છે. |
| ૧૫ કેવળ ધ્રુવતા જતાં ઉત્પાદ-વ્યય – ધ્રુવ એ સર્વજ્ઞ-વચન જાય. | ૧૫ જીવ, દ્રવ્યે અનાદિઅનંત સિદ્ધ થતાં સ્યાદ્વાદ વચન સિદ્ધ થયું. |
| ૧૬ ઉત્પત્તિ ધ્રુવતા લેતાં કર્તા ઠરે તેથી સર્વજ્ઞવચન જાય. | ૧૬ જીવની પર્યાયથી ઉત્પત્તિ અને દ્રવ્યે ધ્રુવતા લેતાં કર્તા નથી એમ સિદ્ધ થયું તેથી જિનવચન સત્ય ઠર્યું. |
| ૧૭ ઉત્પત્તિ વિપ્નતા લેતાં પાપપુણ્યનો અભાવ. | ૧૭ ઉત્પત્તિ વિપ્નતા છતાં જીવ, દ્રવ્યે નિત્ય હોવાથી પાપ પુણ્ય દેહાદિક પુનરાવર્તન સિદ્ધ થયાં. |
| ૧૮ ઉત્પત્તિ વિપ્નતા અને થોડો કાળ રહે તેથી સામાન્ય સ્થિતિથી ત્રિગુણાત્મક માયા સિદ્ધ થઈ. | ૧૮ અપેક્ષાએ ઉત્પત્તિ, વિપ્નતા અને ધ્રુવતા એ સર્વ સિદ્ધ થતાં માયા અસિદ્ધ થઈ. દ્રવ્યથી બધું સદા રહેવાનું છે, માયા નથી. |

## શિક્ષાપાઠ ૯૧. તત્ત્વાવબોધ, ભાગ ૧૦

એ પ્રમાણે વિદ્વાનના મનનું સમાધાન કર્યા પછી કૃપાળુ દેવે કહ્યું કે આપને એ યોજના પ્રથમ ક્લેશરૂપ લાગી હતી,

પરંતુ હવે યથાર્થ સમજાતાં વિનોદરૂપ લાગશે. હજી તે વિષે એક બે વાત ટૂંકમાં કહેવી છે. આપને સાંભળવાની ઇચ્છા હોય તો કહું. વિદ્વાને તે ખુશીથી કહેવા કહ્યું.

કૃપાળુદેવે ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ લબ્ધિવાક્યથી કેવી રીતે દ્વાદશાંગીનું જ્ઞાન થાય? એ મૂળ વાત સંજીવન કરી એટલે ફરી યાદ કરાવી તેનું સમાધાન કરતાં કહ્યું કે આપ એ લબ્ધિવાક્ય ન સમજાયાથી ઘણા દોષોની યોજના દ્વારા શંકા કરી ક્લેશરૂપ કહો છો, એમાં એ વચનને અન્યાય મળે છે. એ સમજવા માટે અતિ અતિ ઉજ્જવળ આત્મિકશક્તિ, ગુરુગમ્યતા અને વૈરાગ્ય જોઈએ. તેની ખામી છે તેથી એ લબ્ધિવાક્ય વિષે શંકા રહે, પણ યોગ્યતા લાવી તે પર ઊંડો વિચાર કરીને શંકા ટાળવા યોગ્ય છે.

તે વિચારણા થવા કૃપાળુદેવ એ લબ્ધિવાક્યનું વિશેષ વિવરણ કરી બતાવે છે. દરેક દેહની ઉત્પત્તિ, પછી તે દેહનું છૂટી જવું, તેમાં રહેવાનો કાળ એમ સામાન્ય વિચાર કરી પાછો વિશેષ વિચાર કરવો, કે ઉત્પત્તિ વખતે જીવ પ્રથમ ગર્ભમાં આવે, પછી આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ છ પર્યાપ્તિ અંતર્મુહૂર્તમાં પૂર્ણ કરે અને તે મુજબ દેહનું બંધારણ થાય. આત્માની સત્તા વડે મનબળ, વચનબળ, કાયબળ પ્રાપ્ત કરી જન્મ પામે ત્યારે જ્ઞાન અથવા સંજ્ઞાને આધારે પ્રવર્તે. આયુષ્ય અથવા ઉંમર વધે તેમ વિષયો ભોગવે. તેમાં ઇષ્ટ-અનિષ્ટભાવ થાય અને કર્મપ્રકૃતિ બંધાય. તેના અનેક ભેદો વિચારતાં ફરી બીજા દેહમાં ઉત્પત્તિ, નાશ કેવી રીતે થાય છે તે સમજાય. એમ એક જીવ

આશ્રયી અનંત દેહમાં ઉત્પાદ વ્યય ધ્રુવ વિચારે, તો તે મુજબ અનંત જીવો વિષે પણ સમજાય. એમ દ્રવ્યથી અને ભાવથી એટલે પર્યાયથી વિચારતાં આખી સૃષ્ટિનું જ્ઞાન એ ત્રણ શબ્દોમાં રહ્યું છે. એ પ્રકારે સદ્ગુરુમુખથી પવિત્ર લબ્ધિરૂપે જ્યારે એ વાક્ય પ્રાપ્ત થાય ત્યારે દ્વાદશાંગીનું જ્ઞાન અવશ્ય થાય. જેમ 'જગત' કહેતાં આપણે તેનો બહોળો – વિશાળ અર્થ એક ક્ષણમાં સમજી જઈએ છીએ, તેમજ ભગવાનના વખતમાં જે ઋજુ એટલે નમ્ર તથા વિનયી અને સરળ એટલે આજ્ઞાંકિત શિષ્યો હતા, તેઓ ગુરુગમ્યતાથી એ લબ્ધિવાક્ય સાંભળતાં દ્વાદશાંગીનું જ્ઞાન પામતા હતા. એમ આપ વિવેકપૂર્વક વિચારશો તો આપને એ લબ્ધિવાક્ય નિરર્થક, ક્લેશરૂપ નહીં લાગે, પરંતુ અતિમહત્ત્વનું અને વિચારવા લાયક લાગશે.

---

## શિક્ષાપાઠ ૯૨. તત્ત્વાવબોધ, ભાગ ૧૧

મહાવીર ભગવાને ત્રીસમા વર્ષે દીક્ષા લીધી, ૧૨॥ વર્ષ તપ તપી કેવળજ્ઞાન પ્રગટાવ્યું. એ મધ્યવચે બેંતાળીસમે વર્ષે સર્વજ્ઞપણું પ્રાપ્ત કરી ત્રણે કાળ જાણ્યા પછી કહ્યું કે જગતકર્તા પહેલાં નહોતો, અત્યારે નથી અને હવે પછી થશે નહીં. એમ બધું તપાસ્યું હોય તો 'નથી' એમ કહેવાય. જગતકર્તા નથી એ સર્વજ્ઞતાના ગુપ્તભેદથી એટલે કેવળજ્ઞાનથી જાણીને પછી કહ્યું હતું. વળી તેઓ ૧૮ દોષરહિત પરમેશ્વર હતા. આપે એમના સત્ય તત્ત્વવિચારો મધ્યસ્થતાથી અવશ્ય સંશોધન કરવા યોગ્ય છે. જૈનના અવર્ણવાદીઓ–

નિંદકો જૈનને સમજી શકતા નથી. 'પોતાનું સાચું' એમ મમત્વ કરે તો અધોગતિ પામે.

પછી થોડી બીજી વાતચીત થઈ ત્યારે મેળાપનો વખત પૂરો થતાં કૃપાળુદેવે કહ્યું કે આપ પ્રસંગ મેળવી એ સત્ય તત્ત્વોનો વિચાર કરશો ? વિદ્વાને હા કહી. એમ એ તત્ત્વ વિચારવાનું વચન લઈને કૃપાળુદેવ સહર્ષ ત્યાંથી જવા ઊભા થયા.

અનંત ભેદથી ભરેલા એ ભગવાનના અપક્ષપાતી અને તત્ત્વમય વિચારો આ કાળની અપેક્ષાએ જેટલા મળી આવે તેટલા હેય જ્ઞેય ઉપાદેયરૂપે વિચારવાં.

એ નવતત્ત્વને યથાર્થ જાણે તેને સમકિત થાય. અને જેને સમકિત થાય તે કાળે કરીને કેવળજ્ઞાન પામે. કેવળજ્ઞાન થાય ત્યારે અનંતચતુષ્ટય એટલે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય અવશ્ય પ્રગટે, પછી મોક્ષ પામે એમ ભગવાનના કહેલા વચનોને જે યથાર્થ જાણે છે તે ભગવાન થાય છે. એ હું સત્ય વાત કહું છું એમ કૃપાળુદેવ કહે છે. નવતત્ત્વ જાણવાનો હેતુ મોક્ષ પામવાનો છે. નવતત્ત્વનામચક્રનો નિર્દેશ કરી કહે છે કે એમ નવતત્ત્વના નામ ચક્રરૂપે મૂકવામાં પણ ખાસ કરીને મોક્ષની નિકટતાનું સૂચવન કરેલું હોય એમ જણાય છે. મોક્ષમાળાની મૂળ પહેલી આવૃત્તિમાં આ ચક્રમાં જીવ અને મોક્ષ વચ્ચે લીટી પણ નથી. આત્મજ્ઞાન થયા પછી મોક્ષની અત્યંત નિકટતા થાય છે તે હવે કહે છે.

# શિક્ષાપાઠ ૯૩. તત્ત્વાવબોધ, ભાગ ૧૨

નવતત્ત્વના નામ અનુક્રમે લખતાં જીવથી મોક્ષ દૂર જણાય અને ચક્રરૂપે – ગોળાકારે લખતાં જીવથી મોક્ષ નિકટ જણાય; તેમ અજ્ઞાન દૃષ્ટિથી પોતાને અજીવ – દેહરૂપ માને તો મોક્ષ દૂર જણાય છે. દેહ ઇન્દ્રિયો આદિ અજીવરૂપ પોતાને માને, પુણ્ય પાપના ઉદયમાં એકરૂપ થઈ શુભાશુભ ભાવ કરે તે આસ્રવ તત્ત્વ છે. તેથી બંધની પરંપરા ચાલુ રહી અનંતકાળ જીવ સંસારમાં જન્મમરણ કરતો રહે છે. પરંતુ જ્ઞાનદૃષ્ટિથી વિચારે તો પોતાને જડદેહથી જુદો મોક્ષરૂપ જાણે, અને શુદ્ધભાવમાં આવે ત્યારે આસ્રવ ટળી સંવર થાય. પછી સત્તામાંના કર્મ ખપાવવા આત્મસ્થિરતારૂપ તપ કરે તો ઘણી નિર્જરા થાય. પરંતુ સત્તામાં કર્મ રહ્યાં છે ત્યાં સુધી બંધ થયા કરે છે, તેથી મોહનીયની પ્રકૃતિઓનો ઉપશમ, ક્ષયોપશમ કરતાં છેવટે ક્ષય કરે ત્યારે કેવળજ્ઞાન પ્રગટે. પછી એક શાતાવેદની બંધાય, તેનો તેરમા ગુણસ્થાનકને અંતે સંવર અથવા બંધવ્યુચ્છિત્તિ થતાં જીવ મોક્ષ પામે. એમ જીવ અને મોક્ષની દ્રવ્ય-નિકટતા ઉપરથી ભાવ-નિકટતા કરે ત્યારે સર્વ સિદ્ધિ થાય. અજ્ઞાન દશામાં મોક્ષ દૂર છે. જ્ઞાન થયા પછી મોક્ષ નિકટ જણાય છે.

જ્ઞાનદૃષ્ટિથી વિચારે તો જીવ પોતાને દેહરૂપ નહીં પણ મોક્ષરૂપ માને; તેથી છૂટવા માંડે. તેમ થવા પ્રથમ સદ્‌ગુરુ મળવા જોઈએ. તેઓ સદ્દેવ અને સદ્‌ધર્મને ઓળખાવે. એ ત્રણ સાધનરૂપ છે અને સાધ્ય સમ્યક્‌જ્ઞાન-દર્શન-ચારિત્ર છે. કેવળ એક જ રૂપ — સહજાત્મસ્વરૂપ

થવાને જ્ઞાનદર્શનચારિત્ર છે. સમ્યક્‌દર્શન થતાં સમ્યક્‌જ્ઞાન થાય, ત્યારે મોક્ષ નિકટ ભાસે.

સમ્યક્‌ચારિત્રરૂપ શુદ્ધભાવમાં રહેવાય તો નવે તત્ત્વને ભલે હેય ગણી ત્યાગી દો. પરંતુ શુભાશુભ ભાવ છે ત્યાં સુધી નવતત્ત્વનો હેય જ્ઞેય ઉપાદેયરૂપે વિચાર કરો. એથી મોક્ષ થશે. એમ નવતત્ત્વ વિષેની વાત પૂર્ણ કરી. હવે બાકીના પાંચ ભાગમાં સત્યધર્મતત્ત્વ વિષે કહે છે.

---

## શિક્ષાપાઠ ૯૪. તત્ત્વાવબોધ, ભાગ ૧૩

આ જે તત્ત્વ વિષે કહ્યું છે તે માત્ર જૈન લોકોને લાગુ પડે છે એમ નથી. પરંતુ સર્વ જીવોને સરખી રીતે લાગુ પડે છે. જેને મોક્ષે જવું હોય તે બધાને માટે આ કહ્યું છે. વળી કૃપાળુદેવ કહે છે કે હું જે કહું છું તે કોઈ પણ ધર્મના પક્ષપાત વગર સત્ય કહેવાની બુદ્ધિથી કહું છું.

પક્ષપાત કે સ્વાર્થથી અધર્મ બોધુ તો અધોગતિ થાય એવું મારે કરવું નથી, પણ જે સત્ય છે તે જ કહેવું છે. વારંવાર તીર્થંકરનાં કહેલાં વચનો વાંચવા ભલામણ કરું છું તેનું કારણ એ કે તે વચનોમાં પરિપૂર્ણ સત્ય તત્ત્વ રહેલું છે. જિનેશ્વરોએ પરિપૂર્ણ સત્ય તત્ત્વ જાણ્યા પછી નિઃસ્વાર્થપણે પક્ષપાત રહિત એ વચનામૃતો સર્વ જગતજીવોના હિતને માટે કહ્યાં છે. એ પવિત્ર વચનોના રહસ્યને જે મનન કરશે તે તો પછી આ મારી વાત માન્ય રાખશે. જૈનોએ મને ભૂરશી દક્ષિણા—મોટી લાંચ આપી નથી, કે એઓ મારા સંબંધી પણ નથી, તેમ અન્ય ધર્મવાદી કોઈ મારા વિરોધી નથી.

હું તો મધ્યસ્થતાથી બધા ધર્મ વિષે મનન કરીને વિનયથી સર્વ જીવોના હિત માટે કહું છું, કે હે મોક્ષગામી ભવ્ય જીવો ! જૈન જેવું પૂર્ણ અને પવિત્ર દર્શન બીજું એક્કે નથી. બધાં દર્શનો એમાં સમાય છે. વીતરાગ જેવો બીજો એક્કે દેવ નથી. એ જ એક સાચો દેવ અથવા ઈશ્વર છે. માટે જો તમારે સંસારથી છૂટવું હોય તો એ સર્વજ્ઞ ભગવાનના કહેલા ધર્મરૂપી કલ્પવૃક્ષને સેવો, તો ઉત્તમ ફળને પામશો.

---

## શિક્ષાપાઠ ૯૫. તત્ત્વાવબોધ, ભાગ ૧૪

જૈનધર્મનું માહાત્મ્ય બતાવે છે. જૈનદર્શનના વિચારો એવા ખૂબીથી એક પછી એક સંકલનાથી એટલે સંબંધપૂર્વક ગોઠવાયેલા છે અને તેનાં શાસ્ત્રો એટલાં ગહન છે કે તેનું મનન કરતાં ઘણો કાળ વ્યતીત થઈ જાય. તેને સમજવા માટે સ્યાદ્વાદની યથાર્થ સમજણ જોઈએ. તે બીજાં ધર્મમાં નથી પણ માત્ર જૈનમાં જ છે. તેનો બરાબર અભ્યાસ કર્યા વિના ઉપર ઉપરથી જોઈને કોઈ એવો અભિપ્રાય આપે કે બધા ધર્મ સરખા સાચા છે. અથવા કોઈ જૈન ધર્મનું ખંડન કરનાર પ્રતિપક્ષીના કહેવાથી જૈનધર્મની વિરુદ્ધ અભિપ્રાય આપે, તે યોગ્ય નથી. જેમ તળાવનું પાણી ઉપરથી સપાટ લાગે પણ ઊંડા ઊતરતાં તેનો ભેદ સમજાય, તેમ જૈનધર્મનું યથાર્થ મનન કરતાં તેનું મહત્ત્વ સમજાય છે. જૈનધર્મ જે જાણે ને સેવે તે પોતે જિન થઈ જાય. જૈનના સિદ્ધાંત અખંડ—કોઈ ભૂલ ન કાઢી શકે તેવા, સંપૂર્ણ—કંઈ બાકી રહે નહીં તેવા અને દયામય—દયાથી ભરપૂર છે. એવો

કોઈ પારમાર્થિક એટલે મોક્ષ માટે જરૂરનો વિષય નથી કે જે જૈનમાં ન હોય. વિશ્વના સર્વ તત્ત્વો છ દ્રવ્યમાં અને નવતત્ત્વમાં આવી જાય છે. જૈનતત્ત્વજ્ઞાન એક વિષયને અનેક ભેદે—અનેક નયનિક્ષેપથી પરિપૂર્ણ કહે છે. મોક્ષ માટે પ્રયોજનભૂત એટલે જરૂરનું તત્ત્વ જૈન જેવું બીજા ધર્મોમાં ક્યાંય નથી. જેમ એક દેહમાં એક આત્મા છે તેમ આખી સૃષ્ટિમાં એક જૈનધર્મ જ સાચો છે. એમ કહેવાનું કારણ એ કે એ ધર્મ પરિપૂર્ણ છે, રાગદ્વેષરહિત છે, સત્ય છે અને જગતના સર્વ જીવોનું હિત ઇચ્છનાર છે.

---

## શિક્ષાપાઠ ૯૬. તત્ત્વાવબોધ, ભાગ ૧૫

અહીં કૃપાળુદેવને કોઈ કહે કે તમે જૈનને સત્ય કહો છો અને બીજા ધર્મોને અપૂર્ણ ને ઊતરતા કહો છો તે શાથી ? તેનું વિવેચન કરીને બતાવો. કૃપાળુદેવ કહે છે કે એ વિષે વિવેચન કરવા જેટલી આ પાઠમાં જગ્યા નથી; તોપણ થોડું થોડું આ વિષે હું કહેતો આવ્યો છું, છતાં જેમને એ વિષે શંકા હોય તેમણે જૈનના શાસ્ત્રો સાથે અન્ય ધર્મના શાસ્ત્રો મધ્યસ્થબુદ્ધિથી સરખાવી મનન કરવા; તો અગાઉ 'ધર્મના મતભેદ ભાગ ૩'માં જાહેર કર્યા મુજબ જૈનધર્મ અવશ્ય સર્વોત્કૃષ્ટ અને સર્વજ્ઞપ્રણીત જણાશે.

જૈનતત્ત્વવિજ્ઞાની શાસ્ત્રોના ચાર ભેદ છે :— (૧) ધર્મકથાનુયોગ અથવા પ્રથમાનુયોગ, (૨) ચરણાનુયોગ, (૩) ગણિતાનુયોગ અથવા કરણાનુયોગ અને (૪) દ્રવ્યાનુયોગ. અનુયોગ એટલે કથન.

કોઈ પ્રશ્ન કરે કે જો જૈનધર્મ સત્ય છે તો એ વિષે જગતના લોકો કેમ અજાણ રહે છે ? તેના ઉત્તરમાં કહે છે કે અનેક ધર્મમતોની જાળ ફેલાયેલી છે. તેમાંથી સત્ય તત્ત્વને વિવેકથી શોધનારા કોઈક જ છે. વળી જૈનધર્મને લોકો જાણશે તો ઈશ્વરને જગતકર્તા માનવાની પોતાની શ્રદ્ધા ફરી જશે, તેથી એ ધર્મો પરથી પણ લોકોની શ્રદ્ધા ઊઠી જશે. તેથી દયાનંદ સરસ્વતી વગેરેએ લોકોને પહેલેથી જ એવી ભ્રમભૂરકી આપી એટલે ભરમાવી દીધા કે જૈન તો નાસ્તિક છે. લોકો તો બિચારા ગભરુ ગાડર—ગાડરમાં વિચાર ન હોય, તેમાં પણ ગાડરનું બચ્ચું હોય તેના જેવા વિચાર કરવાને અશક્ત લોકો, જે કહ્યું તે માની લઈ જૈન ધર્મથી ભડકીને દૂર રહેવા લાગ્યા. પરંતુ જેઓએ જૈનતત્ત્વ વિષે થોડું ઘણું જ્ઞાન મેળવ્યું છે તેઓ તો સમજી શકે છે કે જૈનમાં જ બધા સત્ય તત્ત્વના સિદ્ધાંતો રહેલા છે. તેથી જૈન નાસ્તિક છે એમ કહેવું એ કેટલું અસત્ય અને પાપયુક્ત વચન છે એ સમજી શકાશે.

---

## શિક્ષાપાઠ ૯૭. તત્ત્વાવબોધ, ભાગ ૧૬

જૈનધર્મને નાસ્તિક કહેનારા એવો મત ફેલાવે છે કે જૈન જગતકર્તા ઈશ્વરને નથી માનતા. જગતના મુખ્ય ધર્મો વેદાંત, ખ્રિસ્તી, મુસલમાન એક ઈશ્વરને જગતકર્તારૂપે માને છે. જૈન જગતને અનાદિ અનંત માને છે તેથી ‘જગતકર્તા નથી’ એમ કહે છે. એમ આખી દુનિયા એક ઈશ્વરને જગતકર્તા માને અને તેમ જે ન માને તે નાસ્તિક એમ કહેવાની પ્રથા હોવાથી એ વાત ભદ્રિક જનોને ઝટ

બેસી જાય છે. જૈન ઈશ્વરને તો માને છે, પરંતુ જગતકર્તારૂપે ઈશ્વરને નથી માનતા; તે પરથી ઈશ્વરને જ નથી માનતા એમ ખોટી વાત ચલાવી. પણ તેઓ વિચાર કરતા નથી કે શા કારણથી જૈન જગતકર્તાની ના પાડે છે? એમ એક પછી એક ભેદરૂપ વિચારથી એટલે રહસ્ય વિચારવાથી અથવા જુદા જુદા પ્રકારે વિચારવાથી, જૈનની પવિત્રતા સમજી શકે. ઉપરછલ્લું વિચારવાથી સમજાય નહીં પણ વિસ્તારથી ઊંડા ઊતરીને વિચારે તો જૈનની મહત્તા સમજાય. વિચારવું જોઈએ કે જે મુક્ત થયા તે ઈશ્વર, જગત શા માટે રચે? એમને જગત રચવાની જરૂર શી હતી?

"કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ;
દોષ રહિતને રે લીલા નવિ ઘટે રે લીલા દોષ વિલાસ. ઋષભ૦"
(આનંદઘનજી – ૧)

કોઈ એમ કહે છે કે અલખ એટલે જેનું સ્વરૂપ ઓળખવાનો લક્ષ ન થઈ શકે એવા ભગવાને આ જગત રચવાની અલખ લીલા કરી છે અને તે અલક્ષ ભગવાન સૌની ઇચ્છા પૂરી કરે છે. પરંતુ એવા દોષરહિતને લીલા કરવી કેમ ઘટે? લીલા એ તો દોષવાનનું કામ છે.

જગતમાં ઉત્તમમાં ઉત્તમ ઈશ્વર તે દુઃખી કેમ કરે? કોઈ કહે કે કર્મથી જગત દુઃખી છે. તો પછી ઈશ્વરની જરૂર શી? જગત રચીને એમાં મોત જન્મજરામરણ શા માટે મૂક્યાં? કોઈ કહે એ ઈશ્વરની લીલા હતી. લીલા–નાટક તો કોઈને બતાવવા કરે. પણ ઈશ્વરને એ લીલા બતાવવી કોને હતી? ભગવાનને જગતકર્તા માને તેને ધર્મ કર્મ કંઈ વિચારવાની જરૂર રહેતી નથી, કારણ બધું ઈશ્વર કરે છે.

તો ઈશ્વર કોણ છે ? તમે તેને ઓળખો છો ? એમ પૂછે છે. જગતના પદાર્થોને તમે ઓળખો છો ? તેને ક્યાંથી આણ્યા ? ક્યાં બેસીને, કઈ વસ્તુમાંથી ઈશ્વરે આ જગત રચ્યું ? તો કે ઈશ્વરે ઇચ્છા કરી તેથી આ જગત બની ગયું. તો એવી ઇચ્છા પહેલાં કેમ ન કરી ? ઇચ્છા એટલે શું ? જગત રચ્યું તો ઈશ્વર એક છતાં આટલા બધા ધર્મ શા માટે કર્યા ? એકબીજાથી વિરુદ્ધ ધર્મ પ્રવર્તન કરાવવાની જરૂર શી હતી ? એમ કરીને બધાને ભ્રમણામાં શા માટે નાખ્યા ? માનો કે એ બધી બિચારા ઈશ્વરની ભૂલ થઈ, પણ એને મૂળથી ઉખેડનાર એટલે 'જગતકર્તા ઈશ્વર નથી' એમ કહેનાર મહાવીર જેવા પુરુષોને શા માટે ઉત્પન્ન કર્યા ? મહાવીર એકલા જ નહીં પણ અનંત ચોવીશીના અનંત તીર્થંકરો થયા, તેઓને ધર્મ સ્થાપવા કેમ દીધો ? તેમનો ધર્મ શા માટે પ્રવર્તવા દીધો ? એમ હાથે કરીને પોતાના પગ પર કુહાડો મારવાનું–પોતાનો વિરોધ થાય એવું કરવાનું દોઢ ડહાપણ એટલે કે મૂર્ખાઈ શા માટે કરી ?

તેથી એમ સિદ્ધ થાય છે કે જગત અનાદિઅનંત છે. પ્રત્યેક પરમાણુ અને જીવ આદિ મૂળ દ્રવ્યો અનાદિઅનંત છે. પુદ્ગલ અને જીવોના પર્યાય પલટાય તે રૂપે રચના, ચોક્કસ નિયમોને આધારે થાય છે. એ નિયમો કયા છે તે ભગવાને ઉત્પાદ–વ્યય–ધ્રુવથી જણાવ્યા. તેને અનુસરીને જૈન આગમોની રચના ગણધરોએ તથા પૂર્વાચાર્યોએ કરી છે. તેમાં સૂક્ષ્મ જંતુથી માંડીને ઈશ્વરકોટિના જીવો સુધીનું વર્ણન કર્યું છે. એક રજકણ અથવા પરમાણુથી માંડીને ચૌદ રાજલોકનું વર્ણન જેમ છે તેમ કર્યું છે. એવા સર્વજ્ઞ

ભગવાને કહેલા પવિત્ર ધર્મને નાસ્તિક કહેનારા, અસત્યને પ્રવર્તાવવાથી કેવી અધોગતિ પામશે ! એ વિચારતાં કૃપાળુદેવને દયા આવે છે.

---

## શિક્ષાપાઠ ૯૮. તત્ત્વાવબોધ, ભાગ ૧૭

'સત્યાર્થપ્રકાશ'માં દયાનંદ સરસ્વતીએ વેદાંત સિવાય બધા ધર્મો ખોટા છે એમ કહ્યું છે. કૃપાળુદેવ કહે છે કે એ રીતે જૈનને નાસ્તિક કહી ખંડન કરનારને પૂછી શકાય કે વેદાંત સાથે સરખાવતાં જૈનનું તત્ત્વજ્ઞાન, તેનો ઉપદેશ, તેનું આત્મજ્ઞાન પામવાનું રહસ્ય એટલે ગુરુગમથી મળતો અનુભવ, અને તેનું સત્શીલ એટલે સદાચાર તે વેદથી કઈ વસ્તુમાં ઊતરતો છે અને વેદ કઈ બાબતમાં જૈનથી ચઢે છે ? તે તપાસો. આમ જ્યારે મર્મસ્થાન એટલે મુદ્દાની વાત પૂછીએ તો તેઓ જવાબ આપી શકે નહીં. તીર્થંકર, કેવલી વગેરે તથા પરંપરાએ થયેલા જ્ઞાનીપુરુષો, જગતના જીવોને અહિંસા, સત્ય, આત્મજ્ઞાન અને ગૃહસ્થ તથા મુનિ દ્વારા પાળવાનાં મહાન સદાચારનો ઉપદેશ આપી સૃષ્ટિનો ઉદ્ધાર કરે છે; તે પુરુષો કરતાં અન્ય ધર્મના આચાર્યોને ચઢિયાતા કહેવા અને પરમેશ્વરને નામે સ્થાપવા અને જૈનની અવર્ણ ભાષા બોલવી એટલે નિંદા કરવી, એ બધું અજ્ઞાન છે. પક્ષાપક્ષી થઈ ત્યાં પછી સત્ય રહેતું નથી. મારું તે સાચું એમ કરે ત્યાં મમત્વ છે, સત્ય તત્ત્વ નથી. માટે કોઈ નિંદા કરે પણ આપણે સામી નિંદા ન કરવી. આપણે એ વિચારવું કે તેઓ મોહાંધ હોવાથી એમ બોલે છે.

જૈનધર્મ એ સાચો વિશ્વધર્મ છે. તેનું તત્ત્વજ્ઞાન ધર્મ-ધ્યાન માટે અતિ ઉપયોગી છે. તેથી એ સત્ય ધર્મનો પ્રકાશ કરવા કૃપાળુદેવ દરેક ધર્મજિજ્ઞાસુને ભલામણ કરે છે કે તમે અન્યદર્શનનાં શાસ્ત્રો વાંચો છો તેમ જૈનદર્શનનાં શાસ્ત્રો પણ વાંચો, તેની તુલના કરો, પછી જે સત્ય લાગે તે અભિપ્રાય બાંધજો. આ કથન મમત્વરહિત અને ન્યાયપૂર્વકનું છે.

---

## શિક્ષાપાઠ ૯૯. સમાજની અગત્ય

અંગ્રેજોની ભૂમિ તે આંગ્લભૂમિ. તેમાં વસેલા તે આંગ્લભૌમિઓ. તેઓ રાજ્ય, વ્યાપાર, ઉદ્યોગ, હુન્નર વગેરે અનેક સંસાર સંબંધી કળા કૌશલ્યમાં વિજય પામ્યા છે, તેનું કારણ શું ? ઉત્તર :– તેઓ જે કામ હાથમાં લે તેમાં ખૂબ ઉત્સાહ રાખે અને બધા ભેગા મળીને સંપથી કરે. ઘણા માણસો સાથે મળીને સભા-સમાજ કે કંપની સ્થાપીને કામ ઉપાડે. તેમાં સારું કામ કરનારને ઉત્તેજન આપે, અને નવીન નવીન શોધ કરવાનો ઉત્સાહ રાખે. તેથી તેઓએ પૈસા મેળવ્યા, ન્યાયનીતિથી કીર્તિ મેળવી અને રાજ્યો જીતી અધિકાર મેળવ્યો.

કૃપાળુદેવ કહે છે કે એ એમના ઉદાહરણ ઉપરથી ધનાદિ માટે કંપની કાઢવાનો હું અહીં બોધ કરતો નથી પણ ધર્મને માટે કહેવું છે કે સર્વજ્ઞ ભગવાને જે ગુપ્તતત્ત્વ એટલે આત્મા સંબંધી બોધ કર્યો છે તે અજ્ઞાત દશામાં આવી પડ્યો છે. તે બોધ સર્વના જાણવામાં આવે તે સારુ મહાન આચાર્યોનાં રચેલાં શાસ્ત્રો જે ભંડારોમાં પડ્યાં છે તે એકત્ર કરી છપાવી પ્રકાશિત કરવાં, તેમજ

ગચ્છમતભેદ ટાળવા અને ધર્મવિદ્યાને પ્રફુલ્લિત કરવા માટે સદાચાર સેવનારા શ્રીમંત એટલે ધનવાન અને ધીમંત એટલે બુદ્ધિમાનોએ મળી એક મહાન સમાજની સ્થાપના કરવી, અને જૈન શાસનની ઉન્નતિ કરવા ભગવાને ઉપદેશેલો ધર્મ સ્યાદ્‌વાદ શૈલીથી પ્રસિદ્ધિમાં આણવો. સ્યાદ્‌વાદમતનું ઢંકાયેલું તત્ત્વ એટલે તેના અપ્રગટ શાસ્ત્રો પ્રગટ થાય તો જન સમાજ જાણી શકે કે જૈનમાં શું તત્ત્વ છે. એ હેતુથી પરમકૃપાળુદેવના હાથે સ્થપાયેલ પરમશ્રુત પ્રભાવક મંડળ તરફથી સત્શાસ્ત્રોના પ્રકાશનની શરૂઆત થઈ હતી.

લક્ષ્મી, કીર્તિ, અધિકાર તો લૌકિક છે પરંતુ ધર્મકળાકૌશલ્યથી તો સર્વ સિદ્ધિ એટલે મોક્ષ મળશે. મુખ્ય સમાજની અંદર પાછા ઉપસમાજ સ્થાપવા. પ્રકાશન વગેરેના કામો માટે સમિતિઓ સ્થાપે તે ઉપસમાજ. મતમતાંતર–મતભેદની ખેંચાખેંચ તજી દેવી. વાડામાં મતભેદ છે અને સમાજમાં એકતા છે માટે સમાજમાં આવવું યોગ્ય છે. હું ઇચ્છું છું કે એમ થાય તો આખા મનુષ્યમંડળનું લક્ષ સત્ય પ્રત્યે દોરાય અને મમત્વ જાય. અર્થાત્ ‘મારું તે સાચું’ એમ ન કરતાં ‘સાચું તે મારું’ એવી ભાવનાથી ઘણા જીવોનું કલ્યાણ થાય.

---

## શિક્ષાપાઠ ૧૦૦. મનોનિગ્રહનાં વિઘ્ન

મનરૂપી ઘોડાને કેવી રીતે વશ કરવો ? મનરૂપી ઘોડો જ્ઞાનરૂપી લગામવડે વશ થાય. મન વશ કરવામાં આ અઢાર

દોષો વિઘ્ન કરે છે. તેને જીતે તો પછી મન વશ થાય.

આ મોક્ષમાળામાં જે બોધ કરવામાં આવ્યો છે, તેમાં મુખ્યપણે આટલું કહેવું છે કે આત્માને તારો; અને આત્માને તારવો હોય તો તેને ઓળખવો પડે, માટે તે અર્થે તત્ત્વજ્ઞાનનો વિચાર કરો તથા સતશીલને સેવો. સતશીલ એટલે સારું શીલ, સદાચરણ. નિશ્ચયથી સતશીલ આત્મામાં સ્થિર થવું તે છે. એ કરવું હોય તો મનોનિગ્રહતા એટલે મનનો સંયમ જોઈશે. પોતાને જે વૃત્તિ થાય તેને આધીન થઈ જાય, મન પર અંકુશ ન રાખે તો દોષ લાગે. મનોનિગ્રહ કરવા મનને શ્રુતમાં રોકવું જોઈએ. લક્ષની બહોળતા = ખાવું પીવું એ ટૂંકું લક્ષ છે; નીચે ઢાળે જવું સહેલું છે; ઉત્તમ પુરુષો ઉત્તમ વસ્તુની ઇચ્છા કરે છે, અલ્પ તુચ્છ વસ્તુથી રાજી થતા નથી; મોક્ષ માટે જન્મ્યા છીએ તેનો વિચાર કરવો તો લક્ષની બહોળતા થાય. એ બહોળતામાં વિઘ્નરૂપ અઢાર દોષ નીચે જણાવ્યા છે.

(૧) **આળસ :—** આત્મામાં સ્થિર રહેવારૂપ ઉત્તમ લક્ષ છે, તેમાં ન રહેવા દે, વિઘ્ન કરે એવું આળસ છે. આળસુ હોય તે ઊભો હોય તો બેસી જાય અને બેઠો હોય તો સૂઈ જાય. આળસુ માણસ સામાન્ય કામ પણ ન કરી શકે, નવરો બેસી રહે કે સૂઈ રહે; તો પરમાર્થનું કામ તો ક્યાંથી કરી શકે ?

(૨) **અનિયમિત ઊંઘ :—** એ આળસ થવાનું કારણ છે. આળસુ માણસ ગમે ત્યારે ઊંઘે. રાત્રે નિયમિત બરાબર ઊંઘ ન આવે તો સુસ્તી રહ્યા કરે. એ સુસ્તી એ જ આળસ છે કે જેથી કામ કરવાનો ઉમંગ ન થાય,

ઉદ્યમ ન થાય. કૃપાળુદેવે પુષ્પમાળામાં ૬ કલાકની ઊંઘ કહી છે.

(૩) **વિશેષ આહાર :**— આહાર ભૂખ કરતાં ઓછો લેવો જોઈએ. તેને બદલે ભૂખ કરતાં વધારે આહાર લે તેથી ભાર થાય, શ્વાસ ઓછો લેવાય, સુસ્તી રહે. એને અતિમાત્રા આહાર કહે છે તેથી બ્રહ્મચર્યની વાડનો ભંગ થાય. એથી મન જ્યાં રાખવું હોય ત્યાં ન રહે.

(૪) **ઉન્માદ પ્રકૃતિ :**— મન સમપણે ન રહે, નિરંકુશ થાય. ફાવે તેમ બોલે, ફાવે તેમ ફરે, ખાય. ઊંઘમાં પણ સ્વપ્ના આવે. એમ મન નિરંકુશ ન થવા દેવું. મન વિષયભોગમાં ચઢી ગયું તો ત્યાંથી પાછું વળે નહીં. ક્રોધાદિને લઈને ઉન્માદ થાય. ક્રોધાદિ કષાયોનું જોર વધી પડે ત્યારે મન વશ ન રહે. ન કરવાના વિચારો આવ્યા કરે, મનને ઉન્માર્ગે લઈ જાય. એવી ટેવ પડે તે ઉન્માદ પ્રકૃતિ કહેવાય. એ એક પ્રકારનું ગાંડપણ અથવા મનસ્વી-પણું છે. ઘડી ઘડીમાં મિજાજ ખોઈ બેસે. કોઈ કહે તે સહન ન થાય.

(૫) **માયાપ્રપંચ :** — અનેક પ્રકારની આડાઅવળી યુક્તિઓમાં મન રોકાય તેથી તુચ્છ વસ્તુને ભૂલી સંસારની વિસ્મૃતિ કરવી છે તે ન થાય, તેથી લક્ષની બહોળતા ન થાય. કાવતરાં કરે, પછી તે પાર ન પડે ત્યાં સુધી બીજું સૂઝે નહીં. જન્મમરણથી છૂટવાની ભાવના ન થાય. ક્ષણિક વસ્તુઓમાં મન રોકાય તેથી સર્વ જીવ પ્રત્યે સમભાવ ન આવે અર્થાત્ પોતાના સ્વાર્થથી બીજાને દુઃખ થાય છે એવા ઉદાર વિચાર ન આવે.

(૬) **અનિયમિત કામ** :— નિયમિત કામ ન કરે તો પછી કામનાં ઢગલા થાય. તેથી એની ચિંતા થાય અને એમાં ને એમાં ચિત્ત રહે. કામનો બોજો રહ્યા કરે તેથી મોક્ષનો લક્ષ પછી રહેતો નથી. નિયમિત કામ કરે તેને વધારે કામ થાય અને ફિકર ચિંતા ન થાય.

(૭) **અકરણીય વિલાસ** :— જરૂરત ઉપરાંતની વસ્તુઓને વિલાસ કહે છે. જ્ઞાનીપુરુષોએ ન કરવાનું કહ્યું હોય તે કરે તે અકરણીય વિલાસ અથવા ન કરવા યોગ્ય એવા બિનજરૂરી ભોગ તે અકરણીય વિલાસ. નહીં કરવા જેવા વિલાસ — મોજશોખમાં ખોટી થાય તો આત્માનું કરવાનું રહી જાય. જેની જરૂર નથી તેવી વસ્તુઓ ચા, પાનસોપારી, વધારે પડતું નાહવું ધોવું, સિનેમા, ફરવા જવું વગેરે એ મુમુક્ષુને જરૂરનાં નથી. એવા કામોની ટેવ પડે તો પછી આત્માનું કામ ન થાય. સાતે વ્યસન, કુટેવો અને બધાં પાપ તે અકરણીય વિલાસ છે.

(૮) **માન** :— માન ન હોય તો અહીં જ મોક્ષ હોય. મોક્ષને અને માનને વેર છે. "મોહનવરને માન સંગાથે વેર જો." માનમાં અંદરથી મનમાં ને મનમાં અહંકાર રહ્યા કરે. અહંભાવના વિચાર હોય ત્યાં સુધી બીજા પ્રત્યે દ્વેષ હલકી દૃષ્ટિ રહે અને હું સમજુ છું, એમ સંકુચિત રહે.

(૯) **મર્યાદા ઉપરાંત કામ** :— પોતાની શક્તિ હોય તેના કરતાં વધારે કામ હોય તે મર્યાદા ઉપરાંત કામ. પોતાથી થઈ શકે એનાથી વધારે કામ હોય તોપણ ચિત્ત સ્થિર ન રહે. બે કામ વચ્ચે વિચારનો અવકાશ

રાખવો. એક કામ પછી તરત બીજું કામ ન કરવું. નવરા રહેવું એમ કહેવું નથી, પણ પરમાર્થ માટે અવકાશ રાખવો. એકથી ચાલે તો બે દુકાન ન કરે. મર્યાદાથી અધિક વ્યવહારકામ ન રાખે. જે કામ માટે જન્મ્યા છીએ તેનો વિચાર રહેવો જોઈએ.

(૧૦) **આપવડાઈ** :— પોતાની પ્રશંસા પોતે કરે તે આપવડાઈ. તે માનનો બીજો ભાઈ — બીજો પ્રકાર છે. માન હોય તેટલા પ્રમાણમાં આપવડાઈ થાય. માન વધારવા માટે પોતાના વખાણ કરે. જે ઉત્તમ હોય તે પોતાના વખાણ ન કરે. ક્વચિત્ અભિમાનરહિતપણે ખરી વાત પ્રસંગોપાત્ત કરે તેમાં આપવડાઈનો હેતુ નથી. પરંતુ હું કેમ સારો દેખાઉં ? મને લોક કેમ વખાણે ? એમ વિચારે ત્યાં પરમાર્થદૃષ્ટિ નથી.

(૧૧) **તુચ્છ વસ્તુથી આનંદ** :— જગતની બધી વસ્તુઓ તુચ્છ છે. તેમાં આનંદ માને તે તુચ્છ વસ્તુથી આનંદ. એવા જીવને જ્ઞાનીપુરુષના વચનમાં આનંદ આવે નહીં. તુચ્છ વસ્તુથી આનંદ માને છે તેને ઉચ્ચ વસ્તુથી જે આનંદ છે તેની ખબર નથી. ઇન્દ્રિયોની બાહ્ય વસ્તુઓમાં જીવનો લક્ષ છે. તેથી આ વસ્તુ વિલાયતથી આણી છે એમ મહત્તા માને. પરંતુ જ્ઞાની પાસે છે તે ઉત્તમ વસ્તુ છે. તેની ખબર નથી તેથી તુચ્છ વસ્તુ મેળવવા પ્રયત્ન કરે; એમાં જ રંજાયમાન થાય અને એની જ વાતો કરે. જેથી મોક્ષસુખ એ ઉત્તમ લક્ષ છે તે તરફ એનું લક્ષ ન જાય. જગતની વસ્તુઓ તુચ્છ છે એમાં ચિત્ત જાય તો આત્મામાં ચિત્ત ન આવે.

(૧૨) **રસગારવલુબ્ધતા** :— રસ કરીને ગર્વ કરે અને તેનો પાછો લોભ રાખે તે રસગારવલુબ્ધતા. બધી ઇન્દ્રિયોને પોષનાર જીભ છે. રસલુબ્ધ જીવને ખાવાના જ વિચારો આવે અને 'એ શાક વિના ખાઈએ નહીં,' એમ મોટાઈ માને. એ તુચ્છ વસ્તુનો જ પ્રકાર છે. જીભ બધી તુચ્છ વસ્તુનું મૂળિયું છે. એને લઈને "રસદેવ નિરંજન" ભુલાઈ જાય છે. શાંતરસમય ધર્મ—કષાય-રહિત આત્માની પરિણતિ એ ખરો અમૃત જેવો રસ છે. બીજા રસથી ઉદાસ થાય તો એ રસ મળે. "પુદ્ગલ-અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત." (આનંદઘનજી-૪)

(૧૩) **અતિભોગ** :— જરૂર પડે તેટલું લે તે સામાન્ય ભોગ. તેથી ઉપરાંત કરે તે અતિભોગ. અકરણીય વિલાસમાં અન્યાય છે અને અતિભોગમાં વધારે પડતું લે તેથી મન વશ થાય નહીં. જરૂરની વસ્તુમાં પણ સંતોષ જોઈએ, તેને બદલે અતિભોગ. એનું ફળ દુઃખ આવે. રોગ થાય, મરી જાય પણ તે વાસના ન જાય. જેમ જેમ વિષયો ભોગવે તેમ તેમ તૃષ્ણા વધતી જાય. અતિભોગવાળો પછી ઝૂરે. પાંચે ઇન્દ્રિયોના વિષયો એવા છે. એથી આત્માના સુખ તરફ વૃત્તિ ન જાય.

(૧૪) **પારકું અનિષ્ટ ઇચ્છવું** :— બીજાનું બૂરું ઇચ્છવું તે. એવા જીવો કોઈનું સારું ન જોઈ શકે. પારકાં તો બધાં ઘણાં છે, તેથી જ્યાં સારું જુએ ત્યાં એવો વિકલ્પ આવે કે એનું કેમ બગડે. એ અનિષ્ટ ઇચ્છવામાં, પારકી પંચાતમાં જ ખોટી થાય; જેથી ઈર્ષા દ્વેષ થાય,

અને નિંદા કરે. જે બીજાનું બૂરું ઇચ્છે તેનું મન કદી વશ થાય નહીં.

**(૧૫) કારણ વિનાનું રળવું** :— કારણ વિના રળતો હોય તેને ત્યાગવૃત્તિ આવે નહીં અને મન વશ થાય નહીં. "શ્રીમંત હો તો પૈસાના ઉપયોગને વિચારજે, રળવાનું કારણ આજે શોધીને કહેજે." એમ પુષ્પમાળામાં છે. એટલે આજીવિકા જેટલું હોય તો રળવાનું કારણ વિચારી જજે. ધન સાથે આવવાનું નથી. લોભને લઈને આખી જિંદગી રળવામાં ગાળે છે. લોભનો તો અંત નથી. છોકરાં માટે રળે, પણ તેના નસીબમાં હોય તો જ પહોંચે.

**(૧૬) ઝાઝાનો સ્નેહ** :— ઘણા સાથે સ્નેહ રાખે, ઓળખાણ હોય તેનું મન નવરું રહે નહીં. બધે ખોટી થાય તેથી ધર્મનો વખત ન મળે.

**(૧૭) અયોગ્ય સ્થળે જવું** :— જ્યાં આપણા મનને વિકાર થાય તેવી જગ્યાએ જવું નહીં. ત્યાં જાય તો લોકો નિંદે અને મનમાં ભય રહે તેથી આત્માનો લક્ષ ચૂકી જાય.

**(૧૮) એકે ઉત્તમ નિયમ સાધ્ય ન કરવો** :— ઉત્તમ નિયમ = ઉત્તમ પુરુષ પાસે લીધેલો નિયમ. જ્ઞાનીએ કહેલી આજ્ઞા ન આરાધે તો તેને મોક્ષની ગરજ નથી. મોક્ષ આપે એવો નિયમ તે ઉત્તમ નિયમ. તેથી લક્ષની બહોળતા થાય.

અઢાર પાપસ્થાનક છોડવા હોય તેણે આ અઢાર દોષ છોડવા જોઈએ. આ બધા દોષો જવાનું કારણ એક

સત્સંગ છે. આ અઢાર વિઘ્નો છે. તેમાં જીવ જ્યાં સુધી દોરાયેલો છે ત્યાં સુધી અઢાર પાપસ્થાનક ક્ષય થવાના નથી.

આળસુ હોય તે પાપ ટાળી શકે નહીં, અનિયમિત ઊંઘ હોય તે ગમે ત્યાં ઊંઘ્યા કરે. વિશેષ આહારવાળાને વધારે ઊંઘ હોય અને આહારમાં જ ચિત્ત હોય. તેને સારું ખાવાનું કરવા આડે પાપ ટાળવાની વૃત્તિ ન થાય. ઉન્માદથી પાપ બંધાય. માયાપ્રપંચી લોકોને સારું દેખાડવા, પાપ ઢાંકવા પ્રયત્ન કરે; પણ પાપ ટાળે નહીં. અનિયમિત કામથી નવરો જ ન થાય. કામ પતાવે નહીં, તેથી દોષો ટાળવાનો વખત ન મળે. અકરણીય વિલાસવાળો પણ દોષ ન ટાળે. માનવાળાને દોષોનો વિચાર ન આવે. આટલું આટલું કરું છું એમ પોતાને મોટો માને. તેથી માન મેળવવા પણ દોષ કરે. મર્યાદા ઉપરાંત કામ હોય ત્યાં પોતાનો વિચાર કરવાનો વખત ન મળે. આપવડાઈવાળો પણ માનવાળાની જેમ દોષો ન ટાળે. પોતાની બડાઈ હાંક્યા કરે. જૂઠું બોલાશે તો પાપ લાગશે એ વિચારે નહીં. તુચ્છ વસ્તુમાં વૃત્તિ હોય ત્યાં સુધી દોષ ટાળવામાં રસ ન આવે. રસગારવ અને રસલુબ્ધતાને કારણે ઘણાં દોષો થાય. દારૂ, માંસ વગેરે બાવીસ અભક્ષ્ય પણ સેવે. અતિભોગમાં પોતાના દોષ ન સાંભરે. પાપ કરીને પણ ભોગ ભોગવે. પારકું અનિષ્ટ ઇચ્છે, પારકા દોષ જુએ તેથી પોતાના દોષ ન દેખાય. કારણ વિનાનું રળવું એ લોભ છે. લોભે સર્વ નાશ થાય. ઝાઝાનો સ્નેહ – ઘણાનું માને તેથી તેઓ એની પાસે પાપ પણ કરાવે. અયોગ્ય સ્થળે જવું – તે પાપનું કારણ છે. એકે ઉત્તમ ગુણ–નિયમ હોય તો બધા દોષને કાઢે

આ દોષો ગયા વિના અઢાર પાપસ્થાનક ન જાય. આ અઢાર દોષો જવાથી મન વશ થાય, તેથી ધારેલી સિદ્ધિ–મોક્ષ થઈ શકે છે. અઢાર દોષમાં મન જતું હોય ત્યાં સુધી આત્મસાર્થક–આત્મહિત ન થાય. અતિભોગ છોડી ગૃહસ્થ અવસ્થાના સામાન્ય ભોગ પણ નહીં પરંતુ મુનિનું કેવળ ભોગત્યાગવ્રત જેણે લીધું છે અને એ એક્કે દોષનું મૂળ જેના હૃદયમાં નથી તે મહાત્મા છે.

---

## શિક્ષાપાઠ ૧૦૧. સ્મૃતિમાં રાખવા યોગ્ય મહાવાકયો

જે આખી મોક્ષમાળા વાંચી જાય તેને આ દશ મહાવાક્યો યાદ રાખવા જેવા છે. મહાવાક્યો એટલે જેનું ફળ મહાન હોય તે.

**(૧) એક ભેદે નિયમ એ જ આ જગતનો પ્રવર્તક છે :-**

જગતનો પ્રવર્તક ઈશ્વર નથી એમ આગળ કહ્યું હતું તેમાં શંકા થાય, તે સર્વના ખુલાસારૂપ આ વાક્ય છે. એક ભેદે = એક અપેક્ષાએ દરેક પદાર્થમાં જે ધર્મો છે તે પ્રમાણે તે પ્રવર્તે છે. જેમ ગોળ ગળ્યો લાગે, લીંબડો કડવો લાગે એમ જગતમાં નિયમ સર્વત્ર દેખાય છે. તેથી કોઈ જગતકર્તારૂપે ઈશ્વરની જરૂર નથી. નિયમને લઈને જગત પ્રવર્તે છે. ચાવી પ્રમાણે ઘડિયાળ ચાલે તેમ નિયમો પ્રમાણે જગત ચાલે છે. તેમ પુણ્ય પાપ કર્મ પણ તેના નિયમ પ્રમાણે ચાલે છે. ''આ તો અખંડ સિદ્ધાંત માનજો કે સંયોગ, વિયોગ, સુખ, દુઃખ, ખેદ, આનંદ, અણરાગ, અનુરાગ, ઇત્યાદિ યોગ કોઈ વ્યવસ્થિત

કારણ (નિયમ) ને લઈને રહ્યા છે.” (૨૧-૧) અહીં મુખ્યપણે કર્મના નિયમો વિષે કહેવું છે. આખો કર્મગ્રંથ નિયમો જ બતાવે છે. અમુક ભાવ કરવાથી અમુક કર્મ બંધાય, તે ભોગવવાનાં અમુક સ્થાન હોય ઇત્યાદિ નિયમ છે. દરેક વસ્તુમાં જે ગુણો હોય તે નિયમથી પરિણમે છે.

“ફળદાતા ઈશ્વર તણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર.
તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ.”

**(૨) જે મનુષ્ય સત્પુરુષોના ચરિત્રરહસ્યને પામે છે તે મનુષ્ય પરમેશ્વર થાય છે :-**

મહાપુરુષોએ પરમપદ કેમ પ્રાપ્ત કર્યું તે જેને સમજાય તે પણ તે જ પદને પામે છે. મહાપુરુષોએ, જ્યારથી સમ્યક્દર્શન થાય ત્યારથી એક આત્માનો નિશ્ચય કર્યો હોય છે અને તેમાં જ પુરુષાર્થ કરે છે. સત્પુરુષોને શું કરવાની તાલાવેલી લાગી છે એમ સમજાય તો તેને પણ તેમ કરવાની ભાવના થાય. મહાપુરુષો કર્મ કેમ છૂટે, એ લક્ષથી પ્રવર્તે છે. રાગદ્વેષ રહિત થવું એ જ સત્પુરુષના ચરિત્રનું રહસ્ય છે. સ્વસ્થ શાંત પરિણામ રાખી આત્માને સ્થિર કરવો, સહજસ્વરૂપે જીવની સ્થિતિ થવી એ જ જન્મ-મરણ ટળવાનો ઉપાય છે. ત્યાં અભ્યંતર ચારિત્ર છે રાગદ્વેષ ઘટાડવા માટે સર્વ જપ, તપ, વ્રતાદિ કરવાના છે. સત્પુરુષની દશામાં એકરૂપ થઈ જવું તે પરાભક્તિ છે. બીજા ધર્મમાં જગતકર્તારૂપે એક ઈશ્વર માને તેથી પરમેશ્વર કોઈ ન થાય. જૈનમાં તો દરેક જીવ માટે

પરમેશ્વર થવાની છૂટ છે. શુદ્ધ સ્વભાવમાં આવે તે મનુષ્ય ઈશ્વર થાય. ઈશ્વર અને પરમેશ્વરમાં ભેદ નથી. તેમ છતાં ગુણસ્થાનની અપેક્ષાએ ચોથા ગુણસ્થાનથી ઈશ્વર અને તેરમા ગુણસ્થાને પરમેશ્વર કહેવાય એમ ભેદ છે. પરમેશ્વર થાય તે સંપૂર્ણ સુખી થાય. તેથી વિપરીત શું ? તે કહે છે—

**(૩) ચંચળ ચિત્ત એ જ સર્વ વિષમ દુઃખનું મૂળિયું છે :**

સંકલ્પવિકલ્પ એ જ દુઃખનું મૂળિયું છે. મન ચંચળ રહ્યું તો બધું દુઃખ જ આવવાનું. જગતના બધા દુઃખો છે તે સમતા ન રહેવા દે તેવા વિષમ છે. “ આત્મપરિણામની અસ્વસ્થતાને શ્રી તીર્થંકર અસમાધિ કહે છે. આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર સમાધિ કહે છે.” સમાધિ એ જ સુખ છે. “આત્મપરિણામની સહજ સ્વરૂપે પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર ધર્મ કહે છે. આત્મપરિણામની કંઈ પણ ચપળ પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર કર્મ કહે છે.” (૫૬૮)

**(૪) ઝાઝાનો મેળાપ અને થોડા સાથે અતિ સમાગમ એ બન્ને સમાન દુઃખદાયક છે :-**

જેને વધારે ઓળખાણ છે તેને વધારે દુઃખ છે. ઘણા માણસોનો મેળાપ હોય તો બધાનું મન સાચવવું પડે, બધાની વાત યાદ રાખવી પડે તેથી મન ચંચળ રહે. તેમજ થોડા સાથે અતિમેળાપ રહે તે પણ વધારે દુઃખ-દાયક છે. થોડા સાથે અતિપરિચયથી અવજ્ઞા થાય, સામાન્યપણું થાય કે પ્રતિબંધ થાય. સંસાર જેને છોડવો છે તેને બેય છોડવા જેવા છે. આ સંસારની અપેક્ષાએ વાત કહી. હવે મોક્ષની વાત કહે છે.

**(૫) સમસ્વભાવીનું મળવું એને જ્ઞાનીઓ એકાંત કહે છે.**

સમસ્વભાવી – મોક્ષની ઇચ્છાવાળા મળે ત્યાં ઘણા કે થોડા હોય તો પણ એકાંત છે. સત્સંગમાં સંસારનો સ્વાર્થ કે વિષયની વાત ન હોય; પણ છૂટવાનો આશય, રુચિ હોય તેથી એકાંત છે. મેળો, નાટક જોવા જાય ત્યાં આશય, રુચિ ભિન્ન ભિન્ન હોય છે. જ્યાં સ્વાર્થ અને વિષયની વાત હોય ત્યાં સમસ્વભાવતા નથી.

**(૬) ઇન્દ્રિયો તમને જીતે અને સુખ માનો તે કરતાં તેને તમે જીતવામાં જ સુખ, આનંદ અને પરમપદ પ્રાપ્ત કરશો :-**

અજ્ઞાની, મોહને લઈને ઇન્દ્રિયોની આધીનતામાં સુખ માને છે–ભોગમાં સુખ માને છે. એમ અનાદિકાળથી જીવ ઇન્દ્રિયોના ખાડામાં પડ્યો છે. જ્ઞાની જાણે છે કે ઇન્દ્રિયો આપણને વશ કરે છે તે દુઃખ છે. તેને જીતવાથી જ સુખ અને પરમપદ – મોક્ષ પ્રાપ્ત થાય. ઇન્દ્રિયોને જીતવી એ ખરો પુરુષાર્થ છે. મનને જીતે તે ઇન્દ્રિયોને જીતે. મનને જીતવા ૧૮ દોષ કહ્યા તે તજવા. પાંચે ઇંદ્રિયોને જીતવારૂપ સાધુપણું પાળવાથી પરમપદ – મોક્ષ પ્રાપ્ત થાય. આત્મા આત્મામાં રહે તે પણ પરમપદ છે.

**(૭) રાગ વિના સંસાર નથી અને સંસાર વિના રાગ નથી :-**

રાગ એ મોહનો વિકલ્પ છે. જ્યાં તેનો ત્યાગ કર્યો ત્યાં સંસાર જ નથી. રાગથી સંસાર થાય છે. દ્વેષની ખબર પડે છે અને તે દોષ છે એમ જણાય છે. પણ રાગ સૂક્ષ્મ છે તેથી ખબર પડતી નથી, તેથી તે દોષરૂપ લાગતો નથી.

ગૌતમસ્વામીએ રાગ મૂક્યો તો કેવળજ્ઞાન પ્રગટ્યું. દસમે ગુણસ્થાને લોભનો નાશ થાય ત્યાં સુધી રાગ રહે. જેનો રાગ ગયો તેને વીતરાગ કહ્યા છે.

**(૮) યુવાવયનો સર્વસંગપરિત્યાગ પરમપદને આપે છે :**

યુવાવયમાં ઘણી ભૂલો થાય છે. યુવાવયમાં મોહનું બળ વધારે હોય છે તેથી કર્મ બાંધી લે છે. તે વયમાં શરીર ઉપર કાબૂ હોય છે પણ તે બળ બધું ક્ષણિક વસ્તુમાં નકામું જાય છે. જો તે વયમાં સમજણ આવી જાય અને ત્યાગ કરે તો પછી પુરુષાર્થ કરીને મોહને જીતે અને તેથી મોક્ષ થાય. તે વખતે ઘણી ધર્મભાવના હોય તો જ સર્વસંગપરિત્યાગ થાય. પણ સત્પુરુષનો યોગ હોય તો જ તેમ થઈ શકે અને સાચી મોક્ષની ઇચ્છા જાગે. યુવાવયમાં ધન, સ્ત્રી, છોકરાં માટે પુરુષાર્થ થાય છે, તેને બદલે ધર્મ કમાવા સર્વસંગપરિત્યાગ કરે તો ઘણો અવકાશ હોવાથી પુરુષાર્થ કરી શકે, અને તે વયમાં બળ વિશેષ હોવાથી કર્મ ક્ષય કરી પરમપદ-મોક્ષ મેળવે.

**(૯) તે વસ્તુના વિચારમાં પહોંચો કે જે વસ્તુ અતીંદ્રિય સ્વરૂપ છે :-**

યુવાવયમાં ત્યાગ કરીને બહારના ચારિત્રમાં ખોટી ન થઈ રહે પરંતુ મુખ્યપણે અતીંદ્રિય એવું પોતાનું આત્મસ્વરૂપ છે તેનો વિચાર કરે.

**(૧૦) ગુણીના ગુણમાં અનુરક્ત થાઓ :**

જેમને શુદ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્ત થયું છે એવા આત્મજ્ઞાની તે ખરા ગુણી છે. તેમના ગુણોમાં અનુરક્ત થવું

એ ખરી ભક્તિ છે. રાગને જીતવા પ્રશસ્ત રાગની જરૂર છે. 'પ્રશસ્ત પુરુષની ભક્તિ કરો, તેનું સ્મરણ કરો; ગુણ-ચિંતન કરો.'' (૮૫) મુખ્યત્વે સમ્યક્‌દર્શનજ્ઞાનચારિત્ર એ ગુણ છે. માર્ગાનુસારીમાં પણ સરળતા, પવિત્રતા વગેરે ગુણો હોય. ગુણ જોતાં આવડે તો ગુણ પ્રાપ્ત થાય. મોક્ષે ગયા છે તેના ગુણો યાદ આવે તો બધા દોષો ધોવાઈ જાય.

---

## શિક્ષાપાઠ ૧૦૨. વિવિધ પ્રશ્નો, ભાગ ૧

કૃપાળુદેવ કહે છે કે આ મોક્ષમાળા તમે ભણી ગયા. હવે હું કેટલાક પ્રશ્નો નિર્ગ્રંથ પ્રવચનાનુસાર—આગમ અનુસાર ઉત્તર આપવા માટે પૂછું છું.

(૧) ધર્મની અગત્ય શી છે ? આત્માનો ઉદ્ધાર કરવા માટે ધર્મની જરૂર છે. ભક્તિ અને ધર્મમાં ફેર શો ? ભક્તિ એ પ્રવૃત્તિરૂપ છે. ધર્મ એ નિવૃત્તિરૂપ છે એટલે ધર્મમાં બધેથી છૂટીને આત્મામાં આવવાનું છે. શા માટે ? અનાદિ કર્મજાળ ટાળવા માટે.

(૨) જીવ પહેલો કે કર્મ ? અનાદિકાળથી જીવ કર્મ-વાળો છે. ખાણમાં સોનું પહેલેથી માટી સાથે વળગેલું છે. તેને ચોખ્ખું કરે ત્યારે જુદું થાય. તેમ જીવ અને કર્મ બન્ને અનાદિકાળથી સાથે છે. જીવ અનાદિથી એનો એ છે. કર્મ છે તે પ્રવાહથી અનાદિ છે. જીવ એ પહેલો કહીએ તો તે શુદ્ધ હોય તો તેને કર્મ વળગે શી રીતે ? અને કર્મ પહેલાં કહો તો જીવ વગર કર્મ કર્યાં કોણે ? એ ન્યાયથી બન્ને અનાદિકાળથી છે.

(૩) જીવ રૂપી કે અરૂપી ? અપેક્ષાએ રૂપી અને અપેક્ષાએ અરૂપી એમ સ્યાદ્વાદ છે. જીવનું મૂળ સ્વરૂપ તો અરૂપી છે. વ્યવહારથી રૂપી કહેવાય. જ્યાં સુધી એને રૂપીનો સંગ છે ત્યાં સુધી વ્યવહારથી રૂપી છે, પણ નિશ્ચયથી અરૂપી છે.

(૪) રૂપી શાથી ? અને અરૂપી શાથી ? રૂપી સાથે સંબંધમાં આવ્યો તેથી રૂપી કહ્યો. દેહના નિમિત્તે આત્મા રૂપી કહેવાય છે. દેહ છે તે પુદ્ગલ છે અને પુદ્ગલ છે તે રૂપી છે. પણ ખરી રીતે તો આત્માનું અતીંદ્રિય રૂપ છે એટલે સ્વસ્વરૂપે અરૂપી છે.

(૫) દેહ નિમિત્ત શાથી છે ? બાંધેલા કર્મના ફળથી. જે કર્મ બાંધ્યાં હોય તે ભોગવવા માટે દેહ મળે છે.

(૬) કર્મની મુખ્ય પ્રકૃતિઓ કેટલી છે ? આઠ છે.

(૭) કઈ કઈ ? તેનાં નામ—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર, આયુષ્ય અને અંતરાય.

(૮) એ આઠે કર્મની સામાન્ય સમજ કહો. ઉત્તર : પ્રકૃતિ એટલે સ્વભાવ. જ્ઞાનાવરણીય જ્ઞાનને આવરણ કરે, જ્ઞાન થવા ન દે. દર્શનાવરણીય દર્શનને આવરણ કરે, પ્રગટ થવા ન દે. વેદનીય શાતા અશાતારૂપ છે. તેનાથી આત્માની અવ્યાબાધ સુખરૂપ શક્તિ રોકાઈ રહે છે. મોહનીય આત્માને પોતાના સ્વભાવમાં રહેવા ન દે. શરીરની રચનાનું કારણ તે નામકર્મ છે. તેથી ઘોડો ગાય વગેરે નામ પડે. શરીર એ તો નોકર્મ છે, કર્મરૂપ નથી. પણ તેની રચના નામકર્મને આધારે થાય છે. ગોત્ર–ઘોષણ, ઊંચ નીચ એમ

જાહેર થવાનું કારણ તે ગોત્રકર્મ. આયુષ્ય – એક શરીરમાં જકડી રાખે. એક આયુ ભોગવાઈ રહે તે પહેલાં બીજા ભવનું આયુ બંધાઈ જાય તેથી બીજો ભવ થાય. તેથી મોક્ષે જતાં પણ રોકે. અંતરાય – દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય શક્તિઓ સંપૂર્ણ પ્રગટવામાં વચ્ચે આવે, વિઘ્ન કરે તે.

---

## શિક્ષાપાઠ ૧૦૩. વિવિધ પ્રશ્નો, ભાગ ૨

(૯) એ કર્મો ટળવાથી આત્મા ક્યાં જાય છે ? અનંત અને શાશ્વત મોક્ષમાં. અનંત એટલે જેનો અંત નથી અને શાશ્વત એટલે અનંત સિદ્ધની અપેક્ષાએ સદાય, અનાદિ અનંત.

(૧૦) આ આત્માનો મોક્ષ કોઈ વાર થયો છે ? ના.

(૧૧) કારણ ? મોક્ષ થાય પછી કર્મ ન વળગે તેથી ફરી જન્મે નહીં. તમે જન્મ્યા છો તે બતાવે છે કે તમારા આત્માનો મોક્ષ પહેલાં કોઈ વાર થયો નથી.

(૧૨) કેવલી અથવા જીવન્મુક્તનાં લક્ષણ શું ? જેમણે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘનઘાતી કર્મ ક્ષય કર્યાં છે અને આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય એ ચાર અઘાતી કર્મ જેમણે પાતળાં પાડ્યાં છે અર્થાત્ જે 'બળી સીંદરીવત્' રહ્યાં છે. જેમ રાખરૂપ થયેલી સીંદરી દેખાય પણ તે બાંધી શકે નહીં, પવન આવે તો ઊડી જાય તેમ. મોહને લઈને એ કર્મો

અસર કરે છે. મોહ ક્ષય થયા પછી અર્થાત્ કેવળજ્ઞાન થયા પછી આત્માને અસર કરી શકતાં નથી.

(૧૩) ગુણસ્થાન કેટલા છે ? ચૌદ.

(૧૪) તેનાં નામ કહો ? ઉત્તર :—પહેલું મિથ્યાત્વ ગુણસ્થાનક—સામાન્ય રીતે એકેન્દ્રિય વગેરે બધા અજ્ઞાની જીવો મિથ્યાત્વમાં હોય છે. જ્યાં સુધી મિથ્યાત્વ પ્રકૃતિનો ઉદય હોય ત્યાં સુધી મિથ્યાત્વ ગુણસ્થાનક હોય. આ મિથ્યાત્વ ગુણસ્થાનકને અંતે ૧૬ પ્રકૃતિ ન બંધાય.

બીજું સાસ્વાદન ગુણસ્થાનક — સાસ્વાદન એટલે સમકિત વમી નાખે છતાં સમકિતનો સ્વાદ રહે. એમાં અનંતાનુબંધીનો ઉદય હોય છે. આ બીજા સાસ્વાદન ગુણસ્થાનકને અંતે પચ્ચીસ પ્રકૃતિ ન બંધાય એટલો ગુણ પ્રગટે. એમ દરેક ગુણસ્થાનકમાં આત્માનો અધિક અધિક ગુણ પ્રગટે છે.

ત્રીજે મિશ્ર ગુણસ્થાનકે મિશ્રમોહનીયનો ઉદય હોય છે. તેમાં સાચાને સાચું અને ખોટાને પણ સાચું માનવારૂપ મિશ્ર પરિણામ હોય છે. ત્યાંથી ચઢે કે પડે.

ચોથે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે ધર્મની શરૂઆત થાય છે. પહેલાં ત્રણ ગુણસ્થાનક આંધળાં છે. ચોથા ગુણસ્થાનકમાં આત્માને ઓળખે એટલે સાચાને સાચું માને અને ખોટાને ખોટું માને. આમ પોતાની માન્યતા ફરી જાય અને જ્ઞાનીની માન્યતા પ્રમાણે માન્યતા થાય ત્યારે અનંતાનુબંધીની ચાર પ્રકૃતિ તથા મિથ્યાત્વ-મોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયનો ક્ષય,

ક્ષયોપશમ કે ઉપશમ થાય ત્યાં ચોથું ગુણસ્થાનક કહ્યું છે. અહીં ક્ષાયિક સમકિતવાળાને સાતે પ્રકૃતિનો અભાવ હોય છે. આ ગુણસ્થાનકે જીવ ધર્મ પામ્યો કહેવાય છે. અહીં ચોથે સાચી વસ્તુ ઓળખે પછી એ જીવ સંસારમાં ખોવાય નહીં. કદાચ સમ્યગ્દર્શનથી પતિત થઈ જાય અને પાછો મોડો જાગે તોપણ વધારેમાં વધારે અર્ધપુદ્ગલ-પરાવર્તનનો કાળ પૂરો થતાં છેલ્લા અંતર્મુહૂર્તમાં પણ મોક્ષે જતો રહે. આ ચોથા ગુણસ્થાનકમાં અનંતાનુબંધી ક્રોધ માન માયા લોભની ચોકડી જવાથી સમકિત સાથે સ્વરૂપાચરણ ચારિત્ર હોય. ત્યાં સમ્યગ્દર્શન સમ્યક્‌જ્ઞાન સમ્યક્‌ચારિત્ર એ રત્નત્રયરૂપ ધર્મ પ્રગટે છે. મિથ્યાત્વની હાજરીમાં અવિરતિપણું જતું નથી. કારણ કે મિથ્યાત્વ સહિત વિરતિપણું આદરવાથી મોહભાવ જતો નથી. મોહભાવ કાયમ છે ત્યાં સુધી અભ્યંતર વિરતિપણું થતું નથી. પરંતુ જો મિથ્યાત્વ જાય તો અવિરતિને જવું જ જોઈએ. પ્રમુખપણે રહેલો જે મોહભાવ ( મિથ્યાત્વ ) તે નાશ પામવાથી અભ્યતર અવિરતિપણું રહેતું નથી અને બાહ્ય જો વિરતિપણું આદરવામાં ન આવ્યું હોય તોપણ અભ્યંતર છે તે સહેજે બહાર આવે છે. ઉદયને લઈને બાહ્ય વ્રત ન લઈ શકે તોપણ ઉદયકાળ સંપૂર્ણ થઈ રહે ત્યારે સહેજે વિરતિપણું પ્રગટે છે, કારણ પહેલેથી તે પ્રાપ્ત થયેલું છે. ચોથે ગુણસ્થાનકે પરપદાર્થમાં તાદાત્મ્યપણું જાય છે તેથી એક રીતે સર્વસંગપરિત્યાગપણું થાય છે, પણ ત્યાં ઉદય છે. પ્રથમ આત્માનો બોધ થાય અને પછીથી વ્રત આવે ત્યારે દેશવિરતિ થાય.

પાંચમા દેશવિરતિ ગુણસ્થાનકમાં સમ્યક્‌દર્શન ઉપરાંત દેશે વ્રત આવે છે. ત્યાં ધર્મથી આગળ વધે છે. અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ માન માયા લોભ કષાય આ પાંચમામાં ન હોય તેથી અંશે પ્રત્યાખ્યાન આવે. અગિયાર પ્રકૃતિ ન હોય ત્યારે દેશવિરતિ કહેવાય. અહીં મુનિપણાની તૈયારી છે.

છઠ્ઠું પ્રમત્તસંયત ગુણસ્થાનક—પ્રમાદ સહિત જ્યારે સંયમ હોય ત્યારે છઠ્ઠું ગુણસ્થાનક કહ્યું છે. આ ગુણસ્થાનકવાળાને પંદર પ્રકૃતિ ન હોય. આમાં પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ માન માયા લોભની ચોકડી જાય. પ્રથમ આત્માનો બોધ થાય પછી કષાય જાય તેમ તેમ વ્રત કરે તે તૂટે નહીં. આ પ્રમત્ત ગુણસ્થાનકમાં સંજ્વલન કષાયનો ઉદય તીવ્ર છે.

સાતમે અપ્રમત્તસંયત ગુણસ્થાનકે સંજ્વલન કષાયનો ઉદય મંદ છે. ત્યાં પ્રમાદ નથી. છઠ્ઠા અને સાતમા બેય ગુણસ્થાનકમાં સંયમ હોય, વ્રત વગેરે સંપૂર્ણ પાળે. સાતમા ગુણસ્થાનકના બે ભેદ છે : નિરતિશય અને સાતિશય. નિરતિશયવાળો પાછો અંતર્મુહૂર્તમાં છઠ્ઠે આવે. સાતિશયવાળો અંતર્મુહૂર્ત ટકીને શ્રેણી માંડી આઠમે જાય.

આઠમું અપૂર્વકરણ ગુણસ્થાનક — કોઈ કાળે જે ભાવ થયા ન હોય તેવા ભાવ થાય તે અપૂર્વકરણ. આ અપૂર્વકરણ ગુણસ્થાનકમાં પ્રકૃતિઓ ખપાવવાની તૈયારી કરે છે.

નવમા અનિવૃત્તિબાદર ગુણસ્થાનકમાં પ્રકૃતિઓ ખપાવે છે.

દશમા સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનકમાં અત્યંત સૂક્ષ્મ સંજ્વલન લોભ કષાયનો ઉદય હોય છે. આ ગુણસ્થાનકના અંતમાં લોભ જતાં વીતરાગતાગુણ પ્રગટે ત્યારે સીધા બારમે ગુણસ્થાનકે આવે.

અગિયારમું ઉપશાંતમોહ ગુણસ્થાનક — આ ગુણસ્થાન ઉપશમશ્રેણીમાં જ હોય છે, ક્ષપકશ્રેણીમાં હોતું નથી. આ ગુણસ્થાનકમાં મોહનીયની કોઈ પ્રકૃતિ ઉદયમાં ન હોય, બધી શમાવી દીધેલી હોય. તેથી ઉપશમશ્રેણીમાં અગિયારમા ગુણસ્થાનકે ઉપશાંત કષાય હોવાથી ત્યાંથી નિયમા પડે પણ ક્ષપકશ્રેણીમાં કષાયોનો ક્ષય કરેલો હોવાથી દશમાથી સીધા બારમે ગુણસ્થાનકે આવે.

બારમું ક્ષીણમોહ ગુણસ્થાનક — ત્યાં મોહનો ક્ષય થયેલો હોય છે. ચોથા ગુણસ્થાનકથી વીતરાગપણું વધતાં વધતાં બારમે ગુણસ્થાનકે પૂર્ણ થાય. જેટલા કષાય ઘટે તેટલા પ્રમાણમાં જિન થાય. બારમા ગુણસ્થાનકે ૧૬ પ્રકૃતિઓ (૫ જ્ઞાનાવરણીય, ૫ અંતરાય, ૪ દર્શનાવરણીય અને ૨ નિદ્રા) ક્ષય થાય ત્યારે તેરમે ગુણસ્થાનકે આવે.

તેરમું સયોગીકેવલી ગુણસ્થાનક — ત્યાં અનંતચતુષ્ટય પ્રગટે. આ ગુણસ્થાનકમાં કેવળજ્ઞાનની સાથે મન વચન કાયાના યોગ હોય છે.

ચૌદમું અયોગીકેવલી ગુણસ્થાનક — આમાં કેવળી ભગવાન શૈલ એટલે પર્વત જેવા નિશ્ચળ અથવા શીલ + ઈશ = શૈલેશ અર્થાત્ શીલના સ્વામી થાય છે. ત્યાં પરમ-યથાખ્યાત ચારિત્ર હોય છે. આ ગુણસ્થાનકમાં યોગની

સાથે સંબંધ ન હોય. મન વચન કાયાના ત્રણેય યોગ છૂટી જાય છે. આ અયોગી ગુણસ્થાનકે અ, ઇ, ઉ, ઋ, લૃ એ પાંચ હ્રસ્વ સ્વર બોલીએ એટલો કાળ પૂર્ણ થયે કેવળી ભગવાન એક સમયમાં લોકાંતે જઈ સિદ્ધ સ્વરૂપે બિરાજે છે.

---

## શિક્ષાપાઠ ૧૦૪. વિવિધ પ્રશ્નો, ભાગ ૩

(૧૫) કેવલી અને તીર્થંકરમાં ફેર શો ? કેવળી અને તીર્થંકર શક્તિમાં સમાન છે પરંતુ તીર્થંકરે પૂર્વે તીર્થંકર નામકર્મ બાંધ્યું હોય છે, તેને લઈને તેમને કેવળજ્ઞાન પ્રગટે ત્યારે તીર્થંકર નામકર્મનો ઉદય થાય છે, તેથી વિશેષમાં બાર ગુણ એટલે ચાર અતિશય અને આઠ પ્રાતિહાર્ય તેઓને પ્રાપ્ત થાય છે. તીર્થંકર પણ કેવલી તો છે પણ તેમણે તીર્થંકરનામકર્મ ઉપાર્જ્યું છે તેથી અમુક ક્ષેત્રે ધર્મનો ઉદ્ધાર અથવા ધર્મતીર્થની સ્થાપના તેમના દ્વારા થાય છે. જ્યારે બીજા કેવળી ધર્મતીર્થની સ્થાપના કરે નહીં અને ઉપદેશ કરે કે ન પણ કરે.

(૧૬) તીર્થંકર શા માટે ઉપદેશ કરે ? પૂર્વકર્મને અનુસરીને કરે છે. 'વિચરે પૂર્વપ્રયોગ.'

(૧૭) હમણાં પ્રવર્તે છે તે શાસન કોનું છે ? ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરનું.

(૧૮) મહાવીર પહેલાં જૈનદર્શન હતું ? હા.

(૧૯) તે કોણે ઉત્પન્ન કર્યું હતું ? જૈનદર્શન તો અનાદિ છે પરંતુ જ્યારે જ્યારે તીર્થંકર જન્મે ત્યારે અમુક કાળે,

અમુક ક્ષેત્રે જૈનદર્શનનો ઉદ્ધાર કરે. એ અપેક્ષાએ કહેવાય કે મહાવીર પહેલાના તીર્થંકરોએ જૈનદર્શન ઉત્પન્ન કર્યું હતું.

(૨૦) તેઓના અને મહાવીરના ઉપદેશમાં પરસ્પર ભેદ છે ? કાળભેદથી કંઈક આચાર-ભેદ પડે પણ તત્ત્વરૂપે તો એક જ હોય. એક જ હેતુથી ઉપદેશ હોય. તે હેતુ આત્માને પવિત્ર કરવાનો છે.

(૨૧) એ બધાનો મુખ્ય ઉપદેશ શો છે ? આ મોક્ષમાળામાં કહ્યો છે તે જ છે કે આત્માને તારો; એને કર્મક્લેશથી છોડાવો અને આત્માની અનંત શક્તિઓનો પ્રકાશ કરો—આત્માના ઉપર આવરણ છે તે દૂર કરો.

(૨૨) એ માટે તેઓએ કયાં સાધનો દર્શાવ્યા છે ? સાચા દેવ–ગુરુ–ધર્મને ઓળખવા. તેમનું શરણ લેવું સદ્ગુરુ પાસેથી ધર્મનું જ્ઞાન પામવું અને ત્રિવિધ ધર્મ આચરવો.

(૨૩) ત્રિવિધ ધર્મ કયો છે ? 'મૂળમાર્ગ'માં કહ્યો છે તે સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્રરૂપ ત્રિવિધ ધર્મ છે.

---

## શિક્ષાપાઠ ૧૦૫. વિવિધ પ્રશ્નો, ભાગ ૪

(૨૪) જૈનદર્શન જ્યારે સર્વોત્તમ છે તો બીજા ધર્મ એના બોધને કેમ માનતા નથી ? ભારેકર્મી હોય તે ખોટાને સાચું માને અને સાચાને ખોટું માને એ રૂપ મિથ્યાત્વનાં દળિયાં, પડ ઉપર પડ જામી જવાથી તે સત્ય વસ્તુ ન સ્વીકારી શકે. કોઈ હળુકર્મી હોય તો તેને સત્પુરુષનો

સમાગમ ન હોય. એમ સત્સમાગમના અભાવથી ખળી રહે અને સાચું ન મનાય. એ વસ્તુ બહુ જ દુર્લભ છે. નિકટ મોક્ષગામી હોય તે જૈનદર્શનને યથાર્થ આરાધી શકે. એવા જીવો આ કાળમાં બહુ જ થોડા છે. યોગ અને યોગ્યતા બન્ને જોઈએ.

(૨૫) જૈન મુનિઓના આચાર કયા છે? જૈન મુનિઓના આચાર સિત્તેર બતાવ્યા છે. તે ચરણસિત્તેરીના બોલ આ પ્રમાણે છે: ૫ મહાવ્રત, ૧૦ યતિ ધર્મ, ૧૭ ભેદે સંયમ, ૧૦ ભેદે વૈયાવૃત્ય, ૯ વિધિ બ્રહ્મચર્ય, ૧૨ પ્રકારે તપ, ૪ ક્રોધાદિ કષાયોનો ત્યાગ, ૧ જ્ઞાન, ૧ દર્શન અને ૧ ચારિત્ર એમ બધા મળીને કુલ ૭૦ ભેદ છે.

(૨૬) સંન્યાસીઓ અને બૌદ્ધ મુનિઓ, જૈન મુનિઓ જેવા પાંચ મહાવ્રત પાળે છે? ના. તેઓના પંચ યામ અને પાંચ મહાશીલ છે. તેને પાળવામાં ફેર છે તેથી સરખા નથી.

(૨૭) કેમ નથી? જૈનમાં પાંચ મહાવ્રત સૂક્ષ્મ ભેદે પાળે છે. પેલામાં સ્થૂલ ભેદે પાળે છે. જૈનમાં પાંચ મહાવ્રતના પ્રતિભેદ એટલે ભેદના ભેદ અતિ સૂક્ષ્મ છે. પેલા બેના સ્થૂલ છે.

(૨૮) કેવી રીતે? તે દૃષ્ટાંત આપી સમજાવો જોઈએ? સંન્યાસીઓ પંચયામ ધારણ કરવા છતાં કંદમૂળ આદિ અભક્ષ્ય ખાય છે, રાત્રે આહાર કરે છે, શીતળ જળ વાપરે છે. એમાં થતો સૂક્ષ્મ જંતુનો નાશ તેમ જ બ્રહ્મચર્યભંગના કારણ તેમનાં લક્ષમાં નથી. તેમ જ બૌદ્ધના

પાંચ મહાશીલ માટે છે. તેઓ તો માંસભક્ષણ આદિથી અને સુખશીલિયા સાધનોથી યુક્ત છે. જૈન મુનિઓ તો કેવળ એથી વિરક્ત જ છે. જૈન મુનિઓના આચાર જેવો કોઈ દર્શનના સંતોમાં આચાર નથી.

---

## શિક્ષાપાઠ ૧૦૬. વિવિધ પ્રશ્નો, ભાગ ૫

(૨૯) વેદ અને જૈન દર્શનને વિરોધ ખરો કે ? જૈનને કંઈ અસમંજસભાવે એટલે અયોગ્ય રીતે વિરોધ નથી. પરંતુ સાચો હોય તે જૂઠાનો પ્રતિપક્ષી ગણાય તેમ જૈનદર્શન સાથે વેદનો સંબંધ છે.

(૩0) એ બેમાં તમે સત્યરૂપ કોને કહો છો ? જૈન દર્શન છે તે પવિત્ર છે તેથી અમે તેને સત્ય કહીએ છીએ.

(૩૧) વેદાંતી વેદાંતને સત્ય કહે તેનું કેમ સમજવું ? એ તો જૈન સંબંધી અજ્ઞાનને કારણે કહે છે. બન્નેનાં મૂળતત્ત્વો તપાસો તો જૈન સત્ય ઠરે.

(૩૨) મહાવીરનું કથન ન્યાયી તો છે, પણ તેઓ જગતકર્તાને ન માને, જગત અનાદિકાળથી છે, અનંતકાળ રહેવાનું છે એમ માને તે વિષે કંઈ કંઈ શંકા થાય છે. આ અસંખ્યાત દ્વીપસમુદ્ર સહિત જગત વગર બનાવ્યે ક્યાંથી હોય ? ઉત્તર—આત્માની અનંત શક્તિ છે. તેમાંથી એક પણ સદ્‌ગુણ પ્રગટે તો અનંતશક્તિની લેશ પણ દિવ્ય પ્રસાદી મળે. પણ એ નથી મળી ત્યાં સુધી એમ લાગે. એટલે કે તમે આત્માના તદ્દન અજાણ છો તેથી તમને એમ લાગે છે કે કોઈ કર્તાની જરૂર છે, પરંતુ તત્ત્વજ્ઞાન

થાય તો એમ લાગે નહીં. 'સમ્મતિતર્ક' ગ્રંથ આપ વિચારશો તો એ શંકા નીકળી જશે.

(૩૩) બહુ બુદ્ધિશાળી હોય તે ખોટી વાતને પણ દૃષ્ટાંત આદિથી સાચી ઠરાવે પરંતુ ખોટાને સાચું કેમ કહેવાય ? કોઈ બહુ બુદ્ધિશાળી વિદ્વાનો ગમે તેમ કહેતા હોય, પણ એમને કંઈ સ્વાર્થ ન હતો કે મૃષા કહે. પળભર એમ માનો કે જગતકર્તા ઈશ્વર છે, તો તેણે જગતકર્તાનો નિષેધ કરનાર એવા મહાવીર જેવા નામબોળક પુત્રને જન્મ કેમ આપ્યો ? જગતકર્તા હોત તો સર્વજ્ઞ-ભગવાન તેમ કહેત, પણ તેમ નથી. જગત અનાદિ અનંત છે; તે જેમ છે તેમ કેવળજ્ઞાનથી જાણીને ભગવાને કહ્યું છે.

---

## શિક્ષાપાઠ ૧૦૭. જિનેશ્વરની વાણી

તીર્થંકર ભગવાનના ચાર અતિશય કહેવાય છે :— (૧) અપાયઅપગમ એટલે ઉપદ્રવનો નાશ, (૨) જ્ઞાનાતિશય, (૩) પૂજા – અતિશય અને (૪) વચન – અતિશય. સામાન્ય કેવલી કરતાં તીર્થંકરને વચનાતિશય હોય છે. તેથી તેમની વાણી પાંત્રીશ ગુણયુક્ત શાસ્ત્રમાં કહી છે. તે ગુણો આ પ્રમાણે છે :— (૧) સર્વ ઠેકાણે સમજાય તેવી. (૨) યોજનપ્રમાણ સંભળાય તેવી. (૩) પ્રૌઢ. બોલનાર મહત્ત્વની વાત કરે છે એમ ભાસે. (૪) મેઘ જેવી ગંભીર. (૫) શબ્દ વડે સ્પષ્ટ. ચોખ્ખા અક્ષર સમજાય. (૬) સંતોષકારક. થોડું છેલ્લે સાંભળે તોય કૃતકૃત્ય માને કે આટલું સાંભળવાનું તો મળ્યું. (૭) દરેક એમ જાણે કે

મને જ કહે છે એવી. (૮) પુષ્ટ અર્થવાળી. નકામું ન બોલે. બાળકને કહે તો પણ આશયયુક્ત હોય અને વિદ્વાન પણ આનંદ પામે. (૯) પૂર્વાપર વિરોધરહિત. (૧૦) મહા-પુરુષને છાજે એવી. તીર્થંકર જ આવું તો બોલી શકે એમ લાગે. (૧૧) સંદેહ વગરની. શું કહ્યું ? આમ કહ્યું કે આમ ? એવી શંકા ન થાય. (૧૨) દૂષણરહિત અર્થ-વાળી. ભાષા સંબંધી દોષ, વ્યાકરણ સંબંધી દોષ કે ગ્રામ્યતારૂપ દોષ ન આવે. (૧૩) કઠણ વિષયને સહેલા કરનારી. તત્ત્વની વાત પણ સહેલી લાગે, 'આત્મસિદ્ધિ'ની જેમ. (૧૪) જ્યાં જેવું શોભે તેવું બોલાય એવી. રાજા બોલે તે રાજા જેવું, દાસી બોલે તે દાસી જેવું. (૧૫) છ દ્રવ્ય, નવતત્ત્વના જ્ઞાનને પુષ્ટ કરે તેવી. (૧૬) પ્રયોજન સહિત. 'સમજ્યા ? શું ? પછી' એવા નિરર્થક શબ્દોથી રહિત. (૧૭) પદરચના સહિત. કોઈ પદ અધૂરું નહીં, રચનામાં ભૂલ નહીં. (૧૮) છ દ્રવ્ય અને નવ તત્ત્વની પટુતા સહિત. દરેક વાતમાં એ વણાતા આવે. (૧૯) મધુર વાણી. (૨૦) પારકો મર્મ જણાઈ ન આવે એવી ચતુરાઈવાળી. દોષ બતાવે તે જેનામાં હોય તે જ જાણે કે મને કહે છે. બીજાને સામાન્ય વાત કહે છે એમ લાગે. કષાયી માણસની વાણી હોય તેમાં તો બીજાને એમ થાય કે 'આને કહે છે, આને કહે છે', એમ પારકો મર્મ પ્રગટ કરે. (૨૧) ધર્મ – અર્થ પ્રતિબદ્ધ નાની વાતો હોય તોપણ તેમાંથી આત્માર્થનો સાર નીકળે. (૨૨) દીપ સમાન પ્રકાશ સહિત. દીવાથી જેમ પદાર્થ જણાય તેમ ભગવાનની વાણીથી લોકાલોક જણાય. (૨૩) પરનિંદા

અને પોતાનાં વખાણ વગરની. માનકષાય અને ક્રોધ હોય તો જ પોતાનાં વખાણ અને પરનિંદા થાય. નિષ્કષાયી વાણી. (૨૪) કર્તા, કર્મ, ક્રિયા વગેરેનાં સંબંધવાળી. (૨૫) આશ્ચર્યકારી. અપૂર્વ વાણી. આગળ આવું સાંભળ્યું નથી એમ લાગે. (૨૬) વક્તા સર્વગુણસંપન્ન છે, બહુ જાણે છે એમ લાગે. થોડું કહે પણ પ્રભાવ પડે કે એમનામાં કંઈ ખામી નથી. (૨૭) ધૈર્યવાળી. ક્યારે મોક્ષ થશે ? એમ અધીરાઈ ન થાય. (૨૮) વિલંબરહિત. થોડું બોલે, પછી ન બોલે એમ નહીં. એકધારું બોલે. (૨૯) ભ્રાંતિરહિત. સંદેહ ઉત્પન્ન ન થાય. પોતાની ભ્રાંતિ ગઈ છે તેથી સાંભળનારને પણ ભ્રાંતિ ન થાય, શ્રદ્ધા થાય. (૩૦) સર્વ જીવ પોતાની ભાષામાં સમજે એવી. જુદી ભાષામાં બોલનારનું ન સમજાય, પરંતુ ભગવાનની ભાષા સૌ પોતપોતાની ભાષામાં સમજે અને સૌના સંશય છેદાય. (૩૧) શિષ્ટબુદ્ધિ ઉપજાવે તેવી. શિષ્ટ એટલે ઉત્તમ પુરુષ જેવી બુદ્ધિ ઉપજાવે. (૩૨) પદના અર્થને અનેક રીતે આરોપણ કરી બોલે તેવી. એક શબ્દમાંથી અનેક અર્થ નીકળે. (૩૩) સાહસિકપણે બોલે એવી. સાંભળીને શૂરવીરપણું ઊપજે. સાંભળીને દીક્ષા લેવાના ભાવ થાય. (૩૪) પુનરુક્તિ દોષ વગરની. એની એ વાત ફરી કહે તો કંટાળો આવે તેથી ફરી કહેવું પડે તો પણ બીજી રીતે કહે. (૩૫) સાંભળનારને ખેદ ન થાય એવી. એના દોષ કહે તોપણ ખોટું ન લાગે, પણ એમ લાગે કે મારા ભલા માટે કહે છે.

એ પાંત્રીશ ગુણ વાણીના કહ્યા છે તે સામાન્ય પ્રકાર છે. પરંતુ અહીં તો જિનેશ્વરની વાણીને અનંત અનંત

ભાવ અને ભેદથી ભરેલી કહી છે. ભાવ એટલે પદાર્થ અને ભેદ એટલે પ્રકાર. અનંત પદાર્થના અનંત સ્વરૂપને અનંત પ્રકારે કહેનારી એવી ભગવાનની ઉત્તમ વાણી છે. કોઈ ભીલને ત્રણ સ્ત્રીઓ હતી. તેમાંથી એકે કહ્યું : 'પાણી લાવો'; બીજીએ કહ્યું : 'ગાઓ' અને ત્રીજીએ કહ્યું : 'હરણને મારો.' ભીલે 'સરો નત્થિ' એ એક જ વાક્યથી તે ત્રણેને જવાબ આપ્યો. તેથી પહેલી સ્ત્રી એમ સમજી કે અહીં સર એટલે સરોવર નથી તેથી પાણી ક્યાંથી લાવું ? બીજી એમ સમજી કે સ્વર એટલે સારો કંઠ નથી તો કેવી રીતે ગાઉં ? અને ત્રીજી એમ સમજી કે શર એટલે બાણ નથી તો હરણને કેવી રીતે મારું ? એમ ત્રણેયનું એક જ વાક્યથી સમાધાન થઈ ગયું. એવી જ રીતે હેમચંદ્રાચાર્યે કુમારપાળ ચરિત્ર અને વ્યાકરણ સાથે આવે એવું દ્વિઅર્થી પુસ્તક લખેલું છે. એક એક વાક્યમાંથી સો સો અર્થ નીકળે એવી પણ રચના હોય છે. તેમ તીર્થંકરની વાણી અનંત ભાવભેદથી ભરેલી છે અને ભલી એટલે ઉત્તમ હોય છે. સામાન્યપણે બધા સમજી શકે, થાક ન લાગે તેવી હોય છે. અને તે વાણી બધા રસવાળી, ભૂલ વિનાની તેમ જ સ્યાદ્વાદથી ભરેલી છે.

અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે = તે જિનેશ્વરની વાણી અનંત નય અને અનંત નિક્ષેપો વડે પદાર્થના સ્વરૂપને કહેનારી છે. એમાં બધા નયો તથા નિક્ષેપો આવીને હાજર થઈ જાય. નય = પદાર્થના અનંત સ્વરૂપને જુદી જુદી અપેક્ષાએ કહે તે નય. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ મુખ્ય સાત

નયો ઉપરથી ૭00 નય કહ્યા છે, પરંતુ કહેવાની અપેક્ષા પ્રમાણે ભેદ પડે તેથી અસંખ્ય અનંત ભેદ નયોના છે. નિક્ષેપ = નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ મુખ્ય ચાર નિક્ષેપ વ્યવહાર ચલાવવા માટે જરૂરના છે. અહીં તો અનંત નય અને અનંત નિક્ષેપો કહ્યા છે. "વાણી વાચક જસ તણી કોઈ નયે ન અધૂરી રે."

સકલ જગત હિતકારિણી = ભગવાનની વાણી સર્વ સંસારી જીવોનું હિત કરનારી છે. દયાના ઉપદેશથી એકેન્દ્રિયાદિ બધા જીવોને સુખનું કારણ થાય એવી છે. હારિણી મોહ = તે મોહનો નાશ કરનારી છે. મુખ્ય મોહ મિથ્યાત્વ એટલે વિપરીત માન્યતા અથવા દર્શનમોહ, તે ભગવાનની વાણીથી દૂર થાય, વળી કષાય જિતાય તેથી ચારિત્રમોહ દૂર થાય, એ રીતે તારિણી ભવાબ્ધિ = સંસારસાગરથી તારનારી છે. અને મોક્ષચારિણી = મોક્ષના પુરુષાર્થમાં પ્રેરનારી છે. પ્રમાદમાં પડેલો હોય અને વાણી સાંભળે તો પુરુષાર્થમાં મંડી પડે અને અલ્પ કાળમાં મોક્ષ પ્રાપ્ત કરે. એ રીતે મોક્ષમાં લઈ જનારી છે. અંજનચોર આઠ દિવસમાં મોક્ષ પામી ગયા. પ્રમાણી છે = એ જિનેશ્વરની વાણીને મહાપુરુષોએ નિશ્ચય માનવા યોગ્ય, સત્ય અને પ્રમાણભૂત માનેલી છે.

ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ = એ વાણી કોના જેવી છે? એના માટે ઉપમા જડે એમ નથી એની સાથે સરખામણી કરવા યોગ્ય વસ્તુ જગતમાં છે જ નહીં, તેથી એને ઉપમા આપવાની તમા રાખવી – દરકાર રાખવી કે બહાદુરી કરવી વ્યર્થ છે.

આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે = એને ઉપમા આપવા કોઈ પ્રયત્ન કરે તો તેની પોતાની બુદ્ધિ મપાઈ જાય છે અર્થાત્ તેની મતિની અલ્પતા જ પ્રગટ થાય છે. તેથી અહીં ઉપમા આપી નથી.

અહો ! રાજચંદ્ર, બાળ ખ્યાલ નથી પામતા એ = શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે બાળ એટલે અજ્ઞાની જીવો ભગવાનની વાણી કેવી મહાન ગંભીર છે તેનો ખ્યાલ પામી શકતા નથી અર્થાત્ તેને સમજી શકતા નથી. સમ્યક્દર્શન થાય તો જ એનું માહાત્મ્ય લાગે.

જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે = એ જિનેશ્વર ભગવાનની વાણી જ્ઞાનીએ જાણી છે, તેણે જ યથાર્થ જાણી છે. તે પ્રકારે બીજાએ જાણી નથી.

---

## શિક્ષાપાઠ ૧૦૮. પૂર્ણમાલિકા મંગલ

પૂર્ણમાલિકા મંગલ એટલે ૧૦૮ પાઠરૂપ મણકાની માળા પૂરી કરનાર મંગલ કાવ્ય. મંગલ એટલે કલ્યાણ અથવા સુખ આપનાર. આદ્યમંગલ ગ્રંથ પૂર્ણ થવા માટે, મધ્યમંગલ ઉત્સાહ ટકી રહેવા માટે અને અંત્યમંગલ ભણીને ભૂલી ન જવા માટે તથા શિષ્યપરંપરા ચાલુ રહેવા માટે કરવામાં આવે છે.

ઉપજાતિ અને ઇન્દ્રવજ્રા છંદ લગભગ સરખા છે. ઉપજાતિમાં પહેલો અક્ષર દીર્ઘ હોય તો પણ ચાલે. પણ ઇન્દ્રવજ્રામાં દીર્ઘ જોઈએ.

આ કાવ્યમાં રવિ, સોમ વગેરે સાત વારના નામ આપી મોક્ષની વાત કરી છે. શું કરીને જીવ સિદ્ધ થાય ? તે કહે છે.

તપોપધ્યાને રવિરૂપ થાય = મૂળ માગધીમાં 'તવો-વહાણુ' શબ્દ છે. તે ઉપરથી તપોપધ્યાન શબ્દ બન્યો છે. તપોપધ્યાને એટલે તપ અને ઉપધ્યાન વડે જીવ રવિરૂપ થાય. આઠમા પાઠમાં મહોગ્રતપોપધ્યાનવડે એમ શબ્દ છે. તપ કરીને જ્ઞાનધ્યાનસ્વાધ્યાય કરે. ઉપધાન — એ જ્ઞાન સ્વાધ્યાય ધ્યાન થવા વિશેષ પ્રકારનું તપ છે. તપ અને ધ્યાનથી જીવ સાતમી દૃષ્ટિ જેવો અર્કપ્રભા સમ – રવિરૂપ થાય. ત્યાં વિશેષ પુરુષાર્થ છે. પછી આઠમી દૃષ્ટિમાં આવે ત્યારે શશી અથવા સોમ એટલે ચંદ્ર જેવા સુહાય અર્થાત્ શોભે છે. ત્યાંથી સહજ સ્વભાવે આગળ વધે અને શીતળ થાય છે. ચંદ્ર, સૂર્યથી દૂર તેમ જ ચઢિયાતો છે. રાજા વગેરે સૂર્ય જેવા સંતાપ આપે, સાધુ વગેરે શાંત, ચંદ્ર જેવા શાંતિ અને આનંદ આપે તેથી ચઢિયાતા છે. પ્રથમ ઉગ્ર તપ કરીને શાંત થયેલા સાધુ ચંદ્ર જેવા સૌમ્યરૂપે શોભે છે, પછી તે મંગળ પંક્તિ પામે એટલે કલ્યાણની પરંપરાને પામે છે. પાપને દૂર કરે અને સુખને પ્રાપ્ત કરે એ રૂપ મંગલકલ્યાણની પરંપરાને પામે છે. ત્યાં ચઢતી ચઢતી દશા છે. શ્રેણિ માંડી જ્યારે કેવળજ્ઞાન પ્રગટ કરે પછી તે શુદ્ધ આત્મા, બુધ એટલે જ્ઞાની સત્પુરુષોને પણ પ્રણામ કરવા યોગ્ય થાય છે. ૧

તે સયોગી ભગવાન નિર્ગ્રંથ છે, કેવળજ્ઞાની છે, સદ્ગુરુના પણ ગુરુ હોવાથી મહાન ગુરુ છે, સિદ્ધિદાતા

એટલે ઉપદેશ આપી મોક્ષ પમાડનારા છે. અથવા કેવળજ્ઞાન થાય છતાં કોઈને ઉપદેશ ન આપે તોપણ પોતે તો શુક્ર જેવા તેજસ્વી અને પરિપૂર્ણ સુખી છે. તેમના ત્રિયોગ–મનવચનકાયાના યોગ પછી જ્યારે કેવળ એટલે સર્વથા મંદ પામે ત્યારે તે અયોગીગુણસ્થાન પ્રાપ્ત કરે છે. (ત્રિયોગ, શનૈઃ એટલે ધીમે ધીમે મંદ પામે તે ઉપરથી અહીં 'શનિ' શબ્દ સૂચવ્યો છે.) અને જ્યારે અયોગી થાય ત્યારે સહજ આત્મસ્વરૂપ થઈ, સિદ્ધાલયમાં જઈને સ્થિર થાય છે. ૨

[ મોક્ષમાળા – વિવેચન સમાપ્ત ]

## શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુમંડળનાં પ્રકાશનો

(શ્રી લઘુરાજ સ્મારક ગ્રંથમાળા)

પુષ્પ-૧ પ્રવેશિકા (મોક્ષમાળા–પુસ્તક પહેલું)
,, ૨ સ્ત્રીનીતિ બોધક ગરબાવળી [અપ્રાપ્ય]*
,, ૩ નિત્યક્રમ (ગુજરાતી)
,, ૪ શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી સ્મારક ગ્રંથ
,, ૫ ગ્રંથ–યુગલ (લઘુયોગવાસિષ્ઠ-સાર અને સમાધિશતક–વિવેચન)
,, ૬ નિત્યક્રમ (બાલબોધ લિપિ)
,, ૭ પ્રજ્ઞાવબોધ (મોક્ષમાળા-પુસ્તક ચોથું)
,, ૮ બોધામૃત–પ્રથમ વિભાગ
,, ૯ બોધામૃત–દ્વિતીય વિભાગ (વચનામૃત–વિવેચન)
,, ૧૦ બોધામૃત–તૃતીય વિભાગ (પત્રસુધા)
,, ૧૧ મોક્ષમાળા-વિવેચન
,, ૧૨ તત્ત્વાર્થસાર

---

* શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ પ્રકાશિત 'સુબોધસંગ્રહ'માં આ છપાયેલ છે.